સાપ્તાહિક સૌરાષ્ટ્ર આવૃત્તિ

# મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. GUJ GUJ/2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ▪ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ▪ પુસ્તક: ૨૦૩ ▪ Volume 67 ▪ Issue 47
▪ વિક્રમ સંવત ૨૦૮૦ ▪ માર્ગશીર્ષ સુદ-૭ ▪ મુંબઈ ▪ MUMBAI SAMACHAR ▪ www.bombaysamachar.com ▪ REGD.No. MCS/058/2018-20

રવિવાર, ૮ ડિસેમ્બર, ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | ઉત્સવ પૂર્તિ ૮ થી ૧૫ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સુરતના હીરાબજાર પર મંદીનો ભરડો: બે લાખ કારીગરો બેકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સમગ્ર વિશ્વમાં ડાયમંડ સિટી તરીકે ઓળખાતું સુરત તેની ચમક ગુમાવી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય બજારોમાં હીરાની માગમાં સતત ઘટાડો થતાં ૫૦ વર્ષના ઇતિહાસમાં હીરાબજાર સૌથી મોટી મંદીમાં ફસાઈ ગયું છે. રશિયા-યુક્રેન યુદ્ધના કારણે સુરતનો હીરા ઉદ્યોગ ભયાનક મંદીમાં ફસાઈ ગયો છે. નેચરલ ડાયમંડના ભાવો ખૂબ જ નીચે જતા રહ્યા છે. ફેક્ટરીઓમાં પ્રોડક્શન પણ ૫૦ ટકા સુધી ઘટી ગયાં છે. શહેરમાં ૧૭ લાખ કર્મચારી હીરા પોલિશ્ડ અને કટિંગનું કામ કરી રહ્યા છે. સુરતમાં જ ૧૧ લાખ કર્મચારીના પરિવાર હીરા પર નભી રહ્યા છે પરંતુ કયારેય ન જોઈ હોઈ તેવી મંદીના કારણે તમામ કર્મચારીઓ પર નોકરીનું મોટું સંકટ ઊભું થયું છે. બેથી ચાર ઘંટી ચાલતી હોય તેવા ૯૦ ટકા એટલે કે ૧૦૦૦ ફેકટરીઓ બંધ થઈ ગઈ છે અને બે લાખ લોકોની નોકરી જતી રહી છે.

જે કર્મચારીઓની નોકરી ચાલુ છે, તેમાં ૨૦થી ૫૦ ટકા સુધી પગાર ઘટી ગયો છે અને આ બધાં કારણોને લીધે એક વર્ષમાં સુરતમાં જ ૪૫ રત્નકલાકારે આપઘાત કરી લીધો હોવાનો ડાયમંડ વર્કર યુનિયનને દાવો કર્યો હતો. અત્યાર સુધીમાં આ યુનિયનની હેલ્પલાઈન પર ૩૦૦૦થી વધુ કર્મચારીઓના મદદ માટે કોલ્સ આવ્યા છે. જીજેઈપીસી (જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ)ના આંકડા પ્રમાણે વર્ષ ૨૦૨૨માં ૧.૮૦ લાખ કરોડના ડાયમંડની નિકાસ થતી હતી. વર્ષ ૨૦૨૩માં ૧.૪૩ લાખ કરોડના ડાયમંડની નિકાસ થઈ હતી. જ્યારે ૨૦૨૪ના ઓકટોબર મહિના સુધીમાં ૧.૦૨ લાખ કરોડ થઈ હતી. હવે વર્ષ ૨૦૨૪ પૂર્ણ થતાં ૧.૧૫ લાખ કરોડ સુધી પહોંચે તેવી સંભાવના છે. લેસર કટના કારીગરોના પગારમાં ૩૦થી ૪૦ ટકાનો ઘટાડો થયો છે. ગેલેક્સી પ્લાનિંગમાં કારીગરને ૩૦થી ૪૦ હજાર પગાર અપાતો, જે હાલ ૨૦ હજાર આસપાસ અપાય છે. તેવી જ રીતે સરિન મશીન, બુટર મશીનમાં કામ કરતા રત્નકલાકારોના પગારમાં પણ ૫૦થી ૩૦ ટકા સુધી કાપ મૂકવામાં આવ્યો છે.

ડાયમંડ વર્કર યુનિયનના જણાવ્યા મુજબ કારખાના માલિકો દ્વારા પગારમાં કાપ આવ્યો હોય, કામમાંથી છૂટા કરી દેવાયા સહિતની ફરિયાદો યુનિયનને દરરોજ મળી રહી છે. રફ હીરાનું ટ્રેડિંગ કરતી ડિ-બીયર્સએ રફ હીરાના ભાવોમાં ૧૦થી ૧૫ ટકાનો ઘટાડો કર્યો હતો. હવે રશિયાની કંપની અલરોઝાએ પણ ૧૦ ટકા સુધી રફ હીરાના ભાવોમાં ઘટાડો કર્યો છે. બે વર્ષમાં તૈયાર હીરાના ભાવ ઘટ્યા હતા, પરંતુ રફ હીરાના ભાવો ન ઘટતાં હીરા વેપારીઓને નુકસાની સહન કરવી પડતી હતી. ■

## કેજરીવાલે દિલ્હીની કાયદો અને વ્યવસ્થાને લઈને ભાજપની ટીકા કરી

નવી દિલ્હીઃ વિધાનસભાની ચૂંટણી નજીક હોવાથી, અરવિંદ કેજરીવાલે શનિવારે દિલ્હીની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર કેન્દ્રમાં ભાજપની આગેવાની હેઠળની સરકારની ટીકા કરી હતી.

કેજરીવાલે કહ્યું કે દિલ્હી પોલીસ કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા નિયંત્રિત છે. આ મુદ્દાનું રાજકારણ કરવાને બદલે, તેઓએ લોકોની સલામતી સુનિશ્ચિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. કેજરીવાલે મોર્નિંગ વોક દરમિયાન એક વેપારીને ગોળી મારવા, પંચશીલ એન્ક્લેવમાં વરિષ્ઠ નાગરિકની હત્યા અને છેડતીના બનાવોમાં વધારો સહિતની શ્રેણીબદ્ધ હિંસક ઘટનાઓ અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

## સરકાર સમાજના દરેક વર્ગનાં બાળકોને શાળાનું શિક્ષણ આપવા પ્રતિબદ્ધઃ પીએમ

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ શનિવારે મળેલી પ્રધાનમંડળની બેઠકમાં નવા ૮૫ કેન્દ્રીય વિદ્યાલય તેમ જ ૨૮ નવોદય વિદ્યાલય ખોલવાની મંજૂરી આપવામાં આવી હતી.

સમાજના દરેક વર્ગનાં બાળકોને સરળતાપૂર્વક શાળાનું શિક્ષણ મળી રહે તે માટે અમારી સરકાર પ્રતિબદ્ધ છે, એમ તેમણે જણાવ્યું હતું.

આ નવા કેન્દ્રીય અને નવોદય વિદ્યાલય ખુલવાને કારણે દેશભરમાં અંદાજે ૮૨,૦૦૦ વિદ્યાર્થીઓને પરવડી શકે તેવું અને ગુણવત્તાસભર શિક્ષણ મળશે.

દેશભરમાં નવા ખુલનારા ૨૮ નવોદય વિદ્યાલયને કારણે મોટા પ્રમાણમાં ગુણવત્તાસભર શિક્ષણનો વ્યાપ વધશે અને સ્થાનિક લોકોને તેનો સૌથી વધુ લાભ મળશે, એમ તેમણે કહ્યું હતું.

વર્ષ ૨૦૨૫-૨૬થી શરૂ કરીને આગામી આઠ વર્ષમાં નવા ૮૫ કેન્દ્રીય વિદ્યાલયો ખોલવામાં આવશે અને એ માટે અંદાજે રૂ. ૫,૮૭૨.૦૮ કરોડનો ખર્ચ થશે, એમ તેમણે કહ્યું હતું.

હાલ કુલ ૧,૨૫૬ કેન્દ્રીય વિદ્યાલય કાર્યરત છે જેમાંના ત્રણ વિદેશ (મૉસ્કો, કાઠમંડુ અને તહેરાન)માં છે.

આ વિદ્યાલયોમાં કુલ ૧૩.૫૬ લાખ વિદ્યાર્થીઓ શિક્ષણ લઈ રહ્યા છે, એમ સત્તાવાર બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

શાળાનું શિક્ષણ બની શકે તેટલું સરળતાપૂર્વક મળી રહે તે માટે અમારી સરકારે દેશભરમાં નવા ૮૫ કેન્દ્રીય વિદ્યાલય ખોલવાનો મોટો નિર્ણય

(જુઓ પાનું ૨) ▸▸

## ભારતના ટૉપ-ઑર્ડરનો ફરી ફ્લૉપ-શો

### ‘ફાસ્ટેસ્ટ’ સેન્ચુરિયન ટ્રેવિસ હેડે બાજી ફેરવી, હવે પંત-રેડ્ડી-અશ્વિનના હાથમાં ટેસ્ટનું ભાવિ

ઍડિલેઇડઃ ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચેની બોર્ડર-ગાવસકર ટ્રોફીની બીજી ટેસ્ટ (સવારે ૯.૩૦ વાગ્યાથી લાઇવ)નું પરિણામ શનિવારના બીજા દિવસે જ લગભગ નક્કી થઈ ગયું હતું. આ પિન્ક બૉલ ડે/નાઇટ ટેસ્ટમાં શનિવારના બીજા દિવસની રમતને અંતે ભારતનો સ્કોર સેકન્ડ ઇનિંગ્સમાં પાંચ વિકેટે ૧૨૮ રન હતો અને હજી ૨૯ રનની સરસાઈ ઉતારવાની બાકી હતી. રમતના અંત સુધી ક્રીઝ પર ટકી રહેલા બૅટર્સ રિષભ પંત (૨૮ નૉટઆઉટ, પચીસ બૉલ, પાંચ ફોર) અને નીતિશ કુમાર રેડ્ડી (૧૫ નૉટઆઉટ, ૧૪ બૉલ, ત્રણ ફોર) તેમ જ પછીના બૅટર્સમાં ખાસ કરીને

(જુઓ પાનું ૨) ▸▸

## ઓડિશામાં ૧૧૭૧૦ બાળકો ગંભીર કુપોષણથી પીડાય છેઃ સરકાર

ભુવનેશ્વરઃ ઓડિશા સરકારે શનિવારે વિધાનસભાને જણાવ્યું હતું કે રાજ્યમાં કુલ ૧૧૭૧૦ બાળકો ગંભીર તીવ્ર કુપોષણ (એસએએમ)થી પીડિત છે.

મહિલા અને બાળ વિકાસ વિભાગનો હવાલો સંભાળતા નાયબ મુખ્ય પ્રધાન પ્રવતિ પરિદાએ ભાજપના ધારાસભ્ય લક્ષ્મણ બેગના પ્રશ્નના જવાબમાં આ વાત કહી હતી.

પરિદાના નિવેદન મુજબ, આદિવાસી વસ્તી ધરાવતા મયુરભંજ જિલ્લામાં

(જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકાના મૂળ ભારતીયો બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થતા હુમલા વિરુદ્ધ પ્રદર્શન કરશે

વૉશિંગ્ટન : બાંગ્લાદેશમાં હિન્દુઓ સામેના હુમલાનો અનેક ભારતીય-અમેરિકનો અમેરિકાની રાજધાની અને શિકાગોમાં શાંતિપૂર્ણ રૅલી યોજશે, એવી માહિતી આયોજકોએ આપી હતી. હિન્દુ એકશન જૂથ વાઈટ હાઉસની નજીક ‘બાંગ્લાદેશમાં હિન્દુઓનો નરસંહાર’ વિરુદ્ધ નવમી ડિસેમ્બરે સોમવારે કૂચ યોજશે, જ્યારે શિકાગોમાં હિન્દુ સમાજના નેતાઓ આઠ ડિસેમ્બરે રવિવારે ‘બાંગ્લાદેશમાં હિન્દુઓના જીવન બચાવો’ નામનું વિરોધ પ્રદર્શન કરશે.

છેલ્લા અનેક મહિનાઓમાં બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થતા ગુનાના દસ્તાવેજ બનાવવા ઈન્ડો-અમેરિકને ૂ,તજ્ઞિાવશક્ષમીલયક્ષજ્ઞભશમય.જ્ઞલિ. નામની વેબસાઈટ બનાવી છે. વેબસાઈટમાં લખવામાં

(જુઓ પાનું ૨) ▸▸

## મારો ઉત્તરાધિકારી પક્ષ નક્કી કરશે, હું નહિઃ મમતા બેનરજી

કોલકાતાઃ તૃણમૂલ કૉંગ્રેસની અંદર દિગ્ગજ નેતાઓ અને યુવા તુર્કો વચ્ચે ચાલી રહેલા આંતરિક સંઘર્ષ વચ્ચે પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન અને પક્ષના વડા મમતા બેનરજીએ કહ્યું કે તેમના ઉત્તરાધિકારી અંગેનો કોઇપણ નિર્ણય પાર્ટી નેતૃત્વ દ્વારા સામૂહિક રીતે લેવામાં આવશે, નહીં કે વ્યક્તિગત રીતે.શુક્રવારે બંગાળી ન્યૂઝ ચેનલ ન્યૂઝ ૧૮ બાંગ્લા સાથેની એક મુલાકાતમાં બેનરજીએ વ્યક્તિગત વર્ચસ્વની ધારણાઓને નકારી કાઢતાં કહ્યું કે હું પક્ષ નથી, અમે પક્ષ છીએ. આ એક સામૂહિક પરિવાર છે અને નિર્ણય સામૂહિક રીતે લેવામાં આવશે.




## રાજનાથે લોકોને આર્મ્ડ ફોર્સ ફ્લેગ ડે ફંડમાં યોગદાન આપવાની હાકલ કરી



**આર્મ્ડ ફૉર્સિસ ફ્લેગ ડેઃ** આર્મ્ડ ફૉર્સિસ ફ્લેગ ડે નિમિત્તે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે આર્મ્ડ ફૉર્સિસ ફ્લેટ પીન મેળવી હતી. (એજન્સી)

નવી દિલ્હીઃ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે શનિવારે લોકોને સૈનિકોના કલ્યાણને સુનિશ્ચિત કરવા માટે એક સામૂહિક જવાબદારી તરીકે વર્ણવતાં, સશસ્ત્ર દળ ધ્વજ દિવસ ફંડમાં ઉદારતાથી યોગદાન આપવા વિનંતી કરી હતી.

આર્મ્ડ ફોર્સ ફ્લેગ ડે દર વર્ષે સાતમી ડિસેમ્બરે શહીદ જવાનો અને કાર્યરત્ સૈનિકોને સન્માનિત કરવા માટે ઊજવવામાં આવે છે જેઓ સરહદો પર બહાદુરીથી લડ્યા હતા.

એક્સ પરના એક વીડિયો સંદેશમાં સિંહે કહ્યું કે નાગરિકો માટે સૈનિકોની અદમ્ય હિંમત, બલિદાન અને સમર્પણને ઓળખવાની અને ‘‘બહાદુરો’’ પ્રત્યેની જવાબદારીઓ નિભાવવાના સંકલ્પને પુનઃ પુષ્ટ કરવાની આ તક છે.

‘‘આપણાં સશસ્ત્ર દળો એક અભેદ્ય સુરક્ષા કવચ તરીકે કામ કરે છે, જે દરેક પરિસ્થિતિમાં - માત્ર બાહ્ય જોખમો જ નહીં, પણ કુદરતી આફતો દરમિયાન પણ આપણું રક્ષણ કરવા માટે હંમેશાં તૈયાર છે. આપણા સૈનિકોનું બલિદાન અને શિસ્ત દરેક ભારતીય માટે પ્રેરણાનો સ્રોત છે.’’ એમ તેમણે કહ્યું હતું.

ભૂતપૂર્વ સૈનિકોના કલ્યાણ પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરતાં સિંહે જણાવ્યું હતું કે નિવૃત્ત સૈનિકો અને તેમના પરિવારોની જરૂરિયાતોને પહોંચી વળવા તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

તેમણે લોકોને તેમની ભૂમિકા ભજવવા માટે આહ્વાન કર્યું હતું અને ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમનું યોગદાન સૈનિકો અને તેમના સંબંધીઓ માટે નિર્ણાયક સાબિત થઈ શકે છે. સમાજના કલ્યાણ માટે દરેક નાગરિકની ફરજ છે કે તે સો હાથે કમાય અને હજાર હાથે દાન કરે.

## રાષ્ટ્રપતિએ ઓડિશામાં ત્રણ નવી રેલવે લાઇનનો કર્યો શિલાન્યાસ



શિલારોપણ સમારોહઃ ઓડિશામાં શનિવારે ત્રણ નવી રેલવે લાઈન (બાંગરીપોસી-ગોરુમાહિસાની, બરમારા-ચાકૂલિયા અને બદામપહર-કેઓન્જારગઢ)ના શિલારોપણ સમારોહ દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવ અને ઓડિશાના મુખ્ય પ્રધાન મોહન ચરણ માંઝી. (એજન્સી)

બાંગરીપોસીઃ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના હસ્તે શનિવારે ઓડિશામાં ત્રણ નવી રેલવે લાઇનનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના હસ્તે ઓડિશાના મુખ્ય પ્રધાન મોહન ચરણ માઝી, રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવ અને કેન્દ્રીય આદિજાતિ બાબતોના પ્રધાન જુઅલ ઓરામ વગેરેની હાજરીમાં બાંગરીપોસી-ગોરુમહિસાની, બુરમારા-ચાકુલિયા અને બદમપહાર-કર્યોઝરગઢ રેલવે લાઇનનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. રેલવેએ જણાવ્યું કે નવી લાઇનો વધુ રોજગારીની તકો ઊભી કરશે. તેમજ વિસ્તારોનો સામાજિક અને આર્થિક વિકાસ સુનિશ્ચિત કરશે. જેથી આદિવાસી બહુમતી ધરાવતા કેઓંઝર અને મયુરભંજ જિલ્લામાં કનેક્ટિવિટી વધશે.આ નવી લાઇનો ખનિજ સમૃદ્ધ વિસ્તારોમાંથી કાચા માલના પરિવહનની સુવિધા પ્રદાન કરશે. રાષ્ટ્રપતિએ રાયરંગપુરમાં ત્રણ અન્ય પ્રોજેક્ટ્સ-આદિજાતિ સંશોધન અને વિકાસ કેન્દ્ર, દંડબોસ એરપોર્ટ અને એક સબ-ડિવિઝનલ હોસ્પિટલનો પણ વર્ચ્યુઅલ શિલાન્યાસ કર્યો હતો.

## સાપ્તાહિક ભવિષ્ય – પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૮–૧૨–૨૦૨૪ થી તા. ૧૪–૧૨–૨૦૨૪

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ સમગ્ર સપ્તાહમાં વૃશ્ચિક રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ કર્ક રાશિમાં મંગ ગતિએ વક્રી ભ્રમણ કરે છે. બુધ વૃશ્ચિક રાશિમાં મિશ્ર ગતિએ વક્રી ભ્રમણ કરે છે. ગુરુ વૃષભ રાશિમાં વક્રી ભ્રમણ કરે છે. શુક્ર મકર રાશિમાં શીઘ્ર ગતિએ માર્ગીભ્રમણ કરે છે. શનિ કુંભ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે કુંભ રાશિમાં રહે છે. તા. ૯મીએ મીનમાં, તા. ૧૧મીએ મેષમાં, તા. ૧૩મીએ વૃષભ રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં તેજીના વેપારમાં લાભ થશે. નોકરીમાં અકારણ વાદ–વિવાદ શક્ય જણાય છે. તા. ૯, ૧૨, ૧૩ શુભ પુરવાર થશે. કારોબારમાં ઉપયોગી થતાં મિત્રો સાથેનો જૂનો વિવાદ પણ દૂર થશે. મિલકત–મકાન ઈત્યાદિના નિર્ણયો લઈ શકશો. વ્યક્તિગત પ્રભાવ, માનમરતબો, સામાજિક, રાજકીય પ્રવૃત્તિ જળવાઈ રહેશે. ગૃહિણીઓને આ સપ્તાહમાં કુટુંબના સંબંધોનો સુખદ અનુભવ થશે. વિદ્યાર્થીઓને સહઅધ્યાયીઓનો સહયોગ પ્રાપ્ત થશે.

વૃષભ (બ, વ, ઉ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપારમાં કામકાજ સફળ રહેશે. નોકરીમાં સ્થળાંતર, પરિવર્તનો શક્ય છે. તા. ૮, ૯, ૧૧, ૧૩ના નિર્ણયો નોકરીમાં યશસ્વી બની રહેશે. કાર્યક્ષેત્રે માન પ્રતિષ્ઠા મેળવશો. ભાગીદાર ઉપયોગી થશે. સંતાન કામકાજમાં ઉપયોગી થશે. મિલકત – વાહનની ખરીદીનો નિર્ણય લઈ શકશો. મહિલાઓને આ સપ્તાહમાં કુટુંબના પ્રસંગોમાં વડીલોનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટેની તકો પ્રાપ્ત થશે.

મિથુન (ક, છ, ઘ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં જૂનાં રોકાણથી નફો મેળવી શકશો. નોકરીમાં તા. ૮, ૧૦, ૧૧ શુભ પુરવાર થશે. નોકરીના નિર્ણયો અનુકૂળ બની રહેશે. વેપારમાં નાણાં આવક વધશે. ઉદ્યોગોના નિર્ણયો પણ સફળ બની રહેશે. મહિલાઓને તા. ૮, ૯ના રોજ મુસાફરીની તક જણાશે. ધર્મ કાર્ય, તીર્થયાત્રા સફળ બની રહેશે. વિદ્યાર્થીઓને વાંચન, અભ્યાસમાં અનિયમિતતા છતાંય સફળતાનો અનુભવ થશે.

કર્ક (ડ, હ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર અને રોકાણની તક મેળવશો. નોકરીનાં કામકાજમાં અધિકારીનો સહયોગ મેળવશો. તા. ૧૨, ૧૩, ૧૪ના કામકાજ યશસ્વી પુરવાર થશે. જગ્યાની બદલી, વાહનની બદલી શક્ય છે. મોટા ભાઈ, વડીલોનો સહયોગ કામકાજમાં મેળવશો. નાણાં વ્યવસ્થા સરળ બની રહેશે. મહિલાઓને પતિનો સહયોગ કારોબારમાં પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓ વાંચન અભ્યાસમાં અનુકૂળતા અનુભવશે.

સિંહ (મ, ટ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા રોકાણની તકને અનુસરી શકશો. તા. ૮, ૯, ૧૩, ૧૪ નોકરી માટે શુભ પુરવાર થશે. કારોબાર માટે જરૂરી સગવડતાનાં સાધનો મેળવી શકશો. વાહન, જગ્યાની લે–વેંચના કારોબારમાં સફળતા જણાય છે. મિત્રોમાં મહિલાઓને યશસ્વી અનુભવ થાય. પડોશ મિત્રોમાં મતભેદો દૂર થશે. વિદ્યાર્થીઓને વાંચન અભ્યાસમાં અપેક્ષિત સામગ્રી પ્રાપ્તા થતી જણાશે.

કન્યા (પ, ઠ, ણ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી થશે. નોકરીમાં તા. ૯, ૧૦, ૧૪ શુભ પુરવાર થશે. નોકરીમાં સહકાર્યકરોનો પણ સહયોગ મેળવશો. ભાઈ–બહેનો સાથેના જૂનાં મતભેદોનો ઉકેલ આવશે. નાણાંવ્યવહાર પણ પૂર્ણ થશે. પરિવારના સભ્યોની પ્રગતિ થશે. મુસાફરી દ્વારા મહિલાઓના પ્રાસંગિક કામકાજ સંપન્ન થશે. મહિલાઓને પતિનો સહયોગ પણ કારોબારમાં પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને શાળા–કોલેજના અભ્યાસમાં નિયમિતતાનો અનુભવ થાય.

તુલા (ર, ત)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ અને દૈનિક વેપારથી નાણાં લાભ મેળવશો. નોકરીના સ્થળની બદલી શક્ય છે. તા. ૧૦, ૧૧, ૧૩ના નિર્ણયો શુભ પુરવાર થશે. કાર્યક્ષેત્રે યશસ્વીપણું અનુભવશો. જૂના મતભેદો, જૂની લેણીની રકમની વસૂલી ઈત્યાદિ માટેના પ્રયત્નો સફળ રહેશે. વૈચારિક મતભેદો દૂર થવાથી મહિલાઓને પ્રાસંગિક જવાબદારીમાં અનુકૂળતાનો અનુભવ થશે. વિદ્યાર્થીઓના અભ્યાસેત્તર કામકાજ નિયમિત સફળ બનતા જણાશે.

વૃશ્ચિક (ન, ય)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નાણાં રોકાણ માટે અનુકૂળ તકો મેળવશો. નોકરીમાં તા. ૧૨, ૧૩, ૧૪ શુભ જણાય છે. નોકરીની તકોનો ઉપયોગ કરી શકશો. નવા કારોબારનો પ્રારંભ થઈ શકશે. કારોબારની નાણાં આવક જળવાઈ રહેશે. ભાઈ–બહેનો સાથેના મતભેદોનો ઉકેલ આવશે. ગૃહિણીઓને સંતાનની શૈક્ષણિક જવાબદારીમાં સરળતા જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અભ્યાસના નિર્ણયો એકંદરે શુભ બની રહેશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજાર માટે આ સપ્તાહના ગોચરગ્રહ ફળ શુભ જણાય છે. નોકરીમાં સહકાર્યકરોનો સહયોગ મેળવશો. તા. ૯, ૧૩, ૧૪ના કામકાજમાં સફળતા જણાય છે. કારોબારના નાણાંની આવકની વૃદ્ધિ થશે. પરિવારના કારોબારમાં પણ પ્રગતિ થશે. સંતાન પરિવારના કારોબારમાં સામેલ થશે. ગૃહિણીઓને કુટુંબ જીવનનો યશસ્વી અનુભવ થાય. વિદ્યાર્થીઓને અભ્યાસ માટે જરૂરી સાધન સામગ્રીઓ પ્રાપ્ત થતી જણાશે.

મકર (ખ.જ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજાર માટે આ સપ્તાહના કામકાજ સફળ બની રહેશે. નોકરીમાં યશ મેળવશો. તા. ૧૦, ૧૧, ૧૩ના સ્વપ્રયત્ને નિર્ણયો સફળ પુરવાર થશે. કાર્યક્ષેત્રે મદદનીશ મેળવશો. મિત્રોમાં જૂના મતભેદોનો ઉકેલ આવશે. ગૃહિણીઓના પ્રાસંગિક જવાબદારીના કામકાજ સફળ બનશે. વિદ્યાર્થીઓ અધ્યયન માટે અનિયમિતતા છતાંય સફળતાનો અનુભવ કરશે.

કુંભ (ગ, શ, સ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના કામકાજમાં પરિવર્તનો લાવવામાં સફળ રહેશો. નોકરીના કામકાજમાં નિયમિતતા અને સફળતા મેળવશો. તા. ૧૨, ૧૩ના કામકાજમાં યશ મેળવશો. મિલકતના નિર્ણયો લઈ શકશો. વેપારની આવકમાં વધારો થાય. ગૃહિણીઓને સંતાનના અભ્યાસના કામકાજમાં સરળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં કુટુંબના સભ્યોનો સહયોગ પ્રાપ્ત થશે.

મીન (દ, ચ, ઝ, થ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં ધાર્યા મુજબનું નવું રોકાણ શક્ય જણાય છે. નોકરી માટે તા. ૧૩, ૧૪ શુભ જણાય છે. નોકરીના કામકાજ અર્થે પ્રવાસ પણ શક્ય છે. નવા કારોબાર, નવા આવકનાં સાધનો પણ મેળવશો. મુસાફરી દ્વારા આ સપ્તાહના મહિલાઓના પ્રાસંગિક કામકાજ સફળ રહેશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં ધાર્યા મુજબની તકો પ્રાપ્ત થશે.

## આજનું પંચાંગ

દક્ષિણાયન/સૌર હેમંતઋતુ, રવિવાર, તા. ૮–૧૨–૨૦૨૪, ભાનુ સપ્તમી

ભારતીય દિનાંક ૧૭, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૬

વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માર્ગશીર્ષ સુદ – ૭

જૈન વીર સંવત ૨૫૫૧, માહે માર્ગશીર્ષ, તિથિ સુદ–૭

પારસી શહેનશાહી રોજ ૨૬મો આસતાદ, માહે ૪થો તીર, સને ૧૩૯૪

પારસી કદમી રોજ ૨૬મો આસતાદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪

પારસી ફસલી રોજ ૨૨મો ગોવાદ, માહે ૯મો આદર, સને ૧૩૯૩

મુસ્લિમ રોજ ૬ઠ્ઠો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬

મીસરી રોજ ૭મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬

નક્ષત્ર શતભિષા સાંજે ક. ૧૬–૦૨ સુધી, પછી પૂર્વાભાદ્રપદા.

ચંદ્ર કુંભમાં

ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ)

સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ.૦૧ અમદાવાદ ક. ૦૭ મિ. ૧૦, સ્ટા.ટા.,

સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૭ મિ. ૫૯, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૩, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

ભરતી : સાંજે ક. ૧૭–૧૪, મધ્યરાત્રિ પછી ક. ૦૫–૨૨ (તા. ૯)

ઓટઃ સવારે ક. ૧૧–૨૨, રાત્રે ક. ૨૨–૪૯

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ‘ક્રોધી’ નામ સંવત્સર, માર્ગશીર્ષ શુક્લ – સપ્તમી. ભાનુ સપ્તમી, નેપ્ચ્યૂન માર્ગી, વિષ્ટિ ક. ૦૯–૪૫થી ૨૦–૪૫.

શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.

મુહૂર્ત વિશેષઃ રવિવાર અને ભાનુ સપ્તમી, ભગવાન સૂર્યનારાયણની પૂજાનો શ્રેષ્ઠ યોગ, પંચતત્ત્વોની પૂજાનો મહિમા, વિશેષરૂપે વરુણદેવતાનું પૂજન, રાહુ દેવતાનું પૂજન, પરદેશગમનનું પસ્તાનું, કદંબનું વૃક્ષ વાવવું, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, પરગામ પ્રયાણ મધ્યમ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, વિદ્યારંભ, બગીચો બનાવવો, નવાં વસ્રો, આભૂષણ, માલ લેવો, બાળકનું નામકરણ, અન્નપ્રાશન, દેવદર્શન, નોકરી, દુકાન, વેપાર, વાહનસવારી, ધાન્ય ભરવું, ધાન્ય વેચવું, રત્નધારણ, વૃક્ષ વાવવા, મંદિરમાં ધજા, કળશ પતાકા ચઢાવવી.

આચમનઃ ચંદ્ર–બુધ ચતુષ્કોણ ઉગ્ર પ્રકૃત્તિના, ચંદ્ર–શનિ યુતિ ખોટી આશાઓ ધરાવનાર, ચંદ્ર–ગુરુ ચતુષ્કોણ પૈસાનો વેડફાટ, ચંદ્ર–સૂર્ય ચતુષ્કોણ વ્યવહારમાં પ્રતિકૂળતા આવે.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–બુધ ચતુષ્કોણ, ચંદ્ર–શનિ યુતિ, ચંદ્ર–ગુરુ ચતુષ્કોણ, ચંદ્ર–સૂર્ય ચતુષ્કોણ. નેપ્ચૂન સ્તંભી થઈ માર્ગી થશે.

ગોચરગ્રહોઃ સૂર્ય–વૃશ્ચિક, વક્રી મંગળ–કર્ક, વક્રી બુધ–વૃશ્ચિક, વક્રી ગુરુ–વૃષભ, શુક્ર– મકર, માર્ગી શનિ–કુંભ, રાહુ–મીન, કેતુ–કન્યા, વક્રી હર્ષલ– વૃષભ, માર્ગી નેપ્ચ્યુન–મીન, માર્ગી પ્લુટો–મકર.

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૮–૧૨–૨૦૨૪ થી તા. ૧૪–૧૨–૨૦૨૪

રવિવાર, માર્ગશીર્ષ સુદ–૭, વિ. સં. ૨૦૮૧, તા. ૮મી ડિસેમ્બર, ઈ. સ. ૨૦૨૪. નક્ષત્ર શતભિષા સાંજે ક. ૧૬–૦૨ સુધી, પછી પૂર્વાભાદ્રપદા. ચંદ્ર કુંભ રાશિ પર જન્માક્ષર. ભાનુ સપ્તમી, પંચક, નેપ્ચ્યૂન માર્ગી, વિષ્ટિ ક. ૦૯–૪૪થી ૨૦–૫૫. સામાન્ય દિવસ.

સોમવાર, માર્ગશીર્ષ સુદ–૮, તા. ૯મી નક્ષત્ર પૂર્વાભાદ્રપદા બપોરે ક. ૧૪–૫૫ સુધી, પછી ઉત્તરાભાદ્રપદા. ચંદ્ર કુંભમાં સવારે ક. ૦૯–૧૪ સુધી, પછી મીન રાશિ પર જન્માક્ષર. દુર્ગાષ્ટમી, કલ્પાદિ, નવમી ક્ષય તિથિ, શ્રી હરિજયંતી, પંચક. શુભ કાર્ય વર્જ્ય છે.

મંગળવાર, માર્ગશીર્ષ સુદ–૧૦, તા. ૧૦મી, નક્ષત્ર ઉત્તરાભાદ્રપદા બપોરે ક. ૧૩–૨૯ સુધી, પછી રેવતી. ચંદ્ર મીન રાશિ પર જન્માક્ષર. પંચક, લગ્ન,શુભ કાર્ય વર્જ્ય છે.

બુધવાર, માર્ગશીર્ષ સુદ–૧૧, તા. ૧૧મી, નક્ષત્ર રેવતી સવારે ક. ૧૧–૪૭ સુધી, પછી અશ્વિની. ચંદ્ર મીનમાં સવારે ક. ૧૧–૪૭ સુધી, પછી મેષ રાશિ પર જન્માક્ષર. મોક્ષદા એકાદશી, મૌની એકાદશી (જૈન), ગીતા જયંતી, બુધનો પૂર્વ ઉદય, પંચક સમાપ્તિ ક. ૧૧–૪૭, વિષ્ટિ ક. ૧૪–૨૭થી ૨૫–૦૯. લગ્ન, ખાત મુહૂર્ત, વાસ્તુ–કળશ. શુભ દિવસ.

ગુરુવાર, માર્ગશીર્ષ સુદ–૧૨, તા. ૧૨મી, નક્ષત્ર અશ્વિની સવારે ક. ૦૯–૫૨ સુધી, પછી ભરણી. ચંદ્ર મેષ રાશિ પર જન્માક્ષર. મત્સ્ય દ્વાદશી, અખંડ દ્વાદશી, દાન દ્વાદશી, ભરણી દીપમ, કૃતિકા દીપમ (દક્ષિણ ભારત) લગ્ન, ખાત મુહૂર્ત,વાસ્તુ–કળશ. શુભ દિવસ.

શુક્રવાર, માર્ગશીર્ષ સુદ–૧૩, તા. ૧૩મી, નક્ષત્ર ભરણી સવારે ક. ૦૭–૪૯ સુધી, પછી કૃત્તિકા મધ્યરાત્રિ પછી ક. ૨૯–૪૭ સુધી (તા. ૧૪મી), પછી રોહિણી. ચંદ્ર મેષમાં બપોરે ક. ૧૩–૧૮ સુધી, પછી વૃષભ રાશિ પર જન્માક્ષર. પ્રદોષ, પારસી ૫ મો અમરદાદ માસારંભ, વક્રી હર્ષલ મેષમાં ક. ૧૧–૦૯. ખાત મુહૂર્ત. શુભ દિવસ.

શનિવાર, માર્ગશીર્ષ સુદ–૧૪, તા. ૧૪મી, નક્ષત્ર રોહિણી મધ્યરાત્રિ પછી ક. ૨૭–૫૪ સુધી (તા. ૧૪મી), પછી મૃગશીર્ષ. ચંદ્ર વૃષભ રાશિ પર જન્માક્ષર. વ્રતની પૂનમ, શનિ રોહિણી અમૃતસિદ્ધિ યોગ સૂર્યોદયથી ક. ૨૭–૫૪ સુધી (પ્રયાણે વર્જ્ય), શ્રી દત્તાત્રેય જયંતી ઉત્સવ (ગાણગાપુર), વિષ્ટિ ક. ૧૬–૫૮થી ૨૭–૪૨. લગ્ન, સામાન્ય દિવસ.

# હેમંત બિસ્વા શર્માએ પ્રધાનમંડળનું વિસ્તરણ કર્યું

ગુવાહાતી : આસામના મુખ્ય પ્રધાન હેમંત બિસ્વા શર્માએ શનિવારે ચાર ભાજપના વિધાનસભ્યોને પ્રધાનપદ આપીને તેમના પ્રધાનમંડળનું વિસ્તરણ કર્યું હતું.

આસામના રાજ્યપાલ લક્ષ્મણ પ્રસાદ આચાર્યે ચાર નવા પ્રધાનો- પ્રશાંત ફૂકન, કૌશિક રાય, કૃષ્ણેદુ પોલ અને રૂપેશ ગોઆલાને શ્રીમંત શંકરદેવ કળાક્ષેત્રમાં સોગંદ લેવડાવ્યા હતા. આ પ્રસંગે મુખ્ય પ્રધાન અને તેમના પ્રધાનમંડળના સભ્યો હાજર હતા. મુખ્ય પ્રધાને એક્સ પર મૂકેલી પોસ્ટમાં લખ્યું હતું કે શુક્રવારે સોગંદ લેનાર મારા બધા સાથીદારોને અભિનંદન. શ્રી નરેન્દ્ર મોદીના વિકસિત આસામના વિઝનને સાકાર કરવા નવા પ્રધાનો સાથે કામ કરવા તત્પર છું. ફુકન દિબ્રુગઢના ચાર વખતના વિધાનસભ્ય અને પોલ પાથરકાંડીના બે વખતના વિધાનસભ્ય છે. જ્યારે રાય લખીપુરમાંથી અને રૂપેશ ગોઆલા દુમ દુમાના એક વારના વિધાનસભ્ય છે. હવે આસામનું પ્રધાનમંડળ ૧૯ સભ્યોનું થયું છે. (એજન્સી)

# ૧૨ ડિસેમ્બરે પ્લેસિસ ઑફ વર્શીપ ઍક્ટ ૧૯૯૧ને પડકારતી અરજીઓ પર સુપ્રીમ કોર્ટ સુનાવણી કરે તેવી શક્યતા

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે ૧૯૯૧ના કાયદાની કેટલીક જોગવાઈઓની માન્યતાને પડકારતી પીઆઈએલની બેચની સુનાવણી કરવા માટે એક વિશેષ ખંડપીઠની રચના કરી છે જે પૂજા સ્થળ પર ફરીથી દાવો કરવા અથવા ૧૫/૮/૧૯૪૭ના રોજની સ્થિતિમાં ફેરફાર કરવા માટે દાવો દાખલ કરવા પર પ્રતિબંધ મૂકે છે.

ચીફ જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ સંજય કુમાર અને કે વી વિશ્વનાથનની ત્રણ જજોની ખંડપીઠ ૧૨ ડિસેમ્બરે બપોરે ૩.૩૦ વાગ્યે આ મામલે સુનાવણી કરે તેવી શક્યતા છે.

સર્વોચ્ચ અદાલતે અશ્વિની ઉપાધ્યાય દ્વારા દાખલ કરાયેલી અરજીઓ સહિતની અરજીઓમાં વિવિધ કારણોમાં એવી દલીલ હતી કે આ જોગવાઈઓ કોઈપણ વ્યક્તિ અથવા ધાર્મિક જૂથના પૂજા સ્થળ પર ફરીથી દાવો કરવાના ન્યાયિક ઉપાયના અધિકારને છીનવી લે છે. વારાણસીની જ્ઞાનવાપી મસ્જિદ, મથુરામાં શાહી ઇદગાહ મસ્જિદ અને સંભલની શાહી જામા મસ્જિદ સહિત વિવિધ અદાલતોમાં દાખલ કરાયેલા અનેક દાવાઓની પૃષ્ઠભૂમિમાં આ મામલાની સુનાવણી થશે, જેમાં દાવો કરવામાં આવ્યો છે કે આ પ્રાચીન મંદિરોને નષ્ટ કર્યા પછી મસ્જિદ બનાવવામાં આવી હતી અને ત્યાં હિન્દુ પૂજા કરવાની પરવાનગી માગવામાં આવી હતી.

આમાંના મોટાભાગના કેસોમાં મુસ્લિમ પક્ષે ૧૯૯૧ના કાયદાને ટાંકીને દલીલ કરી છે કે આવા દાવાઓ જાળવવા યોગ્ય નથી.

૧૯૯૧ના કાયદાની જોગવાઈઓ વિરુદ્ધ રાજ્યસભાના ભૂતપૂર્વ સાંસદ સુબ્રમણ્યમ સ્વામી દ્વારા દાખલ કરાયેલી અરજીઓ સહિત છ જેટલી અરજીઓ દાખલ કરવામાં આવી છે.

જ્યારે ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન સ્વામી ઇચ્છતા હતા કે સર્વોચ્ચ અદાલત વારાણસીની જ્ઞાનવાપી મસ્જિદ અને મથુરામાં શાહી ઇદગાહ મસ્જિદ પર હિંદુઓને દાવો કરવા સક્ષમ બનાવવા માટે કેટલીક જોગવાઈઓને ‘‘વાંચી’’ લે, ઉપાધ્યાયે દાવો કર્યો કે સમગ્ર કાયદો ગેરબંધારણીય છે અને વાંચવાનો કોઈ પ્રશ્ન નથી.

# ઉ.પ્ર.માં માર્ગ અકસ્માતમાં એક પરિવારના ત્રણ સહિત પાંચનાં મોત

ગોરખપુરઃ ઉત્તર પ્રદેશના ગોરખપુર જિલ્લામાં બે મોટરસાઇકલ વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં એક જ પરિવારના ત્રણ સભ્યો સહિત પાંચ લોકોનાં મોત થયાં હતાં. આ જાણકારી પોલીસે શનિવારે આપી હતી.

શુક્રવારે મોડી રાત્રે મોહદ્દીપુર પાવર હાઉસ પાસે બનેલી આ ઘટનામાં ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. મોહદ્દીપુર બિજલી કોલોની નિવાસી વિક્રાંત(૩૫) તેની પત્ની નિકિતા (૩૦), પુત્ર અંગદ (૫) અને પુત્રીઓ લાડો અને પરી (બંને નવજાત) સાથે જતેપુર ઉત્તરમાં એક પારિવારિક કાર્યક્રમમાં હાજરી આપીને ઘરે પરત ફરી રહ્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું. જ્યારે તે કેનાલ રોડ તરફ વળ્યો ત્યારે તેની મોટરસાઇકલ કુંદ્રાઘાટ તરફથી આવી રહેલી અન્ય એક મોટરસાઇકલ સાથે અથડાઇ હતી. ત્રીજો બાઇકસવાર બે મોટરસાઇકલ સાથે અથડાતા બચવાનો પ્રયાસ કરતી વખતે ટ્રક સાથે અથડાયો હતો. ઘટનાની માહિતી મળતાની સાથે પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને ઘાયલોને હોસ્પિટલ ખસેડ્યા હતા.

હોસ્પિટલમાં વિક્રાંત અને તેની પુત્રીઓ, રૂસ્તમપુર નિવાસી મોનુ ચૌહાણ(૩૨) અને બેટિયાહાટા હનુમાન મંદિર વિસ્તારના રહેવાસી સૂરજ (૨૮)ને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. મોનુ અને સૂરજ પણ એક કાર્યક્રમમાંથી પરત ફરી રહ્યા હોવાનું પોલીસે જણાવ્યું હતું. નિકિતા, અંગદ અને ત્રીજા બાઇક સવાર ચિન્મયાનંદ મિશ્રાની હાલત નાજુક હોવાનું કહેવાય રહ્યું છે. તેઓની બીઆરડી મેડિકલ કોલેજમાં સારવાર ચાલી રહી છે.

# મહાદેવ બેટિંગ એપ્પ્સ કેસમાં ઈડીએ જપ્ત કરી ૩૮૭ કરોડની સંપત્તિ

નવી દિલ્હીઃ મહાદેવ બેટિંગ એપ કેસમાં ઈડીએ મોટી કાર્યવાહી કરી છે. ઇડીની ટીમે ૩૮૭ કરોડની સંપત્તિ જપ્ત કરી છે. જપ્ત કરાયેલી મિલકતો પ્રમોટરો, પેનલ ઓપરેટરો અને અનેક સટ્ટાબાજીની એપ અને વેબસાઇટ્સના પ્રમોટરોના સહયોગીઓના નામે છે અને આ મિલકતો મધ્યપ્રદેશ, છત્તીસગઢ, મુંબઈ અને મોરેશિયસમાં આવેલી છે.

મહાદેવ બેટિંગ એપ કેસમાં તપાસ કરી રહેલી ઈડીની ટીમે મોટી કાર્યવાહી કરતાં ૩૮૭ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) રાયપુર ઝોનલ ઑફિસે આ કેસમાં ૩૮૭.૯૯ કરોડની વધારાની સંપતિ જપ્ત કરીને પીએમએલએ અંતર્ગત કામચલાઉ જોડાણનો આદેશ જારી કર્યો છે. આ સંપત્તિઓમાં પ્રમોટર્સ, પેનલ ઓપરેટરો અને અનેક બેટિંગ એપ્સ/વેબસાઈટ્સના પ્રમોટર્સના સહયોગીઓનાં નામ છે. આ મિલકતો છત્તીસગઢ, મુંબઈ અને મધ્યપ્રદેશ અને મોરેશિયસમાં આવેલી છે

જપ્ત કરવામાં આવેલી સંપત્તિઓ અનેક બેટિંગ એપ્સ/વેબસાઈટ્સના પ્રમોટર્સ, પેનલ ઓપરેટરો અને પ્રમોટર્સના સહયોગીઓનાં નામે છે. આ મિલકતો છત્તીસગઢ, મુંબઈ અને મધ્યપ્રદેશ અને મોરેશિયસમાં આવેલી છે. ઈડીની તપાસમાં સામે આવ્યું છે કે મેસર્સ મહાદેવની ઓનલાઈન બુક બેટિંગ એપ એક અમ્બ્રેલા સિન્ડિકેટ છે. આ કેસની તપાસમાં રૂપિયાની રોકડ જપ્ત કરવામાં આવી છે. જેમાં રૂા. ૧૯.૩૬ કરોડની રોકડ અને રૂા. ૧૬.૬૮ કરોડની કીમતી ચીજવસ્તુઓ જપ્ત–ફ્રિજ કરવામાં આવી છે. આ ઉપરાંત, બૅન્ક બેલેન્સ અને સિક્યોરિટીઝના રૂપમાં જંગમ સંપત્તિ કે જેની કુલ કિંમત ૧૭૨૯.૧૭ કરોડ રૂપિયા છે. તેને પણ ફ્રિજ કરી દેવામાં આવી છે. અગાઉ, આ કેસમાં રૂા. ૧૪૨.૮૬ કરોડની સંપત્તિ જપ્ત કરવા માટે બે કામચલાઉ જોડાણના આદેશો જારી કરવામાં આવ્યા હતા. આમ, આ કેસમાં ગુનાની કુલ રકમ રૂા. ૨૨૯૫.૬૧ કરોડ (અંદાજે) જપ્ત, જમા કે જોડવામાં આવી છે. તપાસ દરમિયાન, ઈડીએ અત્યાર સુધીમાં કુલ ૧૧ લોકોની ધરપકડ કરી છે અને સ્પેશિયલ કોર્ટ, રાયપુર સમક્ષ ચાર ફરિયાદો દાખલ કરી છે.

# બાંગ્લાદેશમાં વધુ એક હિન્દુ મંદિર પર હુમલો, દેવતાઓની મૂર્તિઓ સળગાવી

કોલકાતાઃ બાંગ્લાદેશમાં રાજકીય આરાજકતા બાદ મોહમ્મદ યુનુસની આગેવાની હેઠળ વચગાળાની સરકાર રચાઈ છે, છતાં બાંગ્લાદેશમાં લઘુમતી હિંદુના મંદિર પર હુમલા અટકી નથી રહ્યા. બાંગ્લાદેશના ઢાકાની પાસે આવેલા ઈસ્કોન સેન્ટરમાં આગ લગાવવામાં આવી હતી. મળતી માહિતી અનુસાર, ઈસ્કોન સેન્ટરમાં લક્ષ્મી નારાયણની મૂર્તિને પણ બાળી દેવામાં આવી છે. મંદિરમાં રાખેલી બાકીની ઘણી વસ્તુઓ પણ બળી ગઈ હતી.

અહેવાલ મુજબ આગમાં નમહટ્ટાનું ઈસ્કોન સેન્ટર બળીને ખાખ થઈ ગયું હતું. બાંગ્લાદેશમાં હિંદુઓ વિરુદ્ધ સતત હુમલા થઈ રહ્યા છે, ઘણાં હિંદુ મંદિરો અને સંતોને નિશાન બનાવવામાં આવી રહ્યાં છે.

ઇસ્કોન કોલકાતાના વાઇસ પ્રેસિડેન્ટ રાધરમણ દાસે જણાવ્યું હતું કે સમુદાયના સભ્યો અને વૈષ્ણવ ધર્મના સભ્યો પર સતત ટાર્ગેટેડ હુમલા થઈ રહ્યા છે, તેમણે કહ્યું કે તોડફોડ કરનારાઓએ નમહટ્ટાના મંદિરની અંદરની મૂર્તિઓને સળગાવી દીધી હતી.

તેમણે એક્સ હેન્ડલ પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ‘‘બાંગ્લાદેશમાં ઇસ્કોન નમહટ્ટા સેન્ટર બળી ગયું. શ્રી શ્રી લક્ષ્મી નારાયણના દેવતાઓ અને મંદિરની અંદરની તમામ વસ્તુઓ સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ. આ કેન્દ્ર ઢાકામાં આવેલું છે. આજે વહેલી સવારે ૨–૩ની વચ્ચે ટોળાએ શ્રી શ્રી રાધા કૃષ્ણ મંદિર અને શ્રી શ્રી મહાભાગ્ય લક્ષ્મી નારાયણ મંદિરને આગ લગાડી. આ મંદિર હરે કૃષ્ણ નમહટ્ટ સંઘ હેઠળ આવે છે, જે ઢાકા જિલ્લાના તુરાગ પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્ર હેઠળના ધૌર ગામમાં સ્થિત છે.’’

તેમણે અગાઉ કહ્યું હતું કે, ‘‘ઇસ્કોન ઇન્ડિયાએ બાંગ્લાદેશમાં હિંદુઓની સલામતી અંગે ચિંતા વ્યક્ત કરી છે અને બાંગ્લાદેશના તેના સાધુઓ અને અનુયાયીઓને ‘તિલક’ ન કરવા કહેવામાં આવ્યું છે.’’

ઈસ્કોન કોલકાતાના વાઇસ પ્રેસિડેન્ટે હિંદુ સમુદાયના નેતા ચિન્મય કૃષ્ણ દાસની ધરપકડ, અને ત્યાર બાદ તેમના જામીન નકારવા અંગે ચિંતા વ્યક્ત કરી હતી.સંહિતા સનાતની જાગરણ જોટ સાથે સંકળાયેલા ચિન્મય કૃષ્ણ દાસની ૨૫ નવેમ્બરે ઢાકામાં ‘દેશદ્રોહ’ના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. આ ધરપકડ ૩૧ ઓક્ટોબરના રોજ એક સ્થાનિક રાજકારણીની ફરિયાદ બાદ કરવામાં આવી હતી, જેમાં ચિન્મય દાસ અને અન્ય લોકો પર હિન્દુ સમુદાયની એક રૅલી દરમિયાન બાંગ્લાદેશના રાષ્ટ્રધ્વજનું અપમાન કરવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો.

# વિકસિત ભારતના લક્ષ્યને સાકાર કરવા માથાદીઠ આવક આઠ ગણી કરવી પડશેઃ ઉપરાષ્ટ્રપતિ

મોતીહારી (બિહાર) : ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે શનિવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે ૨૦૪૭ સુધી ‘વિકસિત ભારત’નું લક્ષ્ય સાકાર કરવા માથાદીઠ આવક આઠ ગણી થવી જોઈએ.

બિહારના મોતીહારીમાં મહાત્મા ગાંધી સેન્ટ્રલ યુનિવર્સિટીમાં પદવીદાન સમારોહને સંબોધતાં તેમણે આશા વ્યક્ત કરી હતી કે વિશ્વમાં પાંચમા નંબરનું અર્થતંત્ર ધરાવતું ભારત જર્મની અને જાપાન પાછળ મૂકી દેશે.

કોઈનું નામ લીધા વગર કેન્દ્રની નરેન્દ્ર મોદીની સરકારની સરાહના કરતાં ઉપરાષ્ટ્રપતિએ કહ્યું હતું કે આ સરકાર છેલ્લા ૧૦ વર્ષમાં ભ્રષ્ટાચાર અને વચેટિયાની સંસ્કૃતિની નાબૂદી માટે ઉલ્લેખનીય છે.

વિશ્વ આપણા તરફ આશ્ચર્ય તરફ જુએ છે, કારણ કે આપણે વૈશ્વિક સ્તરે આપણી જગ્યા મેળવી રહ્યા છીએ. આપણું અર્થતંત્ર વિશ્વમાં પાંચમા નંબરનું છે. આપણે જર્મની અને જાપાનને પાછળ મૂકી દઈશું.

તેમણે પ્રવચન કર્યું હતું ત્યારે બિહારના રાજ્યપાલ રાજેન્દ્ર આર્લેકર અને ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન રાધામોહન સિંહ હાજર રહ્યા હતા. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### ભારતના ટૉપ–ઑર્ડરનો

રવિચન્દ્રન અશ્વિન ટીમના બીજા દાવના સ્કોરને ક્યાં સુધી લઈ જાય છે એના પર આધાર છે.

આ મૅચની ચાર ઇનિંગ્સમાંથી અઢી ઇનિંગ્સ પૂરી થઈ ગઈ છે, હજી ત્રણ દિવસ બાકી છે અને ઑસ્ટ્રેલિયા પોતાના ફેવરિટ ઍડિલેઇડના મેદાન પર સિરીઝને ૧-૧ની બરાબરીમાં કરવાની તૈયારીમાં છે. જોકે ટીમ ઇન્ડિયા કુલ ૧૫૭ રનની લીડ ઊતાર્યા બાદ બીજા ૨૦૦ જેટલા રન બનાવશે તો ભારતને જીતવાનો મોકો મળી શકે. ભારતનો ટૉપ–ઑર્ડર ફરી એકવાર ફ્લૉપ ગયો. પ્રથમ દાવમાં ભારતની ચાર વિકેટ ૮૧ રનમાં પડી ગઈ હતી અને બીજા દાવમાં ૮૬ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી.

શનિવારે સવારે ટ્રેવિસ હેડ (૧૪૦ રન, ૧૪૧ બૉલ, ચાર સિક્સર, સત્તર ફોર) ભારતીય ટીમ માટે હેડેક બન્યો હતો તો બપોરે પછી ઑસ્ટ્રેલિયાના પેસ બોલર્સ માથાનો દુખાવો બન્યા હતા. ભારતની પાંચમાંથી બે–બે વિકેટ પૅટ કમિન્સ અને સ્કૉટ બૉલેન્ડે તથા એક વિકેટ પ્રથમ દાવના હીરો મિચલ સ્ટાર્કે લીધી હતી. પહેલા દાવમાં સ્ટાર્કે ૪૮ રનમાં ભારતની છ વિકેટ લીધી હતી.

ટ્રેવિસ હેડે શનિવારે આઠમી ટેસ્ટ-સદી ફટકારી હતી. તેણે ભારતીય બોલર્સનો હિંમત અને સમજદારીથી સામનો કર્યો હતો. તેણે ૧૧૧ બૉલમાં સદી પૂરી કરી હતી જે પિન્ક બૉલ ટેસ્ટ–મૅચના ઇતિહાસમાં ફાસ્ટેસ્ટ છે. તેની આ સદીની મદદથી ઑસ્ટ્રેલિયાએ ૩૩૭ રન બનાવ્યા હતા અને ૧૫૭ રનની સરસાઈ લીધી હતી.

ભારતીય ફ્લૉપ ટૉપ–ઑર્ડરની વાત ફરી કરીએ તો ઓપનર યશસ્વી જયસ્વાલ (૨૪ રન), કેએલ રાહુલ (સાત રન), શુભમન ગિલ (૨૮ રન), વિરાટ કોહલી (૧૧ રન) અને છઠ્ઠા નંબરે રમેલા કૅપ્ટન રોહિત શર્મા (છ રન) ફરી સસ્તામાં આઉટ થઈ ગયા હતા.ભારતની ઇનિંગ્સમાં ૧૮મી ઓવર મિચલ સ્ટાર્કે કરી હતી જેમાં તેણે ૫૦,૦૦૦ પ્રેક્ષકોની હાજરીમાં ગિલનું મિડલ સ્ટમ્પ ઉખાડી નાખ્યું હતું.

પ્રથમ દાવમાં નીતિશ રેડ્ડીએ કાંગારૂઓને બરાબરની ટક્કર આપી હતી અને ૪૨ રન બનાવ્યા હતા જે ટીમના અગિયાર બૅટર્સમાં હાઈએસ્ટ હતા. હવે બીજા દાવમાં તેની અને રિષભ પંત વચ્ચેની છઠ્ઠી વિકેટ માટેની ૨૩ રનની અતૂટ ભાગીદારી કેટલી મજબૂત બનશે એના પરથી ટીમ ઇન્ડિયાનું આ મૅચમાં ભાવિ નક્કી થઈ જશે.

### ઓડિશામાં

એસએએમથી પીડિત બાળકોની સૌથી વધુ સંખ્યા નોંધાઈ છે. જિલ્લામાં આવા કુલ ૧૪૬૦ બાળક છે. એ જ રીતે, મુખ્ય પ્રધાન મોહન ચરણ માઝીના ગૃહ જિલ્લા કેઓંઝરમાં ૧૨૬૯ બાળક પણ ગંભીર તીવ્ર કુપોષણથી પીડિત હોવાનું જાણવા મળ્યું છે અને નબરંગપુર જિલ્લામાં આવાં ૭૬૦ બાળકની ઓળખ કરવામાં આવી હતી, એમ તેમણે જણાવ્યું હતું. આવાં બાળકોની વધુ સંખ્યા નોંધાયેલા અન્ય જિલ્લાઓમાં રાયગડા (૬૪૫), કાલાહાંડી (૬૩૬), મલકાનગીરી (૫૭૦), ગંજમ (૫૫૮) અને બાલાસોર (૫૩૬)નો સમાવેશ થાય છે.

### સરકાર સમાજના

લીધો છે જેને કારણે રોજગારની નવી તક પણ ઊભી થશે, એમ તેમણે કહ્યું હતું. મોદીએ કહ્યું હતું કે નવી નેશનલ એજ્યુકેશન પૉલિસી (એનઈપી) અંતર્ગત અમે સમાજના તમામ વર્ગનાં બાળકોને શાળાનું શિક્ષણ આપવા પ્રતિબદ્ધ છીએ. દેશભરમાં કનેક્ટિવિટી વધારવા માટે પણ અમારી સરકાર દઢનિશ્ચયી છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે એ માટે દિલ્હી મેટ્રોના ચોથા તબક્કા અંતર્ગત ૨૬.૪૬૩ કિ.મી.ના રિથાલા–કુંડલી કોરિડોરને મંજૂરી આપવામાં આવી છે જેને કારણે દિલ્હી અને હરિયાણા વચ્ચે પ્રવાસ કરવાનું સરળ બનશે. આ રૂટ પર કુલ ૨૧ સ્ટેશન હશે અને આ તમામ સ્ટેશન ઍલિવેટેડ હશે. (એજન્સી)

### અમેરિકાના મૂળ

આવ્યું છે કે બાંગ્લાદેશની પરિસ્થિતિ પ્રાદેશિક કટોકટી નથી. આ માનવતા વિરુદ્ધનો નરસંહાર છે. આંતરરાષ્ટ્રીય આલમની એ જવાબદારી છે કે તે દરમિયાનગીરી કરે, સંરક્ષણ આપે અને વધુ જુલમો અટકાવે. વેબસાઈટ કહે છે કે તાજેતરના દિવસોમાં હિન્દુઓ સામેની બર્બરતા વધી ગઈ છે. હિન્દુએક્શન ગ્રૂપના એક્ઝિક્યુટીવ ડિરેક્ટર ઉત્સવ ચક્રવર્તીએ બાઈડેન–હેરિસ વહીવટીતંત્રને અનુરોધ કર્યો હતો કે બાંગ્લાદેશમાં ઉદામવાદી ઈસ્લામિસ્ટ હિન્દુઓ સામે વધુ હિંસા ન ભડકાવે એને અટકાવવા તમામ પગલાં લે. પાંચ ઓગસ્ટે શેખ હસીનાની હકાલપટ્ટી થયા બાદ મુસ્લિમની બહુમતીવાળા બાંગ્લાદેશના ૫૦ જિલ્લામાં હિન્દુઓ પર ૨૦૦ હુમલા થયા છે. (એજન્સી)

# ગુજરાત સરકારની તિજોરી છલકાઈઃ છેલ્લા ત્રણ મહિનામાં કુલ વેરાની આવકમાં ₹ ૨૬,૧૦૧ કરોડનો વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં આસમાને પહોંચેલી મોંઘવારીથી સામાન્ય લોકો ત્રાહિમામ પોકારી ગયા છે, લોકોના વપરાશમાં આવતી તમામ ચીજવસ્તુઓના ભાવોમાં દિવસે-દિવસે, મહિને-મહિને ધરખમ વધારો નોંધાઈ રહ્યો છે. લોકોના ઘરના માસિક બજેટ વેરવિખેર થઈ રહ્યાં છે ત્યાં રાજ્ય સરકારની તિજોરી છલકાઈ રહી છે.

રાજ્યમાં ફૂડ અને તેની પ્રોડક્ટમાં મોંઘવારીનો દર ૯.૬૯ ટકા, તેલમાં ૯.૫૧ ટકા તથા સૌથી વધુ મોંઘવારીનો દર શાકભાજીમાં ૪૨.૧૮ ટકાએ પહોંચ્યો છે. તમામ ચીજવસ્તુઓના ભાવ જેમ-જેમ વધે છે, તેમ તેના ઉપર વસૂલાતા દેરાના દરમાં પણ ધરખમ વધારો નોંધાઈ રહ્યો છે, જેથી રાજ્ય સરકાર વિવિધ કરવેરા દ્વારા બમ્પર કમાણી કરી છે. ગુજરાત સરકારે તેના ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ના બજેટમાં કોઈપણ જાતના ટેક્સમાં વધારો કર્યો ન હતો, પરંતુ ઓગસ્ટ, સપ્ટેમ્બર, ઓક્ટોબર, ૨૦૨૩-૨૪ની સરખામણીમાં ઓગસ્ટ, સપ્ટેમ્બર, ઓક્ટોબર, ૨૦૨૪-૨૫ના આ ૩ મહિનામાં રાજ્ય સરકારની કુલ વેરાની આવકમાં ૨૬,૧૦૧ કરોડ રૂપિયાનો તથા આ ત્રણ મહિનામાં એસજીએસટીની કુલ આવકમાં ૧૦,૮૨૮ કરોડનો વધારો થયો હતો.

ગત ૨૦૨૩-૨૪ના ઓગસ્ટ માસમાં સરકારની વેરાની કુલ આવક ૬૭,૦૬૪ કરોડ હતી, તેની સામે ઓગસ્ટ-૨૦૨૪-૨૫માં વેરાની કુલ આવક ૭૩,૫૫૯ કરોડ થઈ હતી. એટલે કે, આ એક માસમાં સરકારની વેરાની આવકમાં ૬૪૯૫ કરોડનો વધારો થયો હતો. ૨૦૨૩-૨૪ના સપ્ટેમ્બર માસમાં સરકારની વેરાની કુલ આવક ૭૮,૪૩૯ કરોડ હતી. જે ૨૦૨૪-૨૫ના સપ્ટેમ્બર માસમાં ૮૭,૫૫૦ કરોડ થઈ હતી. જે દર્શાવે છે કે, સરકારની સપ્ટેમ્બરની વેરાની આવકમાં પણ ૯૧૧૧ કરોડનો વધારો થયો હતો.

એવી જ રીતે ઓક્ટોબર-૨૦૨૩-૨૪માં સરકારની વેરાની કુલ આવક ૯૫,૧૫૭ કરોડ હતી. જેની સામે ઓક્ટોબર-૨૦૨૪-૨૫માં સરકારની વેરાની કુલ આવક ૧,૦૫,૬૫૩ કરોડ હતી. અર્થાત્ આ મહિનામાં પણ સરકારની વેરાની આવકમાં ૧૦,૪૯૫ કરોડ વધારો થયો હતો. આ ૨૦૨૩-૨૪ના ઓગસ્ટ, સપ્ટેમ્બર, ઓક્ટોબર જેવા માત્ર ૩ માસમાં સરકારની થયેલી વેરાની કુલ આવકની સરખામણીમાં ૨૦૨૪-૨૫માં કુલ ૨૬,૧૦૧ કરોડનો વધારો થયો હતો.

# દેશમાં ૨૦૧૪ પછી ૨૫ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યાઃ અમિત શાહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા પ્રધાન અમિત શાહ ગુજરાતની મુલાકાતે આવ્યા હતા અને વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપી હતી. આ દરમિયાન તેમણે ગુજરાત લોક સેવા ટ્રસ્ટની સ્થાપનાના ૩૫માં વર્ષમાં પ્રવેશની ઉજવણી પ્રસંગે જણાવ્યું હતું કે, ૨૦૧૪ પહેલાની સરકારો કલ્યાણકારી રાજ્યના બંધારણીય ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવા માટે ટુકડે-ટુકડે કામ કરતી હતી. પરંતુ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ ખ્યાલને વાસ્તવિકતામાં ફેરવી દીધો. તેમણે કહ્યું, પીએમ મોદી સમજી ગયા કે જ્યાં સુધી ભારતની ૬૦ કરોડની વસ્તી ગરીબ રહેશે ત્યાં સુધી દેશનો વિકાસ શક્ય નથી. તેમણે છેલ્લા દસ વર્ષમાં ૨૫ કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢ્યા છે. એકલી સરકાર આટલું મોટું કામ કરી શકે નહીં. તેમણે બંધારણ સભાના અધ્યક્ષ ડો. રાજેન્દ્ર પ્રસાદને યાદ કરતા કહ્યું હતું કે, કલ્યાણકારી રાજ્યની સ્થાપના એ બંધારણનો મુખ્ય ઉદ્દેશ્ય હોવો જોઈએ. આ અંતર્ગત દરેક વ્યક્તિનું કલ્યાણ, સમાન વિકાસ અને દરેક પરિવારનું ગૌરવપૂર્ણ જીવન સુનિશ્ચિત કરવાનું હતું.

૨૦૧૪ પહેલાની સરકારોએ પોતપોતાના સમયમાં જે પણ શક્ય હતું તે કર્યું, પરંતુ આંકડાશાસ્ત્રના વિદ્યાર્થી તરીકે, મારો અભિપ્રાય છે કે અગાઉની તમામ સરકારોએ આ ધ્યેયને ટુકડે-ટુકડે હાંસલ કરવાનો પ્રયાસ કર્યો હતો. ગૃહ પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે, ૨૦૧૪માં જનતા દ્વારા ચૂંટાયા બાદ વડાપ્રધાન મોદીએ પ્રતિજ્ઞા લીધી હતી કે કોઈ પણ ઘર શૌચાલય વગર નહીં રહે. કોઈ પણ વ્યક્તિ ઘર અને ગેસ સિલિન્ડર વગર નહીં રહે. મોદીએ એ પણ સુનિશ્ચિત કર્યું કે કોઈ વ્યક્તિ ભૂખ્યો ન સૂવે અને દર મહિને ૬૫ કરોડ લોકોને મફતમાં પાંચ કિલો અનાજનું વિતરણ કરે.

આવું ઉદાહરણ દુનિયામાં ક્યાંય જોવા મળતું નથી. મોદીએ કલ્યાણ રાજ્યના લક્ષ્યને વાસ્તવિકતામાં ફેરવવાનું કામ કર્યું અને ૨૦૧૪થી ૬૦ કરોડ લોકોને પાયાની સુવિધાઓ આપ્યા બાદ ૨૫ કરોડ લોકો ગરીબી રેખામાંથી બહાર આવ્યા છે. શાહે એમ પણ કહ્યું હતું કે, સરકાર એકલી આટલી મોટી સમસ્યાનો સામનો કરી શકતી નથી અને ટ્રસ્ટ, વ્યક્તિઓ અને સેવા સંસ્થાઓનું યોગદાન જરૂરી છે. તેની પ્રશંસા કરતાં તેમણે કહ્યું કે ઘણી શૈક્ષણિક સંસ્થાઓ અને ગુરુકુળો આ દિશામાં સાથે મળીને કામ કરી રહ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે, માથાદીઠ રક્તદાન, ચક્ષુદાન, અંગદાન અને સેવાભાવી સંગઠનોની સંખ્યામાં ગુજરાત દેશમાં પ્રથમ રાજ્ય છે. ગાંધીજીના સેવા અને પરોપકારના સંસ્કાર ગુજરાતીઓની ગળથૂંથીમાં જીવે છે.

# ગુજરાત સ્ટાર્ટઅપ ક્ષેત્રે દેશમાં પ્રથમઃ એમએસએમઈમાં ૨૧.૮૨ લાખ એકમોની નોંધણી સાથે પાંચમા ક્રમે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ છેલ્લા બે દાયકાથી એમએસએમઈ ક્ષેત્રે ગુજરાત સતત પ્રગતિ કરી રહ્યું છે. લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ ક્ષેત્રે ગુજરાત દેશમાં પાંચમાં ક્રમે અને સ્ટાર્ટઅપ ક્ષેત્રે પ્રથમ ક્રમે છે.

મહારાષ્ટ્ર કુલ ૫૦.૬૦ લાખથી એમએસએમઈ એકમોની નોંધણી સાથે દેશમાં પ્રથમ ક્રમાંકે છે. જ્યારે, ગુજરાત ૨૧.૮૨ લાખથી વધુ એકમોના ઉદ્યમ રજિસ્ટ્રેશન સાથે દેશમાં પાંચમા ક્રમે છે. ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ઉદ્યોગ એકમોની નોંધણીમાં પ્રતિવર્ષ સરેરાશ ૨૫ ટકાથી ૩૦ ટકાનો વધારો જોવા મળ્યો છે. આ ઉપરાંત સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બૅન્ક ઓફ ઈન્ડિયા તેમ જ અન્ય બૅન્કો દ્વારા જે એમએસએમઈ એકમો પાસે ઉદ્યમ રજિસ્ટ્રેશન કરાવવા માટે જીએસટી, આઈટીઆર અને પેનકાર્ડ જેવા પૂરતા ડોક્યુમેન્ટ ઉપલબ્ધ ન હોય, તેવા ઉદ્યોગ એકમોને ઉદ્યમ આસિસ્ટેડ પ્રોગ્રામ હેઠળ એમએસએમઈ તરીકે નોંધવામાં આવે છે. જો આવા ઉદ્યોગ એકમોને પણ ધ્યાનમાં લેવામાં આવે તો, ગુજરાતમાં અત્યારે કુલ ૩૨.૫૨ લાખથી વધુ એમએસએમઈ એકમોની નોંધણી થઇ છે.ગુજરાતમાં નોંધાયેલા આશરે ૨૧.૮૨ લાખથી વધુ એમએસએમઈ એકમો પૈકી ૨૦.૮૯ લાખથી વધુ સૂક્ષ્મ ઉદ્યોગો, ૮૪ હજારથી વધુ લઘુ ઉદ્યોગો તેમજ ૮,૭૦૦થી વધુ મધ્યમ ઉદ્યોગોનો સમાવેશ થાય છે. ગુજરાતના સાહસિક ઉદ્યોગકારોને પ્રોત્સાહિત કરવા તેમજ એમએસએમઈ એકમોને વધુ સશક્ત બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા ઔદ્યોગિક નીતિ તેમ જ આત્મનિર્ભર યોજના હેઠળ વર્ષ ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ના નવેમ્બર સુધીમાં ગુજરાતના કુલ ૪૭ હજારથી વધુ એમએસએમઈ એકમોને રૂ. ૨,૦૮૯ કરોડની માતબર સહાય ચૂકવવામાં આવી છે.

ભારતમાં ઓદ્યોગિક વિકાસ ક્ષેત્રે રોજગારી, ઇન્ડેક્સ ઓફ ઇન્ડસ્ટ્રિયલ પ્રોડક્શન, માનવ વિકાસ, ઊર્જા કાર્યક્ષમતા અને ઉત્પાદન ક્ષેત્રે ગ્રોસ સ્ટેટ ડોમેસ્ટિક પ્રોડક્ટ સૂચકાંકોનો સમાવેશ થાય છે.

આ માપદંડોના આધારે ગુજરાત દેશના ઉત્પાદનમાં ૧૬ ટકા, જીડીપીમાં ૮.૬ ટકા અને રૂ. ૨૬ ટ્રિલિયનના ફાળા સાથે દેશમાં ત્રીજા ક્રમે છે. આ ઉપરાંત દેશના કુલ નિકાસમાં પણ ગુજરાત ૩૦ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે. ગુજરાતની પ્રગતિમાં રાજ્યના એમએસએમઈ એકમોનો ૪૦ ટકાથી વધુ ફાળો છે.

# અમદાવાદના નરોડામાં પોલીસકર્મીની પત્નીએ પુત્ર સાથે ત્રીજા માળેથી ઝંપલાવી આપઘાત કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના નરોડા વિસ્તારમાં માતાએ પુત્ર સાથે ત્રીજા માળેથી કૂદકો મારી આપઘાત કર્યો હોવાની ઘટના બની હતી. આ ઘટનાની જાણ થતાં પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઇ હતી. માતા માનસિક રીતે અવસ્થ હોવાથી દવા ચાલી રહી હોવાનું પોલીસ તપાસમાં પ્રકાશમાં આવ્યું હતું. મૃતક મહિલાનો પતિ હાલ પોલીસમાં ફરજ બજાવે છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદના નરોડાના હંસપુરા વિસ્તારમાં રહેતા પોલીસકર્મીની પત્નીએ દીકરા સાથે જીવન ટૂંકાવ્યું હોવાની ઘટના બની હતી. માતાની માનસિક બીમારીની દવા ચાલતી હોવાનું આસપાસના સ્થાનિકોએ કહ્યું હતું. માતાની સાથે બાળક પણ માનસિક અસ્થિર હોવાનું સામે આવ્યું છે. મહિલાનો પતિ મિતેષ હિંમતનગરમાં ડોગ સ્ક્વોડનો કર્મચારી છે.પોલીસે પરિવારના નિવેદન લઈ તપાસ શરૂ કરી હતી. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી મૃતદેહને પીએમ અર્થે મોકલી આપ્યો હતો. પોલીસના જણાવ્યા પ્રમાણે સમગ્ર મામલે પોલીસ તપાસ કરી રહી છે. આત્મહત્યા પાછળ અન્ય કોઈ કારણ છે કે નહીં એ તપાસવાનો પ્રયાસ પોલીસ કરી રહી છે. બીજી તરફ મોબાઈલ અથવા કોઈ આત્મહત્યા પહેલાં કોઈ ચિઠ્ઠી લખી હોય અથવા મેસેજ કર્યો હોય એ દિશામાં પણ પોલીસે તપાસ શરૂ કરી છે. મૃતક મહિલાના મોટાભાઈ વિકેશ સોલંકીએ મીડિયાને કહ્યું હતું કે, મારી બહેનને પતિ અને સાસરિયાઓ દ્વારા ત્રાસ આપવામાં આવતો હતો. ગત રક્ષાબંધનને જ્યારે મારી બહેને રાખડી બાંધવા માટેની વાત કરી ત્યારે પણ તેની સાથે મારઝૂડ કરાઈ હતી. શુક્રવારે રાતે મારી બહેને મારી પત્ની સાથે વાત કરી હતી અને તે સમયે તે કોઈ ચિંતામાં લાગતી ન હતી. હવે અમે બહેનના મોતના જવાબદાર લોકો સામે છેક સુધી લડી લઈશું.

# લોરેન્સ બિશ્નોઇ, રોહિત ગોદારા ગેંગના નામે ખંડણી માગતા ચાર ખંડણીખોરોની સુરત પોલીસે ધરપકડ કરી

અમદાવાદઃ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ અને રોહિત ગોદારાના નામે ખંડણી માંગતી ગેંગની સુરત પોલીસે ધરપકડ કરી હતી. ચાર ખંડણીખોરો સફિક ખાન, સરફરાઝ ખાન, સોયેબ ખાન અને રહીમ ખાનની ધરપકડ કરી હતી. આરોપીઓ પોતાને લોરેન્સ બિશ્નોઇ અને રોહિત ગોદારા ગેંગના માણસો કહીં ખંડણી ઉઘરાવતા હતા. સુરત જિલ્લા એલસીબી, એસઓજી અને જિલ્લા પોલીસે સાથે મળીને આ ઓપરેશન સફળતાપૂર્વક હાથ ધર્યું હતું.

તાજેતરમાં રાજસ્થાન રાજ્યમાં ડીડવાના જિલ્લામાં કુચામનસીટીમાં કુખ્યાત લોરેન્સ બીશ્નોઈ/ રોહિત ગોદારા ગેંગના મુખ્ય સૂત્રધાર રોહિત ગોદારા તેમજ વિરેન્દ્રસિંહ ચારણ મારફતે અલગ અલગ વેપારીઓને ગત તારીખ ૨૭ નવેમ્બરથી ૩૦ નવેમ્બર ૨૦૨૪ દરમ્યાન અલગ-અલગ વિદેશી નંબરો દ્વારા વોટસએપ કોલ અને વોટસએપ વોઇસ મેસેજ દ્વારા લોરેન્સ ગોદારા ગેંગના માણસો બોલીએ છીએ અને અમોને ૨ કરોડની ખંડણી નહિ આપો તો તમારા વેપારનાં સ્થળો અને પરિવારના સભ્યોના પ્રસંગો અને આવન-જાવનના રસ્તાઓની રેકી કરી રાખેલ છે. તો તમામને ખંડણી નહીં આપો તો જાનથી મારી નાખીશું જેવી ધમકીઓ આપી હતી. આ મામલે કુચામન સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયા બાદ પોલીસે આરોપીઓની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યાં હતાં. આરોપીઓ ગુજરાત થઈને મુંબઈ તરફ જતા હોવાની રાજસ્થાન પોલીસને બાતમી મળી હતી. જે બાદ રાજસ્થાન પોલીસ દ્વારા ગુજરાત પોલીસને જાણ કરતા સુરત જિલ્લા પોલીસે વોચ ગોઠવી હતી. આ દરમિયાન કામરેજ ટોલ નાકા નજીકથી પોલીસે વર્ના કારમાંથી ૪ આરોપીઓને દબોચી લીધા હતા. જે બાદ સુરત પોલીસે આરોપી સફિક ખાન હાકમ અલીખાન, સરફરાઝ ખાન ઉર્ફે વિક્કી અજીજ ખાન નઝિર ખાન, સોયેબ ખાન આબીદ ખાન પઠાણ, રહીમ ખાન ઈરફાન ખાન પઠાણની ધરપકડ કરી હતી. આ ચાર પૈકીનો એક આરોપી સફિક ખાન રોહિત ગોદારા ગેંગના સભ્યોના સંપર્કમાં હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું હતું, આરોપીઓની ધરપકડ કર્યા બાદ રાજસ્થાન પોલીસને તેમનો કબજો સોંપવામાં આવ્યો હતો.

# ગુજરાતમાં ત્રણ વર્ષમાં જ ૧.૭૭ કરોડ આયુષ્યમાન હેલ્થ કાર્ડ ઈસ્યૂ કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશમાં પી.એમ.જય આરોગ્ય યોજના હેઠળ ઓકટોબર-૨૦૨૪ સુધીમાં ૩૫.૮ કરોડ કાર્ડ ઈસ્યૂ કરવામાં આવ્યાં છે. જેમાં ગુજરાતમાં ત્રણ વર્ષમાં આ કાર્ડની સંખ્યા ૧.૭૭ કરોડ હોવાની માહિતી લોકસભામાં જાહેર કરાઈ હતી. ૩૧ ઓક્ટોબર, ૨૦૨૪ સુધીમાં, દેશભરમાં આયુષ્યમાન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ ૩૫.૮ કરોડથી વધુ આયુષ્યમાન કાર્ડ બનાવવામાં આવ્યા છે. આ પૈકી, છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતમાં જારી કરાયેલા આયુષ્યમાન કાર્ડની કુલ સંખ્યા ૧,૭૭,૦૦,૦૩૨ છે.

સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ સંસદના ચાલુ શિયાળુ સત્ર દરમિયાન લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં આપી હતી. ગુજરાતમાં, છેલ્લા ત્રણ વર્ષમાં જારી કરાયેલા કાર્ડની સંખ્યામાં સતત વધારો થવાથી આ યોજનાએ નોંધપાત્ર પ્રગતિ દર્શાવી છે. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ૪૫,૭૧,૦૨૩ કાર્ડ બનાવવામાં આવ્યા હતા, જે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં વધીને ૫૩,૩૩,૨૭૦ થઈ ગયા હતા. વર્ષ ૨૦૨૩-૨૪માં આ આંકડો આગળ વધીને ૭૭,૯૫,૭૩૯ પર પહોંચ્યો હતો. જે રાજ્યમાં યોજનાની વધતી જતી પહોંચ અને અપનાવવાને દર્શાવે છે.

# બનાસ બેંકના નવા ચેરમેન તરીકે ડાયાભાઈ પીલિયાતર-વાઇસ ચેરમેન તરીકે કેશુભા પરમારની વરણી

અમદાવાદઃ ઉત્તર ગુજરાતની સૌથી મોટી બનસકાંઠા જિલ્લાની ઓળખ સમાન બનાસ બેંકના ચેરમેન અને વાઈસ ચેરમેનની આજે ચૂંટણી યોજાઈ હતી. જેમાં ચેરમેન તરીકે ડાયાભાઈ પીલિયાતરની અને વાઈસ ચેરમેન તરીકે કેશુભા પરમારની બિનહરીફ વરણી કરાઈ હતી. ભાજપે મેન્ડેટ આપી ચેરમેન, વાઈસ ચેરમેનની વરણી કરી હતી. વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શંકર ચૌધરીના વિશ્વાસુ મનાતા ડાયાભાઈ પીલિયાતર બનાસ બેંકના ચેરમેન બને તેવી સંભાવના અગાઉ જ હતી. બનાસબેંકના ચેરમેન સવસિંહ ચૌધરી અને વાઇસ ચેરમેન પીરાજી ઠાકોરની ટર્મ પૂરી થતા ચૂંટણી યોજાઈ હતી. ભાજપ કોઈ એક ડિરેકટરને મેન્ડેડ આપી ચેરમેન બનાવશે તે નક્કી હતું. ચૂંટણી માટે પાલનપુર પ્રાંત કચેરીએ બનાસબેંકના ૨૨ ડિરેક્ટરો પહોંચ્યા હતા. વિધાનસભાના અધ્યક્ષ અને બનાસબેંકના ડિરેક્ટર શંકર ચોધરી પણ પહોંચ્યા હતા. જ્યાં ચેરમેનપદે ડાયાભાઈ પીલિયાતર અને વાઇસ ચેરમેન તરીકે કેશુભા પરમારની બિનહરીફ વરણી કરાઇ હતી. ભાજપ પ્રદેશ ઉપ-પ્રમુખ કૌશલ્યા કુંવરબાએ ચેરમેન અને વાઇસ ચેરમેનની ચૂંટણી માટે બેંકના ડિરેક્ટરોના સેન્સ લેવાયા હતા. પાલનપુરના ચડોતરના કમલમ ખાતે ૧૮ ડિરેક્ટરોના સેન્સ લેવાયા હતા. અઢી વર્ષ અગાઉ બેંકની ચૂંટણી બાદ ભાજપે કાંકરેજના અણદાભાઈ પટેલને મેન્ડેડ આપી ચેરમેન બનાવ્યા હતા. ચેરમેન અણદા પટેલે બેન્કના કર્મચારી અશોક ચૌધરીને સસ્પેન્ડ કરી દેતા તેમનો વિરોધ થતાં તેમને ચેરમેન પદ ગુમાવવું પડ્યું હતું. ભાજપે ફરીથી સવસી પટેલને મેન્ટેડ આપી ચેરમેન બનાવ્યા હતા.

# અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલના ૮મા દિવસે બે પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું

અમદાવાદઃ અમદાવાદ ઇન્ટરનેશનલ બુક ફેસ્ટિવલના ૮માં દિવસે બે પુસ્તકનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સૌપ્રથમ 'ગુજરાત પ્રિઝન્સઃ ધ એક્સ ફેક્ટર - એ હ્યુમન ટ્રાન્સફોર્મેશન' બિહેવિયરલ સાયન્સ એક્સપર્ટ ડૉ. ઈન્દુ રાવ દ્વારા લખાયેલા આ પુસ્તકનું અમદાવાદના ડીજીપી ડૉ. કે.એલ.એન. રાવ અને નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયાના ડાયરેક્ટર યુવરાજ મલિકની હાજરીમાં પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. લેખક અને ઉદ્યોગસાહસિક વિવેક માનસિંહના 'મિનિંગફૂલ સક્સેસ અનલીશ ધ પાવર ઑફ મી!'ની હિન્દી આવૃત્તિનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટીવેશનલ સ્પિકર અને લેખક સંજય રાવલે એઆઈબીએફના લેખક કોર્નર (શબ્દ સંસાર) ખાતે 'ફિયરલેસ લાઇફ' પર ચર્ચામાં ભાગ લીધો હતો, જ્યાં તેમણે લોકોને વર્તમાન પર ધ્યાન કેન્દ્રિત કરવા, નિડરતાથી બોલવા અને કોઈપણ ભય કે અફસોસ વિના જીવન જીવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. વક્તાએ શ્રોતાઓને સરદાર પટેલના વારસાની પણ યાદ અપાવી હતી, લોકોને સાદગીભર્યા જીવનનો અભિગમ અપનાવવા વિનંતી કરી હતી અને મહેનત અને કાર્યો પર ધ્યાન કેન્દ્રિત કરવા કહ્યું




હતું. તે જ પ્રકારે 'ધ પ્રેક્ટિકલ માર્કેટરઃ યોર અલ્ટિમેટ ગાઈડ ટુ કન્ઝ્યુમર પ્રોડક્ટ માર્કેટિંગના લેખકે બિલ્ડિંગ એ પર્સનલ બ્રાન્ડ' પર સુંદર પ્રવચન આપ્યું હતું.લેખકના કોર્નરમાં ફિલ્મ નિર્માતા મનીષ સૈનીએ શબ્દ સંસાર ખાતે એક સત્રનું નેતૃત્વ કર્યું હતું'જ્યાં તેમણે વર્તમાન ગુજરાતી સિનેમાના લેન્ડસ્કેપ વિશે ચર્ચા કરી હતી, તેમની ફિલ્મો અંગે અને ભારતમાં લોકોના વિવિધ જૂથો અને ગુજરાતી સિનેમા વિશેની ગેરસમજો વચ્ચે ભાષાકીય અંતરને કેવી રીતે દૂર કરવાનો પ્રયાસ કરી શકે તે અંગે તેમને પૂછવામાં આવ્યું હતું જેનો જવાબ આપતા ફિલ્મ નિર્માતાએ કહ્યું હતું .

# ગુજરાત હાઈ કોર્ટ ખાતે રૂપિયા ૧૩૩ કરોડના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત સંપન્ન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઇ કોર્ટ ખાતે રાજ્યના ન્યાયતંત્રની માળખાગત સુવિધાઓને વધુ મજબૂત કરતા વિવિધ પ્રકલ્પોનું મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને સુપ્રીમ કોર્ટના જસ્ટિસ સૂર્યકાંતના હસ્તે લોકાર્પણ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત હાઇ કોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ તેમજ કાયદાપ્રધાન ઋષિકેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે ગુજરાત હાઇ કોર્ટ ખાતે રૂપિયા ૧૩૩ કરોડના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત સંપન્ન થયું છે. વર્ષ ૧૯૬૦માં ગુજરાત અલાયદું રાજ્ય બન્યું ત્યારે નવરંગપુરા ખાતેથી શરૂ થયેલી ગુજરાત હાઇ કોર્ટની સફર નવીનતમ સુવિધાઓ સાથે આગળ વધી છે. આજે સોલા ખાતે સ્ટેટ ઓફ ધ આર્ટ ફેસિલિટી સાથેનું ગુજરાત હાઇ કોર્ટનું અદ્યતન ભવન કાર્યરત છે. ન્યાયાલયો, તેની સાથે સંકળાયેલી નવી ઇમારતો કે મકાનો બાંધવા સહિત ન્યાયાધીશો અને કોર્ટ સ્ટાફને અત્યાધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનો રાજ્ય સરકારનો પ્રયાસ રહ્યો છે.

તેમણે ઉમેર્યું હતું કે, કાયદા વિભાગના બજેટમાં રાજ્ય સરકારે નાણાકીય ફાળવણી કરી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં આ ફાળવણી ૧૬૯૮ કરોડ રૂપિયા હતી,જે ૨૦૨૪-૨૫માં ૨૫૮૬ કરોડ રૂપિયા કરવામાં આવી છે. જે ન્યાયતંત્રની કાર્યક્ષમતા વધારવા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ, ડિજિટલાઈઝેશન અને સુદ્રઢ માનવબળ ઉપલબ્ધ કરાવવાનું રાજ્ય સરકારનું કમિટમેન્ટ દર્શાવે છે. યુટ્યુબ પર કોર્ટની કામગીરીનું લાઈવ ટેલિકાસ્ટ કરનારું ગુજરાત સૌપ્રથમ રાજ્ય બન્યું છે. વર્ચ્યુઅલ કોર્ટ, ડિજિટલ પોર્ટલ, પેપરલેસ ઈ ફાઈલિંગના અભિગમ રાજ્યની ન્યાયપાલિકાએ અપનાવ્યા છે.

સુપ્રીમ કોર્ટના જસ્ટિસ સૂર્યકાંતે આ પ્રસંગે જણાવ્યું હતું કે, કોઈપણ રાષ્ટ્રના વિકાસમાં તેની ન્યાય વ્યવસ્થાનું મહત્ત્વનું યોગદાન રહે છે. મજબૂત ન્યાયપાલિકા રાષ્ટ્ર ઉત્થાનના પાયાના સ્તંભમાંની એક છે. આજના આધુનિક યુગમાં મજબૂત જ્યુડિશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેક્નોલોજીનો યથાયોગ્ય ઉપયોગ ન્યાયતંત્રની સૌથી મહત્ત્વની જરૂરિયાતો છે. આ બન્ને બાબતોના અમલીકરણમાં ગુજરાત હાઇ કોર્ટ મોખરે છે.

હાઇ કોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ બનવાથી ન્યાયિક પ્રક્રિયા વધુ ઝડપી અને સરળ બને છે.

રાજ્ય સરકારના હકારાત્મક અભિગમથી અનેક નવાં મકાનો અને પ્રકલ્પોનો શિલાન્યાસ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યા છે. આ જ પ્રકારે ન્યાયપાલિકાના કર્મચારીઓ માટે આરોગ્ય સુવિધા કરાવવામાં પણ રાજ્ય સરકારનો ઝડપી અને મહત્ત્વપૂર્ણ સહયોગ સાંપડ્યો છે.

# ખ્યાતિ હૉસ્પિટલની તપાસમાં ઈન્કમટેક્સ જોડાશેઃ કરચોરી અને કાળા નાણાંનો ખુલાસો થવાની શક્યતાઓ

અમદાવાદઃ અમદાવાદની ખ્યાતિ હૉસ્પિટલ દ્વારા કેમ્પ યોજીને દર્દીઓના મેડિકલ ટેસ્ટ તથા બીનજરૂરી સર્જરી કરીને કેન્દ્ર સરકારની પીએમજેએવાય યોજના અંતર્ગત કરોડો રૂપિયાના કૌભાંડમાં સામેલ રાજકોટના જાણીતા ડો. સંજય પટોલિયાની ભાગીદારીવાળી અમદાવાદની ખ્યાતિ હૉસ્પિટલના કેસોની પોલીસ તપાસ ચાલી રહી છે. હવે પોલીસની સાથે આ તપાસમાં ઈન્કમટેક્સ ઝંપલાવશે. આ હૉસ્પિટલમાં થયેલા કરોડો રૂપિયાના વ્યવહારની તપાસ કરવા માટે પોલીસ દ્વારા જ ઈન્કમટેક્સ વિભાગને તપાસમાં જોડવા માટે ભલામણ કરાઈ હોવાનું જાણવા મળ્યું હતું. અમદાવાદની ખ્યાતિ હૉસ્પિટલનો કાંડ બહાર આવ્યો ત્યારથી પોલીસ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જેમાં તપાસમાં એવું પ્રકાશમાં આવ્યું હતું કે, આ હૉસ્પિટલમાં ૮૦૦૦થી વધુ સર્જરી થવાના અને તેમાં ૧૧૨ લોકોના મોત છે. ૩૮૪૨ સર્જરી સરકારી યોજના હેઠળ થઈ હતી. જે પેટે સરકાર પાસેથી કરોડો રૂપિયા વસુલવામાં આવ્યા હતા. સરકારમાંથી જ કરોડો રૂપિયાની આવક છતાં ટેકસચોરી માટે હૉસ્પિટલ દ્વારા દોઢ કરોડની ખોટ દર્શાવાઈ હતી. હૉસ્પિટલ સંચાલકો ટેકસચોરી મારફત જંગી માત્રામાં કાળા નાણાં ધરાવતા હોવાની શંકાના આધારે હવે તપાસ માટે પોલીસ દ્વારા ઈન્કમટેકસનો સહયોગ માંગવામાં આવ્યો છે. કે ૧ સપ્ટેમ્બર ૨૦૨૧થી ૪ નવેમ્બર ૨૦૨૪ સુધીમાં હૉસ્પિટલમાં કુલ ૮૫૬૪ મેડીકલ પ્રોસીજર અથવા સર્જરી થઈ હતી. આ હૉસ્પિટલમાં કાળા નાણાં છુપાવીને ટેકસચોરી કરાઈ હોવાનું જણાઈ રહ્યું છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની મદદ લેવામાં આવી છે અને હવે ઈન્કમટેકસને પણ સામેલ કરવામાં આવશે. ખ્યાતિકાંડમાં પોલીસ દ્વારા અત્યાર સુધીમાં સાત લોકોની ધરપકડ કરવામાં આવી છે. મુખ્ય આરોપી ગણાવાનો કાર્તિક પટેલ હજુ હાથમાં આવ્યો નથી. આ સિવાય ફરાર રાજશ્રી કોઠારીની આગોતરા જામીન અરજી અદાલતે ફગાવી દીધી છે. બીજી તરફ પોલીસ દ્વારા રાજયના આરોગ્ય વિભાગ પાસેથી પીએમજેએવાય યોજનાને લગતા દસ્તાવેજો માંગવામાં આવ્યા હોવા છતાં હજુ મળ્યા નથી. સમગ્ર કૌભાંડમાં આરોગ્ય વિભાગના અધિકારીઓની પણ સંડોવણી માલૂમ પડતા આવનારા દિવસોમાં તેમની પણ ધરપકડ થઈ શકે છે.

# ખ્યાતિકાંડમાં ૧૧૨ દર્દીઓનાં મોતની તપાસ માટે સીટની રચના કરાશે, ફોરેન્સિક એક્સપર્ટ અને સિનિયર અધિકારી તપાસમાં જોડાશે

અમદાવાદઃ શહેરના ખ્યાતિ હોસ્પિટલકાંડમાં પીએમજેએવાય દ્વારા ૪૫ ટકા જેટલી સર્જરી ડોક્ટર ટોળકીએ કરીને કરોડો રૂપિયા કમાયા છે. ત્રણ વર્ષમાં સર્જરી થયેલા ૧૧૨ દર્દીઓના મોતને પગલે ગૃહવિભાગ દ્વારા એક બેઠક બોલાવાઈ હતી. ૧૧૨ દર્દીઓનાં મોતની તપાસ માટે આગામી સમયમાં મેડિકલ એક્સપર્ટ, ફોરેન્સિક એક્સપર્ટ અને અન્ય સિનિયર પોલીસ અધિકારી સહિત નિષ્ણાતો સાથે સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમની નિમણૂક કરાશે. આ કૌભાંડમાં પીએમજેએવાયના અધિકારીઓની સંડોવણી છે કે નહિ તે હજુ સ્પષ્ટ થઈ રહ્યું નથી. જો કે નિવેદનોના આધારે તપાસ ચાલતી હોવાથી ગૃહવિભાગ દ્વારા રિપોર્ટ પણ મંગાયો હતો. જ્યારે ક્રાઈમબ્રાન્ચ અને સીટને સાથે રાખીને આ કેસમાં વધુ તપાસ કરાવાશે.

# બે દાયકા બાદ મોગરા અને માહુલ પમ્પિંગ સ્ટેશનનું કામ આગળ વધશે

અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં ૨૬ જુલાઈ, ૨૦૦૫ના થયેલી અતિવૃષ્ટિ બાદ અંધેરી અને માહુલમાં મોગરા નાળા ખાતે પમ્પિંગ સ્ટેશનનું લાંબા સમયથી રાહ જોવાતું કામ લગભગ બે દાયકા બાદ આખરે આગળ વધી રહ્યું છે. મુંબઈ મહાનગરપાલિકાએ તાજેતરમાં બોમ્બે હાઈ કોર્ટમાં મોગરા પમ્પિંગ સ્ટેશન માટેની વિવાદિત જમીન માટે ૩૩ કરોડ રૂપિયા ભર્યા છે. વધુમાં ચેમ્બુરમાં માહુલ પમ્પિંગ સ્ટેશન માટેની મીઠાના આગારની જમીન છે તેનું પણ બહુ જલદી સંપાદિત કરવામાં આવવાનું છે. મુંબઈમાં ૨૦૦૫માં આવેલા વિનાશક પૂર બાદ ચિતળે સમિતિ દ્વારા કરવામાં આવેલી ભલામણ બાદ આઠ પમ્પિંગ સ્ટેશન બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. તેમાંથી આ બે પમ્પિંગ સ્ટેશન માટે જમીન સંપાદન કરવામાં પાલિકાના સતત અવરોધો આવ્યા હતા. મોગરા પમ્પિંગ સ્ટેશન માટે ૨૦૨૧માં ટેન્ડરને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું ત્યારે બે ખાનગી પક્ષો વચ્ચે જમીનની માલિકી અંગેના કાયદાકીય વિવાદોને કારણે જમીન સંપાદનમાં વિલંબ થયો હતો. તો માહુલ પમ્પિંગ સ્ટેશનના પ્રકરણમાં આ વિસ્તારની જમીનની માલિકી ધરાવતી ભારત સરકારની સંસ્થા સોલ્ટ કમિશનર સાથે સંકલન કરવાના પાલિકાના પ્રયત્નો છતાં સંપાદન પ્રક્રિયાઓ સતત અવરોધનો સામનો કરવો પડયો હતો. મોગરા પમ્પિંગ સ્ટેશન અંધેરીમાં વરસાદનાં ભરાતાં પાણીની સમસ્યાને દૂર કરવા માટે મહત્ત્વનો પ્રોજેક્ટ છે. સુધરાઈને જમીન માટે ૩૩ કરોડ રૂપિયા ચૂકવવાનો નિર્દેશ આપામાં આવ્યો હતો, તે મુજબ તેણે પૈસા ભરી દીધા છે. પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ પૈસા હાઈ કોર્ટમાં ભરી દીધા હોવાથી હવે કામ આગળ વધશે. આ પ્રોજેક્ટને પૂરો થવામાં ૨૪ મહિનાનો સમય લાગશે. લગભગ ડિસેમ્બર, ૨૦૨૬માં આ પ્રોજેક્ટ પૂરો કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

માહુલ પમ્પિંગ સ્ટેશન માટે મીઠાના આગારની જમીનનો ઉપયોગ કરવામાં આવવાનો છે. સોલ્ટ કમિશનરેટની પોલિસી મુજબ જાહેર ક્ષેત્રના પ્રોજેક્ટ માટે સોલ્ટ પૅન (મીઠાના આગાર)ની જમીનનો ઉપયોગ કરી શકાય છે. તે મુજબ પાલિકાને જમીન મળશે અને તે માટે પાલિકા તેમને જમીનનું સંપાદન કરવા માટે ૫.૮ કરોડ રૂપિયાની ચૂકવણી કરવાની છે. આ પંમ્પિગ સ્ટેશનને કારણે કુર્લા, સાયન, માટુંગા અને ચેંબુરમાં ચોમાસામાં ભરાતાં વરસાદનાં પાણીથી રાહત મળશે.

ચોમાસામાં ભરતી દરમ્યાન દરિયાનાં પાણીને શહેરમાં પ્રવેશતા અટકાવવા માટે ફ્લડગેટ બંધ કરવામાં આવે છે. આ પમ્પિંગ સ્ટેશનના પંપથી પાણી ડ્રેનેજ લાઈન મારફત દરિયામાં અંદર છોડવામાં આવે છે. જુહુનું ઈર્લા પમ્પિંગ સ્ટેશન ૨૦૧૦માં ચાલુ કરવામાં આવેલું પહેલું પમ્પિંગ સ્ટેશન હતું, ત્યારબાદ હાજી અલી, ક્લેવલેન્ડ, વરલીમાં લવગ્રોવ અને રે રોડમાં બ્રિટાનિયા અને ખાર દાંડામાં ગજધરબંધ બાંધવામાં આવ્યા હતા. માહુલ પમ્પિંગ સ્ટેશન લગભગ ૩૫૦ કરોડ રૂપિયા અને મોગરા પમ્પિંગ સ્ટેશન પાછળ લગભગ ૩૯૩ કરોડ રૂપિયા ખર્ચવામાં આવવાના છે.

# બાબા સિદ્દીકી હત્યા કેસઃ આઠ આરોપીને અદાલતી કસ્ટડી

મુંબઈ: રાજ્યના ભૂતપૂર્વ પ્રધાન બાબા સિદ્દીકીની બાન્દ્રામાં ગોળી મારી હત્યા કરવાના કેસમાં શનિવારે વિશેષ એમસીઓસીએ કોર્ટે આઠ આરોપીને ૧૬ ડિસેમ્બર સુધીની અદાલતી કસ્ટડી ફટકારી હતી. એનસીપીના અજિત પવાર જૂથના નેતા બાબા સિદ્દીકી (૬૬) પર બાન્દ્રા પૂર્વમાં તેમના પુત્ર ઝીશાન સિદ્દીકીની ઑફિસ બહાર ૧૨ ઑક્ટોબરની રાતે ત્રણ શૂટરે ગોળીબાર કર્યો હતો. બે ગોળી છાતીમાં વાગતાં સિદ્દીકીને લીલાવતી હૉસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું.

આ કેસમાં ક્રાઈમ બ્રાન્ચે ૨૬ આરોપીની ધરપકડ કરી હતી. મૅજિસ્ટ્રેટ કોર્ટે બધા આરોપીને અદાલતી કસ્ટડીમાં રાખવાનો આદેશ આપ્યા બાદ પોલીસે આ કેસમાં ૩૦ નવેમ્બરે આરોપીઓ વિરુદ્ધ મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઑફ ઑર્ગેનાઈઝ્ડ ક્રાઈમ ઍક્ટ (એમસીઓસીએ) લગાવ્યો હતો. સપ્તાહ અગાઉ વિશેષ એમસીઓસીએ કોર્ટમાંથી પોલીસે મુખ્ય શૂટર શિવકુમાર ગૌતમ સહિત આઠ આરોપીની ૭ ડિસેમ્બર સુધીની પોલીસ કસ્ટડી મેળવી હતી. કસ્ટડી પૂરી થતી હોવાથી આઠેય આરોપીને શનિવારે ફરી કોર્ટ સમક્ષ હાજર કરાયા હતા. કોર્ટે તેમને અદાલતી કસ્ટડીમાં મોકલી આપ્યા હતા. આ કેસમાં ગૅન્ગસ્ટર લૉરેન્સ બિશ્નોઈ અને તેના ભાઈ અનમોલ બિશ્નોઈને ફરાર આરોપી દર્શાવાયા છે. તાજેતરમાં અમેરિકામાં અનમોલને તાબામાં લેવાયો હતો. હાલમાં તે ત્યાંની જેલમાં છે.

## બાન્દ્રામાં પૉર્શે કારે અનેક બાઈકને ટક્કર મારી: એક્સિડેન્ટના સીસીટીવી ફૂટેજ સોશિયલ મીડિયા પર વાયરલ

મુંબઈ: બાન્દ્રામાં વેપારીના પુત્રએ પૂરપાટ વેગે પૉર્શે કાર દોડાવી રસ્તાને કિનારે પાર્ક અનેક બાઈકને ટક્કર મારી હતી. આ ઘટનામાં કોઈને ઇજા થઈ નહોતી, પરંતુ પાંચ બાઈકને નુકસાન થયું હતું.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના શુક્રવારની મધરાતે અઢી વાગ્યાની આસપાસ બાન્દ્રા પશ્ચિમમાં સાધુ વાસવાની ચોક ખાતે બની હતી. પૂરપાટ વેગે આવેલી કારે રસ્તાને કિનારે પાર્ક બાઈક્સને ટક્કર મારી હતી. કાર વિલેપાર્લેના વેપારીનો પુત્ર ધ્રુવ ગુપ્તા (૧૯) ચલાવી રહ્યો હતો.

કહેવાય છે કે ઘટના સમયે કારમાં પાંચ જણ હતા, જેમાં એક મહિલાનો સમાવેશ થાય છે. સ્ટિયરિંગ જૅમ થવાને કારણે ઘટના બની હોવાનો દાવો ગુપ્તાએ કર્યો હતો. જોકે યુવક દારૂના નશામાં કાર ચલાવતો હતો કે કેમ તેની ખાતરી કરવા લોહીના નમૂના તપાસ માટે મોકલ્યા હતા. ઘટનાની નોંધ કરી પોલીસે યુવકને નોટિસ મોકલાવી હતી. અકસ્માતની ઘટના સીસીટીવી કૅમેરામાં કેદ થઈ હતી. કૅમેરાનાં ફૂટેજ બાદમાં સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા.

## ઈવીએમ પર શંકા હોય તો કોર્ટમાં જાવઃ અજિત પવાર

મુંબઈ: શિવસેના (યુબીટી) આદિત્ય ઠાકરેના ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો (ઈવીએમ)ની કાયદેસરતા પર સવાલ ઉઠાવતા આરોપો પર વળતો પ્રહાર કરતાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યપ્રધાન અને એનસીપીના વડા અજિત પવારે કહ્યું હતું કે જો વિપક્ષને કોઈ સમસ્યા હોય તો ચૂંટણી પંચ અથવા કોર્ટનો સંપર્ક કરવો જોઈએ. ''અહીં આવા આક્ષેપો કરવાનો કોઈ અર્થ નથી. તેમણે ચૂંટણી પંચ પાસે જવું જોઈએ અને જો ત્યાં તેમને ન્યાય ન મળે, તો કોર્ટનો સંપર્ક કરવો જોઈએ,'' એમ અજિત પવારે જણાવ્યું હતું. આદિત્ય ઠાકરેએ મહારાષ્ટ્ર વિધાનસભાના ચાલુ વિશેષ સત્ર દરમિયાન શનિવારે પાર્ટીના વિજેતા ધારાસભ્યો શપથ નહીં લેવાની જાહેરાત કર્યા પછી આ વાત સામે આવી છે. મહારાષ્ટ્ર વિધાનસભાનું ત્રણ દિવસીય વિશેષ સત્ર ચાલી રહ્યું છે.

## મરાઠી, હિંદી, સંસ્કૃત, ઉર્દૂ, સિંધીમાં શપથ

મુંબઈ: મહારાષ્ટ્ર વિધાનસભામાં ગઈ કાલે ભાષાકીય વિવિધતાના દર્શન થયા. નવા ચૂંટાયેલા ૨૦૦ સભ્યોએ મરાઠી, સંસ્કૃત, હિન્દી, ઉર્દૂ અને સિંધીમાં ધારાસભ્ય તરીકે શપથ લીધા. ૨૦૦ સભ્યોમાંથી ૧૯૦ સભ્યોએ મરાઠીમાં શપથ લીધા હતા.

ભાજપના સાત ધારાસભ્યો ગિરીશ મહાજન, સીમા હિરે, પ્રશાંત ઠાકુર, સુધીર ગાડગીલ, નિતેશ રાણે, પ્રતાપ અડસદ અને રામ કદમે સંસ્કૃતમાં શપથ લીધા. મહાજને સાતમી વખત સંસ્કૃતમાં શપથ લીધા.

સમાજવાદી પાર્ટીના અબુ આઝમીએ હિન્દીમાં શપથ લીધા, જ્યારે ઓલ ઈન્ડિયન મજલિદ એ ઈત્તેહાદુલ મુસલમીનના મુફ્તી મોહમ્મદ ખાલીકે ઉર્દૂમાં શપથ લીધા.

ભાજપના કુમાર ઇલાનીએ સિંધીમાં શપથ લીધા.

## પાંચમા પાનાનું ચાલુ

### ઈવીએમને બહાને

(કાર્યવાહક) સ્પીકર કાલિદાસ કોલમ્બેકરે ફડણવીસ, શિંદે અને અજિત પવારને વિધાનસભ્ય તરીકેના શપથ લેવડાવ્યા હતા.

તેના પહેલા ભાજપના ચેનસુખ સંચેતી, જયકુમાર રાવલ, એનસીપીના માણિકરાવ કોકાટે અને શિવસેનાના આશિષ જયસ્વાલે પણ શપથ લીધા હતા, કારણ કે રાજ્યપાલ સી. પી. રાધાકૃષ્ણન દ્વારા પ્રો-ટેમ સ્પીકરની પેનલના સભ્યો તરીકે તેમની નિમણૂક કરાઇ હતી. તેઓએ સૌથી પહેલા ગૃહના સભ્ય તરીકે શપથ લીધા હતા. ફડણવીસ, શિંદે અને અજિત પવારે ગૃહમાં પ્રવેશવા પહેલા છત્રપતિ શિવાજી મહારાજના સ્મારક ને પુષ્પાંજલિ અર્પી હતી.

નાગપુર દક્ષિણ-પશ્ચિમ વિધાનસભા મતક્ષેત્રનું પ્રતિનિધિ કરનાર મુખ્ય પ્રધાન ફડણવીસે વિધાનસભાના સભ્ય તરીકે છઠ્ઠી વખત શપથ લીધા હતા. તેઓ ૧૯૯૯માં પ્રથમ વખત વિધાનસભ્ય બન્યા હતા.

પ્રોટેમ સ્પીકર દ્વારા ફડણવીસનું નામ બોલાતા ગૃહના સભ્યોએ બેન્ચને થપથપાવીને તો અમુક સભ્યોએ 'જય શ્રી રામ', 'જય ભવાની, જય શિવાજી'ના નારા લગાવીને તેમનું સ્વાગત કર્યું હતું. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેનું નામ બોલાતા પણ ભાજપના નેતા આશિષ શેલાર, ગિરીશ મહાજન અને રવિન્દ્ર ચવાણે પણ આ પ્રકારના નારા લગાવીને તેમનું સ્વાગત કર્યું હતું.

નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર ગૃહમાં સોનેરી કિનારવાળો લાલ ફેટો બાંધીને આવ્યા હતા. તેમના પક્ષના સભ્યોએ 'એકચ દાદા, અજિત દાદા'ના નારા લગાવીને તેમને આવકાર્યા હતા. અજિત પવાર બારામતી વિધાનસભા મતક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરશે. તેઓ વિધાનસભ્ય તરીકે પ્રથમ વખત ૧૯૯૧માં ચૂંટાયા હતા. આ સિવાય વિધાનસભાના ભૂતપૂર્વ સ્વીકરો દિલીપ વળસે-પાટીલ, રાહુલ નાર્વેકર, ભૂતપૂર્વ ડેપ્યુટી સ્પીકર નરહરી ઝિરવાલ, એનસીપીના વરિષ્ઠ નેતા છગન ભુજબળ, ભાજપના નેતાઓ વિજયકુમાર ગાવિત, ગિરીશ મહાજને પણ વિધાનસભ્ય તરીકેના શપથ લીધા હતા.

ગિરીશ મહાજને સંસ્કૃતમાં શપથ લીધા હતા અને કહ્યું હતું કે ભૂતકાળમાં છ વખતે તેઓએ વિધાનસભ્ય તરીકેના શપથ લીધા છે અને હવે સાતમી વખત શપથ લઇ રહ્યા છે. એનસીપીના નેતા હસન મુશરિફે 'અલ્લાહ'નું નામ લઇને શપથ લીધા હતા. એનસીપી-એસપીના નેતા અબુ આઝમીએ પણ શપથ લીધા હતા. એનસીપીના વિધાનસભ્યો ગુલાબી રંગના ફેટા બાંધીને ગૃહમાં આવ્યા હતા. અજિત પવારે પહેરેલું ગુલાબી જેકેટ, ખાસ કરીને ચૂંટણી પ્રચાર વખતે, રાજકીય વર્તુળો અને લોકોમાં ચર્ચાનો વિષય બન્યું હતું. પવાર ગુલાબી જેકેટ પહેરીને મહિલા મતદારોને આકર્ષવાનો પ્રયાસ કરી રહ્યા હોવાનું જણાયું હતું. શિવસેનાના વિધાનસભ્યોએ કેસરી રંગના ફેટા માથે બાંધ્યા હતા.

### વિપક્ષો દ્વારા શપથ કાર્યક્રમનો વિરોધ
### અમે પહેલા દિવસે શપથ નહીં લઈશુંઃ આદિત્ય ઠાકરે

વિપક્ષોના બહિષ્કાર અંગે વિધાન ભવનના પરિસરમાં મીડિયા સાથેની વાતચીતમાં શિવસેના-યુબીટીના નેતા આદિત્ય ઠાકરેએ જણાવ્યું હતું કે નીચલા ગૃહના પ્રથમ દિવસે શપથ ન લેવાનું એમવીએએ નક્કી કર્યું છે. જ્યારે એક સરકાર આટલી મોટા પ્રમાણમાં જીત મેળવીને સત્તા પર આવે છે ત્યારે જોરદાર ઉજવણી થાય છે, પરંતુ સવાલ એ ઊભો થાય છે કે આ જનમત લોકો દ્વારા આપવામાં આવ્યો છે કે ઇવીએમ અને ચૂંટણી પંચની મદદથી વિજય મેળવ્યો છે? સોલાપુરના માલશિરસ વિધાનસભા મતક્ષેત્રમાં મારકડવાડી ગામમાં મતપત્ર દ્વારા ફરી મતદાન કરવાની ગામવાસીઓની માગણી બાદ ત્યાં પોલીસ દ્વારા લગાવવામાં આવેલા કર્ફ્યુ અને ગામવાસીઓની કરાયેલી ધરપકડનો પણ અમે વિરોધ કરીએ છીએ, એમ આદિત્ય ઠાકરેએ વધુમાં જણાવ્યું હતું.

ગૃહની કાર્યવાહી પહેલા આદિત્ય ઠાકરે અને ફડણવીસ મળ્યા ત્યારે તેઓ એકબીજાને હાથ મિલાવતા નજરે પડ્યા હતા. (પીટીઆઇ)

### વિરોધ પક્ષના નેતાની

મેળવનારા વિરોધ પક્ષને તેમના નેતા ચૂંટવાની જોગવાઈ છે, એવું તેમણે જણાવ્યું હતું. જો સરકાર ટેકો આપે તો સ્પીકરને પણ વિરોધ પક્ષના નેતાના પદને મંજૂર કરી શકે છે. મને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાનો પર એટલો વિશ્વાસ છે કે તેઓ વિરોધ પક્ષના નેતાના પદને મંજૂર કરશે, એવું જાધવે જણાવ્યું હતું. (એજન્સી)

### નરેન્દ્ર મોદી

તપાસ હાથ ધરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે મુંબઈ ટ્રાફિક પોલીસના હેલ્પલાઇન નંબર પર અગાઉ પણ ઘણા ધમકીભર્યા મેસેજ મોકલવામાં આવ્યા હતા. ગયા સપ્તાહે નરેન્દ્ર મોદીને મારી નાખવાની ધમકી આપતો કૉલ પોલીસ કન્ટ્રોલ રૂમને કરવા બદલ મહિલાને તાબામાં લેવામાં આવી હતી.

### મતોનું કેલ્ક્યુલેશન

છે અને નાનાં રાજ્યોમાં વિવિધ પક્ષો. વિધાનસભા ચૂંટણીનું વાતાવરણ અનુકૂળ હતું, પણ તેનાં પરિણામ અનુકૂળ ન હતાં. ઈવીએમ બાબતે મારી પાસે અધિકૃત આંકડા નથી, જેને કારણે અત્યારે બોલવું વધુ પડતુ લેખાશે. મહાયુતિ પાસે બહુમતી છે અને તેને માન્ય કરવું રહ્યું. કોંગ્રેસની માફક શિંદેને પણ મત ઓછા જ મળ્યા છે, પણ તેમના વિધાનસભ્યો વધુ છે. ઈવીએમ અંગે શંકા કરવાનું કોઇ કારણ નથી. મારકડવાડી અંગે બોલતાં તેમણે કહ્યું હતું કે ગામના લોકોને જોવું હતું કે મત કેટલા પડ્યા છે. આને કારણે અમે હવે નક્કી કર્યું છે કે એ ગામના લોકોનું શું કહેવું છે. અમે એકઠા થઇને આવનારા તમામ લોકો ચૂંટણી સમક્ષ જઇશું. પરાજય થયો એટલે નારાજ થવાની જરૂર નથી. જોકે મહાયુતિના વિજય પછી પણ લોકોમાં કોઇ ઉત્સાહ જોવા મળ્યો નથી.

### શપથ લેવા

પવાર)ના યેવલાના વિધાનસભ્ય છગન ભુજબળે કહ્યું હતું કે ૧૯૮૫થી હું વિધાનસભ્ય છું. આ પહેલાં ક્યારે પણ આવું બન્યું હોય એવું મને યાદ નથી. એ વિધાનસભ્યોને આજે નહીં તો કાલે શપથ તો લેવા જ પડશે. જો તેઓ શપથ નહીં લે તો વિધાનસભાના અધ્યક્ષની નિમણૂક થયા બાદ તેમની ચેમ્બરમાં જઇને આ વિધાનસભ્યોએ શપથ લેવા પડશે. આ વિધાનસભ્યોએ જો સભાગૃહના કામકાજમાં ભાગ લેવો હોય તો તેમણે શપથ લેવા જ પડશે.

### ગૃહખાતું તો અમારું

ગૃહ ખાતું આપવા માટેની ખુલ્લેઆમ માગણી કરી છે. ખાતાઓનું વિતરણ અને કેબિનેટ વિસ્તરણ અંગેની ચર્ચા મહાયુતિના સાથી પક્ષો વચ્ચે ચર્ચા થયા બાદ કરવામાં આવશે, એમ ભાજપ અને એનસીપીના સૂત્રોએ જણાવ્યું હતું.

વિધાનસભાની ચૂંટણીમાં મહાયુતિના ત્રણેય પક્ષોએ સારો દેખાવ કર્યો હોવાને કારણે હવે ખાતાની ફાળવણીમાં દરેક પક્ષ મનપસંદ ખાતાની માગણી કરી રહ્યા છે. મહાયુતિએ વિધાનસભાની ૨૮૮ બેઠકમાંથી ૨૩૦ બેઠક પર કબજો મેળવ્યો હતો, જ્યારે મહાવિકાસ આઘાડીને ફક્ત ૪૬ બેઠક જ મળી હતી.

ભાજપે કુલ ૧૩૨ બેઠક મેળવી હતી તેથી મુખ્ય પ્રધાન સહિત ૨૧-૨૨ ખાતા તેને મળી શકે છે.

શિવસેનાને ૧૧થી ૧૨ અને અજિત પવારની એનસીપીને નવથી ૧૦ ખાતા ફાળવવામાં આવી શકે છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું. મહારાષ્ટ્ર કેબિનેટમાં મુખ્ય પ્રધાન સહિત વધુમાં વધુ ૪૩ પ્રધાનો હોઇ શકે છે. કેબિનેટ વિસ્તરણમાં કેટલા પ્રધાનો શપથ લેશે તેનો અંતિમ નિર્ણય બે-ત્રણ દિવસમાં લેવાશે, એમ ભાજપના એક નેતાએ કહ્યું હતું. વિધાનસભાનું શિયાળુ સત્ર ૧૬મી ડિસેમ્બરથી નાગપુરમાં શરૂ થવાનું છે. (પીટીઆઇ)

## એપીએમસીમાં મલાવી હાફૂસની છે બોલબાલા

મુંબઇઃ હાફૂસ કહીએ એટલે રત્નાગિરિ, દેવગઢ હાફૂસની મીઠાશ યાદ આવી જાય છે. દેવગઢની હાફૂસ તેની મીઠાશ માટે પ્રખ્યાત છે. કોંકણની હાફૂસ કેરી જેવા જ સ્વાદ, રંગ અને સુગંધ ધરાવતી વિદેશી મલાવી હાફૂસ કેરીનો સ્વાદ પણ માણવા જેવો છે. તેની માગ દિવસેને દિવસે વધી રહી છે.

મલાવીમાં ૬૦૦ હેક્ટર જમીનમાં આ હાફૂસ કેરીની ખેતી કરવામાં આવી છે. ૧૩ વર્ષ પહેલા રત્નાગીરીથી ૪૦ હજાર હાફૂસ કેરીના રોપા માલાવી લઈ જવામાં આવ્યા હતા. મલાવીની આબોહવા કોંકણ જેવી જ ગરમ અને ભેજવાળી હોવાથી ત્યાં પણ કેરીનું ઉત્પાદન સારું થાય છે. તેથી ગ્રાહકો દેશી હાફૂસની જેમ વિદેશી હાફૂસનો પણ સ્વાદ માણી રહ્યા છે.

એપીએમસી માર્કેટમાં દેશી હાફૂસની સિઝન ફેબ્રુઆરીમાં શરૂ થાય છે. પરંતુ તે પહેલા આફ્રિકન મલાવી હાફૂસ નવેમ્બરના અંત સુધીમાં વાશીની મુંબઈ કૃષિ પેદાશ બજાર સમિતિમાં આવે છે. પરંતુ આ વર્ષે મલાવી હાફૂસ એક દિવસના વિલંબ બાદ બજારમાં આવી છે. આ વર્ષે મલાવી હાફૂસની સીઝન ડિસેમ્બરના અંત સુધી રહેશે.

## હત્યાના પ્રયાસના કેસમાં ફરાર આરોપી પકડાયો

પાલઘરઃ નાલાસોપારામાં હત્યાના પ્રયાસના કેસમાં સંડોવાયેલા ફરાર આરોપીને પોલીસે પકડી પાડ્યો હતો. સેન્ટ્રલ ક્રાઈમ યુનિટના સિનિયર ઈન્સ્પેક્ટર રાહુલ રાખાએ જણાવ્યું હતું કે નાલાસોપારામાં ૨૧ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ અબુ શેખ અને ઈરફાન ટુફેલ શેખે ચાકુથી હુમલો કરતાં અંકિત મિશ્રા ગંભીર રીતે ઘવાયો હતો. આરોપી અને મિશ્રા વચ્ચે જૂની અદાવત હતી. આરોપી ઈરફાનને ગુરુવારે નાલાસોપારામાં પકડી પાડવામાં આવ્યો હતો. ફરાર અબુ શેખની શોધ ચલાવાઈ રહી છે.

## જૈન મરણ

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા. જૈન**

મુંબઇ નિવાસી હાલ અંધેરી સ્વ. ઇન્દિરાબેન રમેશચંદ્ર રમણીકલાલ શાહના સુપુત્ર પરેશ (ઉં. વ. ૫૮) ગુરુવાર તા. ૫-૧૨-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે પુનિતાના પતિ. ચિ. મનન, પિનીતના પિતાશ્રી. તે અ. સૌ. સેજલ, અ. સૌ. પૂર્વીના સસરા. તે કલ્પેશ, સ્વ. જાગૃતિના ભાઇ. તે અ. સૌ. અલકાના દિયર. તે પિયર પક્ષે સ્વ. ચંદુલાલ અમૃતલાલ શાહના જમાઇ. ચક્ષુદાન, ત્વચાદાન કરેલ છે. પ્રાર્થના લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ધોરાજી નિવાસી હાલ પુના હસમુખ નંદલાલ ગાંધી (ઉં. વ. ૭૨) તે લાભુબેન નંદલાલ ગાંધીના સુપુત્ર, રશ્મિબેનના પતિ. કલ્પેશ તથા મિત્તલના પિતા. કાજલ તથા હેમલ નવીનભાઈ રૂપાણીના સસરાજી. મહેશભાઈ, સ્વ હરીશભાઈ, દીપકભાઈ તથા વાસંતીબેન જગદીશચંદ્ર દોશી, કનકબેન અનંતભાઇ દેસાઈનાભાઈ, બગસરા નિવાસી હાલ કાંદિવલી સ્વ રતિલાલ શામજી મડિયાના જમાઈ તારીખ ૬/૧૨/૨૪ ના અરિહંત શરણ પામ્યા છે પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દેરાવાસી વિશા શ્રીમાળી જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ સાંતાક્રુઝ સ્વ. જીવરાજ ડૉસાભાઈ શાહના સુપુત્ર જયંતીલાલ (ઉં. વ. ૯૭) તા. ૪-૧૨-૨૪ને બુધવારે અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. પદ્માબેનના પતિ, તે ગિરીશ, સૌ. રાજુલબેન ધીરેન્દ્ર વોરાના પિતા. સૌ. ઈલાબેન ગિરીશ શાહના સસરા, તે સ્વ. લીલચંદભાઈ, સ્વ. ડૉ. શાંતીલાલભાઈના ભાઈ. તે સ્વ ચત્રભુજ ઠાકરશી શાહના જમાઈ, પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**વીસા શ્રીમાળી જૈન**

બોરસદ નિવાસી હાલ મુંબઈ સ્વ. ભાનુચંદ્ર શાંતિલાલ શાહના પત્ની શ્રીમતિ હંસાબેન શાહ (ઉં. વ. ૭૬) તે સ્વ. રસીકલાલ શાંતિલાલ શાહ, સ્વ. રાજેન્દ્રભાઈ, ભરતભાઈ અને અરવિંદભાઈના ભાભી રવિવાર તા. ૧-૧૨-૨૪ના રોજ અવસાન પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. સરનામું- ૫૦૭, ચંદ્રલોક એ, ૯૭, નેપીયન્સી રોડ, મુંબઈ-૪૦૦૦૦૬

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા. જૈન**

વિંછીયા નિવાસી હાલ બોરીવલી / ભાયંદર શ્રી અમીચંદભાઈ ચુનીલાલ ઝોબાલીયા (ઉં. વ. ૯૦), તા. ૬-૧૨-૨૪ ના અરિહંત શરણ પામેલ છે. ગં. સ્વ. હીરાબેનના પતિ; અશ્વીનભાઈ, જયેશભાઈ, સુધીરભાઈ, ઉષાબેન કૈલેશ ભાઈ શાહના પિતાશ્રી. ઇલા બેન, કાશ્મીરા બેન, કાજલ બેનના સસરા. સ્વ. મગન લાલ, લલ્લુભાઈ ખંધારના જમાઈ. સ્વ. રસિકભાઈ, સ્વ. શશીકાંત ભાઈ, સ્વ. રજનીભાઈ, ઈન્દ્રવદનભાઈ, સ્વ. છબિલભાઈ, સ્વ. લીલાવંતીબેન રમણીકલાલ શાહના ભાઈ. બન્ને પક્ષ તરફથી તેમના પ્રાર્થનાસભા તા. ૦૮-૧૨-૨૪ ના સવારે ૧૦ થી ૧૨ પાવન ધામ કાંદિવલી વેસ્ટ.

**ઘોઘારી વિસા શ્રીમાળી જૈન**

ભંડારીયા (કામળીયા) હાલ મુલુંડ ચંદ્રકાન્ત મોહનલાલ શાહના ધર્મપત્ની કોકિલા શાહ (ઉં. વ.૭૪) તા. ૦૬.૧૨.૨૪ના સ્વર્ગવાસ પામેલ છે. વૈશાલી, મનીષ, ભાવેશ, રક્ષાના માતુશ્રી મનીષકુમાર મણિલાલ શાહ, રાહુલકુમાર બિપીનચંદ્ર શાહ, નયનાબેન મનીષ શાહના સાસુ, જયસુખભાઇ, કિશોરભાઈ, જયાબેન, પુષ્પાબેન શારદાબેન, ભારતીબેનના ભાભી, પિયરપક્ષે શાંતિલાલ પાનાચંદ દોશી (ઊનાવાળા) ની દિકરી. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ગુંદરણ નિવાસી હાલ મલાડ સ્વ. ચંપાબેન શાંતિલાલ કમળશી કોઠારીના પુત્ર મુકેશભાઇ (ઉં. વ. ૭૫) તા. ૬-૧૨-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે જયોતીબેનના પતિ. તે સ્વ. ડોલીબેન, ચેતનાબેન કૌશિકભાઇ લાખાણી તથા પિયુષભાઇના પિતાશ્રી. તે સ્વ. મીનાબેન રમેશચંદ્ર શાહ, કવિતાબેન રાજેશકુમાર પારેખ તથા સ્વ. હિતેશભાઇના ભાઇ. તે શ્વસુર પક્ષે હિરાબેન ભાઇચંદ ફાફડીયાના જમાઇ. તે રીનાબેન કોઠારીના સસરા. અને મનનના દાદા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોટી ખાખરના મીના (મીનુ) ગંગર (ઉં. વ. ૬૮) તા. ૫-૧૨-૨૪ના અવસાન પામેલ છે. રમણીક (બાબુ) પ્રેમજી ઓભાયાના પત્ની. ગણેશના માતુશ્રી. નેણબાઇ/લક્ષ્મીબેન પ્રેમજીના પુત્રવધુ. ઉટીના અલ્કા ગોપાલરાવના સુપુત્રી. વિજયનના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ગણેશ ગંગર, ૧૭૪, કુસુમ વિજય હાઉસ, રૂમ નં. ૬, ફોર્ટ માર્કેટની સામે, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મું. ૧.

કાંડાગરા (અંધેરી)ના જયંતીલાલ આસુ શીવજી ગાલા (ઉં. વ.૮૪) શુક્રવાર, તા. ૬-૧૨-૨૪ના કાંદીવલી મધ્યે અવસાન પામેલ છે. મા. રતનબેન આસુના પુત્ર. ભારતીબેન (બચુબાઇ)ના પતિ. યોગેશ, વાસંતી (વર્ષા), પ્રજ્ઞા, આશાના પિતા. લખમશી ઉમરશી, તલકશી, ગાંગજી, દેવચંદ, ચંપકના ભાઇ. કુંવરબેન રામજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. આશા વિપીન ગાલા, બ્લોસમ, સી/૧૦૨, મહાવીરનગર, કાંદીવલી (વે.) ૬૭.

બાડાના શ્રી દિપક ગડા (ઉં. વ. ૪૪) તા. ૫-૧૨-૨૪ ના અવસાન પામેલ છે. સ્વ. કંચનબેન કાંતિલાલનો પુત્ર. જ્યોતિના પતિ. વૃષ્ટિ, દક્ષના પિતા. શૈલેષના ભાઇ. કોટડાના શાંતાબેન વિરેન્દ્ર ચાવડાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. : શૈલેષ ગડા, સી-૧/૪૧૯, ઓમકાર એસ.આર.એ. બિલ્ડીંગ, જાનુ ભોયે નગર, શાંતારામ તળાવ, મલાડ (ઇસ્ટ), કુરાર વિલેજ, મુંબઇ-૯૭.

સાડાઉના ભોગીલાલ હંસરાજ ગાલા (ઉં. વ. ૭૧) તા ૫-૧૨-૨૪ના નાગપુર મધ્યે અવસાન પામેલ છે. સાકરબેન/વેલબાઈ હંસરાજના પુત્ર. ભારતીના પતિ. કાંતિલાલ, નરેન્દ્ર જયેશ, પ્રફુલ્લ, કપાયાના ઝવેરબેન ધનજી, ભાનુમતી વિસનજી, મોખાના જયવંતી ભવાનજીના ભાઈ. નાની તુંબડીના ચંચલબેન ગણપતના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ભોગીલાલ ગાલા, ૭૨, ગાલા નિવાસ, ગાંધીબાગ, નાગપુર-૨.

મોટા આસંબિયાના કેશરબેન નંદુ (ઉં. વ. ૯૭) તા. ૫-૧૨-૨૪ ના અવસાન પામેલ છે. કુંવરબાઈ કુંવરજીના પુત્રી. ઘેલાભાઈ વેલજીના પત્ની. ચંદ્રકાંત, લીના, પુષ્પા, રેખા, વર્ષા, ચંદન, નયના, ધર્મેશના માતુશ્રી. બિદડા ગંગાબેન કાનજી, હીરબાઈ ખીમજી, મણીબાઈ પ્રેમજી, રેવંતી હીરજી, મો. આસંબિયા દેવકાં વેલજી, તલવાણા પાનબાઈ રવજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ધર્મેશ નંદુ, એ/૬૦૨, મનોરથ, દહાણુકરવાડી, કાંદિવલી (વે) મું. ૬૭.

બિદડાના અ.સૌ. સુશીલાબેન મુકેશ મારૂ (ઉં. વ. ૭૪) તા. ૫-૧૨-૨૪ના અવસાન પામેલ છે. નાનબાઈ વસનજીના પુત્રવધૂ. મુકેશભાઈના પત્ની. વિલીસ, વૈશાલી, જલ્પાના માતુશ્રી. ગંગાબેન વેલજીના પુત્રી. ચંદ્રકાંત, વિનોદ, પાનબાઈ, લક્ષ્મીબેનના બેન. ભાવયાત્રાઃ લોહાણા બાલાશ્રમ, મથુરાદાસ એક્સટેન્શન રોડ, મંગુબાઈ દત્તાની માર્ગ, અતુલ ટાવરની બાજુમાં, કાંદીવલી (વે). ટા.: સવારે ૧૦ થી ૧૨.૩૦.

ખારૂઆ હાલે ગઢશીશાના નવીનચંદ્ર મુરજી કારાણી (ઉં. વ. ૬૮) તા. ૫-૧૨-૨૦૨૪ ના અવસાન પામેલ છે. મુલબાઈ મુરજીના પુત્ર. વાસંતી (વિમળા)ના પતિ. લીના, સીમા, મીતા, પરાગના પિતાશ્રી. વિમળા (દમયંતી), લીલાવંતી, કિશોરના ભાઇ. હાલાપુરના પાનબાઈ ભારમલ ગોસરના જમાઈ. ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી.

વિઢના માવજી વીરજી ગોસર (ઉં. વ. ૮૭) તા. ૭-૧૨ના અવસાન પામેલ છે. ભાણબાઇ/ખેતબાઇ વીરજી દેવશીના પુત્ર. ઝવેરબેનના પતિ. પ્રફુલ, ઇન્દીરાના પિતા. સ્વ. મંગલ, સ્વ. રમેશ, સ્વ. મણીબેન, જ્યોતિ, ડુમરાના સાકરબેન લક્ષ્મીચંદના ભાઇ. ભોજાયના દેવકાંબેન મુરજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. : માવજી ગોસર, ૮- અભિલાષા, જે. એન. રોડ, મુલુંડ (વે), મું.૮૦.

કોડાયના જયંત નવિનચંદ્ર ગોગરી (ઉં.વ. ૭૯) તા. ૫-૧૨-૨૪ના અવસાન પામ્યા છે. તેજબાઈ નવિનચંદ્ર જેઠાભાઈના સુપુત્ર. ભાનુમતીબેનના પતિ. હેમંત, કૌશિક, દર્શનના પિતાશ્રી. વિનોદ, લીલાવંતીબેન, ભારતીબેનના ભાઈ. વાંકીના હીરબાઈ લાલજી ભવાનજી છેડાના જમાઈ. દેહદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ૧૬૦૧, નવછાયા, પ્લોટ નં. ૪, આર. બી. મહેતા રોડ, વિક્રાંત સર્કલ પાસે, ઘાટકોપર (ઈસ્ટ).

બિદડાના કુસુમબેન વોરા (ઉં. વ. ૯૨) તા. ૪-૧૨-૨૪ ના અવસાન પામેલ છે. નાનબાઈ હેમરાજના પુત્રવધુ. પ્રેમજીભાઈના ધર્મપત્ની. તરૂણ, બિપીન, નીતાના માતુશ્રી. રાયણ મેઘબાઈ ભીમશી ગડાના સુપુત્રી. દેવકાબાઈ, ઉમરબાઈ, હિરબાઈ, સોનબાઈના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. તરૂણ વોરા, ૧૦૩-૧૦૪, શ્રીપાલ સોલીટર નં. ૧, કલાવતી મંદિર સામે, વિરાર (વે).

## પારસી મરણ

ફરાઝ ગોદરેજ જોશી તે અનાહીતાના ધની. તે મરહુમ સીલુ ગોદરેજ જોશીના દીકરા. તે ખુશનમ નાઝનીન દેલનાઝના પપા. તે આરીશના સસરા. તે શાહનાઝ ને રૂસ્તમના ભાઇ. (ઉં. વ. ૭૮) રે. ઠે. ૪૦/એ, હીલસ્ટોન રીદજ રોડ, મલબાર પોલીસ સ્ટેશન આગળ, મુંબઇ-૪૦૦૦૦૬. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૮-૧૨-૨૪ને દિને બપોરે ૩.૪૦ વાગે ઉપરની ઓલબલેસ બંગલીમાં ડુંગરવાડી.

## હિન્દુ મરણ

**લેઉવા પટેલ**

હાલ મલાડ નિવાસી સ્વ. ચારુબેન મુકુંદભાઈ પટેલ (ઉં. વ. ૭૨) તે ૩/૧૨/૨૪ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. જમનાબેન નાનજીભાઈ પટેલના પુત્રવધુ, મુકુંદભાઈના ધર્મપત્ની, ચિંતનના માતુશ્રી, જીજ્ઞાના સાસુ, મહેસાણાવાળા સ્વ. સવિતાબેન સૂર્યપ્રસાદ દુલેરાય પટેલના દીકરી. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૮/૧૨/૨૪ ના રોજ ૪ થી ૬ કલાકે કેવલબાગ હોલ, કિલાચંદ રોડ, નમ હોસ્પિટલની સામે, જેઠવા નગર, કાંદિવલી વેસ્ટ.

**ગુર્જર ક્ષત્રિય કડિયા**

સાવરકુંડલા નિવાસી હાલ સુરત સ્વ. મધુબેન પ્રવીણભાઇ ચૌહાણ (ઉં.વ.૬૫) તા. ૨-૧૨-૨૪ના રામચરણ પામ્યા છે. તે સ્વ. પ્રવીણભાઇ લાલજીભાઇ ચૌહાણના ધર્મપત્ની. આનંદ કાર્તિક, નયના હરીવદન ટાંકના મમ્મી. સ્વ. લાલજીભાઇ કેશવજીભાઇ ચોટલિયાના દીકરી. દક્ષાબેન, જયોતિબેન, હરીવદન ટાંકના સાસુ. ભાવનાબેન નરેશભાઇ ચૌહાણ, મીતાબેન નીતિનભાઇ ચૌહાણ, ભાવનાબેન રાજેશકુમાર મારૂના ભાભી. તેમનું બેસણું તા. ૯-૧૨-૨૪ના સોમવારે સાંજે ૪થી ૬. ઠે. ગુર્જર ક્ષત્રિય કડિયા મહાજન વાડી, મામલતદાર વાડી, ક્રોસ રોડ નંબર ૦૩, મલાડ (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

ગામ માતાજીના નેત્રા કચ્છ હાલ નવી મુંબઇ ગં. સ્વ. દમયંતીબેન ચંદન (ઉં.વ.૮૨) તા. ૫-૧૨-૨૪ના સ્વર્ગવાસ થયેલ છે. તે સ્વ. પ્રતાપ ભીમજી ચંદનના ધર્મપત્ની. સ્વ. ગોદાવરી ભીમજી ચંદનના પુત્રવધુ. તે સ્વ. વિશ્રામ વીરજી રાજપુરીયાના પુત્રી. તે હરેશ, કેતન, નીમેશ, તેજલના માતુશ્રી. તે નીતા, કલ્પના, મીરા, ચેતન નારાયણદાસ ઠક્કરના સાસુમા. તે દેવાંશી ધ્રુવ, અદિતિ અંક્તિ, અપૂર્વ, આલેખ, રિષી જીતના દાદીમા. પ્રાર્થનાસભા તા. ૮-૧૨-૨૪ના સાંજે ૫.૩૦થી ૭. ઠે. સૌરાષ્ટ્ર પટેલ સમાજ, પ્લોટ નં.૬, સેકટર નં.૨, ઓરિયેન્ટલ કોલેજની બાજુમાં, સાનપાડા, નવી મુંબઇમાં રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી મોઢ વણિક**

કચ્છ માંડવી નિવાસી હાલ ઘાટકોપરના ગં. સ્વ. ચંદ્રકળા પ્રાણલાલભાઇ મહેતા (ઉં. વ. ૮૧) સ્વ. પ્રાણલાલ રણછોડરાય મહેતાના ધર્મપત્ની. ડિમ્પલ અને સ્વ. કેતનના માતુશ્રી. કેશવલાલ જીવરાજ પારેખની પુત્રી તા. ૭-૧૨-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. મટુબેન હંસરાજ પલણ ગામ કચ્છ મોટી બારાચોળ હાલ જલગાંવવાળાના મોટા વહુ અને સ્વ. વેલજી હંસરાજ પલણના ધર્મપત્ની ગં.સ્વ. કલાવતીબેન (ઉં. વ. ૯૧) તે સ્વ. લીલાવતી મેઘજી લધારામ ઠક્કરના સુપુત્રી. તે પ્રતાપ, ચંદ્રકાંત, વિનોદ અને ભૂપેન્દ્રના માતુશ્રી. તે અ. સૌ. કલ્પના. અ. સૌ. મીના, અ. સૌ. પ્રજ્ઞા તેમ જ અ. સૌ. ભારતીના સાસુજી. ગુરુવાર તા. ૫-૧૨-૨૪ના જલગાંવ મધ્યે શ્રીરામ શરણ પામેલ છે. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૮-૧૨-૨૪ના સાંજે ૫.૩૦થી ૭. ઠે. પદ્માવતી બેન્કવેટ હોલ, એમ. જી. રોડ, શિવસેના શાખાની ઉપર મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છ વાગડ લોહાણા**

ગામ માખેલ હાલે ઘાટકોપર સ્વ. શિવજી કસરચંદ ચંદેના સુપુત્ર મંગળજીભાઈ (ઉં. વ. ૮૪) તે પ્રભા બેનનાપતિ. તે રિતેશ તથા હેતલના પિતાશ્રી તે સ્વ. વેલજી રતનશી માણેક (મઝગામ) વાળાના જમાઈ. તે સ્વ. મોહનલાલ. તથા સ્વ શાંતાબેનના ભાઈ તે શ્રદ્ધા તથા જયેશ ભાઈના સસરા. શુક્રવાર તા.૬-૧૨-૨૪ના રોજ શ્રીજીધામમાં ગયેલ છે. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર તા. ૮-૧૨-૨૪ ના રોજ સાંજે ૪ થી ૬ રાખેલ છે એડ. લાયન્સ કલબ કોમ્યુનિટી હોલ ગરોડિયા નગર ઘાટકોપર (ઇસ્ટ) લૌકીક વયવહાર બંધ રાખેલ છે.

**દશા મેવાડા અમદાવાદી વૈષ્ણવ વણિક**

નરેશ પ્રાણલાલ પારેખ, (ઉં. વ. ૭૩) (પાદરા) હાલ જોગેશ્વરી, તે સ્વ. પ્રાણલાલ વિઠ્ઠલદાસ, સ્વ. ચંપાબેન પ્રાણલાલ પારેખના પુત્ર, મીનાબેનના પતિ. મેઘના, રચનાના પિતા. હિરેન, આનંદના સસરા, જૈનીલ, ઓમના દાદા. શુક્રવાર તા. ૬/૧૨/૨૪ના રોજ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા, લૌકીક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠિયા વણિક**

કો ચીન નિવાસી હાલ-વસઈ, ડૉ. વિજયકુમાર પ્રેમચંદ જશાપરા (ઉં. વ. ૮૦) તે સ્વ. રૂક્ષ્મણીબેન પ્રેમચંદ ભવાનજી જશાપરાના પુત્ર તે ઈન્દિરાના પતિ. તે શ્વેતા મિતુલ માણેકના પિતાશ્રી, સ્વ. દ્વારકાદાસભાઈ, સ્વ. કમલભાઈ, સ્વ. લીલાવતીબેન, સ્વ. જયાબેન, સ્વ. નિર્મલાબેન, સ્વ. ધીરરજબેનના ભાઈ, સ્વ. કાનજી લક્ષ્મીચંદ ધોળકીયાના જમાઈ. શુક્રવાર ૬-૧૨-૨૪ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર અને પ્રાર્થના સભા બંધ છે.

**નવગામ વિશા નાગર વણિક**

મૂળગામ ચરાડાવાળા હાલ કાંદિવલીના સ્વ. પ્રાણજીવનદાસ મથુરાદાસ શાહના ધર્મપત્ની ગં. સ્વ. મંજુલાબેન શાહ (ઉં.વ.૮૬) તા. ૬/૧૨/૨૪ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે રેખા તથા રાજેન્દ્ર ના માતુશ્રી, દિપાલી તથા રાજેશકુમાર ચીમનલાલ દાણી ના સાસુ, પિયરપક્ષે પીલવઇવાળા સ્વ. ગોદાવરીબેન દેવીદાસ શાહના દીકરી, ભાર્ગવ તથા ખુશ્બુ ઉન્નતકુમાર શાહના દાદી. તેમની પ્રાર્થનાસભા તા. ૯/૧૨/૨૪ ના ૫ થી ૭ કલાકે હાલાઇ લોહાણા મહાજનવાડી, પહેલે માળે, શંકર મંદિર પાસે, એસ.વી રોડ, કાંદિવલી વેસ્ટ રાખેલ છે.

**હાલાઈ ભાટિયા**

હરીશ કૃષ્ણકુમાર આશર (ઉં. વ. ૮૧) તે સ્વ. કુમુદબેન તથા સ્વ. કૃષ્ણકુમાર નારાયણદાસ કાનજી આશરના પુત્ર, પ્રતીમાના પતિ, વત્સલના પિતાશ્રી, સ્વ. અનિલ, બિપિન, ભરત તથા હેમાંગિનીના ભાઈ, ગોકલદાસ (મનુભાઈ) કલ્યાણજી નેગંધીના જમાઈ, તૃપ્તિના સસરા. ચિ. સનાના દાદા, તા. ૬.૧૨.૨૪ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. સર્વ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ઈવીએમને બહાને વિપક્ષી વિધાનસભ્યોનો શપથ લેવાનો ઈનકાર

## જોકે ફડણવીસ, શિંદે, અજિતદાદા સહિત મહાયુતિના વિધાનસભ્યોએ સોગંદ લીધા : ગૃહ 'જય શ્રી રામ', 'જય ભવાની, જય શિવાજી'ના નારાથી ગૂંજી ઊઠ્યું

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા બાદ દેવેન્દ્ર ફડણવીસે શનિવારે નાયબ મુખ્ય પ્રધાનો એકનાથ શિંદે અને અજિત પવાર સાથે વિધાનસભ્ય તરીકેના શપથ લીધા હતા, જ્યારે વિધાનસભાના ત્રણ દિવસના વિશેષ સત્રના પ્રથમ દિવસે જ વિપક્ષ મહાવિકાસ આઘાડીના નેતાઓએ ઇવીએમના દુરુપયોગનો આક્ષેપ કરતા આ કાર્યક્રમનો બહિષ્કાર કર્યો હતો.

વિપક્ષના સભ્યોએ નવી વિધાનસભાના સભ્ય તરીકે શપથ લેવાનો ઇનકાર કર્યો હતો અને મહાયુતિને મળેલા જનમત અને ઇવીએમની વિશ્વસનિયતા પર સવાલ ઉઠાવ્યા હતા.

વિધાનસભાની કાર્યવાહી સવારે ૧૧ વાગ્યે શરૂ થયા બાદ પ્રો-ટેમ

(જુઓ પાનું ૪) ▸▸




**અભિવાદન...:** વિધાનસભામાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે. (અમય ખરાડે)

## શપથ લેવા જ પડશે કારણ કે...

મુંબઈ: શનિવારથી શરૂ થયેલા વિશેષ અધિવેશનને કારણે રાજ્યમાં નવનિયુક્ત વિધાનસભ્યોની શપથવિધિની શરૂઆત થઇ ગઇ હતી. જોકે ઈવીએમના મુદ્દા પર વિરોધ પક્ષના વિધાનસભ્યોએ વિધાનસભ્ય તરીકેના શપથ ન લેવાનો નિર્ણય લીધો છે. વિરોધી વિધાનસભ્યોની આ ભૂમિકા પાછળ છગન ભુજબળે જો તેઓ શપથ ન લે તો શું થઇ શકે છે એ અંગે નિવેદન કર્યું હતું. એનસીપી (અજિત

(જુઓ પાનું ૪) ▸▸

## ગૃહ ખાતું તો અમારું જ: શિંદે-સેનાએ જીદ પકડી

**આજે ફૈંસલો**

મુંબઈ: મહાયુતિના સાથી પક્ષો ભાજપ, એકનાથ શિંદેની શિવસેના અને અજિત પવારની એનસીપી વચ્ચે ખાતાઓના વિતરણ અંગે રસાકસી ચાલી રહી છે ત્યારે એકનાથ શિંદે ગૃહ વિભાગ મેળવવા માટે અડીખમ છે. તેમ છતાં પ્રધાનોને કયા ખાતા ફાળવવામાં આવશે એ અંગે સ્પષ્ટતા રવિવારે થશે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વ હેઠળની કેબિનેટનું વિસ્તરણ ૧૧મી અથવા ૧૨મી ડિસેમ્બરે થવાની શક્યતા છે.

વિધાનસભાની ચૂંટણીમાં મહાયુતિને જબરદસ્ત સફળતા મળ્યાના ૧૨ દિવસ બાદ નવા મુખ્ય પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાનોએ શપથ લીધા હતા. હવે ખાતાની ફાળવણી પર સૌની નજર ટકેલી છે. એકનાથ શિંદેએ ગૃહ વિભાગ માટે આગ્રહ રાખ્યો હોવાનું સૂત્રોનું કહેવું છે, પરંતુ ભાજપે જળસંપાદન, મહેસૂલ અને શહેરી વિકાસ એમ ત્રણ ખાતામાંથી શિંદેને પસંદગી કરવાનું કહ્યું છે. તેથી કેબિનેટ વિસ્તરણમાં સમય લાગવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

શિંદેએ નાયબ મુખ્ય પ્રધાનપદ સ્વીકાર્યા બાદ ઉદય સામંત અને સંજય શિરસાટ જેવા નેતાઓએ શિવસેનાને

(જુઓ પાનું ૪) ▸▸



**સામ-સામા...** વિધાનસભાના વિશેષ સત્રમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને શિવસેના-યુબીટીના નેતા આદિત્ય ઠાકરે સામસામે આવ્યા હતા. (અમય ખરાડે)

## મતોનું કેલ્ક્યુલેશન ઘડમાથા વિનાનું: શરદ પવાર

### ૭૨ લાખ મતની સામે ૧૦ વિધાનસભ્ય અને ૫૮ લાખ મતની સામે ૪૧...

મુંબઈ: ઈવીએમના મુદ્દે વિરોધ પક્ષે મહાયુતિ સરકાર પર માછલાં ધોવાનું શરૂ કરી દીધું છે. એક તરફ વિરોધ પક્ષના વિધાનસભ્યો શપથ લેવાનો બહિષ્કાર કરી રહ્યા છે ત્યારે બીજી બાજુ મતોનું કેલ્ક્યુલેશન જ મગજમાં બેસી રહ્યું ન હોવાનું શરદ પવારે જણાવ્યું હતું.

એનસીપી (શરદ પવાર)ને વિધાનસભા ચૂંટણીમાં ૭૨ લાખ મત મળ્યા હતા, પણ અમારા માત્ર ૧૦ જ વિધાનસભ્યો ચૂંટાઈને આવ્યા. અજિત પવાર જૂથને ૫૮ લાખ મત મળ્યા અને તેઓના ૪૧ વિધાનસભ્યો ચૂંટાઈ આવ્યા. ૮૦ લાખ મત મેળવનારનો ૧૫, જ્યારે ૭૯ લાખ મત મેળવનારનો ૫૭ બેઠકો પર વિજય થયો. આ છે વિધાનસભાની ચૂંટણીનું કેલ્ક્યુલેશન, એવું જણાવીને એનસીપીના વડા શરદ પવારે જણાવ્યું હતું કે મતોના આંકડા આશ્ચર્યજનક છે, અમે હજી આ મુદ્દે ઊંડા નથી ઊતર્યા.

શરદ પવારે વધુમાં જણાવ્યું હતું કે ચાર ચૂંટણી હજી સુધી થઇ છે. હરિયાણામાં હું પોતે ગયો હતો. ત્યાં ભાજપની અવસ્થા એકદમ જ કઠિન હતી, તેમ છતાં ત્યાં પણ ભાજપ પર જ સત્તા પર આવી. કાશ્મીરમાં ચૂંટણી થઇ. અહીં ફારુક અબ્દુલ્લાનો પક્ષ આવ્યો. હવે મહારાષ્ટ્રની ચૂંટણી થઇ. અહીં પણ ભાજપને સફળતા મળી. જોકે ઝારખંડમાં તેઓ કશું કરી ન શક્યા. આથી સત્તાધારી પક્ષ કહી શકે કે એક ચૂંટણીમાં તો તમે જીત્યાને અને એક ચૂંટણીમાં અમે જીત્યા. ઈવીએમનો આમાં શો સંબધ છે. મોટાં રાજ્યોમાં ભાજપ

(જુઓ પાનું ૪) ▸▸

## વિરોધ પક્ષના નેતાની વરણી કરવા માટે સંખ્યાબળની જોગવાઈ નથી: ઉદ્ધવ-સેના

મુંબઈ: મહારાષ્ટ્ર વિધાનસભામાં વિરોધ પક્ષના નેતાની વરણી માટે પક્ષના સંખ્યાબળની જોગવાઈ હોવી જરૂરી છે, એવું કાયદામાં ક્યાંય નથી, એવો શિવસેના (યુબીટી)ના નેતા ભાસ્કર જાધવે શનિવારે દાવો કર્યો હતો.

કયા કાયદા હેઠળ વિરોધ પક્ષના નેતાની નિમણૂક કરવા માટે જોગવાઈ હોવા અંગેની માહિતી મેળવવા માટે વિધાનસભાના સેક્રેટરીને પત્ર લખ્યો છે. આ માટે હું સેક્રેટરીને મળ્યો હતો અને કાયદામાં એવી કોઇ જોગવાઈ ન હોવાનું જોવા મળ્યું હતું, એવું જાધવે જણાવ્યું હતું. સૌથી વધુ બેઠક

(જુઓ પાનું ૪) ▸▸

**બાબરી ધ્વંસ પર પોસ્ટ**

## સમાજવાદી પક્ષે એમવીએને કર્યા રામ રામ

મુંબઈ : શિવસેના (યુટીબી) પ્રમુખ ઉદ્ધવ ઠાકરેના નજીકના સહયોગી દ્વારા બાબરી મસ્જિદના ધ્વંસની પ્રશંસા કરવા બદલ સમાજવાદી પાર્ટીએ મહાવિકાસ અઘાડી છોડી રહી હોવાનું જણાવ્યું હતું.

''શિવસેના દ્વારા બાબરી મસ્જિદ તોડી પાડનારાઓને અભિનંદન આપતી જાહેરાત એક અખબારમાં આપવામાં આવી હતી. ઉદ્ધવ ઠાકરેના સહાયકે મસ્જિદ તોડી પાડવામાં આવી હોવાની પોસ્ટ સોશિયલ મીડિયા પર કરી હતી,'' એમ મહારાષ્ટ્ર એસપીના પ્રમુખ અબુ આઝમીએ જણાવ્યું હતું.

શિવસેના (યુટીબી)ના વિધાન પરિષદના સભ્ય મિલિંદ નાર્વેકરે શિવસેનાના સ્થાપક બાળ ઠાકરેના ક્વોટ સાથે મસ્જિદના ધ્વંસનો ફોટો પોસ્ટ કર્યો છે.

ક્વોટમાં લખ્યું હતું કે, ''જેઓએ આ કર્યું તેમના પર મને ગર્વ છે''. નાર્વેકરની પોસ્ટના જવાબમાં એસપીનું પગલું આવ્યું છે

શિવસેનાના નેતા ભાસ્કર જાધવે વળતો પ્રહાર કરતાં જણાવ્યું હતું કે બાબરી મસ્જિદ પર તેમની પાર્ટીનું વલણ ૧૯૯૨થી એ જ છે. શું સમાજવાદી પાર્ટીને ૩૧ વર્ષ પછી શિવસેનાના વલણનો અહેસાસ થયો છે? ■

## વિધાનસભાના અધ્યક્ષ તરીકે નાર્વેકર ફાઈનલ

### 'મને પક્ષ જે જવાબદારી સોંપશે તે હું સ્વીકારીશ'



મુંબઈ: રાજ્યના ૨૮૮ વિધાનસભ્યની શપથવિધિનો કાર્યક્રમ શનિવારે પૂર્ણ થયા બાદ સોમવારે વિધાનસભાના અધ્યક્ષની નિમણૂક કરવામાં આવશે. આ પદ પર ફરી વખત ભાજપના રાહુલ નાર્વેકરની નિમણૂક કરવામાં આવશે એવી શક્યતા છે. રાહુલ નાર્વેકરે છેલ્લા અઢી વર્ષ સુધી સ્પીકરની ભૂમિકા બખૂબી નિભાવી હતી. ઠાકરે જૂથ અને શિંદે જૂથ વચ્ચે શિવસેના પક્ષ અને ચિહ્ન બાબતે થયેલા વિવાદમાં નાર્વેકરે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. તેથી રાહુલ નાર્વેકરને જ સ્પીકરનું પદ સોંપવામાં આવશે, એવી માહિતી સૂત્રોએ આપી હતી.

નાર્વેકરની સ્પીકર તરીકેની નિમણૂક નક્કી જ છે. તેઓ રવિવારે બપોરે ૧૨ વાગ્યા સુધીમાં વિધાનસભાના સ્પીકર માટેની અરજી રજૂ કરશે.

આ અંગે પ્રતિક્રિયા આપતા નાર્વેકરે જણાવ્યું હતું કે મને પક્ષ તરફથી જે જવાબદારી સોંપવામાં આવશે તે હું પાર પાડીશ. ■

## નરેન્દ્ર મોદીને જાનથી મારી નાખવાની ધમકી

મુંબઈ: વડા પ્રધાન નરેન્દ્ર મોદીને જાનથી મારી નાખવાની ધમકી આપતો મેસેજ મુંબઈ પોલીસને શનિવારે મળ્યો હતો.

ધમકીભર્યો મેસેજ જે નંબર પરથી મોકલવામાં આવ્યો હતો તે રાજસ્થાનના અજમેરમાં ટ્રેસ થયો હતો અને શકમંદને પકડવા પોલીસની ટીમને ત્યાં રવાના કરવામાં આવી હતી.

મુંબઈ ટ્રાફિક પોલીસના હેલ્પલાઇન નંબર પર શનિવારે વહેલી સવારે વ્હોટ્સઍપ મેસેજ મોકલવામાં આવ્યો હતો, નરેન્દ્ર મોદીને ટાર્ગેટ કરવા માટે બોમ્બબ્લાસ્ટ કરવાનું કાવતરું તેમ જ પાકિસ્તાની જાસૂસી સંસ્થા આઇએસઆઇના બે એજન્ટનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

મેસેજમાં પ્રિન્સ અને ઇરફાનના નામનો ઉલ્લેખ કરાયો હતો, જેમાંથી એક જણ મુંબઈમાં અને બીજો ધનબાદમાં બોમ્બબ્લાસ્ટ કરાવશે, એવું જણાવાયું હતું.

તપાસ અધિકારીઓને શંકા છે કે ધમકીભર્યો મેસેજ મોકલનાર વ્યક્તિ માનસિક રીતે અસ્વસ્થ હશે અથવા તો દારૂના નશામાં હશે.

આ પ્રકરણે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરીને

(જુઓ પાનું ૪) ▸▸

## શપથગ્રહણ સમારોહમાં ચોરોનો હાથફેરો: ૧૨ લાખની મતા ચોરી

મુંબઈ: આઝાદ મેદાન ખાતે નવી સરકારના શપથ ગ્રહણ સમારોહ માટે મુંબઈ પોલીસ દ્વારા ચાંપતો બંદોબસ્ત ગોઠવાયો હોવા છતાં ચોરોએ હાથફેરો કર્યો હોવાની ઘટના બની હતી. સમારોહમાં આવેલા ૧૩ કાર્યકર્તાએ આ પ્રકરણે આઝાદ મેદાન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેમાં અમુક મહિલાનો પણ સમાવેશ હતો.

૧૩ જણે નોંધાવેલી ફરિયાદમાં સોનાની ૧૧ ચેન અને બે પર્સ સહિત ૧૨ લાખ રૂપિયાની મતા ચોરાઇ હોવાનું જણાવવામાં આવ્યું હતું.

આઝાદ મેદાન ખાતે ૫ નવેમ્બર શપથ ગ્રહણ સમારોહ યોજાયો હતો, જેમાં વડા પ્રધાન મોદી સહિત અનેક નેતાઓ અને કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. સુરક્ષા માટે ચાર હજાર પોલીસ કર્મચારીઓને તહેનાત કરવામાં આવ્યા હતા. એ સિવાય એસઆરપીએફ, રાયટ્સ કન્ટ્રોલ ફોર્સ, ડેલ્ટા, કોમ્બેટ, બીડીડીએસની પણ મદદ લેવામાં આવી હતી. સમારોહ પત્યા બાદ આઝાદ મેદાનના ગેટ નંબર-૨ ખાતેથી કાર્યકર્તાઓ બહાર નીકળી રહ્યા હતા ત્યારે ગિરદીનો લાભ લઇ ચોરોએ હાથફેરો કર્યો હતો, જેમાં અનેકના મોબાઇલ પણ ખોવાયા હતા, એમ સૂત્રોએ કહ્યું હતું. ■

## આવતી કાલથી ઠંડી મુંબઈમાં પાછી ફરશે

### અઠવાડિયાથી હેરાન કરતી ગરમી અને ઉકળાટથી મળશે રાહત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિયાળાની મોસમમાં પણ ઉનાળા જેવી આકરી ગરમીનો અનુભવ મુંબઈ સહિત રાજ્યમાં થઈ રહ્યો છે. 'ફેંગલ' વાવાઝોડાને કારણે નવેમ્બરમાં શિયાળાની ઠંડીને બદલે ગરમી અને ઉકળાટ થઈ રહ્યો છે. જોકે હવે ધીમે ધીમે તાપમાનનો પારો ફરી નીચે ઊતરી રહ્યો છે અને સોમવારથી ફરી ઠંડી પડવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. મુંબઈમાં પણ શનિવારે મહત્તમની સાથે લઘુતમ તાપમાનમાં મોટો ઘટાડો નોંધાયો હતો.

રાજ્યમાં ભરશિયાળામાં ઓક્ટોબર જેવી આકરી ગરમી પડી રહી હતી. મોટાભાગના જિલ્લામાં લઘુતમ તાપમાન પણ ૨૦થી ૨૫ ડિગ્રીની આસપાસ પહોંચી ગયું હતું. હવામાન ખાતાના અધિકારીના કહેવા મુજબ ફેંગલ' વાવાઝોડાને કારણે રાજ્યમાં ભેજનું પ્રમાણ વધી ગયું હતું અને અઠવાડિયા સુધી વાદળિયું વાતાવરણ રહ્યું હતું. હવામાં ભેજનું પ્રમાણ વધી જતા ઉકળાટ થઈ રહ્યો છે.

મુંબઈમાં પણ શનિવારે શુક્રવારની સરખામણીમાં તાપમાનમાં ખાસ્સો એવો ઘટાડો નોંધાયો હતો. શુક્રવારે સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૪.૪ ડિગ્રી અને કોલાબામાં ૩૨.૬ ડિગ્રી નોંધાયું હતું,તેમાં ઘટાડો થઈને શનિવારે કોલાબામાં મહત્તમ તાપમાન ૩૧.૨ ડિગ્રી અને સાંતાક્રુઝમાં ૩૩.૭ ડિગ્રી નોંધાયું હતું. તો લઘુતમ તાપમનમાં પણ જે ૨૫ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. ■


રમતગમતમાં પણ ગુજરાતીઓ અવ્વલ

મુંબઈ સમાચાર આયોજિત

૧૪ ડિસેમ્બરથી ૨૨ ડિસેમ્બર ૨૦૨૪

ખેલ મહોત્સવ

પ્રાયોજકો: PRAKASH KAMDAR ESTATE CONSULTANT

ચોથા વર્ષમાં મુંબઈ સમાચારનો રમતોત્સવ જઈ રહ્યો છે ત્યારે બેડમિંટન, કેરમ, ચેસ અને ટેબલટેનિસ સ્પર્ધાની સાથે કળા ક્ષેત્રે પણ તમે તમારું કૌવત પુરવાર કરી શકો એ માટે ડ્રોઈંગ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

ALAG GROUP SPACES. THAT STAND OUT

'મુંબઈ સમાચાર'ના 'રોમેરોમ ગુજરાતી' અભિયાન હેઠળ ૨૦૧૪, ૧૫ અને ૧૬માં સતત ત્રણ વર્ષ રમતોત્સવ 'રમે ગુજરાતી જીતે ગુજરાતી'નું સફળપૂર્વક આયોજન કર્યા બાદ ફરી એક વાર આપની સમક્ષ ખેલ મહોત્સવમાં ભાગ લઈને ગુજરાતીઓ રમતગમત ક્ષેત્રે કશું કરી નથી શકતા, એવું મહેણું ભાંગવાનો અવસર આવી ચૂક્યો છે.

સહપ્રાયોજક: MAGIC ART COLOURS | PROUDLY INDIAN

રમતગમત તેમ જ કલા ક્ષેત્રે તમારી નિપુણતાનો દુનિયાને પરિચય કરાવવા અને પોતીકાઓને ગૌરવ અપાવવા માટે

ગિફ્ટિંગ પાર્ટનર: GLOBAL NETWORKING BARTER COMPANY | SONY PLASTICS CORPORATE GIFTS SINCE -1982 | TOSAA NON-STICK COOKWARE MUCH MORE...

આજથી જ કમર કસો, કારણ કે...

તમારી પાસે ખૂબ જ ઓછો સમય બચ્યો છે

કયાં અને ક્યારે યોજાશે ખેલ મહોત્સવ

૧૪ ડિસે. કાંદિવલી રિક્રિએશન ક્લબ, શાંતિલાલ મોદી રોડ, કાંદિવલી (પ.)

૧૫ ડિસે. ગરવારે ક્લબ, વાનખેડે સ્ટેડિયમ, 'ડી' રોડ, ચર્ચગેટ. GARWARE CLUB HOUSE

૧૫ ડિસે. શ્રી માટુંગા ગુજરાતી ક્લબ લિમિટેડ, નાથાલાલ પારેખ રોડ, કિંગ્સ સર્કલ, માટુંગા (પ.)

૧૫ ડિસે. નોર્થ ઈન્ડિયા એસો., ભાઉદાજી રોડ એક્સ., સાયન રોડ. (૧૫ ડિસે.)

૨૧-૨૨ ડિસે. ઘાટકોપર જોલી જિમખાના કિરોલ રોડ, ઘાટકોપર

નોંધ

* આ ફોર્મ ૧૧ ડિસેમ્બર, સાંજે ૬.00 વાગ્યા સુધીમાં ભરી દેવાનાં રહેશે. સ્પર્ધકે પોતાનો એક ફોટો બીડવો અનિવાર્ય રહેશે.

* 'મુંબઈ સમાચાર' દ્વારા રંગ પૂરવાની સ્પર્ધાના આયોજન માટે તમામ સ્પર્ધકોને કલરિંગ કરવાનાં તમામ સાધનો પૂરાં પાડવામાં આવશે.

હવે તમે તમારાં બુદ્ધિ, બાહુબળ, કૌશલ ઉપરાંત કળાને નિખારવા માટેની તૈયારી પણ શરૂ કરી દો...

અહીં આપેલા ક્યુઆરકોડ પરથી ઓનલાઈન ફોર્મ પ્રાપ્ત કરી શકાશે.

સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને ઈનામો તો ખરાં જ.

ખાસ નોંધ: તમામ બેડમિંટન કોર્ટ આંતરરાષ્ટ્રીય દરજ્જાની હોવાથી તમામ સ્પર્ધકોએ ગમ સોલ શૂઝ પહેરીને આવવાનું ફરજિયાત.

એન્ટ્રીઓ મોકલવાની અંતિમ તારીખ ૧૧ ડિસે. છે અને ડ્રો ૧૩મી ડિસેમ્બર ૨૦૨૪ના રોજ મુંબઈ સમાચારમાં પ્રગટ થશે. બધી રમતનો મેગા ફાઈનલ રાઉન્ડ ઘાટકોપર જોલી-જિમખાનામાં રાખવામાં આવેલ છે.

# મોહમ્મદ સિરાજે ટ્રેવિસ હેડ નામનું હેડેક ઉતારી આપ્યા પછી આક્રમક અંદાજમાં તેને સેન્ડ-ઑફ આપી





ઍડિલેઇડઃ પર્થની પ્રથમ ટેસ્ટ ૨૯૫ રનના તોતિંગ માર્જિનથી આસાનીથી જીતી લેનાર ટીમ ઇન્ડિયા જો ઍડિલેઇડની બીજી મૅચમાં હારશે તો એ માટે ટ્રેવિસ હેડ (૧૪૦ રન, ૧૪૧ બૉલ, ચાર સિક્સર, સત્તર ફોર)ની શનિવારની ઇનિંગ્સ સૌથી વધુ જવાબદાર કહેવાશે એમાં કોઈ શક નથી, પરંતુ ગઈ કાલે મોહમ્મદ સિરાજે તેને આઉટ કરીને ભારતીયો પરથી માથાનો દુખાવો ઉતારી દીધા બાદ ટ્રેવિસ હેડને જે રીતે સેન્ડ-ઑફ આપ્યું એ જોઈને પ્રેક્ષકો અને ટીવી-દર્શકો ચોંકી ગયા હશે.

ઑસ્ટ્રેલિયાના બૅટર્સમાંથી માત્ર માર્નસ લાબુશેન અને ટ્રેવિસ હેડ ભારતીય ટીમને સૌથી વધુ ભારે પડ્યા હતા. લાબુશેને ૬૪ રન બનાવવા માટે ૧૨૬ બૉલ લીધા હતા, જ્યારે ટ્રેવિસ હેડે તેનાથી વધુ માત્ર ૧૫ બૉલ લીધા અને ૧૪૦ રન ખડકી દીધા હતા.

ટ્રેવિસ હેડ ટીમ ઇન્ડિયા માટે કાંટો બની ગયો હતો અને ઑસ્ટ્રેલિયન ઇનિંગ્સની ૮૨મી ઓવરના ચોથા બૉલમાં મોહમ્મદ સિરાજે જાણે જસપ્રીત બુમરાહની ભૂમિકા ભજવી હતી. સિરાજે નીચા ફુલ-ટૉસ યૉર્કરમાં હેડને ક્લીન બોલ્ડ કરી દીધો હતો.

વાત ત્યાં જ નહોતી અટકી. હેડ જેવી પ્રાઇઝ વિકેટ મળતાં સિરાજ એટલો બધો જોશમાં આવી ગયો હતો કે તેણે આક્રમક અંદાજમાં હેડને સેન્ડ-ઑફ આપી હતી. સિરાજે બે વખત હેડને 'જા, પાછો જતો રહે' એવો ઉગ્રપણે હાથથી સંકેત આપ્યો હતો. ટ્રેવિસ હેડથી પણ નહોતું રહેવાયું અને તેણે પણ મોંમાંથી થોડા શાબ્દિક તીર છોડ્યાં હતાં. ઍડિલેઇડના ક્રાઉડે સિરાજનો હુરિયો બોલાવ્યો હતો અને ભારતીય ખેલાડીઓએ સિરાજને શાંત પાડ્યો હતો. બીજી તરફ, પાછા આવી રહેલા ટ્રેવિસ હેડને હજારો પ્રેક્ષકોએ ઊભા થઈને યાદગાર ઇનિંગ્સ બદલ માન આપ્યું હતું.

આ ટેસ્ટ ઑસ્ટ્રેલિયા માટે નાક બચાવવાનો સવાલ છે. પર્થની પ્રથમ ટેસ્ટ હાર્યા પછી કાંગારૂઓએ સિરીઝને ૧-૧ની બરાબરીમાં તો લાવવાની જ છે, ઍડિલેઇડમાં ક્યારેય પણ પિન્ક બૉલ ડે/નાઇટ ટેસ્ટ ન હારવાની પરંપરા પણ તેમણે સાચવવાની છે. ■

# સાઉથ આફ્રિકાના શ્રીલંકા સામે લીડ સાથે ૨૨૧ રન

કેબેહા (પોર્ટ એલિઝાબેથ): અહીં શ્રીલંકા સામેની બીજી ટેસ્ટ મૅચમાં ત્રીજા દિવસે યજમાન સાઉથ આફ્રિકાએ બીજા દાવમાં ત્રણ વિકેટે ૧૯૧ રન બનાવ્યા હતા અને પ્રથમ દાવની ૩૦ રનની સરસાઈ સહિત એના ૨૨૧ રન હતા. કૅપ્ટન ટેમ્બા બવુમા ૪૮ રને અને ટ્રિસ્ટેન સ્ટબ્સ ૩૬ રને રમી રહ્યો હતો. ત્રણમાંથી બે વિકેટ પ્રભાત જયસૂર્યાએ અને એક વિકેટ વિશ્વા ફર્નાન્ડોએ લીધી હતી.

એ પહેલાં, શ્રીલંકાનો પ્રથમ દાવ ૩૨૮ રનમાં સમેટાઈ ગયો હતો. ૩૫ વર્ષના ડેન પૅટરસને પાંચ વિકેટ લઈને શ્રીલંકનોને સરસાઈથી વંચિત રાખ્યા હતા. માર્કો યેનસેન અને કેશવ મહારાજે બે-બે વિકેટ લીધી હતી. શ્રીલંકાની ટીમમાં ઓપનર પથુમ નિસન્કાના ૮૯ રન હાઇએસ્ટ હતા. દિનેશ ચંદીમલ, કામિન્ડુ મેન્ડિસ અને ઍન્જેલો મૅથ્યુઝ ૪૦ રનનો આંકડો પાર કરી શક્યા હતા, પરંતુ હાફ સેન્ચુરી પૂરી થાય એ પહેલાં જ વિકેટ ગુમાવી બેઠા હતા.

સાઉથ આફ્રિકાએ પહેલાં દાવમાં ૩૫૮ રન બનાવ્યા હતા. ■

# ૫,૦૦,૦૦૦

## ટેસ્ટ ક્રિકેટમાં પાંચ લાખ રન બનાવનાર ઇંગ્લૅન્ડ પ્રથમ દેશ

વેલિંગ્ટનઃ ટેસ્ટ-ક્રિકેટની ૧,૦૮૨મી મૅચ રમી રહેલા ઇંગ્લૅન્ડે ૧૪૭ વર્ષ જૂના આ સૌથી લાંબી ફૉર્મેટની ક્રિકેટમાં શનિવારે ૫,૦૦,૦૦૦ રનની અપ્રતિમ સિદ્ધિ મેળવી હતી. પાંચ લાખ ટેસ્ટ-રન બનાવનાર ઇંગ્લૅન્ડ પહેલો દેશ બન્યો છે. બ્રિટિશ ટીમે આ સિદ્ધિ ન્યૂ ઝીલૅન્ડ સામે વેલિંગ્ટનમાં રમાતી ટેસ્ટ-મૅચના બીજા દિવસે હાંસલ કરી હતી.

ઇંગ્લૅન્ડ ક્રિકેટની રમતનું પ્રણેતા ગણાય છે અને દર વર્ષે સૌથી વધુ ટેસ્ટ-મૅચો પણ ઇંગ્લૅન્ડ જ રમે છે.

ઇંગ્લૅન્ડના આ પાંચ લાખ રન એવા છે જે એના બૅટર્સના બૅટથી બન્યા છે. ઇંગ્લૅન્ડની સૌપ્રથમ ટેસ્ટ ૧૮૭૭માં મેલબર્નમાં રમાઈ હતી જેમાં ઑસ્ટ્રેલિયા સામે એનો ૪૫ રનથી પરાજય થયો હતો. ત્યાર બાદ બીજી ટેસ્ટમાં ઇંગ્લૅન્ડે ઑસ્ટ્રેલિયાને ચાર વિકેટે હરાવ્યું હતું.

### ટેસ્ટ-ક્રિકેટમાં કોના કેટલા રન?

| કુલ રન | દેશ | ઇનિંગ્સ |
|---|---|---|
| ૫,૦૦,૧૨૬ | ઇંગ્લૅન્ડ | ૧૮,૯૫૪ |
| ૪,૨૯,૦૦૦ | ઑસ્ટ્રેલિયા | ૧૫,૧૮૩ |
| ૨,૭૮,૭૫૧ | ભારત | ૧૦,૧૧૯ |

### ઇંગ્લૅન્ડના લીડ સાથે ૫૩૩ રનઃ બે બ્રિટિશ બૅટર સદી ચૂક્યા

વેલિંગ્ટનઃ બીજી ટેસ્ટમાં ઈંગ્લૅન્ડની ટીમ ન્યૂ ઝીલૅન્ડ સામે પ્રથમ ઇનિંગ્સમાં માત્ર ૨૮૦ રન જ બનાવી શકી હતી. આ પછી બોલરોના જોરદાર પ્રદર્શનને કારણે ઈંગ્લૅન્ડે ન્યૂ ઝીલૅન્ડને ૧૨૫ રનમાં ઑલઆઉટ કરી દીધું અને પ્રથમ ઇનિંગ્સના આધારે ૧૫૫ રનની જંગી લીડ મેળવી લીધી. બીજી ઈનિંગ્સમાં ઈંગ્લૅન્ડના બૅટર્સે શાનદાર પ્રદર્શન કર્યું અને તેમની ટીમે શનિવારની બીજા દિવસની રમતના અંત સુધીમાં પાંચ વિકેટે ૩૭૮ રન બનાવ્યા હતા.

લીડ સાથે ઇંગ્લૅન્ડના કુલ ૫૩૩ રન હતા. બેન ડકેટ ૯૨ રને અને જેકબ બેથેલ ૯૬ રન પર આઉટ થઈ ગયો હતો. બન્નેની વિકેટ ટિમ સાઉધીએ લીધી હતી. ડકેટ પાંચમી ટેસ્ટ સદી અને બેથેલ પ્રથમ આંતરરાષ્ટ્રીય સદી ચૂકી ગયો હતો. જોકે જો રૂટ ૭૩ રને રમી રહ્યો હતો. હજી ત્રણ દિવસ બાકી હોવાથી આ મૅચમાં ઇંગ્લૅન્ડની જીત નક્કી જણાઈ રહી છે. ■

'મહારાજા ઑફ નવાનગર' રણજિતસિંહજી ભારતીય ડોમેસ્ટિક ક્રિકેટના ટૉપ-ક્લાસ ક્રિકેટર મનાતા હતા. જોકે તેઓ ટેસ્ટ-ક્રિકેટ ઇંગ્લૅન્ડ વતી રમ્યા હતા. ૧૮૭૭માં સૌપ્રથમ ટેસ્ટમાં ઇંગ્લૅન્ડ વતી હૅરી જુપ અને જૉન સેલ્બી ઓપનિંગમાં રમ્યા હતા. જોકે એ ઐતિહાસિક મૅચમાં સૌપ્રથમ રન ઑસ્ટ્રેલિયાના ચાર્લ્સ બૅનરમને કર્યો હતો.

ઈંગ્લૅન્ડ બાદ ટેસ્ટમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ ઑસ્ટ્રેલિયાના નામે છે. ઑસ્ટ્રેલિયાના નામે ટેસ્ટ ક્રિકેટમાં અત્યાર સુધી ૪,૨૮,૭૯૪ રન બનાવવાનો રેકોર્ડ છે. ભારતે ટેસ્ટ ક્રિકેટમાં ૨,૭૮,૭૦૦ રન બનાવ્યા છે અને આ યાદીમાં ત્રીજા નંબરે છે. ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ સદી ફટકારવાનો રેકોર્ડ પણ ઈંગ્લૅન્ડના નામે છે. ઈંગ્લૅન્ડ ટીમના બૅટર્સે અત્યાર સુધીમાં ૯૨૯ ટેસ્ટ સદી ફટકારી છે. આ બાબતમાં પણ ઑસ્ટ્રેલિયા બીજા સ્થાને છે, જેના બૅટર્સે અત્યાર સુધીમાં ૮૯૨ ટેસ્ટ સદી ફટકારી છે. ■

ઈંગ્લૅન્ડનો બૅટર જો રૂટ ગઈ કાલે ૭૩ રન પર રમી રહ્યો હતો અને ૩૬મી સદીથી બહુ દૂર નહોતો. તે ૩૬મી સેન્ચુરી ફટકારશે તો રાહુલ દ્રવિડની બરાબરીમાં થઈ જશે. ટેસ્ટ ક્રિકેટમાં સચિન તેન્ડુલકર ૫૧ સદી સાથે મોખરે છે.



# ટ્રેવિસને ચાર-પાંચ રનમાં આઉટ કર્યો હોત તો ઠીક છે, ૧૪૦ રન બનાવનારને 'સૅન્ડ-ઑફ' આપવાનો શું મતલબ?: ગાવસકર

## મેં સિરાજને કહ્યું વેલ બૉલ્ડ, પણ તે સમજ્યો નહીં અને મિજાજ ગુમાવી બેઠોઃ ટ્રેવિસ હેડ

ઍડિલેઇડઃ ભારતને અહીં પિન્ક બૉલ ડે-નાઇટ ટેસ્ટ-મૅચ (સવારે ૯.૩૦ વાગ્યાથી લાઇવ)માં શનિવારના બીજા દિવસે પાંચમા નંબરનો બૅટર ટ્રેવિસ હેડ (૧૪૦ રન, ૧૪૧ બૉલ, ચાર સિક્સર, સત્તર ફોર) સૌથી વધુ ભારે પડ્યો હતો, પરંતુ તેને ઑસ્ટ્રેલિયન ઇનિંગ્સની ૮૨મી ઓવરમાં ક્લીન બોલ્ડ કર્યા પછી મોહમ્મદ સિરાજે તેની સામે જે ઉગ્ર વલણ અપનાવ્યું એ ભારે ચર્ચાસ્પદ થયું છે.


ગાવસકરે કહ્યું કે 'ટ્રેવિસ હેડની ઈનિંગ્સ વધાવી લીધી હોત તો સિરાજ લોકોમાં છવાઈ ગયો હોત, પરંતુ તે ઉગ્ર બનીને હીરોને બદલે વિલન બની ગયો'

પીઢ ખેલાડી અને સિરીઝના કૉમેન્ટેટર સુનીલ ગાવસકરે સિરાજના ચેનચાળા વિશે કહ્યું કે તેણે આવું નહોતું કરવું જોઈતું.

શનિવારે એક તો ટ્રેવિસ ૭૬ રન પર હતો ત્યારે મોહમ્મદ સિરાજે તેનો કૅચ છોડ્યો હતો, પણ પછી તેને તેના ૧૪૦ રને આઉટ કર્યો ત્યાર બાદ ઉગ્ર મિજાજમાં તેને 'સેન્ડ-ઑફ'નો ઇશારો કર્યો હતો. ખુદ ટ્રેવિસ હેડે મૅચ પછી એક ચૅનલને કહ્યું કે 'હું તો એટલું જ બોલ્યો કે વેલ બોલ્ડ, પરંતુ તે (સિરાજ) બીજું કંઈક સમજ્યો અને મને પૅવિલિયનનો રસ્તો બતાવવા લાગ્યો. મને એ ગમ્યું તો નહીં, પણ પછી મને વિચાર આવ્યો કે (હું આટલું બધું સારું રમ્યો ત્યાર પછી) તેમના તરફથી આવી કંઈક પ્રતિક્રિયા આવવાની જ હતી.'

ગાવસકરે બીજી એક જાણીતી ચૅનલને કહ્યું, 'સિરાજે ટ્રેવિસ હેડને એવો કોઈ સંકેત આપવાની જરૂર જ નહોતી. તેણે (સિરાજે) તેને ચાર-પાંચ રનમાં તો આઉટ કર્યો નહોતો. તેણે (ટ્રેવિસ હેડે) ૧૪૦ રન બનાવ્યા અને તેને આ રીતે શું કામ સેન્ડ-ઑફ આપ્યો! તેણે (સિરાજે) એવું કરવું જ નહોતું જોઈતું. સિરાજના આ વર્તનથી પ્રેક્ષકોએ તેનો હુરિયો બોલાવ્યો એમાં કંઈ ન નવાઈ નથી. હેડ ઍડિલેઇડનો જ છે અને લોકોમાં બેહદ પ્રિય છે. તે સેન્ચુરી ફટકારીને પાછો જઈ રહ્યો હતો ત્યારે સિરાજે તેની ઇનિંગ્સ બદલ તાળી પાડી હોત તો પ્રેક્ષકોમાં હીરો બની ગયો હોત. જોકે તેને સેન્ડ-ઑફ આપીને લોકોમાં તે હીરો બનવાને બદલે વિલન બની ગયો.' ■

# ૧૪માંથી ૧૦ ગેમ પૂરી, ગુકેશ-લિરેન હજી પણ સરખેસરખા





સિંગાપોરઃ ભારતનો ૧૮ વર્ષનો ડી. ગુકેશ વર્લ્ડ ચેસ ચૅમ્પિયનશિપમાં ચીનના ડિફેન્ડિંગ વર્લ્ડ ચૅમ્પિયન ૩૨ વર્ષના ડિન્ગ લિરેનને સતતપણે જોરદાર લડત આપી રહ્યો છે અને તેને (લિરેનને) વધુ એક ગેમ જીતવાનો મોકો ન મળે એની ખાસ તકેદારી રાખી રહ્યો છે. શનિવારે બન્ને વચ્ચેની ૧૦મી ગેમ ડ્રૉમાં ગઈ હતી. એ સાથે, બન્ને વચ્ચેની સતત સાત ગેમ ડ્રૉમાં ગઈ છે. કુલ મળીને આઠ ગેમ ડ્રૉમાં ગઈ છે. મુકાબલાની પહેલી ગેમ લિરેન જીત્યો હતો, જ્યારે ત્રીજી ગેમમાં ગુકેશે વિજય મેળવ્યો હતો.

શનિવારે ગુકેશ કાળા મ્હોરાથી રમ્યો હતો અને તેણે લિરેનને જોરદાર વળતી લડત આપી હતી. લિરેને ગુકેશ સામે વધુ કોઈ જોખમ ઉઠાવવાનું ટાળ્યું હતું અને ૩૬મી ચાલના અંતે બન્ને ખેલાડી ડ્રૉ માટે સંમત થયા અને એ પરિણામથી લિરેન પોતે પણ ખુશ હતો.

ગુકેશ અને લિરેન, બન્નેના પાંચ-પાંચ પૉઇન્ટ થયા છે. બેમાંથી જે ખેલાડી કુલ ૭.૫ પૉઇન્ટના આંકડા પર પહોંચશે તે વિશ્વવિજેતા બનશે અને તેને ૨૧.૧૭ કરોડ રૂપિયાનું પ્રથમ ઇનામ મળશે. બેમાંથી જે ખેલાડી વધુ ૨.૫ પૉઇન્ટ મેળવશે એ વર્લ્ડ ચૅમ્પિયન કહેવાશે. આ મુકાબલામાં હવે ચાર ગેમ રમાવાની બાકી છે. ■

# અશ્વિનના બૉલમાં મિચલ માર્શ આઉટ હતો, થર્ડ અમ્પાયર પણ ભૂલ કરી બેઠા!


અશ્વિનનો બૉલ પહેલા મિચલ માર્શના પૅડને વાગ્યો હોવાનું રિપ્લેમાં બતાવાયું હતું.



ઍડિલેઇડઃ થોડાં વર્ષોથી ફીલ્ડરોની અપીલ પર થર્ડ અમ્પાયર (ટીવી અમ્પાયર) દ્વારા ડિસિઝન રિવ્યૂ સિસ્ટમ (ડીઆરએસ) હેઠળ નિર્ણય આપવાની પ્રથા છે એટલે મેદાન પરના અમ્પાયરોના માથા પરથી બોજ ઊતરી ગયો છે. જોકે થર્ડ અમ્પાયર જ ભૂલ કરે તો કોને કહેવું! અહીં ગઈ કાલે મિચલ માર્શના કિસ્સામાં એવું જ બન્યું.

બૉર્ડર-ગાવસકર ટ્રૉફીની બીજી ટેસ્ટના બીજા દિવસે માર્શની વિકેટના મુદ્દે વિવાદ થઈ ગયો. આ વિવાદ થર્ડ અમ્પાયરના ફેંસલાને લઈને હતો. તેમનો એ ફેંસલો ભારતીય ટીમની વિરુદ્ધમાં ગયો હતો. ફરી એક વાર સ્નિકો ટેક્નિક ચર્ચાસ્પદ થઈ છે.

ઑસ્ટ્રેલિયાની પ્રથમ ઇનિંગ્સમાં ૫૮મી ઓવર રવિચન્દ્રન અશ્વિને કરી હતી. એ ઓવરનો એક બૉલ મિચલ માર્શને પૅડ પર વાગ્યો હતો અને અશ્વિને એલબીડબ્લ્યૂની જોરદાર અપીલ કરી હતી, પરંતુ ફીલ્ડ અમ્પાયરે માર્શને નૉટઆઉટ જાહેર કર્યો હતો. ત્યાર બાદ ડીઆરએસની મદદ લેવામાં આવી અને થર્ડ અમ્પાયર રિચર્ડ કેટલબરૉએ બૉલ પહેલાં બૅટને લાગ્યો હતો કે પૅડને એ વિશે રિપ્લેમાં કોઈ મજબૂત પુરાવા ન મળતાં ફીલ્ડ અમ્પાયરને 'નૉટઆઉટ'ના નિર્ણયને વળગી રહેવાની સલાહ આપી હતી.

ભારતે એક રિવ્યૂ ગુમાવી, પરંતુ હકીકતમાં ભારતની અપીલ સાચી હતી. રિવ્યૂમાં અલ્ટ્રા-એજ ટેક્નિકની મદદ લેવામાં આવી હતી જે ભારતની વિરુદ્ધમાં રહી હતી. વિરાટ કોહલીએ પણ મેદાન પર થર્ડ અમ્પાયરના ફેંસલા સામે પ્રતિક્રિયા આપી હતી. મામલો ત્યાં જ ખતમ નહોતો થયો.

થર્ડ અમ્પાયરના ફેંસલા બાદ થોડી વાર પછી ભારતની માર્શ સામેની અપીલ સંબંધમાં નવા એન્ગલથી રિપ્લે બતાવવામાં આવી હતી જેમાં સ્પષ્ટ દેખાયું હતું કે બૉલ પહેલાં માર્શના પૅડને વાગ્યો હતો. એ સાથે, વિવાદ વધુ ગંભીર થયો અને અધૂરામાં પૂરું કૉમેન્ટરી-બૉક્સમાંથી મૅથ્યૂ હેડને સવાલ ઉઠાવ્યો કે આ ચડિયાતું એન્ગલ પહેલાં કેમ ન બતાવાયું? હેડને કહ્યું, 'નિર્ણય અપાય એ પહેલાં પૂરી જાણકારી હોવી જરૂરી છે.'

બૉલ-ટ્રૅકિંગ પરથી એ પણ સ્પષ્ટ થયું હતું કે બૉલ જો માર્શના પૅડને ન વાગ્યો હોત તો સ્ટમ્પને વાગ્યો જ હોત. જોકે ઇમ્પૅક્ટ 'અમ્પાયર્સ કૉલ' પર હતી અને ફીલ્ડ અમ્પાયરના નૉટઆઉટના નિર્ણયને બદલવા મજબૂત પુરાવા ન મળતાં તેમનો એ નિર્ણય જાળવી રાખ્યો હતો.

સુનીલ ગાવસકરે પણ પ્રતિક્રિયા આપી હતી. કૉમેન્ટરી-બૉક્સમાંથી તેમણે કહ્યું કે 'બૅટર જો ત્રણ મીટરથી વધુ દૂર હોય તો તેને સામાન્ય રીતે નૉટઆઉટ આપવામાં આવે છે. અહીં સવાલ એ હતો કે બૉલ પહેલાં બૅટને વાગ્યો હતો કે પૅડને. ટીવી અમ્પાયર પાસે મેદાન પરના અમ્પાયરનો નિર્ણય બદલવા મજબૂત પુરાવો નહોતો.'

ઉલ્લેખનીય છે કે માર્શ ટીમ ઇન્ડિયાને બહુ ભારે નહોતો પડ્યો, કારણકે તેને તેના નવ રનના સ્કોર પર અશ્વિને જ વિકેટકીપર રિષભ પંતના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો. ■

# ઓહ નો! યશસ્વી જયસ્વાલ પાછો 'પહેલા બૉલ' પર આઉટ થઈ ગયો


યશસ્વી (જમણે) અને રાહુલ (ડાબે) વચ્ચે પર્થના બીજા દાવમાં ૨૦૧ રનની ભાગીદારી થયેલી, પણ ગઈ કાલે માત્ર ૧૨ રનની પાર્ટનરશિપ કરી શક્યા હતા.

ઍડિલેઇડઃ ઓપનિંગ બૅટર યશસ્વી જયસ્વાલ બાવીસમી નવેમ્બરે પર્થમાં પ્રથમ ટેસ્ટના પહેલા દાવમાં પોતાના આઠમા બૉલ પર આઉટ થઈ ગયો અને બીજા દાવમાં તેણે મૅચ-વિનિંગ ૧૬૧ રન બનાવ્યા ત્યાર પછી અહીં ઍડિલેઇડની બીજી ટેસ્ટમાં તેણે બન્ને દાવમાં ટીમ ઇન્ડિયાને આંચકા આપ્યા. શુક્રવારે પહેલા દાવમાં તે મૅચના પહેલા જ બૉલ પર મિચલ સ્ટાર્કને વિકેટ આપી બેઠો ત્યાર પછી શનિવારે બીજા દિવસે તેણે બીજા દાવમાં ૩૦ બૉલમાં ૨૪ રન બનાવ્યા બાદ ફરી એકવાર 'પહેલા બૉલ' પર વિકેટ ગુમાવી હતી.

આ વખતે 'પહેલો બૉલ' ફાસ્ટ બોલર સ્કોટ બૉલેન્ડનો હતો. પ્રથમ દાવમાં શુભમન ગિલ (૩૧ રન) અને કૅપ્ટન રોહિત શર્મા (૩ રન)ની વિકેટ લેનાર બૉલેન્ડે શનિવારે હજી તો બીજા દાવમાં પહેલી વાર રન-અપ શરૂ કર્યો અને પોતાનો પ્રથમ બૉલ ફેંક્યો ત્યાં યશસ્વીએ બૉલને પુશ કરવા જતાં વિકેટકીપર ઍલેક્સ કૅરીને આસાન કૅચ આપી દીધો હતો.

પર્થમાં પહેલા દાવમાં ઝીરોમાં આઉટ થયા બાદ યશસ્વી પાસે બીજા દાવમાં મોટી ઇનિંગ્સની આશા રખાતી હતી અને તે અપેક્ષા જેવું રમ્યો પણ હતો. ત્યારે તેણે લગભગ સાત કલાક સુધી બૅટિંગ કરી હતી અને ૪૩૨ મિનિટમાં ૨૯૭ બૉલમાં ૧૬૧ રન બનાવ્યા હતા જેમાં તેની ત્રણ સિક્સર અને પંદર ફોર સામેલ હતી. તેણે મિચલ સ્ટાર્ક, જૉશ હૅઝલવૂડ, પૅટ કમિન્સ, મિચલ માર્શ અને નૅથન લાયન સહિત સાત બોલરનો સમજદારીથી સામનો કર્યો હતો અને ભારતની જીતનો પાયો નાખ્યો હતો. છેવટે ભારતે એ ટેસ્ટ ૨૯૫ રનથી જીતી લીધી હતી.

આ વખતે ઍડિલેઇડમાં પણ તેની પાસે બીજા દાવમાં મોટી ઇનિંગ્સની અપેક્ષા હતી અને તે શુભમન ગિલ સાથે ભાગીદારી જમાવી જ રહ્યો હતો ત્યાં પૅટ કમિન્સે મિચલ સ્ટાર્કને આરામ આપીને બૉલેન્ડને મોરચા પર બોલાવ્યો હતો અને તેણે યશસ્વીનો શિકાર કરી લીધો હતો. ચારેક ઓવર પહેલાં પૅટ કમિન્સના બૉલમાં કે. એલ. રાહુલ (સાત રન)ની વિકેટ પડી હતી ત્યાં યશસ્વી પણ પૅવિલિયનમાં પાછો ફરતાં ભારતીય ટીમ મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી. ■

# શમીની ક્રિકેટ-કિટ ઑસ્ટ્રેલિયા પહોંચી ગઈ, તે ક્યારથી રમશે એ પણ લગભગ નક્કી છે

નવી દિલ્હીઃ અહીં ઑસ્ટ્રેલિયા સામેની બીજી ટેસ્ટ દરમ્યાન વર્લ્ડ નંબર-વન ટેસ્ટ બોલર જસપ્રીત બુમરાહ બોલિંગ દરમ્યાન નજીવી ઈજાને કારણે બેસી પડ્યો એ સાથે ઍડિલેઇડમાં મુશ્કેલીના વમળમાં ફસાયેલી ભારતીય ટીમની ચિંતા વધી ગઈ હતી. જોકે સિરીઝમાં ભારતની બોલિંગ-તાકાતને મજબૂત બનાવે એવા સમાચાર શનિવારે સાંજે મળ્યા હતા. પેસ બોલર મોહમ્મદ શમીની ક્રિકેટ-કિટ ઑસ્ટ્રેલિયા પહોંચી ગઈ છે અને ખુદ તે લગભગ ૨૬મી ડિસેમ્બરથી રમાનારી ચોથી ટેસ્ટથી રમશે.

હાલમાં ઍડિલેઇડમાં બીજી ટેસ્ટ ચાલી રહી છે. ૧૪મી ડિસેમ્બરે બ્રિસ્બેનમાં ત્રીજી ટેસ્ટ શરૂ થશે અને શમી એ અરસામાં જ ઑસ્ટ્રેલિયા પહોંચવાનો હોવાથી એ મૅચમાં કદાચ નહીં રમે, પરંતુ મેલબર્નમાં ૨૬મી ડિસેમ્બરે શરૂ થનારી બૉક્સિંગ-ડે ટેસ્ટથી તે રમશે એ નક્કી છે.

શમીની નજીકના એક સૂત્ર પાસેથી પીટીઆઇને જાણવા મળ્યું હતું કે 'શમીને બેન્ગલૂરુની નૅશનલ ક્રિકેટ ઍકેડેમી (એનસીએ)માંથી ફિટનેસ સર્ટિફિકેટ મળવાની તૈયારીમાં જ છે. તે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં પોતાના માટે નક્કી થયેલી મૅચો રમી લીધા પછી ઑસ્ટ્રેલિયા જવા રવાના થઈ જશે.'

૩૪ વર્ષનો શમી ભારત વતી છેલ્લે નવેમ્બર, ૨૦૨૩ના ભારતમાંના વન-ડે વર્લ્ડ કપમાં રમ્યો હતો. ત્યાર બાદ તેણે પગની ઘૂંટીની સર્જરીને લીધે મહિનાઓ સુધી મેદાનથી દૂર રહેવું પડ્યું હતું.

તાજેતરમાં ન્યૂ ઝીલૅન્ડ સામે ઘરઆંગણે જે ટેસ્ટ-સિરીઝ રમાઈ એમાં તે રમવાનો હતો, પરંતુ તેના ઘૂંટણમાં સોજો આવી જતાં તેનું કમબૅક ફરી વિલંબમાં મુકાયું હતું.

શમી હાલમાં સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં બેંગાલ વતી રમે છે અને સાત મૅચમાં આઠ વિકેટ લીધી છે. ■


ઍડિલેઇડમાં બુમરાહને બોલિંગ દરમ્યાન ઇજા થઈ હતી. જોકે બોલિંગ કોચ મૉર્ની મૉર્કેલે કહ્યું છે કે બુમરાહની ઈજા ગંભીર નથી.

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

# UCGના નવા નિયમઃ કૉલેજ શિક્ષણનો પ્રવાહ સાવ પલટાઈ જશે...

## નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ વિદ્યાર્થીઓ માટે બહુ આવકારદાયક છે અનુકૂળ આવે એ રીતે ડિગ્રી લેવાની એમને સગવડ મળશે



કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે ૨૦૨૨માં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ એટલે કે 'નેશનલ એજ્યુકેશન પૉલિસી (NEP),૨૦૨૦ને મંજૂરી આપી ત્યારે તેમાં ધોરણ ૧૨ પછીના શિક્ષણ એટલે કે અંડર ગ્રેજ્યુએટ (યુજી) અને પોસ્ટ ગ્રેજ્યુએટ (પીજી) અભ્યાસક્રમોમાં ધરમૂળથી ફેરફાર કરવાની ઇચ્છા પણ જાહેર કરી હતી.

આ દિશામાં મહત્ત્વનું પગલું ભરીને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UCG)એ ડ્રાફ્ટ નિયમો બહાર પાડ્યા છે. દેશમાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ (HEIs)માં અંડરગ્રેજ્યુએટ અને અનુસ્નાતક અભ્યાસક્રમો માટે લઘુતમ ધારાધોરણો માટેના યુજીસીના ડ્રાફ્ટ નિયમો જોયા પછી લાગે કે, ભારતમાં હાલના શિક્ષણની તરાહ છે એ બહુ જલદી બદલાઈ જશે.

આ નિયમો દ્વારા યુજીસીનો ઉદ્દેશ્ય રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ને અનરૂપ ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થા સ્થાપિત કરવાનો અને હાલની વ્યવસ્થામાં પરિવર્તન લાવવાનો છે એવું ઉમેરવાની જરૂર નથી.

ડ્રાફ્ટ નિયમોમાં યુજીસીએ કેટલાક મૂળભૂત ફેરફારોનો પ્રસ્તાવ મૂક્યો છે. આ બધા નિયમોને મંજૂરી મળશે કે નહીં એ ખબર નથી, પણ આ નિયમો સાચા અર્થમાં અમલી બનશે તો ભારતમાં ઉચ્ચ શિક્ષણ સંપૂર્ણપણે બદલાઈ જશે. આ નવા નિયમો હેઠળ વિદ્યાર્થીઓને હવે ધોરણ ૧૨માં પસંદ કરેલી સ્ટ્રીમ કે ડિસિપ્લિમાં કાયમ માટે બાંધી નહીં દેવાય. નવા નિયમો વિદ્યાર્થીને કોઈ પણ ક્ષેત્રમાં અન્ડર ગ્રેજ્યુએટ અથવા પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી મેળવવાની મંજૂરી આપે છે, ઇચ્છા થાય તો વચ્ચે કોર્સ બદલવાની તક પણ આપે છે અને એમને અનુકૂળ આવે એ રીતે ડિગ્રી લેવાની સગવડ પણ આપે છે.

આમાં સૌથી મહત્ત્વનો નિયમ એ છે કે, ધોરણ ૧૨ અથવા તેની સમકક્ષના કોઈ પણ પ્રવાહના વિદ્યાર્થી કોઈ પણ વિદ્યાશાખામાં એમનો અંડરગ્રેજ્યુએટ કોર્સ કરી શકે છે. અત્યારે સાયન્સનો વિદ્યાર્થી સાયન્સનો જ વિષય લઈ શકે કે આર્ટ્સનો વિદ્યાર્થી આર્ટ્સનો જ વિષય લઈ શકે એવાં જે નિયંત્રણો છે એ હટી જશે. આનાથી શિક્ષણ સાચા અર્થમાં મુક્ત બનશે. હા, કોઈ પણ કોર્સમાં પ્રવેશ મેળવવા માટે એન્ટ્રન્સ એક્ઝામ આપવી પડશે.

યુજીસીએ નક્કી કરેલી રાષ્ટ્રીય સ્તરની અથવા યુનિવર્સિટીસ્તરની પ્રવેશ પરીક્ષા પાસ કરનાર ઇચ્છે તે સ્ટ્રીમમાં જઈ શકશે. એ જ રીતે પોસ્ટ ગ્રેજ્યુએશન કોર્સમાં પણ વિદ્યાર્થી કોઈ પણ કોર્સમાં પ્રવેશ મેળવી શકે છે. તેમાં પણ શરત એ જ છે કે, પોસ્ટ ગ્રેજ્યુએશન પ્રોગ્રામ માટેની પ્રવેશ પરીક્ષા પાસ કરવી પડશે. વિદ્યાર્થીએ ગ્રેજ્યુએશનમાં ક્યો વિષય રાખ્યો હતો કે ક્યા કોર્સમાં હતો તેના આધારે પોસ્ટ ગ્રેજ્યુએશનમાં એડમિશન નહીં નક્કી થાય, પણ એન્ટ્રન્સ એક્ઝામના આધારે પ્રવેશ મળશે. તેના કારણે વિદ્યાર્થીઓને મોટો ફાયદો થશે. વિદ્યાર્થીઓને બારમા ધોરણમાં કોઈ સ્ટ્રીમ લઈ લીધા પછી કે કોઈ કોર્સમાં પ્રવેશ લઈ લીધા પછી બીજા કોર્સમાં વધારે રસ પડે તો એની પાસે કોર્સ કે સ્ટ્રીમ બદલવાનો વિકલ્પ હશે.


બીજું મહત્ત્વનું સૂચન વર્ષમાં બે વાર પ્રવેશપ્રક્રિયાનું છે. યુજીસીની દરખાસ્ત છે કે વિદ્યાર્થીઓને વર્ષમાં બે વાર એટલે કે જુલાઈ/ઑગસ્ટ અને જાન્યુઆરી/ફેબ્રુઆરીમાં ઉચ્ચ અભ્યાસ માટેના કોર્સમાં પ્રવેશની તક મળે કે જેથી પહેલી વારમાં રહી ગયા હોય કે વિચાર બદલાય તો બીજી વાર નવી તક મેળવી શકે.

યુજીસીએ નેશનલ ક્રેડિટ ફ્રેમવર્ક (NCrF) બનાવવાની પણ દરખાસ્ત મૂકી છે. આ ફ્રેમવર્ક હેઠળ વિદ્યાર્થીઓ જે ક્રેડિટ મેળવે તેમાં કેટલીક ક્રેડિટ જે તે કોર્સ માટે જરૂરી હશે, પણ બાકીની ક્રેડિટ્સનો ઉપયોગ સ્કીલ ડેવલપમેન્ટ, એપ્રેન્ટિસશિપ અથવા મલ્ટિડિસિપ્લિનરી વિષયો માટે કરી શકાશે. એ વખતે ડિગ્રી કરી હોય એ ડિસિપ્લિનમાં ક્રેડિટના ૫૦ ટકા સ્કોર ગણાશે આ ઉપરાંત વિદ્યાર્થી અંડર ગ્રેજ્યુએટ ડિગ્રી પ્રોગ્રામના બીજા, ત્રીજા અને ચોથા વર્ષમાં અને પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી પ્રોગ્રામના બીજા વર્ષમાં સીધો પ્રવેશ મેળવી શકે છે. મતલબ કે, અંડર ગ્રેજ્યુએટ ડિગ્રી મેળવવા ચાર વર્ષ કે પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી મેળવવા માટે બે વર્ષ ભણવું નહીં પડે. નોકરી કરનાર કે ઘરે રહીને ભણનાર નેશનલ ક્રેડિટ ફ્રેમવર્કમાં સ્કોર ક્રેડિટ કરીને છેલ્લા વરસમાં સીધો પ્રવેશ મેળવીને અંડર ગ્રેજ્યુએટ કે પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી મેળવી શકશે. આ રીતે વિદ્યાર્થીઓની પસંદગીઓ અને શૈક્ષણિક ક્ષમતાઓના આધારે અંડર ગ્રેજ્યુએટ ડિગ્રીને વધારે કે ઓછા સમયમાં મેળવવાનો વિકલ્પ આપે છે.



આ વિકલ્પ હેઠળ એક્સિલરેટેડ ડિગ્રી પ્રોગ્રામ (ADP) પસંદ કરનાર વિદ્યાર્થીઓ ટૂંકા ગાળામાં પોતાનો અભ્યાસ પૂર્ણ કરી શકે છે. વિદ્યાર્થી ઓછા સમયમાં ક્રેડિટ સ્કોર કરીને ઝડપથી ડિગ્રી મેળવી શકે છે, જ્યારે એક્સટેન્ડેડ ડિગ્રી પ્રોગ્રામ (EDP) હેઠળ એજ્યુકેશનલ શૈક્ષણિક ક્રેડિટ્સ પૂરી કરવા માટે વધારાનો સમય મળશે. ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ (ઇંઊઈત) પોતાને ત્યાં ભણતા વિદ્યાર્થીઓમાંથી ૧૦ ટકા વિદ્યાર્થીઓને એડીપીની મંજૂરી આપી શકશે.

વિદ્યાર્થીએ પ્રથમ અથવા બીજા સેમેસ્ટરના અંત સુધીમાં પોતે એડીપી, ઈડીપી કે નોર્મલ કોર્સ પસંદ કરે છે એ કહેવું પડશે. એડીપી માટે ક્યા વિદ્યાર્થી લાયક છે એ નક્કી કરવા માટે સંસ્થાની જ બનેલી સમિતિ આ સમયગાળા દરમિયાન વિદ્યાર્થીની કામગીરીનું મૂલ્યાંકન કરશે. આ જોગવાઈ હેઠળ, પ્રોગ્રામનો મૂળ સમય ભલે ગમે તેટલાં વર્ષ હશે, પણ વિદ્યાર્થી દ્વારા પસંદ કરાયેલાં વરસોના આધારે સેમેસ્ટર દીઠ કોર્સની સંખ્યા અને પેપર બદલાશે.



ભારતમાં અંડર ગ્રેજ્યુએટ એટલે કે યુજી ડિગ્રીનો સમયગાળો સામાન્ય રીતે ત્રણથી ચાર વર્ષનો હોય છે જ્યારે પોસ્ટ ગ્રેજ્યુએટ એટલે કે પીજી પ્રોગ્રામ્સ એકથી બે વર્ષનો હોય છે. ચાર વર્ષની યુજી ડિગ્રી મેળવ્યા પછી વિદ્યાર્થી બે વર્ષના પીજી પ્રોગ્રામ માટે લાયક ઠરે છે. આ વ્યવસ્થામાં કોઈ ફેરફાર નહી કરાય, પણ વિદ્યાર્થી ડિગ્રી મેળવે ત્યારે તેમાં કઈ રીતે કોર્સ પૂરો કર્યો તેનો ઉલ્લેખ હશે.

આ તો યુજીસીના સૂચિત નિયમોની ઉપરછલ્લી અને મહત્ત્વના નિયમોની વાત કરી, પણ તેના પરથી જ ભારતમાં ઉચ્ચ શિક્ષણમાં કેવા ફેરફાર આવશે તેનો સંકેત મળી જાય છે. આ નિયમોનો ચુસ્ત રીતે અમલ જરૂરી છે કેમ કે ભારતમાં ઉચ્ચ શિક્ષણ બિબાંઢાળ અને પુસ્તકિયું બની ગયું છે. પુસ્તકિયા જ્ઞાનના બદલે સ્કિલનું શિક્ષણ વધારે જરૂરી છે ને ટેક્નોલૉજી આધારિત શિક્ષણ જરૂરી છે.

આ પ્રકારનું શિક્ષણ દેશમાં કઈ રીતે ક્રાંતિ લાવી શકે તેનું ઉદાહરણ રાજીવ ગાંધીની ૧૯૮૬ની શિક્ષણ નીતિ છે. રાજીવે શિક્ષણને બિબાંઢળ ઘરેડમાંથી બહાર કાઢીને ટેકનૉલૉજી આધારિત શિક્ષણ વધે એ પ્રકારની નીતિ બનાવી હતી. એ વખતે કમ્પ્યુટર ભારતમાં આવ્યાં જ નહોતાં એમ કહીએ તો ચાલે. રાજીવે કમ્પ્યુટરને પણ શિક્ષણમાં સમાવી લીધેલું ને ઉચ્ચ શિક્ષણમાં તેને લગતા કોર્સીસ શરૂ કરાવેલા. રાજીવનો ઉદ્દેશ સારો હતો ને તેમણે બહુ મોટું કામ કરેલું. તેના કારણે ભારતમાં ભવિષ્યનો પાયો નખાયો. આજે ભારત આઈટીમાં આઉટસોર્સિંગ માટેનું હબ છે તેનું શ્રેય રાજીવ ગાંધીની શિક્ષણ નીતિને જાય છે. હવે યુજીસીના નવા નિયમો વિદ્યાર્થીઓ પરથી શિક્ષણનો બોજ ઘટાડવા માટે છે તેથી આશા રાખીએ કે, આ ઉદ્દેશ પાર પડે. ■

# 'ડોટર ઇન લો' માંથી 'ઇન-લો' કાઢી નાખો તો માનજો કે સાસુ અને વહુની સમસ્યા ખતમ...!

ફોકસ
અંતરા પટેલ
feedback@bombaysamachar.com

તાજેતરમાં, મેં ટીવી પર પ્રસારિત થયેલી ત્રણ લોકપ્રિય કોમેડી સિરિયલોમાં સાસુ અને વહુ વચ્ચેના પરસ્પર સંબંધોને લગતી કેટલીક ખાસ બાબતો નોંધી છે. 'ભાભીજી ઘર પર હૈ' સિરિયલમાં અંગૂરીની સાસુ તેની વહુને તેના પુત્ર કરતાં વધુ પ્રેમ કરે છે, હંમેશાં તેનો પક્ષ લે છે અને એક આદર્શ સાસુ બનવાનો પ્રયાસ કરે છે, જેવું ફક્ત પુસ્તકોમાં અથવા કલ્પનાઓમાં જ જોવા મળે છે. સીરિયલ 'હપ્પુ કી ઉલટન પલટન' માં, કટોરી દેવી તેની વહુને ટોણા મારવાની કોઈ તક છોડતી નથી, જે સીરિયલમાં રમૂજ પેદા કરે છે પરંતુ ઘણીવાર તે ક્રૂરતાની હદ વટાવી દે છે. સીરિયલ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં સાસુ-વહુની સારી કે ખરાબ વાતને ટાળવામાં આવી છે. ગોકુલધામ સોસાયટીમાં વહુઓ તો અડધો ડઝન છે, પરંતુ સાસુ એક પણ નથી. હા, દયા બેનના આદર્શ સસરા ચંપક ગડા ચોક્કસપણે છે અને જેઠાલાલ ગડાના સાસુ પણ, પરંતુ તેમને ક્યારેય નાના પડદા પર દર્શાવાયા નથી.



શું આ ત્રણમાંથી એક પણ સિરિયલ આપણા સમાજમાં સાસુ-વહુના જે સંબંધો છે તેનું સાચું ચિત્ર રજૂ કરે છે? કદાચ નહીં. એ વાત સાચી છે કે માનવીય સંબંધો કોઈ નિશ્ચિત વ્યાખ્યાને અનુસારે નથી ચાલતા, પરંતુ કોઈ સાસુ સંપૂર્ણ આદર્શવાદી નથી કે સંપૂર્ણ ક્રૂર નથી હોતી અને કોઈ હાઉસિંગ સોસાયટી, ઓછામાં ઓછા ભારતમાં એવી નહીં હોય, જ્યાં કોઈ સાસુ નહીં હોય. આ જ વાત વહુઓને પણ લાગુ પડે છે. આ પૃષ્ઠભૂમિમાં, બોમ્બે હાઈકોર્ટની ઔરંગાબાદ બેંચના નિર્ણયને સમજવો જરૂરી બની જાય છે, જેના હેઠળ એવું લાગે છે કે ભારતમાં વહુઓ પાસે માત્ર 'જવાબદારી' છે અને તેમના કોઈ અધિકાર નથી.

તાજેતરમાં મૃત્યુ પામેલી પુત્રવધૂના સાસરિયાઓને દહેજ અને આત્મહત્યા માટે મજબૂર કરવાના આરોપમાંથી મુક્ત કરતાં હાઇકોર્ટે કહ્યું હતું કે પત્ની/પુત્રવધૂને મંદિરોમાં જતા અટકાવવા, તેને ટીવી જોવાની મંજૂરી ન આપવી અને તેને જમીન પર સૂવાની ફરજ પાડવી એ કાનૂની ક્રૂરતા નથી. ન્યાયાધીશો પાસે, તેઓ જે સમાજમાં સેવા આપે છે તેમાંથી તેમણે ઉપાડેલાં મૂલ્યોના આધારે કાયદાનું અર્થઘટન કરવાની સુગમતા હોય છે. તેથી ગુનાનો આ ખુલાસો આશ્ચર્યજનક નથી. કારણ કે આવા કિસ્સાઓમાં પુત્રવધૂઓ પ્રત્યે ક્રૂરતા સામાન્ય છે.

ઘણા દાયકાઓથી દીકરીઓ માટે ઘણી પ્રગતિ સુનિશ્ચિત કરી છે, પરંતુ પુત્રવધૂઓ માટે હજુ પણ રસ્તો ખૂબ જ ડરામણો છે. શું સાસરું તેમના માટે સલામત ઘર બની શકશે? કે નરક જ બની રહેશે? સાસરિયાંમાં, તેમની 'જવાબદારીઓ' કડક રીતે વ્યાખ્યાયિત કરવામાં આવે છે, પરંતુ તેમના મૂળભૂત અધિકારો હંમેશાં અસ્પષ્ટ જ રહે છે અને જો કંઈપણ થાય તો તે ઝઘડાનું કારણ બની જાય છે.

વહુનું કલ્યાણ અને સલામતી તેના સાસરિયાઓની અપેક્ષાઓ પર આધારિત છે. કદાચ તે અભ્યાસોનો ઉલ્લેખ કરવો પૂરતો હશે જે દર્શાવે છે કે પૌત્ર-પૌત્રીની સંખ્યા પણ દાદીની પ્રાથમિકતા દ્વારા નક્કી કરવામાં આવે છે, જ્યાં વહુ તેની સાસુ કરતાં ઓછી ભણેલી હોય છે.

લોકપ્રિય સંસ્કૃતિ નિઃશંકપણે 'વહુ કોડ ઓફ કંડક્ટ'ની ઘોષણા કરે છે, જેની લિસ્ટમાં સૌથી ઉપર લખેલું છે 'દરેક આજ્ઞાનું કંઇપણ આનાકાની વિના પાલન કરવું. જે વહુ તેના જીવનના છેલ્લા શ્વાસ સુધી અનેક ભૂમિકાઓ ભજવે છે, તેના સમાજ ઘણા વખાણ કરે છે. પણ, જે જરા પણ ફરિયાદ ન કરતી હોય. છેવટે આપણી સેવા કરવી એ તેમનો 'ધર્મ' છે. સમાજની ઈચ્છા મુજબ, પરિવારના અસ્તિત્વ માટે ૧૦૦% આધાર વહુ પર નિયંત્રણ રાખવાનો છે. શું વહુઓ આને કારણે 'મરી' રહી છે? પરંતુ એવું લાગે છે કે સમાજ માટે જ નહીં પરંતુ હાઈકોર્ટના ન્યાયાધીશો માટે પણ આ જ સાચું છે. આશ્ચર્ય?

આ સંજોગોમાં મને મારી સાસુ યાદ આવે છે, જેમણે જાન્યુઆરી ૨૦૨૨માં છેલ્લા શ્વાસ લીધા. તેમણે ક્યારેય મને કશું કહ્યું નથી, ક્યારેય નારાજ નથી થયાં, ક્યારેય ગુસ્સો કર્યો નથી અને ક્યારેય મને ઠપકો આપ્યો નથી. ક્યારેક કોઈ વસ્તુ માટે રોકી નથી, ટોકી નથી. મને સંપૂર્ણ સ્વતંત્રતા આપી. તે દુનિયાથી સાવ અલગ હતા. એવું નહોતું કે તેમને ગુસ્સો આવતો ન હતો, પરંતુ તે પોતાનો ગુસ્સો તેના પુત્ર એટલે કે મારા પતિ પર જ કાઢતા. તેમની દલીલ એવી હતી કે વહુ બીજા ઘરમાંથી આવી હોય, એટલે તેને અમારા પરિવારની રીતો સમજવામાં અને તેમાં એડજસ્ટ થવામાં સમય લાગશે, તે જરૂરી નથી કે તેણે પોતાની જાતને બદલવી જોઈએ અને આ માટે તેના માટે દબાણ કરવું અયોગ્ય છે. પરંતુ તું (મારા પતિ) તો આ મારો પુત્ર છે, મેં તને નવ મહિના મારા ગર્ભમાં રાખ્યો, તને ઉછેર્યો, તને સંસ્કાર આપ્યા, તને તો તારી માતાની સંભાળ કેવી રીતે રાખવી તેની જાણ હોવી જોઈએ. મારાં સાસુ મારી સાથે હંમેશાં તેમની પુત્રીની જેમ વર્તતા, તેમની પોતાની એક પુત્રી હતી, તેમ છતાં. તેઓ મને કહેતા, 'જો હું તને દીકરીની જેમ રાખીશ તો મારી દીકરીને પણ તેના સાસરિયાંમાં દીકરીની જેમ જ રાખશે. તેમની વાત સાચી હતી. મારાં નણંદ પણ તેના સાસરામાં દીકરીની જેમ જ રહે છે. હું ઈચ્છું છું કે બધી છોકરીઓને મારાં સાસુ જેવા સાસુ મળે અને 'ડોટર ઇન લો' માંથી 'ઈન લો' નીકળીને માત્ર ડોટર રહી જાય તો મોટાભાગના ઘરોની સમસ્યાઓનો અંત આવશે. ■

# કોલકાતાની એક શાળામાં બાળકોને ભણાવવામાં આવે છે પર્યાવરણ રક્ષણના પાઠ

ફોકસ
અનંત મામતોરા
feedback@bombaysamachar.com

પૂર્વ કોલકાતા વેટલેન્ડ્સમાં નારાયણપુર હાઇસ્કૂલ તેના અભ્યાસક્રમમાં પર્યાવરણીય સ્થિરતા એકીકૃત કરીને શિક્ષણમાં પરિવર્તન લાવી રહી છે. હેડમાસ્ટર અવિજિત દાસગુપ્તાની આગેવાની હેઠળ, વેસ્ટ મેનેજમેન્ટ, પ્લાસ્ટિક ઘટાડો અને સ્થાનિક સંરક્ષણ પ્રયાસો, વિદ્યાર્થીઓને વાસ્તવિક દુનિયાના પડકારો પર પગલાં લેવા અને સકારાત્મક પરિવર્તન લાવવા જેવી વ્યવહારુ પહેલો પર સ્કૂલ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

નારાયણપુર હાઈસ્કૂલમાં ધોરણ ૧૧મા ભણતી ૧૭ વર્ષીય વિદ્યાર્થિની સ્વસ્તિકા ઘોરાઈ કહે છે, 'હાલમાં આપણે પ્રદૂષણથી ઘેરાયેલા છીએ અને વધારે મોડું થાય તે પહેલાં પગલાં લેવાનું અને આપણા પર્યાવરણનું રક્ષણ કરવું એ આપણી ફરજ છે.' તેના શબ્દો શાળામાં નોંધપાત્ર પરિવર્તનના પ્રતીક સમાન છે.

ભાંગરના લીલાછમ પૂર્વ કોલકાતા વેટલેન્ડ્સમાં આવેલી, નારાયણપુર હાઈસ્કૂલ તેના વિદ્યાર્થીઓમાં પર્યાવરણીય જાગૃતિ અને ટકાઉ પ્રથાઓને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે પર્યાવરણીય જવાબદારીનું પ્રતીક બની છે.

આ પરિવર્તનમાં મોખરે છે ૪૮ વર્ષીય હેડમાસ્ટર અવિજિત દાસગુપ્તા, જેમની વ્યવહારિક, સામાજિક રીતે જાગરુકતા શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતા સ્કૂલના બદલાવ પાછળનું પ્રેરક બળ રહ્યું છે. અંગ્રેજીમાં માસ્ટર ડિગ્રી અને શિક્ષણમાં એમફીલની ડિગ્રી હાંસલ કરનાર અવિજિત દાસગુપ્તા શૈક્ષણિક કુશળતાને ઉદ્દેશ્યની ભાવના સાથે જોડે છે. તેમનો ઉદ્દેશ્ય માત્ર નારાયણપુર હાઈસ્કૂલમાં શૈક્ષણિક વાતાવરણને પુનર્જીવિત કરવાનો નથી, પરંતુ તેમના વિદ્યાર્થીઓમાં સામાજિક જવાબદારીનો ખ્યાલ પણ વિકસાવવાનો છે.

જ્યારે અવિજિતે ૨૦૧૯ માં નેતૃત્વ સંભાળ્યું, ત્યારે સ્કૂલ પાઠ્યપુસ્તકો અને પરીક્ષાઓના પરંપરાગત ચક્રમાં ફસાયેલી હતી, તેમનું આસપાસના વાસ્તવિક-વિશ્વના પડકારો સાથે બહુ ઓછું જોડાણ હતું. વિદ્યાર્થીઓ તેમના સમુદાયને પ્રભાવિત કરતી સામાજિક અને પર્યાવરણીય સમસ્યાઓથી અજાણ હતા.

અવિજિત કહે છે, 'મારા માટે, શિક્ષણ માત્ર તથ્યોને યાદ રાખવા વિશે નથી. તે વિદ્યાર્થીઓને જીવન માટે તૈયાર કરવા, તેમની આસપાસની દુનિયાને સમજવામાં મદદ કરવા અને તફાવત લાવવા માટે તેમને જ્ઞાનથી સજ્જ કરવા વિશે છે. હું ઇચ્છું છું કે મારા વિદ્યાર્થીઓ માત્ર શીખનારા કરતાં કંઇક વધુ બને.' તે કહે છે. 'તેમને વિશ્વને સમજવાની, તેના પડકારો સાથે જોડાવાની અને તેમને સંબોધવા માટે કુશળતા મેળવવાની જરૂર છે.'

બાળ તસ્કરી, જલ્દી લગ્ન થવા અને ડ્રગ્સનો દુરુપયોગ જેવા સ્થાનિક મુદ્દાઓની ગંભીરતાને ઓળખીને, અવિજિત જાણતા હતા કે તેમના વિદ્યાર્થીઓએ આ વાસ્તવિકતાઓનો સામનો કરવા માટે તૈયાર રહેવું પડશે. તેમણે એક એવા અભ્યાસક્રમની કલ્પના કરી હતી જે પરંપરાગત શિક્ષણથી આગળ વધીને વ્યવહારિક સમસ્યાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે.

સંરક્ષણ-સંબંધિત શિક્ષણને વધુ પ્રભાવશાળી બનાવવાના ઉદ્દેશ્ય સાથે નારાયણપુર હાઇસ્કૂલની સ્થિરતા તરફની સફરની શરૂઆત થઈ. 'કિડ્સ ફોર ટાઈગર્સ' સાથે ભાગીદારી શાળાની શરૂઆતની પહેલોમાંની એક હતી, જે સ્કૂલથી માત્ર ૭૦ કિમી દૂર સ્થિત સુંદરવનના સંરક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરતો કાર્યક્રમ હતો.

આ ભાગીદારી દ્વારા, વિદ્યાર્થીઓને આ પ્રદેશની સમૃદ્ધ વિવિધતાનો પરિચય કરાવવામાં આવ્યો હતો, જેમાં બંગાળની લુપ્ત થતી વાઘની પ્રજાતિ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. 'આ પહેલથી વિદ્યાર્થીઓને તેમની આસપાસના ઇકોલોજીકલ પડકારોની નોંધપાત્ર સમજણ આપવામાં આવી હતી, જે તેમની સ્થાનિક અને વૈશ્વિક ઇકોસિસ્ટમને સુરક્ષિત રાખવા માટે તાકીદ અને જવાબદારીની ભાવના પેદા કરે છે.' એવું અવિજિત કહે છે.

સ્કૂલ 'નમામી ગંગે' કાર્યક્રમમાં પણ જોડાઈ, જે ગંગા નદીની સફાઈ અને સંરક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરતી રાષ્ટ્રીય પહેલ છે. 'વિદ્યાર્થીઓને ગંગા વિશે શીખવવું એ પર્યાવરણ પ્રત્યેની તેમની પોતાની જવાબદારી વિશે શીખવવા જેવું છે.' તે સમજાવે છે 'વિદ્યાર્થીઓ ઘાટના કિનારે રહેતા લોકો સાથે જોડાઇ તેમને નદીમાં થતા પ્રદૂષણની અસર વિશે શિક્ષિત કરવાનું આયોજન કરી રહ્યા છે.'

વધુમાં, સ્કૂલે 'ડિસઅપિયરિંગ મેસેજ' સાથે ભાગીદારી કરી, જે વ્યવહારિક ટકાઉ શિક્ષણ પર કેન્દ્રિત જૂથ છે. આ સહયોગથી વિદ્યાર્થીઓને જળ સંરક્ષણ, વેસ્ટ મેનેજમેન્ટ અને વિવિધતા જાળવણી સંબંધિત પ્રાયોગિક પ્રોજેક્ટ્સમાં ભાગ લેવાની મંજૂરી મળી,' અવિજિત કહે છે.

આ પહેલના સૌથી નોંધપાત્ર પરિણામોમાંનું એક પ્લાસ્ટિક-ફ્રી ઝોન બનવા તરફ સ્કૂલનો પ્રયાસ હતો. 'જ્યારે હું હેડમાસ્ટર તરીકે જોડાયો ત્યારે વિદ્યાર્થીઓ પ્લાસ્ટિક પ્રત્યે બેદરકાર હતા, પરંતુ હવે તેઓ વધુ સારી રીતે એની અગત્યતા જાણે છે. તેઓ પર્યાવરણ પર તેમની ક્રિયાઓની અસરને સમજે છે.' અવિજિત કહે છે. તેમ છતાં સ્કૂલ પ્લાસ્ટિકના કચરાને નાબૂદ કરવાના તેના ધ્યેયના લગભગ ૭૦% સુધી જ પહોંચી છે, જ્યારે પહેલ શરૂ થઈ ત્યારે અસ્તિત્વમાં રહેલા પ્રતિકાર અને જાગૃતિના અભાવને ધ્યાનમાં રાખીને આ સિદ્ધિ એક મુખ્ય સીમાચિહ્નરૂપ હતી.

ધોરણ ૧૧મા ભણતી અંજલી દાસ કહે છે, 'હું પ્લાસ્ટિક પ્રત્યે બેદરકાર હતી, પરંતુ હવે હું ખાતરી કરું છું કે પ્લાસ્ટિક ડસ્ટબિનમાં જ જાય. મેં મારા પરિવાર અને મિત્રોને પણ આવું કરવાનું શીખવવાનું શરૂ કર્યું છે.'

૨૦૨૩ માં, નારાયણપુર હાઈસ્કૂલને પર્યાવરણીય શિક્ષણમાં તેના ઉત્કૃષ્ટ યોગદાન માટે 'વિપ્રો અર્થિયન એવોર્ડ' મળ્યો. આ માન્યતાથી શાળાની પ્રતિષ્ઠામાં વધારો થયો અને વિદ્યાર્થીઓમાં વધુ ઉત્સાહ પ્રજ્વલિત થયો. આ પુરસ્કારે માત્ર સ્કૂલની પહેલની સફળતાની પુષ્ટિ જ નથી કરી, પરંતુ સ્થાનિક અને રાષ્ટ્રીય સંસ્થાઓ સાથે વધુ ભાગીદારીના દ્વાર પણ ખોલ્યા છે. અવિજિત ગર્વથી કહે છે, 'અમે આખી શાળાને જીવંત પ્રયોગશાળામાં ફેરવી દીધી છે. વિદ્યાર્થીઓ હવે વૃક્ષોના નામકરણ અને સૂચિબદ્ધ કરવા જેવી પ્રવૃત્તિઓમાં ભાગ લે છે, જે તેમને અર્થપૂર્ણ રીતે પ્રકૃતિ સાથે જોડે છે.' અગિયારમા ધોરણની વિદ્યાર્થીની રિયા ઘોષ કહે છે, 'વિવિધ કાર્યક્રમો દ્વારા, હું શીખી કે વૃક્ષો કાપવા એ કોઈ વિકલ્પ નથી. મેં આ છોડ અને પ્રાણીઓને વાસ્તવિક જીવનમાં જોયા છે, અને હવે હું ભવિષ્યની પેઢીઓને બતાવવા માંગુ છું કે તેઓ કેટલા મહત્ત્વપૂર્ણ છે.' ■

સન્ડે ધારાવાહિક
અનિલ રાવલ
feedback@bombaysamachar.com




પિન્ટોએ અભિના ફોટો શૂટ કરીને પોર્ટફોલિયો તૈયાર કરવાનું કહ્યું ત્યારથી પ્રિયાની ખુશીની કોઈ સીમા રહી ન હતી. એવું નહોતું કે એણે અગાઉ ક્યારેય કોઈ એડ ફિલ્મ માટે ફોટો શૂટ કર્યા ન હતા, પણ અભિના ફોટો પાડવાની વાત જ કાંઈક ઓર હતી. એણે સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીના ફોટો શૂટ કરવા લોકેશન શોધી કાઢ્યું. અલગ અલગ પ્રોફાઇલ અને એન્ગલ વિચારી લીધા, પણ ફાઈનલી શૂટ કરતાં પહેલાં એ થોડી નર્વસ થઈ ગઈ, કારણ કે અભિનું ફોટો શૂટ હોવાથી એણે વધુપડતું વિચારી લીધું હતું.

'મારા પાડેલા ફોટો ક્લાયન્ટને પસંદ નહીં પડે તો અભિની કરીઅર પર અસર પડશે.' એ અભિની બાબતમાં આશાવાદી હતી. એ અભિને નાટક પછી.... એડ ફિલ્મ અને છેલ્લે ફિલ્મોમાં જોવા ઇચ્છતી હતી. એની ઝળહળતી કારકિર્દી જોવા ઝંખતી હતી.... એની સાક્ષી બનવા માગતી હતી. અભિનું સપનું એનું સપનું બની ગયું હતું. લોકેશન પર કૅમેરામાં રોલ ભરતી વખતની એની છેલ્લી મૂંઝવણ આ હતી.

'શું વિચારે છે આટલું બધું? અત્યારે તું એક પ્રોફેશનલ ફોટોગ્રાફર છો અને હું મૉડલ.... તું માત્ર આટલું જ વિચાર.' અભિએ પ્રિયાનું ટેન્શન હળવું કરતાં કહ્યું.

'લેટ્સ સ્ટાર્ટ.' પ્રિયાએ વિચારો ખંખેરી નાખ્યા ને ખચાક ખચાક ખચાક અવાજની વચ્ચે જુદા જુદા એન્ગલથી ફોટો ખેંચાવા લાગ્યા.... અભિના પોઝ બદલાયા...કૅમેરાના રોલ બદલાયા. મોડી સાંજે શૂટ પતાવીને.... રોલ ધોવા માટે સ્ટુડિયોમાં આપીને અભિ અને પ્રિયા હોટલમાં ડિનર કરવા બેઠાં.

'અભિ, તું કેટલો નસીબદાર છો તને એની ખબર નથી. પિન્ટો સરે તને એડ ફિલ્મ માટે કન્સીડર કરવા ક્લાયન્ટને ભલામણ કરી અને ક્લાયન્ટે તારો પોર્ટફોલિયો માગ્યો એ બહુ મોટી વાત છે.' પ્રિયાએ કહ્યું.

'હે પ્રિયે, હું મારી જાતને નસીબદાર ત્યારે ગણું જ્યારે ફિલ્મોમાં મેઇન રોલ કરું... લોકોમાં લોકપ્રિયતા મળે... મારા નામથી ફિલ્મો વેચાય. શક્ય છે કે ક્લાયન્ટને ફોટો પસંદ ન પડે..... આઈ મીન, ફોટો પસંદ પડે, પણ મોડલ પસંદ ન પડે.'

'....અને બંને પસંદ પડે તો.?' પ્રિયા બોલી.

'તો એડ ફિલ્મની કમાણીમાંથી પહેલી પાર્ટી તને.' અભિ અને પ્રિયાએ ગ્લાસ ઉઠાવીને ચિયર્સ કર્યું.

***

બસ્તા શેઠે પરદેશમાં બેઠેલા ડોનની રહેમનજરને લીધે મુંબઈમાં બિલ્ડિંગ બાંધકામમાં હાથ નાખ્યો હતો. ડોનનો ડોળો જેની ઉપર હોય એવી જુહુ, પાર્લા અને સાંતાક્રુઝ વિસ્તારમાં એણે હડપી લીધેલી કે ખાલી કરાવેલી પ્રોપર્ટીના ડેવલપમેન્ટમાં ડોનના ઊજળો ચહેરો ધરાવતા કાંધિયાઓ સાથે એની ભાગીદારી રહેતી. આ વાતની ભાગ્યે જ કોઈને ખબર હતી. ધીમે ધીમે ડોનની વધુ નિકટ પહોંચી ગયેલો બસ્તા શેઠ અંદર ખાને ડોનનો જ ચહેરો હતો. વચ્ચે વચ્ચે એ પરદેશમાં જઈ ડોનને મળી પણ આવતો હતો. એમની વચ્ચેના હિસાબ હવાલાથી થતા.... કાળાં અને ધોળાં નાણાંનો વહેવાર બસ્તા શેઠ સંભાળતો.

પરદેશમાં બેઠેલા ડોનનો ધંધો મુંબઈ ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં ફાઈનાન્સ કરવાનો પણ હતો. જોકે બસ્તા શેઠ એ ધંધામાં ક્યાંય માથું મારતા નહીં.... કારણ કે ડોને દરેક કામ માટે પોતાના અલગ અલગ વિશ્વાસુ માણસ ગોઠવેલા હતા. અને કોઈ એકબીજાના ધંધામાં હસ્તક્ષેપ કરતા નહીં. ફિલ્મોના ફાઈનાન્સ, ડિસ્ટ્રિબ્યુશન રાઇટ્સ, મ્યુઝિક કેસેટ્સ સહિતના વિવિધ ધંધામાં ડોને હબીબ નામના પોતાના એક ખાસ માણસને બેસાડ્યો હતો. હબીબ ફિલ્મલાઈનમાં ડોનનો ચહેરો હતો અને કેટલાક જાણીતા ફિલ્મનિર્માતાઓ એનાં બે નંબરનાં કાળાં નાણાંના જોરે ફિલ્મો બનાવતા. અશોક ટંડન આમાંનો જ એક નિર્માતા-નિર્દેશક હતો.

***

પ્રિયા સ્ટુડિયોમાંથી ધોવાઈને આવેલા અભિના ફોટો જોઈ રહી હતી. પિન્ટોએ એને અરજન્ટ ફોટો સિલેક્ટ કરીને આપવા કહ્યું હતું. પ્રિયા ટેબલ પર મૂકેલા ફોટોમાંથી કયા પસંદ કરવા એની મથામણમાં હતી. પ્રિયાને આવતાં વાર લાગી તો પિન્ટો ખુદ બહાર આવીને ફોટો સિલેક્ટ કરવા લાગ્યો.

'કિતના ટાઈમ લોગી.?' એણે બહાર આવતાં જ કહ્યું.

'સર, મુઝે સભી અચ્છે લગતે હૈ.... આપ સિલેક્ટ કરો.' પ્રિયાની મૂંઝવણ સમજી ગયેલા પિન્ટોએ ફટાફટ નજર કરીને ઢગલાબંધ ફોટોમાંથી માત્ર દસ ફોટો પસંદ કર્યા.

'બાકી સબ ફોટોઝ તુમ ઔર અભિ દોનોં મિલ કે દેખના.' જતાં જતાં એણે પ્રિયાને આંખ મારી. 'ઓહ તો સર, તમને અમારી રિલેશનશિપની ખબર પડી ગઈ એમ ને.' પ્રિયાની મનની મુસ્કાન બોલી. પિન્ટો ફીચર ફિલ્મનો માણસ ન હતો કે એણે પ્રેક્ષકોને સમજતા કે સમજાવતા ત્રણ કલાક લાગે. પિન્ટો એડ ફિલ્મ બનાવતો ને ૩૦ સેકન્ડમાં પ્રેક્ષકોને સમજી જતો ને સમજાવી પણ દેતો. એણે અભિને જોતાં ૭૦ એમએમનો થઈ જતો પ્રિયાનો ચહેરો ને અભિની બદલાતી ચાલ જોઈ લીધેલાં. પ્રિયા અભિના ફોટો જોવા લાગી. અભિ આવ્યો.

'તારા ફોટો આવી ગયા છે... જોવા માંડ.' પ્રિયાએ ટેબલ પર પાથરેલા ફોટો બતાવતાં કહ્યું.

'ના, મારે નથી જોવા..... એડ માટે સિલેક્ટ થઈશ પછી જ જોઈશ' કહીને એ એના ટેબલ પર જઈને બેસી ગયો.

***

સીમા એકલી પડી ગઈ હતી. ચંદનના કવેળાના મોતના શોકમાંથી હજી એ બહાર આવી નહોતી. ચંદનના મોતનું રહસ્ય એને ચેનથી જીવવા દેતું ન હતું. ચંદન જે પરિસ્થિતિમાં ઘરેથી ગયો ને જે રીતે એના મૃત્યુના સમાચાર આવ્યા એમાં હજી એને સંદેહ હતો. ચંદનનું મર્ડર થયું હોવાની વાત મોતીબાબુ ભલે માને, પણ સીમાનું મન માનતું ન હતું. ચંદન દારૂ પીને ક્યારેય ટેક્સી ચલાવતી નહતી. એ મારા અને અભિના સંબંધથી દુઃખી હતો... નારાજ હતો... ગુસ્સામાં હતો.... કદાચ આ કારણસર જ એણે દારૂના નશામાં ટેક્સી ચલાવી હોય..... પોલીસ અને પોસ્ટમોર્ટમ રિપોર્ટ ખોટા ન હોઈ શકે. સીમા બપોરે મરિયાના ફોન બુથ પર બેસીને વિચારતી હતી. મરિયાએ જ એને થોડા દિવસ પહેલાં સમય પસાર કરવા બુથ સંભાળવાનું સૂચન કર્યું હતું.

**સીમા, દિવસો બદલાઈ રહ્યા છે. તું મને બહુ જલદી એક એડ ફિલ્મ અને એક ફીચર ફિલ્મમાં જોઈશ**

'સીમા, કબ તક ઘર મેં બૈઠી રહેગી. બહાર નીકલ.... ઝેવિયર સ્કૂલ જાયે તબ આફ્ટરનૂન મેં ફોનબુથ સંભાલ. મૈં તુમ્હે ઇસકા પૈસા નહીં દે સકતી, લેકિન ઝેવિયર કો ટ્યૂશન દો.... ટ્યૂશન ફી દુંગી. ટેક્સી કે પૈસો પર ટીકના ઇમ્પોસિબલ હૈ.'

સીમાને મરિયાની માણસાઈ સ્પર્શી ગઈ હતી. એણે તરત જ હા પાડી દીધેલી. બપોરે એ બુથ સંભાળતી ને એ સમયમાં અભિના ફોનની રાહ જોતી..... એણે કદાચ આ કામ અભિના ફોનની રાહ જોવા માટે જ સ્વીકાર્યું હતું. જોકે, અભિ નાટકના શો, ફિલ્મો માટેની સ્ટ્રગલ અને એડ એજન્સીની નોકરીને કારણે વધુ ને વધુ બિઝી થઈ ગયો હતો.... એને સીમાની યાદ આવતી, પણ રાતે. રાતે એને સીમાનું પડખું યાદ આવતું. દિવસ દરમિયાન તો એ પ્રિયા સાથેની પળોમાં ખોવાઈ જતો. એ બપોર પડે એની રાહ જોતો. સીમાને ફોન કરીને વાતો કરતો અને પછીની રાત સીમા સાથે વીતાવતો. આવી કેટલીય રાતો બંને સાથે ગાળવા લાગ્યાં હતાં.

'અભિ, તારી સાથે સંબંધ બાંધીને મેં કોઈ ગુનો કર્યો હોય એવું મને લાગે છે. હું ચંદનના મોતની જવાબદાર છું.' સીમાએ એક રાતે અભિને કહ્યું હતું.

'તું એકલી નહીં, હું પણ એટલો જ જવાબદાર છું.' અભિએ કહ્યું.

'અભિ, તું મને પ્રેમ કરે છે કે મારા શરીરને..?' સીમાએ પૂછ્યું.

'પહેલાં તારા શરીરને પ્રેમ કરતો હતો, પણ હવે તને ચાહવા લાગ્યો છું.'

સીમાને અભિની વાતમાં સચ્ચાઈ લાગી. હકીકત કદાચ જુદી હતી.

***

એક દિવસ અચાનક અભિને કબાટમાંથી કાર્ડ મળ્યું. ઓહ, આ એ જ કાર્ડ.... એક્ટર્સ અડ્ડાના થિયેટર બહાર, શો પછી એક જણે આપ્યું હતું. એણે કાર્ડ વાંચ્યું: 'સુખી ગુલાટી.... ફિલ્મ નિર્માતા-દિગ્દર્શક.... ફોન નંબર, સરનામું..' બધું વાંચીને એણે કાર્ડ ખિસ્સામાં મૂક્યું.

ફિલ્મનો નિર્માતા-દિગ્દર્શક કાર્ડ આપે અને તું ભૂલી જાય... આનાથી મોટી બેદરકારી બીજી કઈ હોઇ શકે. એ પોતાને મનોમન ગાળો દેવા લાગ્યો.

બહાર નીકળીને એણે પહેલું કામ પબ્લિક બુથમાંથી ફોન કરવાનું કર્યું. અપોઇન્ટમેન્ટ મળી ગઈ. સુખી ગુલાટીની ઑફિસ પણ નાઝ કમ્પાઉન્ડમાં જ હતી. અભિ એકસાથે બબ્બે પગથિયાં ચડીને સુખી ગુલાટીની ઑફિસે પહોંચી ગયો. કેબિનનો દરવાજો ખખડાવતાં પહેલાં એણે શ્વાસ નૉર્મલ થવા દીધો.

'અભિનવ શ્રીવાસ્તવ, મુઝે તુમ્હારી એક્ટિંગ બહુત અચ્છી લગી. મેરી ફિલ્મ મેં રોલ કરોગે?' સુખી ગુલાટીએ ચાનો કપ અભિની આગળ ખસેડતાં કહ્યું.

'બિલકુલ કરુંગા સર...' અભિએ કહ્યું.

'રોલ દુંગા... પૈસા નહીં દુંગા.... બાત સીધી હૈ... બજેટ નહીં હૈ. યે કમર્શિયલ ફિલ્મ નહીં હૈ... ઔર આર્ટ ફિલ્મ ભી નહીં હૈ... ફિલ્મ ચલ ગઈ તો કમર્શિયલ.... નહીં તો આર્ટ ફિલ્મ.' ગુલાટીનું બલ્લે બલ્લે કરતું હાસ્ય કેબિનમાં ઘૂમરાયું ને અભિની નજર સુખીની ફિલ્મોને મળેલા એવોર્ડ્સ પર ફરી વળી.

'સર, મૈં કરુંગા. ફિલહાલ મુઝે પૈસે નહીં, કામ ચાહિયે,' અભિએ કહ્યું.

***

અભિ રોજના સમયે એડ એજન્સીની ઑફિસે ગયો. પ્યૂને એને કહ્યું: 'આપકો સા'બને યાદ કિયા હૈ.' એ સીધો પિન્ટોની કેબિનમાં ગયો... પ્રિયા પહેલેથી જ હાજર હતી.

'લો આ ગયા હીરો' એ બોલી. અભિને નવાઈ લાગી કેમ કે એણે ક્યારેય એને હીરોનું સંબોધન કર્યું ન હતું.

'અભિ, તુમ કભી સાબુન સે ન્હાયે હો?' પિન્ટોએ પૂછ્યું. આ કેવો સવાલ છે. અભિ મુંઝાઇ ગયો.

'બાઝાર મેં પહેલી બાર મર્દો કે લિયે એક નયા સાબૂન આયા હૈ.... ઉસકી એડ ફિલ્મ મેં તુમ્હે કામ કરના હૈ. યુ આર સિલેક્ટેડ ફોર ઇટ.... કૉન્ગ્રેચ્યુલેશન, યંગમેન.'

'થેન્ક યુ સર.' અભિ હાથ જોડીને ઊભો રહ્યો.

'ઉસ સાબૂન કા નામ હૈ હીરો.... જિસ કા કોપી રાઇટિંગ ભી તુમને કિયા થા..' 'યે હુઈના મર્દોવાલી બાત, પહેલી બાર હીરોલોગ કા હીરો સાબૂન.' પ્રિયા અભિએ લખેલી લાઈન બોલી ગઈ.

'ઓહ, અબ પતા ચલા... તુમને મુઝે હીરો ક્યું કહા.' અભિએ પોતાની જાતને બતાવતા કહ્યું.

બીજે દિવસે બપોરે અભિએ સીમાને ફોન કરીને ખુશખબર આપતાં કહ્યું: 'સીમા, દિવસો બદલાઈ રહ્યા છે. તું મને બહુ જલદી એક એડ ફિલ્મ અને એક ફીચર ફિલ્મમાં જોઈશ.'

***

પિન્ટો, પ્રિયા અને એની ટીમે તાબડતોબ હીરો સોપની એડ ફિલ્મ બનાવીને રીલીઝ કરી... થિયેટરોમાં એડ ફિલ્મ બતાવવાનું શરૂ થઈ ગયું. શહેરનાં મુખ્ય સ્થળોએ અભિની એડનાં પોસ્ટરો લાગી ગયાં. અખબારો અને મૅગેઝિનોમાં નવા સાબુની એડ છપાઈ. હવે અભિ થોડો જાણીતો ચહેરો બની ગયો.

***

પરદેશમાં રહીને ફિલ્મ ઇન્ડસ્ટ્રી પર હકૂમત ચલાવતા ડોનના ખાસ માણસ હબીબના આલિશાન ઘરમાં ફિલ્મજગતના નામાંકિત નિર્માતાઓ-દિગ્દર્શકો, હબીબે ઊભા કરેલા ડમી નિર્માતાઓ અને ફાઈનાન્શિયરો, અભિનેતાઓ, અભિનેત્રીઓની પાર્ટી ચાલી રહી હતી. પાર્ટીની મોજ માણતા ધૂરંધરોમાં અશોક ટંડન, મહિન્દર મોહન અને સુખી ગુલાટી પણ હતા. પાર્ટીએ એની અસ્સલ રંગત પકડી એ વખતે.... લગભગ બારેક વાગ્યે ફિલ્મી દુનિયાના અસલી હીરો આદિલ ખાને એન્ટ્રી મારી ને પાર્ટીનું ફોકસ બદલાઈ ગયું. ચમચાઓ એને ભેટવા... હાથ મિલાવવા આગળ ધસી ગયા, પણ આદિલ સૌથી પહેલાં હબીબને ભેટ્યો. ફિલ્મ દુનિયામાં સ્ટાર ગણાતા આદિલ ખાનની મોટા ભાગની ફિલ્મોમાં ફાઈનાન્સ ડોન હબીબ કરાવતો. આદિલ ખાન પોતાની મનપસંદ હિરોઈનથી લઈને ગીતકાર- સંગીતકાર અને એક્સ્ટ્રા કલાકારોની પસંદગીમાં પોતાની મનમાની કરતો. આદિલ ખાન, ડોનના પીઠબળને લીધે હીરો તરીકેની ખ્યાતિની સાથે સાથે પૈસા અને પાવરના નશામાં રહેતો. ફિલ્મલાઈનનો દરેક માણસ એના આ દબદબા પાછળનું કારણ જાણતો. થોડા પેગ હલક નીચે ઊતર્યા પછી અચાનક આદિલ ખાને ગુલાટી તરફ આંખનો ઈશારો કરતાં કહ્યું: હબીબભાઈ, ગુલાટી એક નયે છોકરે કો લે કર ફિલ્મ બના રહા હૈ. હબીબે કાતિલ નજરે ગુલાટીને જોયો. (ક્રમશઃ)■

આકાશ મારી પાંખમાં
કલ્પના દવે
feedback@bombaysamachar.com

# અને, સોનેરી સૂરજ ઊગ્યો



પાલઘર જિલ્લાના એક તળગામમાં કાળાં ડિબાંગ વાદળોને ભેદીને સૂરજ ઉગ્યો ત્યારે કેશવ ઘોડુંએ ગાયું-

***નટખટ બંસીવાલે ગોકુલ કે રાજા,
આજા, આજા- આભી જા.***

અને સાચે મારો કીસન આવી ગયો. પણ, લાલા આટલી મોટી પરીક્ષા લેવાની!

કેશવ ધોંડુ અને તેની પત્ની મંગલા ખેતમજૂરી કરીને દાડીયું મેળવતા. ૬૦વર્ષની કેશુની મા ગોદાવરી રાહ જોતી હતી કે ક્યારે મારી ગર્ભવતી મંગલા વહુ બાળકને જન્મ આપે અને હું દાદી બનું. જોજો ને મારા કેશવાને ઘેર માધો જ આવશે.

મંગલાનું રૂપ પણ સોળ કળાએ ખીલ્યું હતું. ગોદાવરી એને કહેતી- હવે તને છઠો મહિનો બેસશે, કાળજી રાખ. હવે મજૂરી કરવા ન જા. જો, હવે સાચવવાનું, પણ દાડીયું કરવા તો જવું જ પડે એટલે અશક્તિ લાગે કે ચક્કર આવે તો ય એણે કામ પર તો જવું જ પડે. બાળક આવે ત્યાર પછી ખર્ચો વધશે જ. સાચે જ. મંગલા કામ કરતાં કરતાં થાકી જતી હતી. ખોરાક ઘટી ગયો હતો.

એને થતું કે એકલો કેશવો કેટલું કમાય?, કોઈ મોટી મૂડી પણ નથી. તે દિવસે ડોક્ટર બેને કહ્યું કે મંગલાની કદાચ જલદી ડીલિવરી થશે. ફોર્સેપ કરવા મોટા ડોક્ટરની જરૂર પડે. ત્યારે કેશવાએ પૂછ્યું, કે એમાં ખર્ચ કેટલો થશે?

ડોક્ટરે કહ્યું- સાડા સાત હજાર જેટલા થાય, પણ હું મોટા ડોક્ટર પાસે થોડા ઓછા કરાવીશ..

એ વાતને ત્રણ અઠવાડિયા થઈ ગયા, કેશવો સાત-આઠ હજારની મદદ માટે પુઢારી કાકાને મળ્યો. પુઢારીએ પાંચ હજાર આપ્યા એ કેશવાએ પેટીમાં મૂકયા. ગોદાવરીએ પોતાનો સોનાનો કડલો આપતાં કહ્યું- કેશવા મી આહે ના. ચિંતા કરતો જ નહીં.

મંગલાને ક્યારેક પેટમાં ભારે શૂળ ઊપડતું, એને છાતીમાં દુખાવો ઊપડતો. એ કોઈને જણાવતી નહીં. મંગલા નાજુક હાલતમાં પણ મજૂરી માટે જતી કારણકે સુવાવડનો મોટો ખર્ચ થવાનો હતો.

તે રાત્રે સાડા નવ વાગ્યા હશે, કેશવો વાળુ કરીને ઝૂંપડીની બહાર ખાટલીમાં આડો પડ્યો હતો. એકાએક મંગલાને પેટમાં ભારે શૂળ ઊપડ્યું અને તેનું માથું ભમવા લાગ્યું. મંગલા રસોડા પાસે જ ઢળી પડી.

કેશવા જો મંગલાને શું થઈ ગયું- ગભરાતા અવાજે ગોદાવરીમાએ બૂમ મારી.

કેશવાએ કહ્યું- આઈ હું રિક્ષા લઈ આવું એને હમણાં જ ડોક્ટર પાસે લઈ જવી પડશે.

હો, હો ગાભરુ નકો, હું એની પાસે જ છું.

આઈ, પેટીમાં પૈસા છે, ત્રણ હજાર જેટલા લઈ લેજે.

ઘરના દેવને માથું નમાવી કેશવો રિક્ષા લેવા નીકળ્યો. જતાં જતાં બાજુવાળા મહેશકાકાને કહ્યું- કાકા જરા જુઓ, હું રિક્ષા લઈ આવું.

સોમલા, ગામથી જરા દૂર મેટરનિટી હૉસ્પિટલમાં જવાનું છે. ઘરમાં મંગલાની તબિયત અચાનક બગડી ગઈ છે. જલદી ચાલ. કેશવાએ તેની નજીક રહેતા સોમાને કહ્યું.

તેણે દારૂ પીધો હોય તેવું લાગતું હતું.

સોમા તું બરાબર ચલાવીશને, ભાભીને ઠીક નથી.

કેશવા મી થોડાસ ગેતલા હોતા, આતા બરોબર આહે. તુમી બાબા

હોણાર આણિ મી કાકા. ચલા. સોમાએ કહ્યું.

રિક્ષાની આગલી સીટમાં સોમા સાથે કેશવો ગોઠવાયો અને પાછળ આઈના ખભે માથું ઢાળીને મંગલા બેઠી હતી. એનો જીવ મૂંઝાતો હતો. થોડા પથરાળા રસ્તા પરથી પસાર થતા હતા ત્યારે મંગલાએ બે વાર ચીસ પાડી. આઈના હાથના સ્નેહાળ સ્પર્શથી એ શાંત થઈ ગઈ. આઈ, મનોમન વિઠલા, વિઠલાનો જાપ કરતી હતી. બીજી તરફ કેશવો સ્વસ્થ રહેવાનો પ્રયત્ન કરતો હતો.

બસ, હવે દસ મિનિટમાં જ આપણે હૉસ્પિટલ પહોંચી જઈશું.

સર્વોદય હૉસ્પિટલે બધા પહોંચ્યા ત્યારે રાતના દશ વાગ્યા હતા.

મંગલાને તપાસતાં મેટ્રન જરા ગંભીર થઈ ગઈ. એણે મંગલાને પૂછ્યું- તમે ક્યારે જમ્યા હતા, શું ખાધું હતું ?

મંગલાએ નકારમાં માથું ધુણાવ્યું. આંખો બંધ કરી દીધી. એને કંઈ કહેવું હતું પણ બોલી શક્તી નહીં.. મેટ્રને ડોક્ટરને ફોન કર્યો. એમણે કંઈક સૂચના આપી.

એક નર્સ આવીને ઈંજેક્શન આપી ગઈ. મેટ્રને કહ્યું- ડોક્ટર આતે હૈ.

બીજી તરફ મંગલાના શ્વાસોશ્વાસ ધમણની જેમ ધબકી રહ્યા હતા.

મેટ્રને પેલી નર્સને પૂછ્યું- પેશન્ટ કો કોનસા ઈંજેકશન દીયા થા?

મેટ્રને ઈંજેક્શન વિશે જાણીને નવી નર્સને ડોળા કાઢેલાં ઠપકો આપ્યો. મંગલા બેશુધ્ધ સ્થિતિમાં હતી. બહાર કેશવ, ગોદાવરી મા, સોમલો ચિંતાતુર બેઠા હતા.

ત્યાં જ ડોક્ટર આવ્યા. એમણે મંગલાને તપાસી. અંગ્રેજીમાં મેટ્રનને કશીક સૂચના આપી.

કેશવ અને સોમલાને કેબિનમાં બોલાવીને કહ્યું- જુઓ, પેશન્ટને બ્રીધિંગ પ્રોબલેમ છે, ગર્ભમાંના શિશુની પોઝિશન બરાબર નથી. આવી ડીલીવરી માટે જરૂરી સાધનો આપણી નાની હૉસ્પિટલમાં નથી. તમે વલસાડની મોટી હૉસ્પિટલમાં લઈ જાઓ. હું તમને ચિઠ્ઠી લખી આપું એ લોકો તરત ઓપરેશન કરશે.

પણ,આને આવી સ્થિતિમાં કેવી રીતે લઈ જઈએ? કેશવે પૂછ્યું.

જુઓ, ગર્ભશિશુ અને માતા બંનેને બચાવવા મોટી હૉસ્પિટલમાં જવું જ પડશે. અહીંથી નજીક આ જ મોટી હૉસ્પિટલ છે. અમે એમ્બ્યુલંસની વ્યવસ્થા કરી આપીએ છીએ.

કેશવાના તો પગ ધ્રૂજવા લાગ્યા. આઈએ તેની પીઠને પસવારીને કહ્યું- કેશુ, કાળજી નકો કરુ. સોમલાએ જ કહ્યું- હા, ડોક્ટર સાહેબ, તમે તુરંત એમ્બ્યુલંસ મંગાવો.

વીસ મિનિટ થઈ ગઈ. મેટ્રને જોયું કે મંગલાના ધબકારા નોર્મલ નથી, એ આંખ ખોલે ને ફરી બેશુધ્ધ અવસ્થામાં હોય છે.

નર્સે ખોટું ઈંજેક્શન આપ્યું હતું પણ એ વાત આ લોકોને કહેવાનો કોઈ અર્થ ન હતો. થવાનું હતું તે થઈ ગયું, પણ ડોક્ટર એમની ફરજ સમજતા હતા. ડોક્ટર સાહેબ તરત એના ઉપાય લેવા લાગ્યા.

તાબડતોબ એમ્બ્યુલંસની વ્યવસ્થા કરી આપી. જેટલું મોડું થાય, તેટલું જોખમ વધારે. પેશન્ટનો અને ગર્ભના શિશુનો જીવ જોખમમાં હતો.

આખરે એક એમ્બ્યુલંસ મળી પણ તેમાં ઓક્સિજનની વ્યવસ્થા ન હતી. ડોક્ટર સાહેબે શ્વાસોશ્વાસમાં મદદ કરી શકાય એટલે નેબ્યુલાઈઝર મંગલાના મોઢા પર લગાડી આપ્યું. પેશન્ટ માટે ખાસ એક સિનિયર નર્સને પણ એમ્બ્યુલંસમાં મોકલી.

દસ પંદર મિનિટે મંગલા ભાનમાં આવતી, પછી ઉંહકારા મારતી અને બેબાકળી આંખે ચારેબાજુ જોઈને પાછી ઘેનમાં સરી ગઈ. એમ્બ્યુલંસમાં મંગલા સાથે, એક હેલ્પર, કેશવ અને સિનિયર નર્સ હતાં. આઈ સોમલા સાથે રિક્ષામાં બેસીને મોટી હૉસ્પિટલ તરફ જઈ રહ્યા હતાં.

રાત્રે અઢી વાગે વલસાડ હૉસ્પિટલમાં એમ્બ્યુલંસ પહોંચી. વલસાડની મોટી હૉસ્પિટલના ડોક્ટરને ફોન પર અગાઉ મળેલી માહિતી પ્રમાણે ડોક્ટર સુમતિ દેસાઈએ અદ્યતન સાધનોથી મંગલાની પ્રસૂતિ કરાવી.

હવે મંગલા પણ સ્વસ્થ લાગતી હતી. નવજાત શિશુના એ પ્રથમ રુદનથી ઓપરેશન થિયેટરમાં સોનેરી કિરણો ફેલાઈ ગયા. કેશવાને ઘેર માધવ પધાર્યા. સોમલો કાકો થયો અને ગોદાવરીમાએ માધવના ઓવારણાં લીધા.

કાળા ડિબાંગ વાદળાં ભેદી સૂર્ય પ્રકાશિત તો થયો, પણ કોણ કહી શકશે કે એ ડોક્ટર સાહેબે કરાવ્યો કે વિધાતાએ! ■

વિશેષ
વીણા ગૌતમ
feedback@bombaysamachar.com

# અંજીરની ખેતી છે ફાયદાકારક

ઘણા લોકો ગૂલર અને અંજીર વચ્ચે કન્ફ્યુઝ છે. જોકે ગૂલર અને અંજીર બંને એક જ 'ફિકસ' પ્રજાતિનાં ફળો છે, પરંતુ આ બંને અલગ ફળો છે. આ બંને એકબીજા સાથે એટલી હદે સમાન છે કે જાણકાર લોકો પણ તેમને એક માની બેસે છે, પરંતુ ગૂલર એ ઉત્તર ભારતમાં જોવા મળતું એક નાનું અને ક્લસ્ટરવાળું ફળનું ઝાડ છે, જેની સામાન્ય રીતે વ્યવસાયી રીતે ખેતી થતી નથી, જ્યારે અંજીર એ ગૂલર જેવું જ નાનું, હલકું, ગોળાકાર ફળ છે, જે ખૂબ જ મીઠું, નરમ અને સ્વાદિષ્ટ હોય છે. એક તાજા અંજીરમાં લગભગ ૩૦ કેલરી હોય છે, જ્યારે સૂકા અંજીરમાં લગભગ ૪૯ કેલરી હોય છે. આ સિવાય અંજીરના એક ફળમાં સરેરાશ ૦.૫૭૯ ગ્રામ પ્રોટીન, ૧૨.૪૨ ગ્રામ કાર્બોહાઈડ્રેટ, ૨.૩૨ ગ્રામ ફાઈબર, ૦.૨૨૨ ગ્રામ ચરબી, ૦.૪૪૫ ગ્રામ સેચ્યુરેટેડ ફેટ, ૦.૧૦૬ ગ્રામ પોલી અનસેચ્યુરેટેડ ફેટ, ૦.૦૪૯ ગ્રામ મોનો સેચ્યુરેટેડ ફેટ, ૨ મિલિગ્રામ સોડિયમની સાથે ૮૩ ટકા સર્કરા પણ હોય છે, જે તેને વિશ્વનું સૌથી મીઠું ફળ બનાવે છે. આમ છતાં અન્ય ફળોની સરખામણીમાં તાજા અને મીઠા અંજીરનું સેવન ડાયાબિટીસના દર્દીઓ માટે ફાયદાકારક માનવામાં આવે છે. કદાચ એટલા માટે કે તેમાં પોટેશિયમ પણ સારી માત્રામાં જોવા મળે છે. જે બ્લડ પ્રેશર અને સુગરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે.

મૂળભૂત રૂપે અંજીર મધ્ય એશિયા અને ભૂમધ્ય પ્રદેશનું વૃક્ષ છે, પરંતુ તે ભારતમાં ખાસ કરીને મહારાષ્ટ્ર, ગુજરાત, ઉત્તર પ્રદેશ, તમિલનાડુ અને આંધ્ર પ્રદેશમાં પણ જોવા મળે છે. ભારતમાં, અંજીરની ખેતી મહારાષ્ટ્રના પુણે શહેરની આસપાસ કરવામાં આવે છે, જેને વર્ષ ૨૦૧૬માં જીઆઈ ટેગ મળ્યો છે અને વિશ્વમાં તેની ખૂબ માગ છે. હાલમાં તેનો રસ પોલૅન્ડ અને તાજા અંજીર હોંગકોંગમાં નિકાસ કરવામાં આવે છે, પરંતુ સમગ્ર વિશ્વમાં તેની માગ છે. સામાન્ય રીતે સિઝનમાં તાજા અંજીર સ્થાનિક બજારમાં રૂા. ૧૦૦થી ૨૫૦ પ્રતિ કિલોના ભાવે મળી રહે છે,



પરંતુ જો તે પુણેના અંજીર છે તો તે ઓછામાં ઓછા રૂા. ૩૦૦ પ્રતિ કિલોના ભાવે મળે છે. જોકે, તાજા અંજીરની કિંમત પાક, મોસમ, ઊપજ અને ગુણવત્તા અને બજારમાં ઉપલબ્ધતાને આધારે નક્કી કરવામાં આવે છે. સૂકા અંજીરની વાત કરીએ તો તે સામાન્ય રીતે ૬૦૦ થી ૧૨૦૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે મળે છે. હા, જો વિદેશમાં નિકાસ કરી શકાય એ ગુણવત્તાનાં અંજીર છે તો તેની કિંમત ઓછામાં ઓછી રૂા. ૧૫૦૦ પ્રતિ કિલો છે.

ખેડૂતો માટે અંજીરનાં વૃક્ષો વાવવાં ઘણાં કારણોસર ફાયદાકારક છે. પ્રથમ, અંજીરના ફળની માગ બજારમાં ઉપલબ્ધતા કરતાં વધુ છે. તાજાં અંજીર બજારમાં સરેરાશ રૂા. ૨૦૦ પ્રતિ કિલોના ભાવે વેચાય છે, જ્યારે સૂકા અંજીરની કિંમત રૂા. ૧૨૦૦થી રૂા. ૧૫૦૦ પ્રતિ કિલો છે અને માત્ર દેશમાં જ નહીં, પરંતુ દેશની બહાર પણ તેની સારી માગ છે. તેની ખેતી ખેડૂતો માટે ફાયદાકારક બની શકે છે કારણકે અંજીરનું ઝાડ ૨ થી ૩ વર્ષમાં ફળ આપવાનું શરૂ કરે છે અને તેનું ૪ થી ૫ વર્ષમાં સારું વ્યવસાયી ઉત્પાદન થઈ રહે છે. જ્યારે અંજીરના ઝાડની ઊંચાઈ ૧૦ થી ૨૦ ફૂટ હોય છે, જો તેને યોગ્ય રીતે કાપવામાં આવે તો તેનો ફેલાવો ૧૦ થી ૧૫ ફૂટ પહોળો થાય છે, જે ઉત્પાદનની દૃષ્ટિએ ખૂબ જ સારો ફેલાવો છે. અંજીરનું ઝાડ સામાન્ય રીતે ૪૦ થી ૫૦ વર્ષ સુધી આરામથી જીવિત રહે છે અને જો તેની યોગ્ય કાળજી લેવામાં આવે તો તે ૭૦ વર્ષ સુધી જીવી શકે છે, પરંતુ તે સારો પાક ૧૫ થી ૨૦ વર્ષ સુધી જ આપે છે, ત્યાર બાદ પાક ઓછો થવા લાગે છે. અંજીરનું ઝાડ વર્ષમાં બે વાર ફળ આપે છે. એક વાર ઉનાળામાં અને બીજી વાર ચોમાસા પછી. ફળ આવ્યા બાદ તેના ફળ ૧૨૦ થી ૧૫૦ દિવસમાં પાકે છે. પાકેલા અંજીર વધુ દિવસ સુધી સારાં રહેતાં નથી. તેથી, તાજાં અંજીરને લઘુતમ ૫ ડિગ્રી સેન્ટીગ્રેડ તાપમાને સંગ્રહ કરવાની સુવિધા હોવી જોઈએ. આ તાપમાનમાં પણ તેને માંડ ૭ થી ૧૦ દિવસ સુધી રાખી શકાય છે. જ્યાં સુધી સૂકવવાની વાત છે, તેને સૂર્યપ્રકાશ અથવા ડિહાઇડ્રેટરનો ઉપયોગ કરીને સૂકવવામાં આવે છે. સૂકા અંજીરની માગ પણ ઘણી વધારે છે અને ભાવ પણ સારો મળે છે. જો ખેડૂતભાઈઓ અંજીરની ખેતી કરવા માગતા હોય તો કેટલીક બાબતોનું ધ્યાન રાખો. તેના માટે ગરમ અને શુષ્ક વાતાવરણ જરૂરી છે. તે ૧૫ થી ૩૫ ડિગ્રી સેન્ટીગ્રેડના તાપમાનમાં સારી રીતે વધે છે. એના માટે રેતાળ જમીન યોગ્ય છે, જેમાં ડ્રેનેજની સારી સગવડ હોય છે. જમીનનું પીએચ લેવલ ૬થી ૭ હોવું જોઈએ. ખેતરમાં ખેડાણ કરી માટીને ક્ષીણ મિશ્રણમાં ફેરવો અને એકર દીઠ ગાયના છાણના ખાતરની ઓછામાં ઓછી બે ટ્રેક્ટર ટ્રોલી ઉમેરો. રોપણી માટે, હંમેશાં નર્સરીમાંથી ઉચ્ચ ગુણવત્તાના કલમી અથવા કટિંગ છોડ જ ખરીદો.

૧૦ થી ૧૫ ફૂટના અંતરે છોડ વાવો. બે છોડ વચ્ચે પૂરતી જગ્યા રાખો જેથી વૃક્ષ યોગ્ય રીતે ઊગી શકે.


અંજીરના ઝાડને વધવા માટે વધારે પાણીની જરૂર પડતી નથી, તેમ છતાં ઉનાળામાં ૭ થી ૧૦ દિવસમાં એકવાર અને શિયાળામાં ૧૫ થી ૨૦ દિવસમાં એકવાર સિંચાઈ કરો.

ચોમાસામાં ઝાડને બિલકુલ પાણી ન આપવું. દરેક અંજીરના ઝાડને વાર્ષિક ૮ થી ૧૦ કિલોગ્રામ ગોબર ખાતર, ૧૦૦ થી ૨૦૦ ગ્રામ નાઈટ્રોજન, ફોસ્ફરસ અને પોટાશ આપો. માર્ચ, એપ્રિલ અને ઓક્ટોબર, નવેમ્બર મહિનામાં અંજીરના ઝાડને ફળદ્રુપ કરો. દર વર્ષે શિયાળા પછી, તેની ખરાબ રીતે પીળી પડેલી અને ક્ષતિગ્રસ્ત શાખાઓને કાતરથી કાપી નાખો. ■

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# તાપીના કિનારાનો રંગદર્શી...




ગઝલ લોકપ્રિય થવા માંડી ત્યારે સાહિત્ય મંડળ અને ગઝલ મંડળોની સ્થાપના થઈ. ઉમાશંકર જોશી, જ્યોતીન્દ્ર દવે, બાદરાયણ, સુંદરમ્ અને આચાર્ય આનંદ શંકર ધ્રુવ જેવા સાહિત્ય સ્વામીઓ દ્વારા પ્રોત્સાહન મળ્યું તેથી મુશાયરા પ્રવૃત્તિને વેગ મળ્યો. સૂરતમાં એક કવિ સંમેલનમાં પ્રમુખ આચાર્ય આનંદ શંકર ધ્રુવ હતા. યુવાન કવિ – ગઝલકાર 'આસિમ' રાંદેરીએ કોઈ ગઝલ ન સંભળાવી પણ પંચપદી 'આંધળી છોકરી' કાવ્યનું પ્રભાવી રજૂઆત સાથે પઠન કર્યું. આચાર્યને એ કાવ્ય તો શું, એમાં રહેલી અંધબાળાની આરત એટલી સ્પર્શી ગઈ કે ફરીથી કાવ્યપઠન કરાવ્યું. પછીથી એ કાવ્ય એમના સાહિત્ય માસિક 'વસંત'માં પ્રગટ કર્યું. કોઈ ગુજરાતી શાયરને 'વસંત'માં પ્રથમ સ્થાન મળ્યું હોય તો તે આસિમ રાંદેરીને.

એ કાવ્યનો ભાવ એવો છે કે મેં આ જગત, ચાંદ-સિતારા તો ભલે જોયા નથી પણ અકથ્ય ઉત્કંઠા છે કે મારી માનું મુખ જોઈ લઉં. છેલ્લો છંદ બહુ જ મમસ્પર્શી છે:

**મારી આંખોને લગારે નૂરની પરવા નથી,**
**અંધતાનો તો જરાયે ગમ નથી, ચિંતા નથી,**
**દેખનારી આંખની ઈચ્છા નથી, ઈર્ષા નથી,**
**તુજને પણ જોવાની ઈચ્છા ઓ પ્રભુ મારા, નથી**
**એક ઈચ્છા છે કે મારી માનું મુખડું જોઈ લઉં.**

જે શાયર પહેલી જ વાર કવિ સંમેલનમાં રજૂ થઈને આટલી પ્રશંસા પામ્યા હતા તેને ગઝલ પ્રેમી શ્રોતાઓ 'આસિમ' રાંદેરીના નામે જાણે છે. મૂળ નામ છે મહેમુદમિયાં અને તખલ્લુસ 'આસિમ' રાંદેરના હાજી શેખ ઈમામ સૂબેદાર ખાનદાનમાં એમનો જન્મ બીજી ડિસેમ્બર ૧૯૦૪માં થયો હતો અને છ દાયકા સુધી ગઝલની અને ગીતની અવિરત સાધના કરી હતી.

આસિમ ગઝલના રંગે રંગાયેલ ગઝલપ્રેમી કવિ એટલે પ્યાર, મહોબ્બત, પ્રણય ને પરિણયની રેલમછેલ. કેટલાક કવિઓનાં પ્રિય પાત્રો હોય છે અને તેનું સર્જન એ પ્રીતિપાત્રની વિવિધ સ્મૃતિઓ સાથે ઓતપ્રોત હોય છે. કલાપીની કાવ્ય નાયિકા 'શોભના', રમેશ પારેખની 'સોનલ', સુરેશ જોષીની 'મૃણાલ' એવી જ રીતે આસિમ રાંદેરીની પ્રિયતમા 'લીલા' છે. એમણે પહેલો કાવ્ય સંગ્રહ 'લીલા'ના નામે પ્રગટ કર્યો હતો. પ્રણયના અનેકવિધ આયામોને એમણે શાયરીમાં ઉજાગર કર્યા છે. મહોબ્બતની અજબ પાઠશાલા ગઝલના કેટલાક મહોબતીલા શેરથી શરૂઆત કરીએ:

**પ્રણયના પૂજારી છે જગથી નિરાલા**
**ન માથે જટા છે ન હાથોમાં માલા**
**છે મદઝરતી આંખો કે ઢળતી સુરાહી,**
**નજર જ્યાં મળે, દિલના છલકાય પ્યાલા!**
**અહીં સર્વ ભૂલી શકે એ જ પંડિત**
**મોહબ્બતની પણ છે અજબ પાઠશાલા**
**આ મહેફિલની શોભા ન મુજથી ન તુજથી**
**ફક્ત પ્રેમની છે બધી બોલબાલા**
**મહોબ્બતથી રંગી ગયા, જે ગઝલને**
**એ 'આસિમ' હતા કોઈ રાંદેરવાલા**

સૂરતમાં ગઝલની મહાપાઠશાલાના પ્રાણને ધબકતો રાખનાર શાયર રતિલાલ 'અનિલ' એમના દીર્ઘ આયુષ્યનાં છેલ્લાં વર્ષોમાં 'અલ્‌વિદા' ગઝલ સંગ્રહ આપે છે.

એ સંગ્રહ 'આસિમ' રાંદેરીને અર્પણ કરીને લખે છે કે 'પૂરી એક સદીની ગઝલ સફરના વડીલ સાથી 'આસિમ' રાંદેરીને...' આખી વીસમી સદીમાં છવાઈ ગયેલા શાયરોમાં બહુ મહત્ત્વનું નામ આસિમ રાંદેરીનું છે.

આસિમભાઈનું અનુભવ વિશ્વ વિશાળ હતું. શરૂઆતમાં ઉર્દૂમાં ગઝલ લખવાનું શરૂ કર્યું પણ એમની ઊર્મિ ફૂલીફાલી ગુજરાતી શાયરીમાં. 'લીલા' માસિક શરૂ કરે છે અને અભ્યાસ સાથે સાહિત્યની સાધના કરે છે. પિતાના અવસાનને કારણે મેટ્રિક સુધીના અભ્યાસ પછી ઈસ્ટ આફ્રિકના બિઝનેસને સંભાળવા નૈરોબી જવું પડ્યું. અભ્યાસ આગળ ન વધી શક્યો. ૧૯૩૨માં રાંદેર વતનમાં પાછા આવે છે અને શરૂ થયેલા મુસ્લિમ ગુજરાતી સાહિત્ય મંડળમાં જોડાયા ગઝલોના પાંચ સંગ્રહ પ્રગટ થયા છે. ૧૯૩૬માં મુંબઈમાં વસવાટ કરે છે. અને મુશાયરાની પ્રવૃત્તિમાં પ્રયોજક અને પ્રેરક રહે છે. 'અનિલ' કહે છે તેમ આસિમભાઈનો સ્વયંભૂ શાલીન સ્વભાવ, મૈત્રીપૂર્ણ વર્તાવ અને સુયોગ્ય વ્યવસ્થા શક્તિ એ એમના કવન અને જીવનમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ગઝલ ચાહકોમાં 'લીલા' કાવ્યોની રંગદર્શિતા અપાર હતી. આ એક જ એવા ગુજરાતી શાયર છે, જે સંખ્યાબંધ દેશોમાં, ત્યાં રહેતા ગુજરાતી સમાજમાં પોતાની ગઝલોથી છવાઈ ગયા હતા. શ્રોતા સુધી સહજપણે પહોંચતી રજૂઆત અને રંગસભર શાયરી ભારત અને પરદેશમાં વસતા ગુજરાતીઓ સુધી પહોંચી એનું શ્રેય આસિમભાઈને ફાળે જાય છે. એમની સહજ રજૂઆત અને સરળ ભાષાની રવાની ભાવકને તરત જ આંજી દેતી. બધા મુશાયરામાં શ્રોતાઓ આગ્રહ કરીને જે ગઝલ સાંભળતાં તેના થોડાક શેર જોઈએ:

પ્રશંસામાં નથી હોતી કે નિંદામાં નથી હોતી
મજા હોય છે ચૂપમાં તે ચર્ચામાં નથી હોતી
ગુલાબી આંખની રંગીન શીશામાં નથી હોતી
નજરમાં હોય છે મસ્તી તે મદિરામાં નથી હોતી
મોહબ્બત થાય છે પણ થઈ જતાં વાર લાગે છે
મોહબ્બત ચીજ છે એવી જે રસ્તામાં નથી હોતી
ગઝલ એવીય વાંચી છે અમે 'લીલા'ની આંખોમાં
અલૌકિક – રંગમય જે કોઈ ભાષામાં નથી હોતી
અનુભવ એ પણ 'આસિમ' મેં કરી જોયો છે જીવનમાં
જે ઊર્મિ હોય છે તાપીમાં, ગંગામાં નથી હોતી.

આસિમભાઈએ સળંગ વિષયનાં કાવ્યો વધારે લખ્યાં છે. તેઓ વાત માંડીને અંત સુધી રસ જાળવી રજૂઆત કરે અને શ્રોતાઓ આતુરતાપૂર્વક રસમય થઈ જાય એવી સરસ રજૂઆત પણ હતી. ફારસીમાં ત્રિપદીથી લઈને શત્ પદી સુધીના સ્ટાંઝાના ગીત-સ્વરૂપો છે અને ગઝલના છંદોમાં જ લખાય છે. સ્ટાંઝાવાળી ગીત પ્રકારની સળંગ રચના ગુજરાતીમાં આસિમ અને સાલિક પોપટિયા લઈ આવ્યા અને એમાં સફળ શ્રોતાઓના મનનું વશીકરણ કરવાની કળાને લીધે આસિમ રાંદેરી સફળ અને સુપ્રિય રહ્યા હતા. સરળ અને સહેલી ભાષામાં રજૂઆત એમનો વિશેષ હતો જે એમની કંકોતરી કૃતિમાં માણી શકાય છે. પ્રિયાના લગ્નની કંકોતરી આવે છે અને કવિ બોલી ઊઠે છે:

**કંકોતરીથી એટલું પુરવાર થાય છે**
**નિષ્ફળ બને છે પ્રેમ તો વ્યવહાર થાય છે**

હવે પછી આસિમની ગઝલોમાં તાપીનો કિનારો શા માટે આવે છે તેની વાત કરીશું. (ક્રમશઃ) ■

---

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# પ્રેમના રંગ કેવા કેવા સોનેરી- કેસરિયો કે કાળો?



**ટાઇટલ્સ:**

ઈશ્ક અને વિક્સની ખૂશ્બુ છુપાવી ના શકાય. (છેલવાણી)

પુરુષ 'એકલો' હોય ત્યારે અલગ હોય ને 'બેકલો' એટલે કે પત્ની-પ્રેમિકા સાથે હોય ત્યારે સાવ અલગ. નવા નવા પ્રેમી-પ્રેમિકા, પાર્ટીમાં જાય તો એકમેકને નીરખીને શરમાય, એકબીજાને કોળિયા ભરાવે, આપસમાં 'સોના-જાનું-બેબી' કહીને પુચકારે. પછી એ જ લોકો પરણીને 'કપલ' બન્યા પછી તો પત્ની વાત શરૂ કરે તો પતિ એમાં 'હા'માં 'હા' ભરે ને પતિ વાત કરે તો પત્ની એનો કેચ પકડે. બેઉમાં ટેબલ-ટેનિસની જેમ આપ-લે ચાલ્યે જ રાખે.

આ પાગલપનની શરૂઆત એ બે પ્રેમમાં પડે ત્યારે સમી સાંજ જેવા 'ગુલાબી રંગ'થી થાય. પછી એ જ ગુલાબી રંગ પરણતી વખતે પ્રખર તડકામાં નીકળેલા વરઘોડામાં સૂરજનાં 'સોનેરી રંગ'માં બદલાઇ જાય, પણ વરઘોડાના ઘોડા પછી હિલસ્ટેશનમાં હનીમૂન પર ઘોડેસવારી પર વાત પહોંચે ત્યારે નવો રંગ ખિલે , જેમ કે-

નવપરિણીત કપલ હનીમૂનમાં ઘોડેસવારીએ નીકળ્યું, પણ નાનકડું ઝરણું ઓળંગતી વખતે પતિના ઘોડાનો પગ લપસી ગયો ને સ્હેજ આંચકો લાગ્યો. પત્નીએ ઘોડાને ગુસ્સામાં કહ્યું, 'યાદ રાખ, આ તારી પહેલી ભૂલ!' . થોડે દૂર પથ્થર પર પતિના ઘોડાનો પગ અથડાયો ને પતિ સ્હેજ ઊથલ્યો. પત્નીએ ફરી ઘોડાને વઢીને કહ્યું, 'લિસન, આ બીજી ભૂલ!' પછી આગળ વધતાં પતિના ઘોડાએ એક ફેણ ચઢાવેલ નાગ જોયો એટલે ભડકીને બે પગ ઊંચા કર્યા એટલે પતિ નીચે પડકાયો. પત્ની પોતાના ઘોડા પરથી નીચે કૂદીને પતિના ઘોડાને કહ્યું, 'આ ત્રીજી ને ફાઇનલ ભૂલ.' અને રિવોલ્વર કાઢીને ઘોડાને ગોળીએ દીધો. આ જોઇ ચોંકી ગયેલ પતિ બરાડ્યો :

'આ શું કર્યું? આટલી વાતમાં મૂંગા જાનવરને મારી નખાય પાગલ છે?'

પતિ તરફ તાકીને પત્નીએ કહ્યું, 'આ તારી પહેલી ભૂલ!'

**ઇંટરવલ:**

મહોબ્બતના સવાલોના કોઇ ઉત્તર નથી હોતા, અને જે હોય છે તે એટલા સધ્ધર નથી હોતા. (શેખાદમ આબુવાલા) ટૂંકમાં, લગ્ન પછી જ સાચું કેરેક્ટર બહાર આવે ને પછી એકમેકને એડજસ્ટ કરવાની રમત શરૂ થાય. લવ-અફેર, જો ૨૦-૨૦ ની ક્રિકેટ મેચ હોય તો લગ્ન ટેસ્ટ મેચ છે. આવા જૂના પરણેલા કપલ્સને પાર્ટીમાં મળો ત્યારે સૌ એક પછી એક લગ્નજીવનનાં કિસ્સાઓ કહેવાની કવ્વાલી શરૂ કરે. તમારી કસોટી ત્યારે થાય કે તમારી સ્ટોરી, લાસ્ટ કપલ સ્ટોરી કરતાં વધારે ઇન્ટરેસ્ટિંગ હોવી જોઈએ. જો કપલ નંબર.૧નો પતિ કહે કે-'અરે, હું બેંગકોક ગયેલો ત્યારે મારી ગર્લફ્રેંડ અને પાસપોર્ટ બેઉ ખોવાઈ ગયેલા, બોલો? ત્યાંથી માંડ પાછો આવ્યો ને પછી આ કવિતાને પરણ્યો!'

હવે તમારે આ વાર્તાને ટપી જવા માટે કહેવું પડે : 'અરે, અમેરિકામાં મારો સામાન, પાસપોર્ટ ને વાઇફ તો ખોવાઈ ગયેલા પણ સાથે સાથે મારો નાનો બાબો પણ ખોવાઈ ગયેલો!' (પણ આના માટે તમારે કમસેકમ એક દીકરો હોવો જોઈએ, નહીંતર પકડાઇ જાવ)

પછી લગ્નનાં ૧૦-૧૫ વરસ બાદ એ જ કપલ-લોકોની એ જ વાતો રિપીટ થયે રાખે. એ છે- સ્નેહ-સંબંધનો આથમતા સૂરજનાં તડકાવાળી સાંજનો 'કેસરિયો રંગ'. ત્યારે એજ લોકોની પાર્ટીમાં પતિ કહેશે પાંચ વરસ પહેલાં અમે કુંભનાં મેળામાં છૂટાં પડી ગયેલા૩-૩ દિવસ સુધી એકબીજાને મળ્યાં જ નહીં! છેક ચોથે દિવસે મેં છીંક ખાધી ત્યાં તો મારી પાછળથી અવાજ આવ્યો, દવા લીધી?' ને મેં જોયું તો આ તમારી ભાભી ઊભી હતી પણ એ ૩ દિવસ એકબીજા વિના અમે જે એન્જોય કર્યું કે પૂછો નહીં. હેંને, ડાર્લિંગ?! '

'યેસ! એ અમારી આજ સુધીની બેસ્ટ કપલ-ટ્રીપ હતી' પત્ની ટાપશી પુરાવશે

પણ હવે તમે જ્યારે આવી ખાટી-મીઠી સ્ટોરીને નકલી રોમાંચક અદામાં સંભળાવતા હો ત્યારે અચાનક જ તમને ખબર પડે કે પાર્ટીમાં તો તમને કોઇ સાંભળી જ નથી રહ્યું. બધાં વેઇટરને બિલ આપવામાં કે પોતપોતાનો મોબાઇલ ચેક કરવામાં બિઝી છે, કારણ કે સૌએ આ કિસ્સો અનેક વાર સાંભળ્યો છે. તમે પત્ની તરફ લાચારીથી જોશો, પણ એ પબ્લિકમાં તમારું દિલ તોડવા નથી માગતી. હવે એ તમને અટકાવીને ધીમેથી કહેશે:

' બહુ થયું હવે, કોઈ નથી સાંભળતું આ એકનું એક! અને હવે મને ઇમ્પ્રેસ કરવાની રહેવા જ દો. મને તો સાવ મોઢે છે. ઉપડો.'

આમને આમ, સમય જતાં થાકેલ લગ્નજીવનમાં બીજા મિત્ર કપલ્સ તો શું પણ પતિ-પત્ની પોતે પણ એકમેકની વાતો સાંભળવાનું ધીમે ધીમે બંધ કરવા લાગે છે. બેઉની વાતો ટૂંકી થઇ જાય છે ને દિવસ લાંબો લાગવા માંડે છે. સાવ સાથે હોવા છતાં અંદરનું અંતર વધે રાખે છે. એકમેકથી અંતર બાદ અબોલા આવે ને પછી અલગ અલગ જીવન! આજકાલ ૫૦-૬૦ વરસે બાળકો મોટાં થયાં બાદ, સાથે રહીને પણ અલગ અલગ જીવીને, 'ગ્રે-ડિવોર્સ' લેવાની ફેશન છે. એક જ છતમાં છૂટાછેડાં વિના પણ છૂટ્ટા!

એક ૬૫ વરસના વડીલ નવી મર્સિડીઝ કાર ખરીદીને, સીટી મારતા મારતા હાઇ-વે પર ૧૫૦ કિલોમીટરની ઝડપે હંકારતા હતા. એટલામાં જોયું કે પોલીસની કાર સાઇરન વગાડીને પીછો કરે છે! હવે વડીલે કારની સ્પીડ ઓર વધારી દીધી. પોલીસે પણ સખત પીછો કર્યો. આખરે વડીલે એકબાજુએ કાર રોકી. પોલીસે વડીલને પૂછ્યું, 'કેમ ભૈ?આટલી સ્પીડમાં ગાડી શું કામ દોડાવો છે?'

વડીલે ડરીને કહ્યું, 'શું છે કે વર્ષો પહેલા, મારી વાઇફ પોલીસવાળા સાથે ભાગી ગયેલી. મને લાગ્યું કે તમે એને પાછી લાવી રહ્યા છો! '

વેલ, આ 'બ્લેક-હ્યુમર'વાળા જોકમાં છુપાયેલો છે: 'પ્રેમના પ્રેતનો કાળો ડિબાંગ રંગ'

**એંડ-ટાઇટલ્સ:**

આદમ: યાદ છે આપણે પહેલીવાર મળેલા ત્યારે..

ઇવ: એ જ તો ભૂલવા માગું છું. ■

---

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

## સામા પ્રવાહે તરીને-આર્થિક નુકસાન વેઠીને ઓર્ગેનિક ખેતી કરનારા એક ખેડૂતની પ્રેરક વાત

# આપણો ઈરાદો નેક હોય તો દુનિયાની પરવા ન કરવી...




થોડા દિવસો અગાઉ સૌરાષ્ટ્રના પ્રવાસ દરમિયાન ગીરગઢડા પાસે વિખ્યાત દ્રોણેશ્વર મંદિરમાં જવાનું થયું. ઉનાથી ૨૩ કિલોમીટર દૂર દ્રોણ ગામસ્થિત આ મંદિર ૫૮૦૦ વર્ષ જૂનું છે.

(આ મંદિર વિશે એવું કહેવાય છે કે દ્વાપરયુગમાં ગુરુ દ્રોણાચાર્ય અહીં આવ્યા હતા અને એમણે અહીં પોતાનો આશ્રમ બનાવ્યો હતો. એ દરરોજ દ્રોણેશ્વર મહાદેવના દર્શન કરવા અહીં આવતા હતા. એવી દંતકથા છે કે ગુરુ દ્રોણની ભક્તિથી પ્રસન્ન થઈને ગંગામૈયા અહીં પ્રગટ થયાં અને હરિદ્વારની જેમ અહીં કાયમ માટે સ્થિર રહેવાનું એમણે ગુરુ દ્રોણને વચન આપ્યું. એવું મનાય છે કે ત્યારથી ગંગાનો અવિરત પ્રવાહ અહીં વરસી રહ્યો છે. દ્રોણેશ્વર મહાદેવ પર અવિરત જળધારા પ્રવાહિત થતી જ રહે છે. જળની આ ગુપ્ત ધારા ક્યાંથી આવી રહી છે તે હજુ સુધી જાણી શકાયું નથી. દંતકથા પ્રમાણે વાસ્તવમાં આ જળરાશિ એ સ્વયં ગંગા જ છે).

દ્રોણેશ્વર મંદિરની બાજુમાં મચ્છુન્દ્રી નદી વહે છે એના નયનરમ્ય ધોધને નિહાળ્યા પછી નરનારાયણ સ્વામી સાથે લટાર મારી રહ્યો હતો એ વખતે નજીકના ગામ ફાટસરના ખેડૂત શૈલેષ ખોખર સાથે મુલાકાત થઈ ગઈ. નરનારાયણ સ્વામીએ બાંકડા પર મિત્રો સાથે બેઠેલા શૈલેષભાઈનો પરિચય કરાવ્યો. શૈલેષભાઈ સાથે વાતો કરતી વખતે જાણવા મળ્યું કે એ ઓર્ગેનિક ખેતી કરે છે. સાડા ચાર હજારની વસતિ ધરાવતા ફાટસર ગામમાં એમના સિવાય બીજા કોઈ ખેડૂત ઓર્ગેનિક ખેતી કરતા નથી એ જાણ્યું એટલે મેં એમને પૂછ્યું :

'તમને ઓર્ગેનિક ખેતીનો વિચાર કઈ રીતે આવ્યો?'

એમણે કહ્યું, ૨૦૧૬ના વર્ષમાં ગીરગઢડામાં માધવપ્રિયદાસ સ્વામીજીની કથા યોજાઈ હતી. એ વખતે એમણે વ્યથિત અવાજે કહ્યું હતું કે 'ખેડૂતભાઈઓ, હવે ધરતીમાંથી ક્યાં સુધી ઝેર ઉગાડશો?' એમણે ખેતીમાં પેસ્ટીસાઈડ્સના બેફામ ઉપયોગ વિશે ચિંતા વ્યક્ત કરતા એ વાત કહી હતી. એ વાત મને કાળજે વાગી ગઈ ને મેં નક્કી કર્યું કે 'આજથી હું ખેતીમાં પેસ્ટીસાઈડ્સનો – ઝેરી જંતુનાશક દવાઓનો ઉપયોગ સદંતર બંધ કરી દઈશ. એ જ દિવસથી મેં કુદરતી ખેતીની શરૂઆત કરી. મારી પાસે જે જંતુનાશક દવાઓ પડી હતી એ પણ ફેંકાવી દીધી.'

અચાનક જંતુનાશક દવાઓનો ઉપયોગ બંધ કરવાને કારણે શૈલેષભાઈને ભારે આર્થિક ફટકો પડ્યો. જંતુનાશક દવાઓનો ઉપયોગ બંધ કર્યો એ પછી પ્રથમ વર્ષે જંતુનાશક દવાઓનો ઉપયોગ કરતા અન્ય ખેડૂતોનાં ખેતરોમાં વીઘા દીઠ વીસ મણ પાકનું ઉત્પાદન થયું એની સામે શૈલેષભાઈના ખેતરમાં માંડ પાંચથી છ મણનો ઉતારો આવ્યો.

શૈલેષભાઈએ કહ્યું, 'અન્ય ખેડૂતો કરતાં ચોથા ભાગનું ઉત્પાદન થયું એને કારણે મારા પાડોશીઓ, મિત્રો અને પરિચિતોએ મારી મજાક ઉડાવવાનું શરૂ કર્યું. એ બધા મને કહેવા લાગ્યા:' તું ક્યાં વળી ઓર્ગેનિક ખેતી કર્યા વિના રહી ગયો હતો!' જો કે મેં નિશ્ચય કરી લીધો હતો કે હવે હું જંતુનાશક દવાઓનો ઉપયોગ નહીં કરું. મારા પિતાએ મારા એ નિર્ણયમાં સાથે આપ્યો. ખેતીમાં થતી ખોટ સરભર કરવા માટે મેં ટ્રેક્ટર અને ઓરણીમાંથી થતી આવક ઓર્ગેનિક ખેતી પાછળ ખર્ચવાનું શરૂ કર્યું. પિતા વેલજીભાઈ ટ્રેક્ટર લઈને બીજા ખેડૂતોનાં ખેતરોમાં ઓરણી સાથે વાવણી કરવા જવા લાગ્યા. એમાંથી સારી આવક થવા લાગી. એ આવકનો ઉપયોગ હું ઓર્ગેનિક ખેતીમાં કરવા માંડ્યો... એ રીતે શરૂઆતમાં પાંચેક વર્ષ મેં આર્થિક નુકસાન વેઠ્યું, પરંતુ પછી મેં જુદા-જુદા પાક લેવાનું શરૂ કર્યુ એ દરમિયાન કુદરતી ખાતરને લીધે જમીન પણ ફળદ્રુપ થવા લાગી હતી એને કારણે પાકનો ઉતારો સારો આવવા લાગ્યો. જો કે હજી મારા ખેતરમાં અન્ય ખેડૂતો જેટલા પાકનું ઉત્પાદન નથી થતું, પણ હું ઓર્ગેનિક ખેતી ચાલુ રાખવા માટે મક્કમ છું. મેં પચાસ વીઘા જમીનમાં અમુક ભાગમાં આંબા, જામફળી અને લીંબુડીનો બગીચો બનાવ્યો છે. થોડા વર્ષોમાં હું બીજા ખેડૂતો કરતાં વધુ પૈસા કમાતો થઈ જઈશ એવો મને વિશ્વાસ છે. ઘણા સમય સુધી લોકોએ મારી ઠેકડી ઉડાડી, પરંતુ મારા મનમાં વિશ્વાસ હતો કે 'મારો ઈરાદો સારો છે એટલે કુદરત મને સાથ આપશે.'

શૈલેષ ખોખરને મળીને એમની વાત જાણીને મને સારું લાગ્યું. આપણા દેશમાં ક્રિકેટર્સ, ફિલ્મસ્ટાર્સ અને બિલ્યેનર્સ રોલમોડેલ બની જાય છે અને શૈલેષભાઈ જેવા રિયલ લાઇફ હીરોને કોઈ ઓળખતું પણ નથી એથી એમની આ વાત વાચકો સાથે શેર કરવાનું મન થયું.

શૈલેષ ખોખરના કિસ્સા પરથી અન્ય ખેડૂતોએ પણ પ્રેરણા લઈને ઓર્ગેનિક ખેતી શરૂ કરવી જોઈએ. લોકોની મજાક કે મહેણાંટોણાની પરવા કર્યા વિના શૈલેષ ખોખરે ઓર્ગેનિક ખેતી ચાલુ રાખી એ માટે એમને સલામ કરવી જોઈએ.

કોઈ પણ વ્યક્તિ કશુંક નવું કરવા જાય ત્યારે એની આજુબાજુની વ્યક્તિઓ સલાહ આપવા દોડી જતી હોય છે કે એને બેવકૂફ માની લેતી હોય છે. ભારતીય સમાજની આ એક મોટી તકલીફ છે કે કોઈ સારું કરે ત્યારે એને પ્રોત્સાહન આપવાને બદલે એને માનસિક રીતે તોડી નાખવા માટે એની આજુબાજુના માણસો તત્પર બની જતા હોય છે.

જાણીતા કવિ દુષ્યંત કુમાર લખી ગયા છે : 'ક્યું આસમાન મેં સુરાગ નહીં હો સકતા, એક પત્થર તો તબિયત સે ઉછાલો, યારો.'

આપણે બસ એક ઈરાદારૂપી પથ્થર ઉછાળવાની તૈયારી રાખવી જોઈએ અને આપણો ઈરાદો સારો હોય ત્યારે દુનિયાની પરવા ન કરવી જોઈએ. ■

---

ફોકસ

પ્રથમેશ મહેતા
feedback@bombaysamachar.com

# વકીલાત છોડી ખેડૂત બન્યા!

## હવે કેળાના બિસ્કિટ બનાવી વર્ષે ૫૦ લાખની કમાણી કરે છે



મહારાષ્ટ્રના જલગાંવના ખેડૂત અશોક ગાડેએ કંઈક નવીનતા લાવવા માટે કેળાના બિસ્કિટ બનાવ્યા, તેને પેટન્ટ કરાવ્યા. આમ તેમણે અન્ય ૫૦ ખેડૂતોને રોજગારી આપી અને ત્રણ ગણો નફો મેળવ્યો.

'ભારતની બનાના સિટી' તરીકે જાણીતા મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લામાં ૩.૪ મિલિયન ટન કેળાનું ઉત્પાદન થાય છે અને મહારાષ્ટ્રના કેળાના ઉત્પાદનમાં ૭૦ ટકા અને ભારતના ૧૧ ટકા કરતાં વધુ હિસ્સો ધરાવે છે. આ આંકડા નોંધપાત્ર હોવા છતાં, મોટા ભાગના ખેડૂતો માટે કેળાની ખેતી એક બિનલાભકારી વ્યવસાય બની ગયો છે. ૭૨ વર્ષીય અશોક ગાડે કહે છે, 'જ્યારે પણ અમે અમારી પેદાશો વેચવાનો પ્રયાસ કર્યો, અમને હંમેશા નુકસાન જ થયું. અમે ઘણીવાર વિચારતા કે શા માટે કેળાની ખેતી નફાકારક નથી. અમે માત્ર એક જ કારણ વિશે વિચારી શકીએ છીએ તે છે તેની શેલ્ફ લાઈફ.'

'એકવાર વાવ્યા પછી, એક વર્ષ પછી જ કેળાની લણણી થઇ શકે છે. લણણીનો સમયગાળો લગભગ ૨૮ દિવસનો હોય છે. કેળાના એક ઝાડ (અંદાજે ૧૫ કિલોનો ઝૂમખો) નું ઉત્પાદન કરવા માટે અમને લગભગ ૧૫૦ રૂપિયાનો ખર્ચ થાય છે જ્યારે અમે એક ક્વિન્ટલ (૧૦૦ કિલો) માટે માત્ર ૧,૦૦૦ રૂપિયા કમાઈએ છીએ, જે લગભગ ખેતીના ખર્ચ જેટલો જ છે. ઘણીવાર અમે કેળાને માત્ર ૧.૨૫ રૂ. પ્રતિ કિલોના ભાવે પણ વેચ્યા છે. બજારના ભાવમાં પણ વધઘટ થયા કરે છે, અશોક ગાડે કહે છે, 'ખેડૂતોએ કેળાં જેમ બને તેમ જલદી વેચવા પડે છે. જો કેળા પાકવા લાગે, તો સાવ મફતના ભાવે વેચવા પડે છે.' તેથી, કેળાને બજારમાં વેચવાને બદલે, અશોક અને તેની પત્ની કુસુમને કેળાને સંભવિત મૂલ્યવર્ધિત ઉત્પાદનોમાં પ્રોસેસ કરીને તેની શેલ્ફ લાઇફ વધારવાનો વિચાર આવ્યો. આજે, તેઓ કેળામાંથી બનતા ખાદ્યપદાર્થો જેમ કે, કેળાની ચીપ્સ, જામ, કેન્ડી, પાપડ, ચેવડો, લાડુ, સેવ અને ગુલાબ જાંબુનું ઉત્પાદન કરે છે.

રસપ્રદ વાત એ છે કે આ કપલે કેળામાંથી બિસ્કિટ પણ બનાવ્યા છે. અને આ વર્ષે એપ્રિલમાં કેન્દ્ર સરકારે તેમને તેમના કેળાના બિસ્કિટ માટે પેટન્ટ આપી હતી.

**ખેડૂત બનવા વકીલાત છોડી:** યાવલ તાલુકાના એક કૃષિ પરિવારમાં જન્મેલા અશોકે જલગાંવમાં વકીલાતનો અભ્યાસ કર્યો હતો. એલએલબીમાં સ્નાતક થયા પછી, લગભગ પાંચ વર્ષ સુધી કાયદાની પ્રેક્ટિસ કરી. જોકે, ૧૯૯૦માં પિતાનું અવસાન થતાં તેણે પ્રેક્ટિસ છોડી દેવી પડી હતી. ૧૨.૫ એકર ખેતીની જમીન ધરાવતા અશોક કહે છે, 'પેઢીઓથી, અમે કેળાની ખેતી કરીએ છીએ. મારા પિતાના અવસાન પછી, ખેતરની સંભાળ રાખવાની સંપૂર્ણ જવાબદારી મારા પર આવી. મને કાયદામાં રસ હોવા છતાં છોડવો પડ્યો.' ■

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# લગ્ન સંસ્થાના ગબડતા પથ્થર પર કચરો જામી ગયો છે, એટલે...

## ....એટલે એને વખતોવખત સાફ કરતાં રહેવું પડે!



દિગ્ગજ ગીતકાર-લેખક જાવેદ અખ્તરે તાજેતરમાં લગ્ન અને અભિનેત્રી શબાના આઝમી સાથેના એમના સંબંધો વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. એક ઇન્ટરવ્યુમાં, જાવેદે લગ્નની સામાજિક રચના કરતાં પરસ્પર આદર અને બંધનની પ્રવાહિતા પર ભાર મૂકતાં સૂચક રીતે કહ્યું કે, 'વાસ્તવમાં, અમે પતિ-પત્ની કરતાં મિત્રો વધુ છીએ.'

જાણીતી પત્રકાર બરખા દત્ત સાથે વાતચીત કરતાં એમણે કહ્યું કે, 'શાદી-વાદી તો બેકાર કામ હૈ. આ એક સદીઓ જૂની પરંપરા છે. લગ્ન એક એવો પથ્થર છે જે સદીઓથી પર્વતો પરથી નીચે ગબડી રહ્યો છે અને જેમ જેમ તે નીચે આવે છે તેમ તેમ તેના પર ઘણો શેવાળ, કચરો અને ગંદકી જામી ગઈ છે. બે વ્યક્તિ, એકબીજાની સાથે કેવી રીતે સુખી રહી શકે? એકસાથે રહેવા માટે સૌ પ્રથમ, પરસ્પર આદર, પરસ્પરના લિહાજ અને એકબીજાને મોકળાશ આપવી સૌથી મહત્ત્વપૂર્ણ છે.'

જાવેદે કહ્યું કે આપણે એ સમજવું જરૂરી છે કે દરેક માણસ, ચાહે એ જીવનસાથી હોય, પણ એ એક સ્વતંત્ર વ્યક્તિ છે. એનું પોતાનું અંગત જીવન છે, એની વિચારસરણી તમારાથી અલગ હોઈ શકે છે. એનાં અમુક સપનાં હોઈ શકે છે. લગ્ન કોઈ રોકેટ સાયન્સ નથી. જો તમે ખુશ છો તો લગ્ન સરળ છે. લગ્ન માત્ર એક પરંપરા છે.

જાવેદ અખ્તરે એમની વાતોમાં સુખી અને સફળ લગ્ન વિશે ત્રણ મહત્ત્વના વિચાર આપ્યા છે.

(૧) પતિ-પત્ની વચ્ચે મિત્રતાનો ભાવ હોવો જોઈએ

(૨) લગ્નની વ્યવસ્થામાં ઘણો કચરો ભરાઈ ગયો છે

(૩) પતિ-પત્ની પણ આખરે એક સ્વતંત્રત વ્યક્તિ છે. આ ત્રણે વિચારને ગહેરાઈમાંથી સમજવા જેવા છે.

'મહાભારત'ના અરણ્ય પર્વમાં, પાંડવોના જ્યેષ્ઠ બંધુ યુધિષ્ઠિરને, યક્ષ (વન આત્મા) એક પ્રશ્ન છેઃ 'કિમસ્વિન મિત્રંગૃહેસ્થા?' (ઘરમાં મિત્ર કોણ છે?)

યુધિષ્ઠિર જવાબમાં કહે છેઃ 'ભાર્યા મિત્રં ગૃહેસ્થા' (ઘરમાં પત્ની મિત્ર છે).

લગ્નની વ્યવસ્થા સદીઓ જૂની છે, અને તે વખતે પણ તેમાં આપસી ટકરાવ અને અડચણો આવતી હતી. તે વખતના ડાહ્યા લોકોએ લગ્નો ટકી રહે અને સુખી સાબિત થાય તે માટે એમના અનુભવોના આધારે અમુક નિર્દેશ ઘડ્યા હતા.

એમાંનો એક નોંધપાત્ર નિર્દેશ એ હતો કે પતિ-પત્નીએ એકબીજાના મિત્ર બનીને રહેવું જોઈએ.

સપ્તપદીમાં એટલા માટે જ મંત્ર છેઃ 'સખા-સપ્તપદી ભવ, સખ્યમ તે ગમેયમ, સખ્યમ તે મયોશાહ, સખ્યમ તે મયોસ્તહ.'..... અર્થાત્ આ સાત પગલાં ભરીને તું મારો મિત્ર બન્યો છે/બની છે. હું તારી મિત્રતાને લાયક ઠરું તેવી આશા. મારી મિત્રતા મને તારામાં એકાકાર કરે. તારી મિત્રતા તને મારામાં એકાકાર કરે.'

-એટલે, જો કોઈ એમ કહેતું હોય કે લગ્નમાં મિત્રતાની ધારણા આધુનિક છે અથવા પશ્ચિમનું ફિતુર છે, તો એ લોકો ગલત છે. હિંદુ સંસ્કૃતિ પર ઊંડું લેખન કરનારા લેખક એ. વી. શ્રીનિવાસન એમના પુસ્તક 'ધ વેદિક વેડિંગ બૂક'માં લખે છે કે સફળ લગ્ન માટે મિત્રતા જરૂરી છે તેવો વિચાર ખ્રિસ્તી ધર્મમાં જોવા મળે છે.

'યુનિવર્સિટી ઓફ વોશિંગ્ટન'ના પ્રોફેસર અને 'ધ સેવન પ્રિન્સિપલ્સ ફોર મેકિંગ મેરેજ વર્ક'ના લેખક જહોન ગોટમેન, કહે છે કે, 'સુખી લગ્ન ગાઢ મિત્રતા પર આધારિત હોય છે' ગોટમેનનું સંશોધન દર્શાવે છે કે લગ્નમાં મિત્રતા રોમેન્ટિક અને શારીરિક સંતોષ માટે મહત્વપૂર્ણ છે.

આ જ રીતે જૂન ૧૯૮૮માં, 'રિડર્સ ડાયજેસ્ટે' બે મનોવૈજ્ઞાનિકનો 'સરપ્રાઇઝિંગ કી ટુ ધ હેપ્પીએસ્ટ કપલ્સ' નામનો એક લેખ પ્રકાશિત કર્યો હતો, જેમાં લખ્યું હતું કે, 'રોમાન્સમાં પ્રેમની વાત તો હોય છે, પરંતુ તેની અસલી કસોટી મિત્રતા છે.'

જાવેદનો બીજો મુદ્દો લગ્ન વ્યવસ્થાની કમજોરીઓ અંગે છે. ૨૦૨૦માં, એક સર્વેમાં ખબર પડી હતી કે ભારતની મિલેનિયલ (૧૯૮૧ અને ૧૯૯૬ વચ્ચે જન્મેલી) પેઢીના ૧૯ ટકા લોકોને બાળકો કે લગ્નમાં રસ નથી. અન્ય ૮ ટકા લોકોને બાળકો જોઈતાં હતાં, પરંતુ એમને લગ્નમાં રસ નહોતો. પોસ્ટ મિલેનિયલ્સ (૧૯૯૬ પછીના) પેઢીના ૨૩ ટકા લોકોને બાળકો અથવા લગ્નમાં રસ નહોતો. આ વલણોમાં સ્ત્રી-પુરુષો સરખાં ભાગીદાર હતાં.

નવી પેઢીના લોકોમાં લગ્ન પ્રાથમિકતા નથી તેનાં બીજાં અનેક કારણ છે, પણ એક કારણ એ છે કે એમને પરંપરાગત લગ્ન વ્યવસ્થામાં વિશ્વાસ નથી રહ્યો. થોડા સમય પહેલાં, કેરળ હાઈકોર્ટે નોંધ્યું હતું કે નવી પેઢી લગ્નને 'દુષ્ટ' ગણે છે અને લિવ-ઇન સંબંધો વધી રહ્યા છે. ભણેલા-ગણેલા, આધુનિક સમાજનો એક વર્ગ લવ-ઇન રિલેશન જેવી વૈકલ્પિક વ્યવસ્થાનો પ્રયોગ કરે છે. એક વર્ગ એવોય છે જે લગ્ન વ્યવસ્થાનો વિરોધી છે.

૨૦૦૯માં એક્ટર કમલા હસનને 'વોક ધ ટોક' ટીવી કાર્યક્રમમાં વિવાહ વ્યવસ્થા અંગે સવાલ પૂછવામાં આવ્યો ત્યારે કહ્યું હતું કે આ પરંપરા 'સડી' ગઈ છે. એની સમકાલીન એક્ટ્રેસ ખુશ્બુ લિવ-ઇન રિલેશનશિપને લઇને છેક સુપ્રીમ કોર્ટ સુધી ભરાઈ પડી હતી. ૨૦૦૫માં ખુશ્બુએ વિવાહ પૂર્વે સેક્સને યોગ્ય ગણાવ્યો હતો અને તમિલનાડુમાં એની સામે ૨૨ કોર્ટ કેસ થયા હતા. આ મામલો સુપ્રીમ કોર્ટ પાસે આવ્યો ત્યારે 'ડાહ્યા' જજોએ મહત્ત્વનો ચુકાદો આપીને કહ્યું હતું કે, 'લગ્ન વગર સાથે રહેવું કે લગ્ન પહેલાં સેક્સ સંબંધ બાંધવો એ ગુનો નથી.'

કમલા અને ખુશ્બુ જેવા ઘણા લોકો છે જે પારંપારિક વિવાહ વ્યવસ્થામાંથી શ્રદ્ધા ગુમાવી બેઠા છે. એક કારણ એ કે પ્રેમ કે સેક્સ માત્ર વિવાહમાં જ સંભવ છે એ હકીકત બદલાઇ ચૂકી છે.

બીજું કારણ એ કે વિવાહલાયક સ્ત્રીની આર્થિક સ્વતંત્રતા વધી છે એટલે ગરીબ 'ગાય' બનીને વિવાહમાં જોડાવાની એમની મજબૂરી ઘટી ગઈ છે અને ત્રીજું કારણઃ 'ના ફાવે તો એકલા રહી શકાય છે' એવી માન્યતા દિવાસ્વપ્ન નહીં, હકીકત બની રહી છે. આ ત્રણ કારણસર ભારતીય વિવાહ વ્યવસ્થામાં જબ્બર બદલાવ આવ્યો છે.

આ અને અન્ય કારણોથી જ, જાવેદ કહે છે તેમ, પતિ-પત્નીએ એમનાં એ લેબલોની પાર જઈને એકબીજાને સ્વતંત્ર વ્યક્તિ ગણવાં જોઈએ. લગ્નમાં માલિકી ભોગવવાને બદલે મિત્રતા હોવી જોઈએ એવું આધુનિક કાઉન્સિલરો પણ શિખવાડે છે. જ્યાં સુધી સ્ત્રી-પુરુષમાં એકબીજા પર અધિકાર સ્થાપવાનો ભાવ છે ત્યાં સુધી, ગમે તેટલો મીઠો સંબંધ હોય, તેમાં કડવાશ આવી જ જાય. માણસો ટેલિવિઝન સેટ, પાળતું પ્રાણી કે ફૂલ-ઝાડના પ્લાન્ટ નથી કે એના પર એકાધિકાર સ્થાપી શકાય, પરંતુ ઇન્ટિમેટ સંબંધોમાં એ ભાવ આવી જ જાય છે, કારણ કે ઇન્ટિમસીની ફિલિંગ ઈગો સાથે ઘનિષ્ઠ રીતે જોડાયેલી છે અને ઈગોમાંથી અસમાનતા અને માલિકી આવે છે.

બીજું, રોમેન્ટિક પ્રેમ લોકતાંત્રિક નથી હોતો. એ સરમુખત્યારશાહીમાં માનતો હોય છે. એક્સલૂઝીવિટી તેનો ગુણ હોય છે એટલે તે વ્યક્તિ પર તેનો એકાધિકાર સ્થાપે છે. 'મારા સિવાય તારું કોઈ નહીં' તેમાંથી જ ઓબ્સેશન અને માલિકીભાવ આવતો હોય છે. આપણે સામાજિક, પારિવારિક, આર્થિક, શારીરિક કે ભાવનાત્મક કારણોસર એ કડવાશને નજર અંદાજ કરી દઈએ તે અલગ વાત છે, બાકી જો એવી સ્વાર્થી જરૂરિયાતો ન હોય તો ૯૯ ટકા લગ્નો ખતમ થઈ જાય. ■



ઈકો-સ્પેશિયલ

જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

## ટ્રમ્પને પગલે પગલે...

# શરૂ થશે ટેરિફ વૉર ને ક્રિપ્ટોકરન્સીને મળશે નવા કરન્ટ-ટ્રેન્ડ...

અમેરિકામાં પ્રેસિડન્ટ પદે ડોનાલ્ડ ટ્રમ્પ આવ્યા બાદ આ વૈશ્વિક મહાસત્તા હવે વધુ આક્રમક બનીને કામ કરશે એવાં એંધાણ છે. આપણે અહીં આ વિષયની રાજકીય ચર્ચા કરવી નથી, પરંતુ આર્થિક દૃષ્ટિએ તેને સમજવાનો પ્રયાસ કરવા જેવો છે, જેમાં ટેરિફ વૉર, ક્રિપ્ટો માર્કેટ અને બ્રિકસના મુદ્દા વધુ મહત્ત્વના રહેશે.

ટ્રમ્પે તાજેતરમાં એક સંવેદનશીલ મુદ્દો ઉઠાવ્યો છે. સત્તા મળતાં જ એમણે પોતાનો આક્રમક અભિગમ બતાવવાનું શરૂ કરી દીધું છે. હાલ તો ટ્રમ્પસાહેબની વાતો અને નિવેદનોએ ટેરિફ યુદ્ધનો ગંભીર સંકેત આપ્યો છે તો બીજી બાજુ 'બ્રિકસ' (બ્રાઝિલ, રશિયા, ઈન્ડિયા, ચીન અને સાઉથ આફ્રિકા દેશનું સંગઠન) ને સીધેસીધું કહી દીધું છે કે એ જો ડૉલરને તોડવાની કોશિશ કરશે તો ભારે પડશે. કારણ એ કે આ દેશો પોતાના પરસ્પર બિઝનેસ માટે નવી કરન્સી ઊભી કરવાની યોજના ધરાવે છે. આમ થાય તો ડૉલરને સંભવિત તકલીફ થઈ શકે એવો ટ્રમ્પને ભય છે.

ટ્રમ્પે રશિયા અને ઈરાન સામે તો સેંકશન્સ (પ્રતિબંધ) લાગુ કર્યા છે, જયારે કે ભારત અને ચીનમાં તેમને ચીનનો ભય વધુ હોઈ શકે છે.

અહીં એ નોંધવું જરૂરી છે કે ભારતીય રિઝર્વ બૅન્ક પોતાની ડિજિટલ કરન્સી રૂપે 'ડિજિટલ રૂપી' લોન્ચ કરવાની યોજના ઘડી રહી છે. કેટલાક દેશો સાથે વેપાર માટે સમજૂતી પણ થઈ છે તો અમુક દેશ સાથે કરાર કરવાની તૈયારી પણ ચાલી રહી છે. આ પાછળનું લક્ષ્ય ડૉલર પરની નિર્ભરતા ઘટાડવાનો રહ્યો છે. જોકે હવે ટ્રમ્પની ડૉલરની દાદાગીરીને પગલે ભારત સહિતના દેશોમાં આ મામલે પરિવર્તન આવશે કે કેમ એ સવાલ છે.

એક મુદો એ પણ ઊઠી રહ્યો છે કે અમેરિકા પોતે જ કેમ 'બ્રિકસ'માં મેમ્બર બની જતું નથી? આમ થાય તો શું પરિણામ આવે એ સવાલો પણ સંવેદનશીલ છે.

## ટ્રમ્પના પગલે ટેરિફ વૉર મોંઘી પડશે?

ટ્રમ્પના સત્તા પર આવતાંની સાથે જ ટેરિફ વૉરનાં એંધાણ મક્કમ બનતાં ગયાં છે. જાન્યુઆરીમાં આ વિશેનું ચિત્ર ઘણુંખરું સ્પષ્ટ થશે. ટ્રમ્પ કયા દેશોથી થતી આયાત પર કેવા ટેરિફ દર લાગુ કરે છે, કોને કેટલી રાહત આપે છે એ હાલ તો જે-તે સંબંધિત દેશ માટે ચિંતાનો વિષય બન્યો છે. વિવિધ દેશોનાં ચાલતાં શસ્ત્રયુદ્ધ વચ્ચે આ ટેરિફ યુદ્ધ પણ મોંઘું પડે એવું છે. જેમ વિશ્વ યુદ્ધ ભય સર્જે છે તેમ ટેરિફ વૉર પણ એ દેશોના અર્થતંત્ર સામે પડકાર સર્જે છે. આમ નવા વરસમાં ટ્રમ્પના નિર્ણયોથી વિવિધ દેશો સાથેના અમેરિકાના વેપાર સંબંધોમાં નવા પરિમાણ જોવા મળી શકે છે, જેની અસર વૈશ્વિક વેપાર પર પડી શકે.

આ બધા વચ્ચે હાલ તો ભારત માટે આશ્વાસન એ છે કે યુએસએ ભારતને વધુ તકલીફમાં મૂકશે નહી. કહેવાય છે કે ભારત અને ખાસ કરીને મોદી સાથેના ટ્રમ્પના સંબંધ આમાં ભૂમિકા ભજવશે. ભારતને અમેરિકાની જરૂર છે તો અમેરિકાને પણ ભારતની આવશ્યકતા છે જ. અનેક અમેરિકન કંપનીઓને ચીન સહિતની અન્ય બજાર કરતાં ભારતીય બજાર વધુ આકર્ષક અને વાઈબ્રન્ટ જણાય છે.

ભારતની ટેલેન્ટ અમેરિકામાં નોંધનીય કામગીરી બજાવી રહી હોવાનું જાહેર છે. ટ્રમ્પની ટીમમાં પણ ભારતીય લોકોનો સમાવેશ આની સાક્ષી પૂરે છે.

## ક્રિપ્ટોકરન્સીને કરન્ટ, પરંતુ સાવચેતી જરૂરી...

ટ્રમ્પના આગમન સાથે અને તે પહેલાં પણ ક્રિપ્ટોકરન્સીને નવો કરન્ટ મળવાનો શરૂ થયો છે. એટલું જ નહી, ક્રિપ્ટો માર્કેટમાં ખાસ ઉછાળા આવી રહ્યા છે, જોકે ક્રિપ્ટોમાં સૌથી વધુ જોર અને જોશ 'બિટકોઈન'ને મળ્યું છે, જેના પુરાવા એના ઊછળેલા ભાવ છે. આ સાથે અન્ય કોઈનના ભાવ પણ આડેધડ કૂદકા મારવા લાગ્યા છે, જેનાથી રોકાણકારો-ખેલાડીઓએ સાવેચત રહેવું જોઈશે. સોશ્યલ મીડિયા અને ચોક્કસ એપ મારફત આવા કોઈન્સ (અન્ય ક્રિપ્ટોકરન્સી) પોતાની તરફ રોકાણકારોને આકર્ષી રહ્યા છે, જેમાં ઘોડા સાથે ગધેડા દોડવાની શક્યતા હોવાથી તેમના ભાવ જોઈ ઈન્વેસ્ટર્સ ગેરમાર્ગે દોરાઈ શકે છે.

ભારતનો યુવા વર્ગ અને હાઈ નેટવર્થ ઈન્વેસ્ટર્સ હાલ જ્યારે ક્રિપ્ટો પાછળ દોડી રહ્યા છે અને તેમાં વળી ગ્લોબલ હસ્તી એલન મસ્કનું નામ પણ જોડાયું છે ત્યારે લોકોના સંયમની પરીક્ષા ચોક્કસ થવાની છે. આમાં જે ભટકી જશે એ ચોક્કસ નુકસાનીનો ભોગ બની શકે છે. ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# ચૌરાસી મંદિર પાસે જવામાં ફફડાટ, દૂરથી જ નમસ્કાર



એકવાર સૌએ ત્યાં જવાનું છે, દેહસ્વરૂપે નહિ પણ મૃત્યુ બાદ આત્મા રૂપે. એ વળી ક્યાં? ઈશ્વરની ભૂમિ ગણાતા સુંદર હિમાચલ પ્રદેશના ભરમૌરમાં આવેલા ચૌરાસી મંદિર કે યમ મંદિરમાં એકએકનો આત્મા જવાનો જ એવી માન્યતા - શ્રદ્ધા છે. હિમાચલ પ્રદેશના પઠાણકોટથી ૧૧૫ કિલોમીટરના અંતરે આવેલા ચંબા જિલ્લાથી ૬૦ કિલોમીટરનું અંતર કાપો એટલે આવી જાય ભરમૌર. આ ગામના યમ મંદિરની વિશિષ્ટતાઓ જાણવા જેવી છે.

આ ધર્મરાજા અર્થાત યમના ચૌરાસી મંદિર પ્રત્યે લોકોમાં શ્રદ્ધા છે. એટલા જ ફફડાટ - ભય છે. મંદિરમાં પગ મૂકવાનું તો જવા દો. દૂરથી એને જોઈને આદરપૂર્વક બે હાથ જોડીને માથું નમાવીને શ્રદ્ધાળુઓ દૂર જતા રહે છે.

આ યમરાજ કે ચૌરાસી મંદિર સાથે જોડાયેલી શ્રદ્ધા આપણને અવશ્ય વિચારતા કરી મૂકે. કહેવાય છે કે આ મંદિરમાં યમરાજા સાક્ષાત હાજર હોય છે. માનવીના અવસાન બાદ સ્થૂળ દેહ તો રાખ થઈ જાય પણ યમદૂત આત્માને આ ભરમૌરના ચૌરાસી મંદિરમાં લઈને આવે છે. અહીં ચિત્રગુપ્ત એના કર્મ અને પાપ-પુણ્યના હિસાબકિતાબ કરે, ત્યાર બાદ એના આધારે યમરાજા ચુકાદો આપે કે આવેલા આત્માને સ્વર્ગમાં મોકલવો કે નર્કમાં.

દૂરથી એક ઘર જેવાં દેખાતાં યમ મંદિરની અંદર શું છે? આ મંદિરની એક ખાલી રૂમ છે. એવું કહેવાય છે કે આ ચિત્રગુપ્તનો રૂમ છે. વ્યક્તિના મોત બાદ યમદૂતો એના આત્માને આ રૂમમાં ચિત્રગુપ્ત સમક્ષ હાજર કરે છે. ચિત્રગુપ્ત મૃતાત્માનાં કર્મોના હિસાબકિતાબ કરે છે. ત્યારબાદ આત્માને સામેના રૂમમાં લઈ જવાય છે જ્યાં યમરાજ એના ભાવિનો અર્થાત્ સ્વર્ગ કે નર્કમાં મોકલવાનો નિર્ણય જાહેર કરે છે.

આ અનોખા મંદિરમાં કુલ ચાર ચાર દરવાજા છે, જે સોના, ચાંદી, તાંબા અને લોખંડના બનેલા છે. આપણા ગરુડ પુરાણમાં પણ યમરાજના દરબારમાં ચાર દિશામાં ચાર દ્વાર હોવાનો ઉલ્લેખ છે.

આ મંદિર સાથે અનેક લોકવાયકા જોડાયેલી છે. દીપોત્સવીના અંતિમ દિવસ એટલે કે ભાઈબીજે યમરાજ અહીં પોતાની બહેન યમુનાને મળવા આવે છે. આ કારણસર જ ભાઈબીજના દિવસે ઘણા યમરાજાની પૂજા કરતા હોય છે. આની પાછળનો ઉદ્દેશ મૃત્યુ બાદ આત્માને યમરાજના કોપથી બચાવવાનો હોય છે. ઘણાંને સ્વર્ગ કે નર્કમાં જવા કરતા ૮૪ લાખ યોનીમાં ભવભવના ફેરા ટાળીને મોક્ષ પામવાની અદમ્ય ઈચ્છા હોય છે. આ માટે પણ યમરાજને પ્રસન્ન કરવા પૂજા કરાય છે.

અન્ય એક માન્યતા મુજબ ભગવાન શંકર પોતાના ૨૪ યોગી સાથીઓ સાથે ભરમૌરે ફરવા આવ્યા હતા. અહીંના સૌંદર્ય, પવિત્રતા અને દિવ્યતાના પ્રેમમાં પડી ગયા. તેમણે અહીં કાયમી વસવાટનો નિર્ણય કર્યો. પણ એ સમયે ત્યાં ભારમણી માતા વસતાં હતાં. ભગવાન શંકરની વિનંતીથી તેઓ ભારમૌરથી નીકળી ને છ કિલોમીટર દૂર રહેવા જતાં રહ્યાં હતાં.

આપણે વાત કરીએ છીએ એ ચૌરાસી, યમરાજ કે ચિત્રગુપ્ત મંદિરમાં કોઈ ભગવાન કે દેવીમાતાની પ્રતિમા નથી. એટલું જ નહીં પૂજાની જગ્યામાં ઉપર છત પણ નથી. કોઈક કહે છે કે અહીં અલગ - અલગ ધાતુના ચાર દરવાજા છે પણ એ દેખાતા નથી, અદૃશ્ય છે. આમાંથી એક દરવાજો ગુપ્ત ગુફા ભણી લઈ જાય છે. ભૂતકાળમાં આ ગુફામાં જનારા સફળ નહોતા થયા કે પાછા ફર્યા નહોતા.

આ મંદિર સાથે જોડાયેલા ભેદ-ભરમ અને રહસ્યમાં ઉમેરો કરે છે. મધરાત - અડધી રાતે મંદિરની આસપાસ વિચિત્ર અને ભેદી અવાજ સંભળાય છે. આનાથી મંદિર માટેના ડરમાં વધારો થાય છે. આ કારણસર જ મંદિરના સત્તાધીશો હવે આ મંદિરના દરવાજા બંધ જ રાખે છે.

ભારતમાં વિશિષ્ટતા ઠેર ઠેર છે. એમાંય હિમાચલ પ્રદેશ કે રાજસ્થાન જઈએ તો આશ્ચર્યચકિત થયા વિના ન રહેવાય.

બાય ધ વે, અંતિમ પ્રયાણમાં જ ભરમૌર જોવું છે કે જીવતે જીવ આટો જઈ આવવું છે ખરું? ■

સ્પોટ લાઈટ

મહેશ્વરી
feedback@bombaysamachar.com

# મહેશ્વરી બહેન, તમે અહીં? સેનેટોરિયમમાં!

કોઈપણ કલાકાર માટે પ્રેક્ષક મહામૂલું ઘરેણું હોય છે. પ્રેક્ષક થકી અભિનેતા ઉજળો બને છે, પણ છાયાભાઈ જેવા પ્રેક્ષકને તો નવ ગજના નમસ્કાર જ કરવા જોઈએ. મેં અને માસ્તરે પ્રભુનો પાડ માન્યો કે છાયાભાઈનો પેંતરો બહુ જલ્દી અમારી નજરમાં અને સમજણમાં આવી ગયો. નહીં તો કોને ખબર, કેવી મુશ્કેલીને આમંત્રણ આપી બેસત. જુહુના દરિયા કિનારા નજીક આવેલા સેનેટોરિયમના ગાર્ડનમાં એક બાંકડા પર સમી સાંજે હું બેઠી હતી ત્યારે આ બધી ઘટના મારી નજર સામે તરવરવા લાગી. દરિયાના મોજાં કિનારા સાથે અફળાઈ રહ્યાં હતાં એનો અવાજ પણ મારા કાને અથડાતો હતો. મારા અંતરપટમાં પણ સાગર ઘૂઘવી રહ્યો હતો. હું એક વાત બરાબર સમજી ગઈ હતી કે સમય અને સંજોગો મને સાથ નથી દઈ રહ્યા. મારું નસીબ બે ડગલાં આગળ ચાલી રહ્યું હતું. જોકે, હૈયે વિશ્વાસ અને ખાતરી હતા કે એક દિવસ સોનેરી સૂરજ ઊગશે અને એનાં તેજસ્વી કિરણો જીવનમાં રહેલો અંધકાર હટાવી રોશની પાથરી દેશે.

જોગેશ્વરીમાં મારું પોતાનું ઘર છોડીને નીકળી ગઈ હતી કારણ કે ત્યાં મારું કોઈ નહોતું અને દહિસરમાં મારા ભાઈને ત્યાં રહેવા આવી ત્યાં પણ કોઈ મારું નહોતું. દુનિયાની નજરમાં જોગેશ્વરીના ઘરમાં હું મારા પતિ માસ્તર સાથે રહેતી હતી અને દહિસરમાં તો મા જણ્યો ભાઈ હતો. પણ સંબંધો માત્ર લોહીની સગાઈથી નહીં અંતરના તારથી રણકતા હોય છે.

જોગેશ્વરી અને દહિસરમાં તો અંતરના તાર જ તૂટી ગયા હતા. મેં જ્યારે જૈન ઉપાશ્રયમાં 'પ્રતિક્રમણ' નાટક કર્યું હતું ત્યારે એક ધર્મનિષ્ઠ વ્યક્તિએ મને કર્મના સિદ્ધાંતની વાત કરી હતી. ભગવદ ગીતામાં પણ કહ્યું છે ને કે 'કર્મણ્યે વાધિકારસ્તે મા ફલેષુ કદાચન'. કર્મ કરતા રહેવું, એનું શું ફળ મળશે એ કોઈના હાથની વાત નથી. એ જ રસ્તે કાયમ આગળ વધી છું અને આજની તારીખમાં પણ એને અનુસરીને જ જીવું છું. જીવન ચલને કા નામ, ચલતે રહો સુબહ - ઓ - શામ.

'આઈ, આઈ, ભૂક લાગલી આહે' (મમ્મી, મમ્મી, ભૂખ લાગી છે) એવી બચ્ચાઓની બૂમથી હું જાણે કે તંદ્રામાંથી જાગી. ભૂતકાળ અને ભવિષ્ય વચ્ચે ઝોલા ખાતું મારું મન વાસ્તવિકતાનો સામનો કરવા સજ્જ થઈ ગયું. હું બાળકો સાથે જુહુના સેનેટોરિયમમાં રહું છું અને ત્રણ મહિના પછી ઉચાળા ભરી બીજે ઠેકાણે રહેવાની વ્યવસ્થા કરવી પડશે એ યાદ આવી ગયું. ત્રણ ત્રણ મહિને સેનેટોરિયમ બદલવાની પળોજણમાંથી મુક્ત થવા ભાડાના ઘરમાં રહેવાના પૈસા પણ મારી પાસે નહોતા. પેઈંગ ગેસ્ટ તરીકે રહેવાની વ્યવસ્થા કરવી કંઈ આસાન નહોતું. જુહુમાં ત્રણ મહિના પૂરા થાય એ પહેલા મહાલક્ષ્મીના સેનેટોરિયમમાં મેડિકલ સર્ટિફિકેટ આપી જગ્યા બુક કરાવી લીધી હતી. આ સેનેટોરિયમની વ્યવસ્થાની એક સારી વાત એ હતી કે રહેવા આવતા લોકોએ ઘરવખરી લઈને નહોતું આવવું પડતું. ગેસ - સિલિન્ડર હોય, થોડાં ઘણાં વાસણો હોય અને ઓશિકા - ગાદલાં - ચાદર અને બેડ પણ હોય. આમ પણ મારી પાસે બહુ સામાન હતો પણ નહીં. એક



બેગ મારા કપડાંની હતી અને એકમાં છોકરાઓનાં કપડાં ભર્યાં હતા.

જુહુ સેનેટોરિયમની ત્રણ મહિનાની મુદત પૂરી થઈ અને બાળકોને લઈ હું પહોંચી મહાલક્ષ્મી સેનેટોરિયમ. જુહુમાં દરિયા કિનારો અને સેનેટોરિયમના બગીચા માટે બાળકોને બહુ લગાવ થઈ ગયો હોવાથી આ જગ્યા નથી છોડવી એવી એમણે જીદ કરી, પણ 'મહાલક્ષ્મીમાં વધારે મજા આવશે' એવી મારી સમજાવટથી બાળકો માની ગયાં. નજીકમાં જ મહાલક્ષ્મી માતાનું મંદિર હતું. 'માતાજી, રક્ષા કરજો' એવી મનોમન પ્રાર્થના કરી સેનેટોરિયમ પહોંચી ગયા. આવ્યા બાદ ખબર પડી કે સિદ્ધહસ્ત નાટ્યલેખક પ્રાગજી ડોસાના જમાઈ આ સેનેટોરિયમમાં ટ્રસ્ટી હતા. હું આવી છું એની જાણ થતા જમાઈ તરત મળવા આવ્યા અને કહેવા લાગ્યા કે 'અરે મહેશ્વરી બહેન! તમે અહીં!' 'મેં માત્ર સ્મિત કરી કહ્યું કે ' હા, હું અહીં.' ચા પાણી પીધા અને કહેવા લાગ્યા કે તમારાં ઘણાં નાટકો જોયા છે. મારા સસરા (પ્રાગજી ડોસા)ને તમારા અભિનય કૌશલ માટે ખૂબ આદર હતો. તમારાં નાટકો વિશે અવારનવાર વાતો પણ કરતા. ખાસ તમને ધ્યાનમાં રાખી તેમણે કેટલાંક નાટકો પણ લખ્યાં હતાં. આ બધું મને યાદ છે.

બોલતા બોલતા તેમનો અવાજ લાગણીભીનો થઈ ગયો. બે ઘડી માટે ચૂપ થઈ ગયા અને બારી બહાર દૂર આકાશમાં તાકવા લાગ્યા અને પછી એકદમ સ્વસ્થ થઈ મને કહ્યું કે 'તમારે આમ ત્રણ ત્રણ મહિને એક સેનેટોરિયમથી બીજા સેનેટોરિયમ ફરતા રહેવાની જરૂર નથી. બોરીવલીના યોગીનગરમાં મારા ફ્રેન્ડનો એક ફ્લેટ છે. એમના ફ્લેટમાં રહેવાની વ્યવસ્થા હું કરી આપીશ, ત્યાં રહેવા જતા રહેજો. મહાલક્ષ્મી આવતાવેંત 'માતાજી, રક્ષા કરજો' એ કરેલી મારી પ્રાર્થનાનો જાણે આ પ્રત્યુત્તર હતો એવું માનવાનું મન મને થયું. બધા દરવાજા બંધ થાય ત્યારે ઈશ્વર એક બારી ઉઘાડી દેતો હોય છે એનો ફરી એકવાર મને અનુભવ થયો.

ઘણા દિવસે મને ગાઢ નિંદર આવી. સવારે મંદિર જઈ દર્શન કરી આવી અને મનોમન માતાજીનો આભાર પણ માની લીધો. એ વખતે મારા 'પતિવ્રતા' નાટકના શો ચાલતા હતા. એક દિવસ બપોરે મારો શો હતો અને સવારના પહોરમાં દહિસરથી વલ્લભ ભાઈ કરીને એક ભાઈ સરનામું શોધતા શોધતા આવી ચડ્યા. મને કહે કે 'બહેન, તમારા માતુશ્રી ગુજરી ગયાં છે. તમારે અત્યારે જ દહિસર આવવાનું છે.' માના અવસાનના સમાચાર સાંભળી કોઈપણ દીકરી ભાંગી પડે, ધ્રુસકે ધ્રુસકે રડવા લાગે, જાત પર કાબૂ ગુમાવી બેસે... પણ મારી સાથે આમાંનું કશું જ ન થયું. મેં પપ્પાની હત્યા કરી છે એવું મારી હાજરીમાં મારાં ભાઈ બહેનોના મગજમાં ઠસાવી દેનારી માતા માટે સ્નેહ - લાગણી રહે ખરા? પણ મોતનો મલાજો તો જાળવવો જ જોઈએ. હું તરત દહિસર પહોંચી. માના અંતિમ દર્શન કર્યા, હાથ જોડી પ્રભુને 'એમના આત્માને શાંતિ આપજો' એવી વિનવણી કરી અને પહોંચી સીધી થિયેટર પર. 'પતિવ્રતા' નાટકનો શો પતાવી રાત્રે સેનેટોરિયમ પાછી ફરી આડે પડખે થઈ અને આઈ બાબા (મમ્મી - પપ્પા) સાથેની બધી વાત એક પછી એક યાદ આવવા લાગી. જોકે, મન સ્વસ્થ હતું, કારણ કે પ્રાગજીભાઈના જમાઈએ યોગી નગરના ઘરની વ્યવસ્થાની કરેલી વાતથી જીવને ઘણા વખતે નિરાંત થઈ હતી. ■

## એક જ શોમાં એક પાત્ર, બે અભિનેતા

'શો મસ્ટ ગો ઓન' સિદ્ધાંતોને વરેલી રંગભૂમિના દરેક ભાષાનાં અનેક નાટકોના ઉદાહરણ મળી આવે જેમાં એક શોમાં કોઈ પાત્ર જે અભિનેતાએ ભજવ્યું હોય અને અચાનક કોઈ કારણસર પછીનો શો એ કરી ન શકે તો એ પાત્રમાં બીજા કલાકારને ગોઠવી નાટકની ભજવણી કરવામાં આવે છે. મેં પોતે શ્રી દેશી નાટક સમાજના પ્રારંભિક દિવસોમાં રક્ષા દેસાઈ અચાનક માંદી પડી જતાં બીજા શોમાં એનું પાત્ર ભજવ્યું હતું. રિપ્લેસમેન્ટ' - બદલીનો કલાકાર તરીકે ઓળખાતી આ વ્યવસ્થા વર્ષોથી રંગભૂમિ સાથે નાતો ધરાવે છે. જોકે, નવી રંગભૂમિ સાથે હું સંકળાઈ ત્યારે એક સાથી કલાકારે જણાવેલ 'રિપ્લેસમેન્ટ' કિસ્સાની જોડ જડવી મુશ્કેલ છે. નાટકનું નામ લગભગ 'બાજીગર' હતું અને દિન્યાર કોન્ટ્રેક્ટરના નિર્માણ હેઠળ ભજવાતું હતું. કોઈ કારણસર મુસાફરીમાં અટવાઈ જવાથી દીપક ઘીવાલા શોના સમયે થિયેટર પર પહોંચી શકે એમ નહોતા. ફર્સ્ટ બેલ વાગી ત્યારે દીપકભાઈ નહીં દેખાતા ફિલ્મના ડિરેક્ટર ફિરોઝ ભગતે શો તો થશે જ એમ જણાવી દિપકભાઈના રોલ માટે પોતે જ એન્ટ્રી લીધી. ડિરેક્ટર હોવાથી ડાયલોગ, મુવમેન્ટ, એન્ટ્રી ક્યારે છે - એક્ઝિટ ક્યારે લેવાની છે એ બધું જાણતા હતા. પડદો ખુલ્યો, નાટક ચાલ્યું અને ફિરોઝ ભગતે હાજરી પુરાવી દીધી. પછી થયું એવું કે ઈન્ટરવલને થોડી વાર હતી ત્યાં દીપકભાઈ થિયેટર પર પહોંચી ગયા અને મધ્યાંતર પછી પોતાનું પાત્ર ભજવ્યું. એક જ પાત્રમાં ઈન્ટરવલ પહેલા અને ઈન્ટરવલ પછી બે જુદા જુદા એક્ટરને જોઈ પ્રેક્ષકોને ક્ષણિક અચરજ થયું, પણ પછી આ પ્રયાસને તાળીઓના ગડગડાટથી બિરદાવી લીધો. આવો અખતરો કરનારું આ સંભવતઃ એકમાત્ર નાટક હશે. (સંકલિત)

કેન્વાસ

અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# વ્હાઈટ બ્યૂટિ ને બ્લેક બ્યૂટિના ભાગલા કેમ પડ્યા?







ગુજરાતી પાઠ્યપુસ્તકમાં અપાલા નામની વિદુષી સ્ત્રી વિશે અદ્‌ભુત કથા હતી. અપાલા, સપ્તર્ષિમાંના એક ઋષિ અત્રિની દીકરી હતી. વિદ્વાન વિદુષી, શાસ્ત્રચર્ચામાં પારંગત. એના વિદ્વાન પતિ સાથે કુટિરમાં રહેતી અને બંને વચ્ચે પ્રેમના પ્રવાહો ધસમસતા રહેતા હતા. અપાલાના શરીરે કોઢ થયો. આંતરિક સૌંદર્ય તો દેહલાલિત્ય કરતાં ક્યાંય ચડિયાતું છે એ જાણતા હોવા છતાં એના પતિ એને છોડીને ચાલ્યા ગયા. અપાલાએ ઇન્દ્રની પૂજા કરી. આકરું તપ કર્યું. એકલી રહી. પોતાનાં ખેતરોને પોતાની તપસ્યાથી ફરીથી હરિયાળાં બનાવ્યાં. એના શરીરનો કોઢ પણ દૂર થઈ ગયો. એક વિદ્વાન ઋષિપુરુષ જે એની પત્નીને એના બદલાઈ ગયેલા રૂપને કારણે તરછોડી ગયો હતો એ માફી માંગવા પાછો પણ આવ્યો...

વર્ષોથી દુનિયા કૃશાશ્વનું કિરદાર ભજવી રહી છે. કૃશાશ્વ એટલે કોણ? ચામડીના ચાઠાને સપ્તપદી પર આપેલા વચન કરતાં વધુ મહત્ત્વ આપનાર માણસ. સુંદરતા એટલે રૂપાળું એવો અર્થ કરનારા માણસો સદીઓ નહીં, પણ હજારો વર્ષ પૂર્વથી વસે છે. સુંદર એટલે રૂપાળું એવો કન્સેપ્ટ સંસ્કૃતિમાં જ ઘૂસી ગયો છે. કૃષ્ણને પણ સુંદરશ્યામ કહ્યા છે. શ્યામ ખરા, છતાં પણ સુંદર એવા કૃષ્ણ એવો છૂપો ભાવાર્થ એ નામમાંથી પ્રગટે છે. શાશ્વત વસ્તુઓને રંગ નથી હોતો. અજવાળાનો રંગ કે અંધકારનો રંગ વ્યાખ્યાયિત નથી થઈ શકતો. પાણીને વાદળી રંગનું ચિત્રકારોએ બનાવ્યું છે, બાકી જળ ચિરકાલીન રંગવિહીન છે. ખૂબસૂરતી પણ કોઈ રંગની મોહતાજ નથી. તેને કોઈ ચોક્કસ વર્ણ, છટા, આકાર, કદમાં બાંધી શકાતી નથી.

ખૂબસૂરતી છે શું?

જે રોજબરોજ કે સતત સામે ન દેખાય અને ક્યારેક ક્યારેક વિશેષ ગુણો સાથે નજર સામે આવે એ આપણને સુંદર લાગે. હિલ સ્ટેશન ઉપર ડોળીવાળા કે ફેરિયા રહેતા હોય તો એમને પહાડની લીલોતરી રમણીય ન લાગે કે એને વાદળાં ઉપર કવિતા લખવાનું મન ન થાય, કારણ કે એ સુંદરતાથી ઘેરાયેલા છે, રોજ એનું દૃષ્ટિપાન કરે છે. સુઘડ રીતે, વ્યવસ્થિત ગોઠવાયેલું, આદર્શની નજીક હોય અને થોડું અસામાન્ય હોય એ આપણે મન ખૂબસૂરત છે. ગોળમેજી પરિષદની તસવીરો જોઈએ તો સૂટ-બુટ પહેરેલા અંગ્રેજો વચ્ચે અંગરખું અને પોતડીમાં સજ્જ ગાંધીજી ખૂબ સુંદર ભાસે છે. કેમ? કારણ કે ગાંધીજી એ જગ્યાએ અનયુઝવલ-અસામાન્ય છે. નિયમિતતાનો ભંગ કરે છે- નવી હિમ્મત દાખવે છે. ડર વિના આત્મવિશ્વાસથી એ બેઠા છે અને પ્રામાણિકતાનું આભાવર્તુળ એમના ટાલિયા માથાની પાછળ દેખાય છે. આનો અર્થ એ કે બ્યૂટિને ઇમપરફેક્શન-અપરિપૂર્ણતા સાથે પણ સંબંધ છે. અપૂર્ણતા મનોહર હોઈ શકે છે.

મિસ ઇન્ડિયા-મિસ વર્લ્ડ-મિસ યુનિવર્સનું ટાઇટલ જીતનારી કેટલી યુવતીઓ શ્યામ છે? આ પ્રકારની સૌંદર્ય સ્પર્ધા હોવી જોઈએ કે નહીં તે અલગ મુદ્દો છે, પણ આવી સ્પર્ધાના નિર્ણાયકો અને આયોજકોને હવે છેક બુદ્ધિ આવી કે ગોરી ચામડીનો મોહ હકીકતમાં તો ગુલામીપ્રથાની ઊપજ છે. આફ્રિકાના હબસીઓને જંજીરોમાં જહાજના ભંડકિયામાં કેદ કરીને યુરોપ-અમેરિકામાં વસ્તુની જેમ વેચવામાં આવતા અને આખી જિંદગી વેઠ કરાવવામાં આવતી. બ્રિટને જ્યાં જ્યાં રાજ કર્યું તે ભારત કે બીજા એશિયાઈ દેશોના લોકોમાં પેઢીઓ સુધી એક ગ્રંથિ એ પેસી ગઈ કે ફક્ત વ્હાઇટ સ્કિન જ સુંદર હોઈ શકે, બ્રાઉન કે બ્લેક પીપલ તો ક્યારેય રૂપેરી પડદે ન ચમકી શકે.

હજુ પણ આપણે સૌ આ જ માન્યતાથી ઘેરાયેલા છીએ. જુવાન છોકરા માટે 'ટોલ-ડાર્ક-હેન્ડસમ' એવું કહેવાય છે અને



છોકરી માટે 'ફેર એન્ડ લવલી'નો શબ્દપ્રયોગ થાય છે. છોકરા કાળા હોય, પણ છોકરી તો રૂપાળી જ હોવી જોઈએ એવું પરોક્ષ રીતે લોકોના મનમાં ઠસવવા માટે કોસ્મેટિક્સ કંપનીઓ અને બધી જ પ્રોડકટની એડવર્ટાઇઝિંગ એજન્સીઓ સફળ નીવડી છે. ટૂથપેસ્ટ કે મિલ્ક પાઉડરની જાહેરાતમાં પણ ગોરી-દેખાવડી મમ્મી જ મોડેલ હોય.

ઝૂમા અવનવા પ્રાણીઓને જોતાં આપણે માણસો પ્રાણીઓના જેવી ચામડીનું રંગવૈવિધ્ય ખુદ માટે સ્વીકારી શકતા નથી. ઝીબ્રાનું ટોળું જોવું ગમે, પણ એક માણસને કોઢ થયો હોય તો તરત મનમાં દયાથી લઈને ઘૃણા સુધીના ભાવ આવી જાય.

વિક્ટોરિયા સિક્રેટ નામની લક્ઝરિયસ લોન્જરીની જાહેરાતમાં એક સફેદ ડાઘ ધરાવતી અને બ્રાઉન સ્કિન ટોનવાળી એક છોકરી આવતી. વીની હાર્લો એનું નામ છે. ચહેરા અને હાથ ઉપર સફેદ ડાઘા છે, છતાં પોસ્ટરમાં એ બેહદ ખૂબસૂરત લાગે છે. સુંદરતા કુદરતની બક્ષિસ છે.

ઐશ્વર્યા કરતાં વધુ ખૂબસૂરત યુવતીઓ ભારતના ગામડામાંથી મળી આવે. સુંદરતાનું સંવર્ધન કરવું પડે, ખૂબસૂરતી તો હોય જ, પણ એને નિખારવી પડે. જાતના પાલનપોષણની સાથે દેખાવની પણ કાળજી લેવી પડે. આટલું થાય તો કોઈ પણ વ્યક્તિ સુંદર બની શકે. હા, ખાવાપીવામાં ધ્યાન ન આપતા, વ્યસનના રવાડે ચડી ગયેલા, કસરતના નામે મીંડું હોય એવા સમાજમાં સુંદરતા દીવો લઈને શોધવા જવી પડે. એવો સમાજ સુંદરતાને લઈને વાસી અને જુનવાણી વિચારો ધરાવતો હોય એમાં કોઈ નવાઈ નહીં.

શંકર એટલે એક અઘોરી, કૈલાસ ઉપર ભભૂત લગાડીને તપ કરી રહેલી એક વ્યક્તિ હોવા છતાં એમનું એક નામ 'સુંદરેશ્વર' છે. કેમ? સુંદરતા અંદરથી આવે અને આ કોઈ ફિલસૂફી નથી.

સુંદરતા એ છે જે હૃદયને પલાળી નાખે. મનના રંજને દૂર કરીને ચિત્ત પાવન કરે. રોમરોમને પ્રફુલ્લિત કરીને સમયમાં ઉત્સાહનો સંચાર કરી દે. હૃદયને પલળવા માટે કોઈ જડ શરત હોય ખરી? ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી
feedback@bombaysamachar.com

# સિનેમા- કલ્ચર ને કન્ઝ્યુમર



બોલિવૂડ અને ક્રિકેટને આપણા દેશમાં ધર્મ માનવામાં આવે છે અને સ્ટાર્સને ઘણીવાર લોકો ભગવાનની જેમ પૂજે છે. બોલિવૂડ અને આજે જે રીતે સાઉથ કે બીજા પ્રાંતોની ફિલ્મો નેશનલ લેવલ પર જે રીતે રિલીઝ થાય છે તેથી કહી શકાય કે ફિલ્મો સમાજ પર અસર કરે છે.

## આજે આના પર વાત કરવાના બે કારણ

એકઃ સૌરાષ્ટ્રના નાના શહેરમાં લગ્ન હતા. આપણામાં પીઠી ચોળવાનો રિવાજ છે જે બધા મનાવે છે. આ રિવાજ આપણે નાના પાયે કરતા હતા, પણ આ શહેરમાં એ રિવાજ પણ મોટા પાયે મનાવવામાં આવ્યો. લોકો પીળા કલરના કપડામાં સજ્જ હતા. કમળના આકારના મોટા બકેટમાં વધૂને બેસાડી એના પર ફૂલોનો વરસાવ થયો, વગેરે અને મહત્ત્વનુંઃ બેકડ્રોપમાં લખ્યું હતું હલ્દી. હવે વિચારો જ્યાં ૧૦૦% ગુજરાતી પ્રજા છે ત્યાં આ હલ્દી શબ્દ ક્યાંથી આવ્યો? આ છે બોલિવૂડ ફિલ્મોની અસર, જેને ફિલ્મોમાં જોઈ આ અવસરની ઉજવણી મોટા પાયે કરી પીઠીને 'હલ્દી' નામ આપ્યું. બીજું કારણ, આ અઠવાડિયે સાઉથની ફિલ્મ નેશનલ લેવલ પર રિલીઝ થઇ 'પુષ્પા-૨'. સાઉથમાં આપણે સાંભળ્યું છે કે લોકો સવારના ૬ વાગ્યાના શોમાં અમુક કલાકારોની ફિલ્મો જોવા જાય છે. આ વાત આપણા ગુજરાતમાં પણ થઇ. સવારે ૬ વાગ્યાનો શો જોવા લોકોએ ટિકિટ ખરીદી તે પણ સાઉથની ફિલ્મ જોવા! આ પણ દર્શાવે છે કે ફિલ્મો કઈ રીતે સમાજમાં બદલાવ લાવે છે.

માર્કેટિંગના અમુક પાસામાં બે પાસા એટલે કન્ઝ્યુમર અને કલ્ચર. આ બંનેનો અભ્યાસ બ્રાન્ડ બિલ્ડિંગ અને માર્કેટિંગની વ્યૂહરચના માટે જરૂરી છે. કન્ઝ્યુમરના અભ્યાસ માટે બ્રાન્ડ રિસર્ચ પર આધાર રાખે છે. આપણા દેશમાં જ્યાં વિવિધ પ્રાંત, જાતિ અને ભાષાના લોકો છે ત્યારે કોઈ પણ બ્રાન્ડ માટે કન્ઝ્યુમરનો અભ્યાસ જરૂરી છે.



કન્ઝ્યુમરની વર્તણૂકના અભ્યાસ માટે જેમ રિસર્ચ એક રસ્તો છે તેમ સિનેમા પણ તેમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. લોકો કહે છે કે સિનેમા તે સમાજનો પડઘો છે. સમાજમાં જે ચાલી રહ્યું છે તે દર્શાવે છે. વિવિધ વાર્તા વિવિધ પ્રાંતના આધારે બતાવવામાં આવે ત્યારે બ્રાન્ડ માટે તે પ્રાંતની, ત્યાંની રહેણીકરણી, રીતભાત, ભાષા જાણવા મળી શકે. સિનેમા દ્વારા સમાજમાં વર્તણૂક બદલાય પણ છે.

ઉદાહરણ તરીકે; 'કરણ જોહરની ફિલ્મોએ ગુજરાતીઓને પણ કરવાચોથ કરતા કર્યા અને લગ્નને જાજરમાન કઈ રીતે ઉજવવો એ પણ શીખવાડ્યું'! આજે હરેક લગ્નમાં સંગીત, બેચલર પાર્ટી, ડિઝાઈનર ડ્રેસ હોવાજ જોઈએ. ફિલ્મ 'દિલ ચાહતા હે' થી લોકો ગોવા જતા થયા અને બીજી વાત એ બદલાઈ કે મિત્રોએ ક્યારે પણ ફરવા જવાનો પ્લાન બનાવી લેવો. 'થ્રી ઈડિયટ્સ' ફિલ્મ દ્વારા તમારે શું કરવું છેની વાત આવી તો તુમ્હારી સુલ્લુ- પિન્ક- થપ્પડ જેવી ફિલ્મોએ સ્ત્રીઓને કઈ રીતે એમને પુરુષ સમાન માન-સન્માન આપોની વાત કરી.

આજની યુવા પેઢી મુક્તપણે પોતાના વિચાર- મત લોકો સમક્ષ વ્યકત કરે છે તેનું એક મોટું કારણ સિનેમા છે. આના દ્વારા એ પોતાના જીવનમાં બદલાવ લાવે છે. આજે લોકો LGBTQ (સમલીંગી ઈત્યાદિ) ની વાત ખુલ્લામાં કરે છે તેનું શ્રેય પણ સિનેમાને જાય છે. ઘણી બ્રાન્ડની એડ પણ આને મધ્યમાં રાખી બનાવવામાં આવી છે. આજે લોકોને વિવિધ દેશોની સંસ્કૃતિ વિશે જાણવા પણ વૈશ્વિક સિનેમા દ્વારા મળે છે આ મોટો બદલાવ છે અને તે તમે એમના પહેરવેશમાં, બોલચાલમાં અને રહેણીકરણીમાં જોઈ શકો છો.

સિનેમામાંથી બ્રાન્ડ માટે સૌથી મોટી શીખ એટલે કન્ઝ્યુમરની વર્તણૂકનો અભ્યાસ. તમે આનાથી માહિતગાર થાવ છો ત્યારે તમે તે મુજબના પ્રોડક્ટ બનાવી શકો અથવા તે મુજબના પાત્ર, વાર્તા અને સેટઅપ તમારા કોમ્યુનિકેશનમાં દર્શાવો છો. ઉદાહરણ તરીકે, જે રીતે લગ્નોને સિનેમામાં બતાવવામાં આવ્યા પછી આપણે એથનિક વેર કેટેગરીને ધ્રૂસકે ને ભૂસકે વધતી જોઈ. આવા સેટઅપ બ્રાન્ડ પોતાની એડમાં બતાવે છે પછી તે કોઈ પણ કેટેગરી હોય. લગ્નમાં વધુ ખાવાથી ગેસ થશે તો તેને મટાડવાની દવાની બ્રાન્ડ પણ જાજરમાન લગ્ન બતાવશે અને નહિ કે સાદા લગ્નોમાં, કારણ કે કન્ઝ્યુમર તેવા સેટઅપને રિલેટ નહિ કરી શકે. સ્ત્રી જે બની શકે છે કરી શકે છે તેવો આત્મવિશ્વાસ કપડા ધોવાના ઉત્પાદન બતાવશે. જે કામ સ્ત્રીનું છે તેમ સમાજ માને છે તેને જવાબ છે કે આજની સ્ત્રી બંને કરી શકે છે. ચા બનાવતી બ્રાન્ડ સમાજમાં બદલાવની વાત કરશે, કારણ આજનો યુવા તેમ જોવા માગે છે જે ઘણી ફિલ્મોએ બતાવ્યું છે. નાનાં શહેરોની વાત અને તેમાં બતાવવામાં આવતી એમનાં સપના પૂરા કરવાની તમન્ના બ્રાન્ડને નાનાં શહેરોમાં સ્થાપિત કરવામાં મદદ કરે છે. ઘણી નામી બ્રાન્ડની એડમાં આપણે આવાં નાના શહેરોની વાત જોશું. અમુક સમય પહેલા એડ એટલે ગ્લેમરસ ચહેરાઓ બતાવો, શહેરી રહેણી કરણી બતાવો, વગેરે હતું, પણ આજે સિનેમાની મદદથી લોકો સાથે કેવી રીતે જોડાઈ શકીશું તે સમજીને કંપની પોતાની એડ બનાવે છે. આમ બ્રાન્ડને પોતાની માર્કેટિંગ વ્યૂહરચના બનાવવામાં કન્ઝ્યુમર અને કલ્ચરનો અભ્યાસ પૂરો પાડવામાં સિનેમા અગત્યનો આધાર બને છે. ■

હરહંમેશ ચીલો ચાતરવાની પરંપરાને આગળ ધપાવતાં આપ સૌનું લાડકું, એશિયાનું સૌથી જૂનું અને ૨૦૩ વર્ષની સફર ખેડનાર

# મુંબઈ સમાચારની એક અનોખી પહેલ...

# ગુજરાતી ગૌરવ રત્નોને... મુંબઈ સમાચારના ગૌરવ એવોર્ડ

સરિતા જોષી- વર્ષા અડાલજા- પ્રવીણ સોલંકી અને હેમરાજ શાહ....આ ચારેય પોતપોતાના ક્ષેત્રમાં દાયકાઓથી મહામૂલું યોગદાન આપી રહ્યાં છે. એમને 'ગૌરવ એવોર્ડ' એનાયત થઈ રહ્યા છે એ 'મુંબઈ સમાચાર' જ નહીં, સમગ્ર ગુજરાતી પ્રજા માટે ગર્વની વાત અને ગૌરવનો અવસર છે.

*અભિનેત્રી સરિતા જોષી, સાહિત્યકાર વર્ષા અડાલજા, નાટ્યલેખક પ્રવીણ સોલંકી અને સમાજસેવાના અગ્રણી હેમરાજ શાહે પોતપોતાના ક્ષેત્રમાં મહામૂલું યોગદાન આપી જનજીવનને સમૃદ્ધ બનાવવામાં સીધું કે આડકતરું યોગદાન આપ્યું છે. ૮૦ વર્ષની ઉંમર વટાવી ગયેલી આ ચારેય વિલક્ષણ પ્રતિભા જીવનની સમી સાંજે પણ વહેલી સવારના સૂર્યનાં કિરણોની જેમ તેજ પાથરી ઝળહળવા તલપાપડ છે.*

*સરિતા બહેનની વાણીમાં હજી સંતુ રંગીલી કે ગોદાવરી ઠક્કર અથવા સકુબાઈ રણકે છે...*

*વર્ષા અડાલજા 'મારે પણ એક ઘર હોય' કે 'ગાંઠ છૂટ્યાની વેળા' જેવું સર્જન કરવા થનગને છે...*

*૭૦ વર્ષ પહેલા પ્રથમ એકાંકી લખનારા પ્રવીણ સોલંકીના ચાર નાટક હાલ ભજવાઈ રહ્યા છે...*

*–અને પાઠ્યપુસ્તક તેમજ નોટબુક પ્રકાશનના વ્યવસાયને સમાંતર સામાજિક ઉત્કર્ષ માટે અનન્ય યોગદાન આપનારા હેમરાજ શાહની ડિક્શનરીમાં 'નિવૃત્તિ' શબ્દ જ નથી...*

*આપણા આ ગૌરવ રત્નોનું સન્માન કરવાની આ અનોખી પહેલ બદલ 'મુંબઈ સમાચાર'ની સાથે સાથે સમગ્ર પ્રજા ગર્વ અને ગૌરવની લાગણી અનુભવતી હશે એ નિ:શંક બાબત છે. સુપ્રસિદ્ધ ભાગવત કથાકાર પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના વરદ હસ્તે સરિતા જોષીને શ્રી ફરદુનજી મર્ઝબાનજી કલા ગૌરવ એવોર્ડ, શ્રીમતી વર્ષા અડાલજાને શ્રી નસરવાનજી મંચેરજી કામા સાહિત્ય ગૌરવ એવોર્ડ, પ્રવીણ સોલંકીને શ્રી મંચેરજી નસરવાનજી કામા કલા ગૌરવ એવોર્ડ અને હેમરાજ શાહને શ્રી રુસ્તમજી મંચેરજી કામા સમાજ ગૌરવ એવોર્ડથી આજે સાંજે સન્માનિત કરવામાં આવશે. આ પ્રતિભાવંતોને સન્માન પત્ર ઉપરાંત રૂપિયા ૭૫ હજારની ધનરાશિ સાથે પુરસ્કૃત કરવામાં આવશે.*

*વેપારી પ્રજાનું લેબલ ધરાવતી ગુજરાતી પ્રજામાં અનેક કલા રત્નો પણ પાક્યા છે. આ પ્રતિભાઓનું સન્માન કરવું એ ફરજ માની 'મુંબઈ સમાચાર'એ દિશામાં પહેલું પગલું માંડ્યું છે. ચારેય કલાકારને સ્વસ્થ અને આરોગ્યપ્રદ જીવનની શુભેચ્છા.*

**મુલાકાત: હેન્રી શાસ્ત્રી**

## સંતુની ઓળખનો મને આનંદ છે

### સરિતા જોશી (અભિનેત્રી)



પુણેમાં ૧૯૪૧માં જન્મ, વડોદરામાં ભણતર અને અશરફ ખાન અને શાંતા આપટે જેવા ટકોરાબંધ કલાકારો સાથે બાળ કલાકાર તરીકે નાટકોમાં કામ કરી શરૂઆત કરનારાં સરિતા જોષીની અભિનય કારકિર્દીનું ફલક ગંજાવર છે. જૂની તેમજ નવી રંગભૂમિનાં નાટકો, ગુજરાતી ફિલ્મો, ટીવી સિરિયલો તેમજ હિન્દી ફિલ્મોમાં સરિતા બહેનની કામગીરીની ગુણવત્તા પર નજર નાખતા કોઈની પણ આંખો અંજાઈ જાય એવું એમનું યોગદાન રહ્યું છે. યશસ્વી અભિનય સફર બદલ સરિતા બહેનને મળેલા અનેક સન્માન - પારિતોષિકમાં ભારત સરકારનો 'પદ્મશ્રી' એવોર્ડ શિરમોર છે. આ ઉપરાંત સંગીત નાટક અકાદમી એવોર્ડ, ગુજરાત સરકાર એવોર્ડ, એનએસડી - નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા પારિતોષિક, મોરારિ બાપુના હસ્તે નટરાજ એવોર્ડ, હરીન્દ્ર દવે મેમોરિયલ એવોર્ડ, નાલંદા ભરત મુનિ સન્માન, નહેરુ શતાબ્દી નાટ્ય સમારોહમાં પારિતોષિક, સળંગ ચાર વર્ષ 'બા બહુ ઔર બેબી' ટીવી સિરિયલ માટે ફેવરિટ એક્ટર એવોર્ડ...

એમને મળેલા સન્માન અને એવોર્ડની લાંબી યાદીમાં હવે 'મુંબઈ સમાચાર'ના એવોર્ડનું નામ જોડાવાથી સરિતાબહેન રાજી થયાં છે.

'એવોર્ડ મળે ત્યારે કલાકારને આનંદ થાય જ', સરિતા બહેન જણાવે છે, 'ચાર વર્ષ પહેલા પદ્મશ્રી'નું સન્માન મળ્યું ત્યારે જેવી હરખની લાગણી થઈ હતી એવી જ લાગણી આજે 'મુંબઈ સમાચાર'નો એવોર્ડ મળતી વખતે થઈ છે. એનું કારણ એવું છે કે અખબાર સાથે મારો બહુ જૂનો નાતો છે. આ અખબાર સાથે સંકળાયેલા વેણીભાઈ પુરોહિત અને જીતુભાઇ મહેતા સાથે કલા ક્ષેત્રની ઘણી ગોઠડી કરી છે. એ વાતચીતમાં કે ચર્ચામાં ઘણું પામી છું. કલાકારોને પ્રોત્સાહિત કરવાનો 'મુંબઈ સમાચાર'નો આ પ્રયાસ સ્તુત્ય છે.'

બાળ કલાકાર તરીકે ઝળહળ્યા પછી સરિતા જોષી ૧૯૬૮માં મુંબઈ આવ્યાં. મુંબઇ આવ્યાં એ પહેલા અરુણ દવે, દિનેશ રાવળ સાથે ગુજરાતી ફિલ્મોમાં કામ કર્યું. સંજીવ કુમાર, દિપક ઘીવાલા જેવા સિદ્ધહસ્ત કલાકારો સાથે કામ કરવાનો મોકો મળ્યો. ગુજરાતી ફિલ્મોમાં કામ કરવાથી નવું શીખવા મળ્યું એનો લાભ થયો. સરિતા બહેન સીડીના પગથિયાં એક પછી એક ચડી રહ્યાં હતાં. આગળ વધી રહ્યાં હતાં. ત્યારબાદ એક ટર્નિંગ પોઈન્ટ આવ્યો. પ્રવીણ જોશી સાથે એમની મુલાકાત થઈ અને 'આઈએનટી'માં જોડાયાં અને પેલી સફળતાની સીડી પછી લિફ્ટ બની ગઈ. એક પછી એક ટકોરાબંધ નાટકો આવવાં લાગ્યાં. 'સપ્તપદી', 'કુમારની અગાશી', 'મોસમ છલકે'... આ નાટકોની સફળતા સાથે સાથે સરિતા જોશી અભિનયની બુલંદીથી એવરેસ્ટ પર બિરાજમાન થઈ ગયાં. બર્નાર્ડ શોના જગવિખ્યાત નાટક 'પિગ્મેલિયન'ના મધુ રાયએ કરેલા ગુજરાતી સંસ્કરણ 'સંતુ રંગીલી'એ તો એવી સાંબેલાધાર સફળતા અપાવી કે સરિતા જોશી અને સંતુ રંગીલી એકબીજાના પર્યાય બની ગયા. સરિતા બહેનને આમંત્રણ મળ્યું હોય એવા અનેક જાહેર કાર્યક્રમોમાં 'પ્લીઝ, સંતુના સંવાદ સંભળાવો' એવી ફરમાઈશથી જ શરૂઆત થવા લાગી અને હજી પણ થાય છે. પછી 'તારોય વારો આવશે હિમાદ્રિ અને શંતુનો ડંકો વાગશે', 'તારા ખિચ્ચામાં નહીં હોય પઈ અને હું ચેકુમાં કરતી હોઈશ સઈ' કે પછી 'રાજાના દીકરો મરકીને કહેશે કે સંતુનાં નામના સિક્કા પડાવો ને સંતુનાં માનમાં તોપું ફોડાવો ને સંતુના ભેરે અસવારી જોડાવો' સંવાદો અસ્ખલિત વહેવા લાગે અને એક એવો ભૂતકાળ કલા રસિકોની નજર સામે તરવરવા લાગે કે જે થંભાવી દેવાની લાલચ થાય. આ છે કૌવત સરિતા જોશીનું, એમના અભિનય સામર્થ્યનું. સરિતા બહેન પોતે કહે છે કે 'નિશા (કુમારની અગાશી), સુરેખા (સપ્તપદી), માલ્વિકા (મૌસમછલકે) કે સવિતા દામોદરપરાંજપેનો ટાઈટલ રોલ જેવા વૈવિધ્યપૂર્ણ પાત્રો મેં ભજવ્યાં છે, પણ મારી સંતુની અલાયદી ઓળખ મને ખૂબ જ પ્રિય છે. સંતુ રંગીલીએ મને મારું પોતાનું અલાયદું એવરેસ્ટ બનાવી આપ્યું છે. એક વાતનો મને આનંદ છે અને ગર્વ પણ છે કે મેં નાટકોમાં કાયમ હીરોઈનના જ રોલ કર્યા છે, સાઈડ રોલ ક્યારેય નથી કર્યો. પ્રવીણ જોશી ઉપરાંત શૈલેષ દવે સહિત અન્ય મહારથીઓ સાથે કામ કર્યું છે.'

સરિતા બહેનનું પ્રમુખ અને મહત્તમ યોગદાન રંગભૂમિ (૨૦૦થી વધુ નાટક) છે એ ખરું, પણ એમણે ગુજરાતી ચલચિત્રો ઉપરાંત ટીવી સિરિયલ અને હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પણ કામ કર્યું છે. નાટકોની સરખામણીએ આ યાદી નાની છે, પણ એમાંની અમુક ભૂમિકા કાયમ સ્મરણમાં રહી જાય એવી છે. ટીવી સિરિયલના સુવર્ણ દોરમાં 'બા બહુ બેબી'ના ગોદાવરી ઠક્કરનાં પાત્રએ એમનો વિશાળ ચાહક વર્ગ ઊભો કર્યો અને એમની ઓળખાણનો વિસ્તાર થયો. 'સંતુ રંગીલી' નહીં જોનારા પ્રેક્ષકો માટે સરિતા બહેન ગોદાવરી ઠક્કર હતાં.

આ ઉપરાંત હિન્દી ફિલ્મોમાં પણ સરિતાબહેનને અભિનય પ્રતિભા દેખાડવાની તક મળી. અહીં પણ સંખ્યા મોટી નથી, પણ એવા કેટલાક રોલ છે જે દર્શકોના હૈયામાં કોતરાઈ ગયા છે. 'ગુરુ'માં અભિષેક બચ્ચનની માતાનો રોલ કે પછી 'બારહવી ફેલ'માં વિક્રાંત મેસીની દાદીનો રોલ હોય કે 'સિંઘમ રિટર્ન્સ'ની નાનકડી ભૂમિકા હોય, સરિતા બહેન અલગ તરી આવે.

ફિલ્મોમાં કામ કરવાના અનુભવ વિશે સરિતા બહેન કહે છે કે 'મણિરત્નમ, વિધુ વિનોદ ચોપડા અને રોહિત શેટ્ટી જેવા એકબીજાથી સાવ ભિન્ન એવા દિગ્દર્શકો સાથે કામ કરવાથી ઘણું શીખવા મળ્યું. મારા માટે તો આ એક નવી પાઠશાળા હતી, જેના અનુભવથી હું વધુ સમૃદ્ધ બની છું.'

આજે પણ મેકરો સરિતા જોષી સાથે કામ કરવા ઉત્સુક છે, પણ કામ કરવાની મજા આવે, કશુંક ક્રિયેટિવ કામ થઈ રહ્યું છે એવું લાગે તો જ સરિતાબહેન કામ સ્વીકારે છે.

## મારે પણ એક વર્ષા હોય...

### વર્ષા અડાલજા (નવલકથાકાર)



વર્ષા અડાલજાની લેખન પ્રક્રિયા એ સમયમાં શરૂ થઈ અને વિકસી જ્યારે ગુજરાતીઓમાં કલા પ્રેમ, સાહિત્ય પ્રેમ ધબકતો હતો. વાંચન પ્રત્યે પ્રીતિ હતી અને દળદાર નવલકથાનું હોંશે હોંશે વાંચન થતું હતું. પિતા ગુણવંતરાય આચાર્યએ નવલકથા, વાર્તા, નાટક આદિનાં ૧૦૦થી વધુ પુસ્તકો આપ્યા છે. આમ લેખન, સાહિત્ય પ્રીતિ વર્ષા બહેનને ગળથુથીમાં જ મળ્યા.

વર્ષાબહેનનો જન્મ મુંબઈમાં. સંજોગો અચાનક બદલાઈ જતા ઘર વિનાના થઈ ગયાં, પણ પિતાશ્રીની ભાષા પ્રત્યેની નિષ્ઠાથી પ્રેરાઈ એક વેપારીએ રહેવા ઘર આપ્યું. એ દિવસો યાદ કરી વર્ષાબહેન કહે છે કે 'પપ્પાએ ખૂબ પરિશ્રમ કર્યો. વર્ષના ૩૬૫ દિવસ લખ્યું. ચારે ભાઈ બહેનને ભણાવ્યા - ગણાવ્યા.' એટલે સ્વાભાવિક હતું કે વર્ષાબહેનમાં લખાણ માટે પ્રીતિ જાગી. ૧૯૬૨માં આકાશવાણીમાં જોડાયા ત્યારથી લેખન યાત્રાનો પ્રારંભ થયો જે આજ દિન સુધી અવિરત ચાલુ છે. આજની તારીખમાં ય એ એક ધારાવાહિક નવલકથા લખી રહ્યા છે.

વર્ષાબહેનના સાહિત્ય સર્જનને વિવિધ પારિતોષિક મળ્યાં છે. ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાત સાહિત્ય સભા, ભારતીય ભાષા પરિષદ (કલકત્તા) તેમજ દિલ્હી સાહિત્ય અકાદમી તરફથી પણ પારિતોષિક મળ્યાં છે. યાદી હજી પૂરી નથી થઈ.... સોવિયેટ લેન્ડ નહેરુ એવોર્ડ, કનૈયાલાલ મુનશી એવોર્ડ, રણજિતરામ સુવર્ણચંદ્રક, નંદશંકર મહેતા ચંદ્રક અને રામનારાયણ પાઠક એવોર્ડ પણ એ પ્રાપ્ત કરી ચૂક્યાં છે. રણજિતરામ સુવર્ણચંદ્રક પિતા - પુત્રીને મળ્યો હોય એવું એકમાત્ર ઉદાહરણ ગુણવંતરાય આચાર્ય અને વર્ષા અડાલજાનું છે. ૧૯૪૫માં 'દરિયાલાલ' માટે ગુણવંતરાય આચાર્યને અને ૨૦૦૫માં વર્ષાબહેનને એનાયત થયો હતો. આ વર્ષે જુલાઈમાં નર્મદ સાહિત્ય એવોર્ડ, સ્વામી સચ્ચિદાનંદ એવોર્ડ મળી ચુક્યા છે. આ યાદીમાં 'મુંબઈ સમાચાર'ના એવોર્ડનો ઉમેરો થયો એ બદલ રાજીપો વ્યક્ત કરતા વર્ષાબહેન જણાવે છે કે 'કેવો યોગાનુયોગ છે કે મારા લખાણની શરૂઆત ૧૯૬૬માં 'મુંબઈ સમાચાર'થી થઈ અને એના તરફથી જ એવોર્ડ મળી રહ્યો છે. એ સમયે દારૂવાલા સાહેબે મને ફેશનની કોલમ (સૌંદર્યનો શણગાર) લખવા કહ્યું હતું. એ સમયે બ્યુટી પાર્લર નહોતા. નાટકમાં કામ કરવાનો અનુભવ અને ફોરેનના મેગેઝિનો જોઈ હું કોલમ લખતી થઈ. 'મુંબઈ સમાચાર'ના કાર્યાલયમાં આવતી ત્યારે નજીક આવેલી એશિયાટિક લાઈબ્રેરીની મુલાકાત પણ લેતી થઈ. વિવિધ ભાષાના પુસ્તકો વાંચવાની તક મળી અને નવલિકા લખવાની શરૂઆત થઈ. 'મુંબઈ સમાચાર' મારી સર્જન પ્રક્રિયાને વેગ આપવામાં નિમિત્ત બન્યું.'

વર્ષા અડાલજાનું મુખ્ય સર્જન નવલકથામાં છે. ૧૯૬૮માં પ્રકાશિત થયેલી પહેલી સામાજિક નવલકથાનો ઉલ્લેખ કરી એમણે કહ્યું કે 'નવલકથા તો લખી પણ એને નામ શું આપવું એ સમજાતું નહોતું. એટલે ચુનીલાલ મડિયાએ નામ આપ્યું 'શ્રાવણ તારાં સરવડાં'. ત્યારપછી મેં 'તિમિરનો પડછાયો' નવલકથા લખી અને મારો આત્મવિશ્વાસ વધી ગયો. એ સમયે સોશિયલ મીડિયા નહોતું કે પુસ્તકના વિવેચનની પ્રથા પણ નહોતી. આ નવલકથા વધુ લોકો સુધી પહોંચાડવા એક પ્રોફેસર અમદાવાદથી મુંબઈ આવ્યા અને એના પરથી એક ફિલ્મ બનાવી. પછી મેં એના પરથી એક નાટક લખ્યું જેમાં પદ્મારાણીએ અભિનય કર્યો હતો. એ નાટકના ઘણા શો થયા હતા. એમની 'અણસાર' નવલકથા મનુષ્યને ઢંઢોળે છે. ચારેકોરથી હડધૂત થતા અને ઘોર નિરાશામાં સબડતા રક્તપિત્તથી પીડાતા લોકોની વેદનાને આ નવલકથામાં વાચા આપી છે. એનો ઉલ્લેખ કરી વર્ષાબહેને જણાવ્યું કે 'રક્તપિત્ત વિશે ઊંડી જાણકારી પ્રાપ્ત કરવા અને ખાસ તો રોગગ્રસ્ત દર્દીઓની વેદના સમજવા હું એવા લોકો વચ્ચે જઈને રહી. આ નવલકથાને દિલ્હી સાહિત્ય અકાદમીનો એવોર્ડ મળ્યો અને એનો અનુવાદ અંગ્રેજી અને મરાઠીમાં પણ થયો. અત્યારે ઉડિયા ભાષામાં કામ ચાલી રહ્યું છે.'

એકંદરે એમનો પ્રયાસ એક સાધના હતી એવું કહેવામાં આવ્યું હતું, પણ લોકેશન પર જઈ સાચુકલાં પાત્રો વચ્ચે રહી, એમને અનુભવી પછી કલ્પનાના રંગો પૂરી વાર્તા લખવાનો વર્ષાબહેનનો અભિગમ અનન્ય છે.

'મારી આ કાર્યશૈલી જોઈ મનુભાઈ પંચોળી 'દર્શક'એ વર્ષાએ નવી કેડી કંડારી એમ કહ્યું હતું,' એમ જણાવતા વર્ષાબહેનના અવાજમાં રહેલો આનંદ સ્પષ્ટ રણકે છે.

૧૯૭૧માં પ્રગટ થયેલી 'મારે પણ એક ઘર હોય'માં વર્ષાબહેને બે બહેનો વચ્ચે રહેલા પ્રેમ અને ધિક્કારની લાગણીઓને વાચા આપી છે. આ નવલકથાને ગુજરાતી સાહિત્ય પરિષદનું પ્રથમ પારિતોષિક મળ્યું હતું. આ નવલકથા પરથી ગુજરાતી ચલચિત્ર તૈયાર કરવામાં આવ્યું હતું અને હિન્દી સિરિયલ પણ બની હતી. જાત અનુભવથી નવલકથા લખવાના આશયને કારણે જેલના ભીતરી જીવનની ભયંકર વાસ્તવિકતાને આલેખતી બંદીવાન' લખતી વખતે એમણે આર્થર રોડ જેલમાં જઈ કેદીઓ વચ્ચે રહેવાની કોશિશ પણ કરી હતી. 'ગાંઠ છૂટ્યાની વેળા' નવલકથા વિશે વર્ષાબહેન કહે છે કે 'મધ્ય પ્રદેશના આદિવાસીઓની કથા આલેખવાની હતી. જાત અનુભવ લેવો હતો એટલે જંગલમાં રખડી, ખટારામાં મુસાફરી કરી અને આશ્રમમાં આદિવાસીઓ વચ્ચે રહી અને પછી નવલકથા લખી.

૧૯૦૫માં ગુજરાતી સાહિત્ય પરિષદનો જન્મ થયો હતો. ગુજરાતમાં સાહિત્યિક વાતાવરણ તૈયાર થાય, ગુજરાતી સાહિત્યનો વ્યાપ વધી એ લોકપ્રિય બને એ સ્થાપનાનો મુખ્ય હેતુ હતો. એના પહેલા પ્રમુખ હતા ગોવર્ધનરામ ત્રિપાઠી. બારમા સંમેલન(૧૯૩૬)ના પ્રમુખપદે ગાંધીજી હતા. આશ્ચર્યની કે આઘાતજનક વાત એ છે કે ૧૧૯ વર્ષના ઈતિહાસમાં માત્ર ૩ મહિલા ગુજરાતી સાહિત્ય પરિષદની પ્રમુખ બની છે, જેમાં એક નામ વર્ષા અડાલજાનું છે. વર્ષાબહેનની જીવનકથામાં આવા અનેક રત્નો વિખરાયેલા પડ્યાં છે.

વર્ષાબહેનની શારીરિક હાઈટ - ઊંચાઈ ઘણી સારી છે. જોકે,એમના સર્જનની ઊંચાઈ સામે એ વામણી લાગે. વર્ષાબહેનનો સંઘર્ષ, એમની કર્તવ્યનિષ્ઠા, એમનું મહામૂલું સર્જન અને એમનો સ્નેહાળ સ્વભાવ જોઈ એમની અવિસ્મરણીય નવલકથા 'મારે પણ એક ઘર હોય'ની જેમ દરેક માતા એમ જ ઝંખે કે 'મારે પણ એક વર્ષા હોય'.




આ પ્રતિભાવંતોને સન્માન પત્ર તેમ જ રૂા. ૭૫ હજારની ધનરાશિ સાથે પુરસ્કૃત કરાશે

પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના વરદ્ હસ્તે...

આજે સાંજે ૭:૩૦ કલાકે

સ્થળ : મુકેશ પટેલ ઓડિટોરિયમ, વિલે પાર્લે (વેસ્ટ) - મુંબઈ.

સૂત્રધાર: શોભિત દેસાઈ

સહયોગ : શ્રી જશવંત શાહ ● શ્રી અજય આશર ● શ્રી ભાર્ગવ પટેલ ● શ્રી જિતેન્દ્ર મહેતા ● શ્રી રમેશ મોરબિયા ● શ્રી રાજેશ ઠક્કર


તેમજ ગીત સંગીતનો ગુજરાતી જલસો

કલાકાર: સુનીલ સોની ● ગૌરાંગ સોની ● માધવી ઠક્કર

ખાસ નોંધ: વેલે પાર્કિંગની સુવિધા કાર્યક્રમના સ્થળ પર ઉપલબ્ધ છે.

# મુંબઈ સમાચારની એક અનોખી પહેલ...

## ગુજરાતી ગૌરવ રત્નોને... મુંબઈ સમાચારના ગૌરવ એવોર્ડ



## ૬૪ વર્ષમાં ૨૧૦ ફૂલલેન્થ નાટક ને એ બધાં ભજવાયાં!

### પ્રવીણ સોલંકી (નાટ્યલેખક)

ગુજરાતી વર્તમાનપત્ર ખોલો અને નાટકોની જાહેરખબર પર નજર દોડાવો તો તમને જુદી જુદી ડિઝાઈનની,અલગ અલગ વિષયની, જુદા જુદા દિગ્દર્શકો - કલાકારોના નામ ધરાવતી નાટકોની જાહેરખબર જોવા મળશે,પણ જો ધ્યાનથી જોશો તો એક નામ એકથી વધારે નાટકની જા. ખ.માં જોવા મળશે અને એ નામ છે નાટ્યલેખક પ્રવીણ સોલંકીનું.

વિપુલ નાટ્યલેખન (અંગ્રેજીમાં પ્રોલિફિક રાઇટર) માટે પ્રવીણ સોલંકી ખ્યાતિ ધરાવે છે. 'સાચને આવી આંચ'થી ૧૯૬૦માં શરૂઆત કરી આજદિન સુધીમાં ૨૦૦થી વધુ ફૂલલેન્થ પ્લે (અગાઉ ત્રિઅંકી, હવે બે અંકના) અને ૨૦૦થી વધુ એકાંકી, રેડિયો - ટીવી નાટક લખાઈ ગયા છે અને આજની તારીખમાં પણ પ્રવીણ સોલંકી લિખિત ચાર નાટકનું મંચન જોવા મળે છે એવું ખુદ પ્રવીણભાઈ જ જણાવે છે. ચાર જુદા જુદા ક્ષેત્રમાં અસાધારણ યોગદાન આપનારી વ્યક્તિનું સન્માન કરવાની 'મુંબઈ સમાચાર'ની પહેલને એમણે બિરદાવી અને અનુમોદન કરવા બદલ પ્રસન્નતા વ્યક્ત કરી છે.

નાટ્યલેખનમાં સંખ્યાબળ ધરાવતા પ્રવીણ ભાઈ વિક્રમો અને સિદ્ધિઓની બાબતમાં પણ લાંબી યાદી ધરાવે છે. એમનાં નાટકોના રૂપાંતર અન્ય ભાષામાં કરવામાં આવ્યા છે અને એમણે અન્ય ભાષાના નાટકોનું રૂપાંતર ગુજરાતીમાં કર્યું છે. પ્રતિષ્ઠિત નાટ્ય લેખક ઉપરાંત એમણે દિગ્દર્શક તેમ જ સંગીતકાર તરીકે પણ યોગદાન આપ્યું છે. સામાજિક કાર્યકર્તા તરીકે પણ સેવા આપી છે. ૧૦ હિન્દી અને ગુજરાતી ટીવી સિરિયલો લખવા ઉપરાંત ૧૧ ગુજરાતી ફિલ્મો, રેડિયો નાટકો, ટીવી નાટકો લખ્યા છે તેમ જ બે કવિતાસંગ્રહનું પ્રકાશન કર્યું છે.

પ્રવીણભાઈએ સર્જેલા અને સિદ્ધાર્થ રાંદેરિયાએ સાકાર કરેલા 'ગુજ્જુભાઈ' પાત્રએ દુનિયાભરમાં ધૂમ મચાવી છે. પ્રવીણ સોલંકીએ જુદા જુદા ૩૬ ડિરેક્ટર સાથે કામ કર્યું છે. એમનાં નાટકોમાં શિક્ષણ, અંધશ્રદ્ધા, કુદરતી આપત્તિ, સામાજિક ભેદભાવ વગેરે મુદ્દા સંબોધવામાં આવ્યા છે. શૈક્ષણિક સંસ્થાઓ માટે ખાસ એમણે નાટકો લખ્યા છે. દેશ અને વિદેશમાં એમને ૧૫૦ ટ્રોફી એનાયત કરવામાં આવી છે અને બીજાં સન્માનોનો આંક છે ૧૫૦ ! સમાજ પ્રત્યેના યોગદાન બદલ મહારાષ્ટ્ર સરકારે એમને સ્પેશ્યલ એક્ઝિક્યુટિવ ઓફિસર (એસઇઓ) તરીકે નિયુક્ત કર્યા છે. આકાશવાણી, મુંબઈએ એમના જીવન અને કવન પર ૩ કલાકનો ઓડિયો કાર્યક્રમ તૈયાર કર્યો છે. નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્ય પ્રધાન હતા ત્યારે,મહારાષ્ટ્રના ભૂતપૂર્વ સીએમ અશોક ચવાણ, ગુજરાતના માજી નાણાં પ્રધાન વજુભાઇ વાળા, ફિલ્મ પર્સનાલિટી સુનીલ દત્ત, રાજેશ ખન્ના, મહેશ ભટ્ટ, જાવેદ સિદ્દીકી, અબ્બાસ મસ્તાન, રોબિન ભટ્ટ, કથાકાર મોરારીબાપુ, જૈન મુનિ નમ્ર મુનિ, ધીરજ મુનિ, પ્રમુખ સ્વામી ઈત્યાદિ મહાનુભાવોએ એમનું સન્માન કર્યું છે.

પ્રખ્યાત નાટ્યલેખક પ્રબોધ જોશીએ કહ્યું હતું કે 'સોલંકી વંશએ ગુજરાત પર ત્રણ સદી સુધી રાજ્ય કર્યું હતું, પ્રવીણ સોલંકી ગુજરાતી રંગભૂમિ પર છ દાયકા સુધી છવાયેલા રહ્યા.' નાટ્ય લેખન માટે જ કદાચ એમનો જન્મ થયો હોય એવું માનવાનું મન એટલા માટે થાય છે કે ૧૯૫૮માં નવમાં ધોરણમાં અભ્યાસ કરતી વખતે કિશોર પ્રવીણે 'જલતું જીગર' નામે એકાંકી લખ્યું અને બીજા જ વર્ષે એટલે કે ૧૯૫૯માં દસમા ધોરણના અભ્યાસ દરમિયાન 'વહાલે દીધા વિષ' નામનું નાટક લખ્યું. બંને નાટકના નામ પરથી દિલ પર મોટો ઘા પડ્યા પછી લખાયેલા નાટક લાગે. નાટ્યલેખનમાં એકાંકી પછીનું પગથિયું ફૂલલેન્થ પ્લે (એ સમયે ત્રિઅંકી નાટક) ગણાય અને ૧૯૬૦માં પ્રવીણ સોલંકી લિખિત પ્રથમ ફૂલલેન્થ નાટક 'સાચને આવી આંચ' ભજવાયું અને ગુજરાતી રંગભૂમિ પર એક નવા લેખકનો 'જન્મ' થયો.

કમર્શિયલ નાટકોમાં લખાણના પ્રારંભ વિશે બોલતા પ્રવિણભાઈએ જણાવ્યું કે 'ભારતીય વિદ્યાભવન - કલા કેન્દ્રની કોલેજ નાટ્ય સ્પર્ધામાં નિયમિત ભાગ લેતો હતો. એ દરમિયાન અરવિંદ ઠક્કરના સંપર્કમાં આવ્યો. વ્યાવસાયિક રંગભૂમિ પર હું અને અરવિંદ સાથે નાટકો કરવા લાગ્યા. અમારી જોડી જામી ગઈ. અમે સાથે કરેલું પહેલું નાટક હતું 'ગગન ચુંબન'. કોમેડી થ્રિલર હતું. અંગ્રેજી નાટક પર આધારિત હતું. નાટકને સફળતા મળી અને અમારી ડિમાન્ડ વધી. ત્યારબાદ અમે બાવીસ નાટક સાથે કર્યા, જે એ સમયે વિક્રમ હતો.' પ્રવીણ સોલંકીને નાટ્યલેખક તરીકે કામ, દામ અને નામ મળવા લાગ્યા. પછી તો કાંતિ મડિયા સાથે ૨૬ નાટક કર્યા, અમૃત પટેલ સાથે ૩૦ નાટકો અને પછી તો કલમ દોડવા લાગી. લેખક - દિગ્દર્શક જોડીનો સિલસિલો આગળ એવો વધ્યો કે પ્રવીણ સોલંકી - ફિરોઝ ભગતની જોડીએ ૧૦૦ નાટકની સિદ્ધિ મેળવી. ૬૪ વર્ષની નાટ્ય સફરમાં પ્રવીણ સોલંકીએ ૩૬ દિગ્દર્શક સાથે ૨૧૦ નાટક ભજવ્યા છે. એમનો દાવો છે કે પોતે લખેલા બદ્ધેબધા નાટકોનું મંચન થયું છે.

'બધા ડિરેક્ટરોમાં સૌથી અલગ ટયુનિંગ કાંતિ મડિયા સાથે હતું,' પ્રવીણભાઈ કહે છે : 'એમની સાથે સારો તાલમેલ બેસી ગયો હતો. મેં લખેલા નાટકોને સ્પેશિયલ ટ્રિટમેન્ટ આપતા. એક દિવસ મને બોલાવીને કહ્યું કે એક અંગ્રેજી નાટક પરથી ગુજરાતી નાટક બેસાડવું છે, તું લખીશ? ચારેક લેખક સાથે કોશિશ કરી ચુક્યો છું, પણ જામ્યું નથી. અમે બેઠા, વિગતે ચર્ચા કરી અને 'હવે પાંપણોમાં અદાલત ભરાશે' નાટક લખાયું.'

નાટ્યલેખન ઉપરાંત પ્રવીણ સોલંકીએ કલાકારોને મળતું મહેનતાણું વધારવામાં, વિદેશમાં નાટકોની ભજવણીમાં, નાટ્ય સ્પર્ધામાં પણ યોગદાન આપ્યું છે. રંગભૂમિના વર્તમાન સામે એમનો કોઈ બળાપો નથી, કોઈ આક્રોશ નથી કે કોઈ ફરિયાદ નથી.

'ભજવાઈ રહેલા બધા જ નાટકો ભંગાર હોય છે એ વાત સાવ ખોટી છે,' પ્રવીણભાઈ અભિપ્રાય આપે છે, 'હા, અમુક નાટકો એવા હોય છે. એવું તો ભૂતકાળમાં પણ બનતું હતું. છેવટે તો દર્શકો જે માગે એવા નાટકનું નિર્માણ થાય એ સીધો હિસાબ છે.'

## પહેલી જુલાઈ ગુજરાતી પત્રકારત્વ દિન તરીકે ઉજવાય એ મહેચ્છા..

### હેમરાજ શાહ (સમાજસેવા)



૮૪ વર્ષના હેમરાજ શાહની પ્રમુખ ઓળખ કચ્છી વેપારીની ખરી, પણ અનેક વર્ષોથી નિસ્વાર્થ ભાવથી સામાજિક કાર્યો કરી રહ્યા છે. પાકટ વયે યુવાનીના જોશ, ઉત્સાહ અને ખંત જાળવી રાખી સતત પ્રવૃત્તિમય રહેતા હેમરાજ શાહે એમની જીવન સફરમાં બિઝનેસની સાથે સાથે સાંસ્કૃતિક નાતો જાળવી રાખી વિવિધ પ્રવૃત્તિઓ કરી છે. એ પ્રવૃત્તિઓની સંખ્યા જ મીઠી ઈર્ષ્યા કરવા પ્રેરે એવું એમનું વિશાળ ફલક છે.

મુંબઈ શહેરમાં સાત દાયકાની જીવનસફરમાં હેમરાજભાઈએ બિઝનેસમાં સફળતા મેળવવા ઉપરાંત સમાજને ઉપયોગી થાય એવી અનેક પ્રવૃત્તિઓ કરી છે. લેખન, અભિનય, પત્રકારત્વ જેવાક્ષેત્રમાં ઘણું યોગદાન આપ્યું છે. ઘણી સિદ્ધિ મેળવી છે, પુષ્કળ રેકોર્ડ નોંધાવ્યા છે અને અનેક એવોર્ડ સુધ્ધાં મેળવ્યા છે. એમની સિદ્ધિના સોપાનમાં સૌથી શિરમોર એ છેલ્લાં ૪૫ વર્ષથી 'કચ્છ શક્તિ' દૈનિક પ્રકાશનનું તંત્રીપદ સંભાળી રહ્યા છે. ૨૦૦૭માં એમને મુંબઈ પોલીસ કમિશનર તરફથી 'કોમી એકતા એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો. લાગલગાટ ૧૫ વર્ષ એમણે 'મુંબઈ સમાચાર'માં કોલમ લખી હતી. 'બ્રેમ્પ્ટન ઈન્ટરનેશનલ યુનિવર્સિટી ઓફ કેનેડા' તરફથી ૨૦૨૧માં 'હ્યુમેનિટી એન્ડ સોશિયલ વર્ક' માટે ઓનરરી ડોક્ટરેટ કોઝ (પીએચ. ડી.) ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. આ ઉપરાંત બેસ્ટ જર્નલિસ્ટ માટે 'આશીર્વાદ એવોર્ડ '(૨૦૦૧), 'ગિરનાર એવોર્ડ' (૨૦૦૭), 'ગુણવંતા ગુજરાતી એવોર્ડ' (૨૦૧૦), 'સ્વચ્છ સેનાની એવોર્ડ' (૨૦૨૦), 'કોવિડ યોદ્ધા એવોર્ડ' (૨૦૨૧), 'વર્લ્ડ બુક ઓફ સ્ટાર રેકોર્ડ્સ' તરફથી 'રાષ્ટ્ર પ્રેરણા એવોર્ડ' (૨૦૨૧), 'ગ્લોબલ સ્કોલર ફાઉન્ડેશન' તરફથી 'ભારતીય સમાજ રત્ન એવોર્ડ' (૨૦૨૧), 'મેજીક બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ' તરફથી 'લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ', 'સ્ટાર બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ' તરફથી 'નેતાજી સુભાષચંદ્ર બોઝ ગ્લોબલ આઇકન લીડર એવોર્ડ' (૨૦૨૩), 'લોહ પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ - ભારતીય એકતા સન્માન એવોર્ડ (૨૦૨૪) ઈત્યાદિ-ઈ સન્માન હેમરાજ શાહને મળ્યા છે. આ બધા એવોર્ડની યાદીની 'મુંબઈ સમાચાર'નો પ્રતિષ્ઠિત એવોર્ડ શોભા વધારશે એમાં બેમત નથી અને એનું પ્રમુખ કારણ હેમરાજ ભાઈની પત્રકારત્વમાં સક્રિયતા છે.

'આટઆટલી પ્રવૃત્તિઓ કરી, અપાર સફળતાઓ મેળવી - એવોર્ડ મળ્યા, અનેક વિક્રમો નોંધાવ્યા પછી જીવનની સમી સાંજે કોઈ ઈચ્છા - કોઈ મહત્વાકાંક્ષા બાકી રહી છે?' એવા સવાલનો જવાબ પળવારમાં આપી હેમરાજ ભાઈ કહે છે કે 'હા, એક ઈચ્છા જરૂર છે કે ગુજરાતી પત્રકારત્વ દિનની ઉજવણી થાય. મરાઠી પત્રકાર દિન દર વર્ષે ૬ જાન્યુઆરીએ મનાવવામાં આવે છે. મરાઠી ભાષાના આદ્ય પત્રકાર બાળશાસ્ત્રી જાંભેકરે ૬ જાન્યુઆરી, ૧૮૩૨ના દિવસે મરાઠી ભાષાના પ્રથમ વૃત્તપત્ર 'દર્પણ'નું પ્રકાશન થયું હતું. હિન્દી પત્રકારિતા દિન દર વર્ષે ૩૦ મેના દિવસે મનાવવામાં આવે છે. પંડિત જુગલ કિશોર શુક્લએ ૩૦ મે, ૧૮૨૬ના દિવસે હિન્દી ભાષાના પ્રથમ સમાચાર પત્ર 'ઉદંત માર્તન્ડ'ના પ્રકાશનનો પ્રારંભ કર્યો હતો. એ જ રીતે, 'મુંબઈ સમાચાર'નું પ્રકાશન તો સૌથી પહેલાં ૧ જુલાઈ, ૧૮૨૨ના દિવસે થયું હતું ને આજે પણ અસ્તિત્વ ધરાવતું સૌથી જૂનું એવું આ વર્તમાનપત્ર કેવળ ગુજરાતીઓનું જ નહીં સમગ્ર દેશવાસીઓનું ગૌરવ છે. એ ૨૦૩ વર્ષથી પ્રજાનો ધબકાર ઝીલી પ્રગટ થઈ રહ્યું છે.

પહેલી જુલાઈએ, 'મુંબઈ સમાચાર'ના સ્થાપના દિનએ ગુજરાતી પત્રકારત્વ દિન ઉજવાય એવી મારી અદમ્ય ઈચ્છા છે.... આ ઈચ્છા સાકાર કરવા માટે મેં ગુજરાત સરકારના મુખ્ય પ્રધાનને પત્ર લખી જણાવ્યું છે. વિશ્વ ગુજરાતી ભાષા દિન (૨૪ ઓગસ્ટ, ગુજરાતી ભાષામાં પ્રખર યોગદાન આપનારા શ્રી નર્મદનો જન્મ દિન) ઉજવાય છે તો પત્રકારત્વ દિન કેમ નહીં? અને એ માટે પહેલી જુલાઈ યોગ્ય દિવસ છે.'

હેમરાજ શાહે નોટબુક - પાઠ્યપુસ્તક પ્રકાશનના વ્યવસાય ઉપરાંત બીજી પણ કેટલીક પ્રવૃત્તિઓ કરી છે. ક્યાંક હાથ અજમાવ્યો છે તો ક્યાંક મોટા પાયે નિર્માણ પણ કર્યું છે. મહારાષ્ટ્રમાં અને એ પણ મુંબઈમાં 'ગુજરાત ભવન'ની સ્થાપના તેમજ મહારાષ્ટ્ર ગુજરાતી સાહિત્ય અકાદમી' શરૂ કરવામાં પોતે નિમિત્ત બની સિંહફાળો આપી શક્યા એ બદલ હેમરાજભાઈ આનંદ અને ગર્વની લાગણી અનુભવે છે. અંધેરીમાં લિંક રોડ પર સાત માળની ઈમારત 'ગુજરાત ભવન' અદ્યતન સુવિધા પૂરી પાડે છે. બહારગામથી મુંબઈ આવતા ગુજરાતીઓ માટે આ એક એવું સરનામું બની ગયું છે, જ્યાં એને ઘરથી દૂર ઘરનો અનુભવ થાય છે. મહારાષ્ટ્રમાં વસતા અને આ રાજ્યને પોતાની કર્મભૂમિ બનાવનાર ભાષા પ્રેમીઓ, સાહિત્ય પ્રેમીઓની પ્રવૃત્તિઓને ઉતેજન મળે, એક વ્યાસપીઠ મળે એ માટે 'મહારાષ્ટ્ર ગુજરાતી સાહિત્ય અકાદમી'ની સ્થાપના કરવામાં હેમરાજભાઈ અગ્રણી રહ્યા છે. અકાદમી સાહિત્યિક કાર્યક્રમોના આયોજન ઉપરાંત નવોદિત લેખકોના પુસ્તક પ્રકાશન માટે સહાય આપી પ્રકાશિત કૃતિઓને પારિતોષિક પણ આપે છે. ૧૯૯૬થી ૨૦૧૪ સુધી હેમરાજ શાહ અકાદમીના અધ્યક્ષ રહ્યા હતા.

વિવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હેમરાજભાઈ ફિલ્મ અને નાટકની દુનિયામાં પણ લટાર મારી આવ્યા છે. ૧૯૬૦માં આવેલી 'અપના ઘર' ફિલ્મમાં અભિનેત્રી બેબી નંદા સાથે કામ કરવાનો મોકો મળ્યો હતો. 'આરામ હૈ હરામ' નામના ગીતમાં કિશોર વયના હેમરાજ શાહ અલપ- ઝલપ નજરે પડે છે.

જોકે, શૂટિંગ દરમિયાન બેબી નંદા સાથેની વાતચીત પછી ચિત્રપટ સૃષ્ટિ માટેના મોહ પર પૂર્ણવિરામ મુકાઈ ગયું. નાટક સાથે પણ નાતો જોડાયો. 'શૈલેષ દવેનો આગ્રહ હતો કે હું નાટકમાં કામ કરું.' હેમરાજ શાહ જણાવે છે, '૧૯૭૫ - ૭૬માં 'હે ઈશ્વર ભજીયા તળે' નામના નાટકમાં રોલ કર્યો. જોકે આ દુનિયા પણ ફાવી નહીં અને મેં કાયમની એક્ઝિટ લઈ લીધી.'

આજે ૮૪ વર્ષની ઉંમરે સતત પ્રવૃત્તિમય રહેતા હેમરાજભાઈ નિવૃત્તિમાં નથી માનતા અને મનગમતું કામ કરતા રહેવાથી તન અને મન સ્વસ્થ રહે એવો જીવનમંત્ર ધરાવતા હેમરાજભાઈની 'ગુજરાતી પત્રકારત્વ દિન'ની ઉજવણીના પ્રયાસને સફળતા મળે એવી શુભેચ્છા.

# પુસ્તક એ જ પરમેશ્વર...

## ૧૭૫ સ્કૂલનાં 30,000 બાળકોમાં પુસ્તક વાંચનનો શોખ જાગૃત કરતી સૃષ્ટિ પરિહાર

વિશેષ

રશ્મિ શુકલ
feedback@bombaysamachar.com

એવું વિશ્વ જ્યાં કલ્પનાને કોઇ મર્યાદા નથી હોતી અને દરેક બાળક પુસ્તકોનાં પાનાં ફેરવીને અસંખ્ય સાહસો શરૂ કરવાની તકને પાત્ર છે, પણ બધા એટલા ભાગ્યશાળી હોતા નથી. એન્યુઅલ સ્ટેટસ ઓફ એજ્યુકેશન રિપોર્ટ પ્રમાણે જાહેર અને ખાનગી સ્કૂલનાં ૪૦ ટકા બાળકો તેમના સ્તરનાં પુસ્તકો વાંચવા માટે સમર્થ નથી અથવા તેઓ સમજી શકે, તેઓની માનસિકતા પ્રમાણેનાં પુસ્તકો તેમના સુધી પહોંચતાં જ નથી.

સૃષ્ટિ પરિહાર (૩૩)એ નશેર અ બૂક ઈન્ડિયા એસોસિયેશનપ (સાબિઆ) સંસ્થા દ્વારા બાળકો અને પુસ્તકો વચ્ચેના આ અંતરને દૂર કરવાની ઝુંબેશ હાથ ધરી છે. આ સંસ્થા લાઇબ્રેરીઓ બનાવે છે, પુસ્તકો માટે દાન મેળવવાની ઝુંબેશ અને પુસ્તક મેળાઓનું આયોજન કરે છે. એન્યુઅલ સ્ટેટસ ઓફ એજ્યુકેશન રિપોર્ટ અનુસાર ૧૪થી ૧૮ વર્ષના છોકરા-છોકરીઓ ગ્રેડ-૨ લેવલનાં લખાણો બરાબરથી વાંચી શકતા નથી.

વાર્તાકાર અને લેખિકા સૃષ્ટિ પુસ્તકોની પરિવર્તનશીલ શક્તિને બરાબરથી સમજે છે. નહું જ્યારે મોટી થઇ રહી હતી ત્યારે મારા ઉપર પુસ્તકોનો પ્રભાવ ઘણો પડ્યો. હું મારા જીવનમાં કંઇક કરી શકી તેનું મુખ્ય કારણ પુસ્તકો પ્રત્યેનો મારો પ્રેમ છેથ, એમ સૃષ્ટિ પરિહારે જણાવ્યું હતું.

સાબિયા સંસ્થા મારફતે સૃષ્ટિ દરેક બાળક સુધી પુસ્તકો પહોંચાડવા માગે છે. ૨૦૨૪માં જ સંસ્થાએ ૧૭૫ સ્કૂલના ૩૦,૦૦૦ વિદ્યાર્થીઓનો સંપર્ક કર્યો હતો.

સૃષ્ટિએ આ ઝુંબેશમાં પોતાનું તન-મન-ધન બધુ લગાવી દીધું હતું. સૃષ્ટિ કહે છે મારા મિત્રએ કહ્યું હતું કે સરકારી સ્કૂલોમાં બાળકો માટે કોઇ લાઇબ્રેરી જ નથી. તેમની પાસે વાંચવાની જગ્યા જ નથી. તેનો મને ઘણો આઘાત લાગ્યો હતો. ગરીબ બાળકોને જ્યાં શિક્ષણ મળે છે એ જગ્યાએ જ તેમના મૂળભૂત અધિકારનો ભંગ થઇ રહ્યો હતો. તેમને પુસ્તકોથી વંચિત રાખવામાં આવી રહ્યાં હતાં.



સૃષ્ટિ પર આની ઊંડી અસર થઇ હતી અને તેણે પહેલા ફેસબુક પેજ બનાવ્યું, ત્યાર બાદ ઇન્સ્ટાગ્રામ પર નબૂકસ્ટાગ્રામથ શરૂ કરી દીધું. તેના પર તે મિત્રો અને પરિવારજનોને પુસ્તકો દાન કરવા વિનંતી કરતી હતી.

આખરે આ ઝુંબેશે મોટું સ્વરૂપ લીધું જેમાં ગ્રામીણ અને દુર્ગમ વિસ્તારોની સ્કૂલોમાં લાઇબ્રેરીઓ બનાવવી, શિક્ષકોને તાલીમ આપવાના કાર્યક્રમો, પુસ્તકમેળાઓ અને ડોનેશન કાર્યક્રમોનો સમાવેશ કરાયો.

સાબિયા સંસ્થા દ્વારા માર્ચ, ૨૦૨૨માં કરવામાં આવેલા સર્વેક્ષણમાં જાણવા મળ્યું હતું કે રાજસ્થાનની પચાસથી વધુ સ્કૂલોમાં સરકારી યોજના નપઢે ભારત બઢે ભારતથ અમલમાં મૂકવામાં આવી જ નહોતી, જ્યારે કે આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને વાંચન પ્રત્યે પ્રોત્સાહિત કરવાનો અને તેમને આ માટેની વધુને વધુ સામગ્રીઓ પૂરી પાડવાનો હતો.

નઆ સમસ્યાનો ઉકેલ લાવવા માટેની સરકારી યોજનાઓ ઓળખી કાઢવામાં આવી હતી અને તેનાં પુસ્તકોનો ઉપયોગ જ કરાયો નહોતો. આ તરફ અમે બહુ ધ્યાનથી કામ કરી રહ્યા છે. અમે સ્કૂલના પ્રિન્સિપાલો અને શિક્ષકોને સમજાવી રહ્યા છે કે જો પુસ્તકોનો ઉપયોગ વધુ થાય અને પુસ્તકો ફાટી જાય તો કંઇ વાંધો નહીંથ, એમ સૃષ્ટિ કહે છે.

આને કારણે જ સાબિયા સંસ્થાએ લાઇબ્રેરીઓ બનાવવાનું શરૂ કર્યું, એટલું જ નહીં લાઇબ્રેરી ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજ્યા જેમાં વાર્તાઓ કહેવી સહિતની પ્રક્રિયાઓ હાથ ધરાઇ. ત્યાર બાદ બાળકોમાં કેવી રીતે પ્રગતિ થઇ રહી છે તેના પર ધ્યાન આપવામાં આવ્યું.

વાર્તા સંભળાવવાનું સત્ર થીમ આધારિત હોય છે અને અમે ખાસ કરીને સામાજિક-ભાવનાત્મક વિષયોને વધુ સમાવવાનો પ્રયાસ કરીએ છીએ. થોડા જ સત્રમાં બાળકોમાં પરિવર્તન દેખાવા લાગ્યા અને તેઓમાં અદ્ભુત વિશ્વાસ દેખાવા લાગ્યો. અન્યો સાથે વાતચીત કરવામાં પણ તેઓમાં આત્મવિશ્વાસ જણાયો, એમ સૃષ્ટિ કહે છે.

સંસ્થા દ્વારા અત્યાર સુધી ૧૬ રાજ્યની ૧૭૫ સ્કૂલના ૩૦,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓનો સંપર્ક સાધવામાં આવ્યો છે. કોટા, જયપુર અને દિલ્હી સહિતનાં શહેરોમાં ગ્રૂપ કમ્યુનિટી લાઇબ્રેરીઓ સ્થાપવામાં આવી છે જેમાં ૫,૦૦૦થી વધુ પુસ્તકો ઉપલબ્ધ કરાવવામાં આવ્યાં છે અને આ લાઇબ્રેરીમાં ૨૩૨ નવા સભ્યો જોડાયા છે. સાબિયા દ્વારા દિલ્હી અને નોઇડાની સ્કૂલોમાં લાઇબ્રેરીની જગ્યા પણ વધારવામાં આવી છે અને જયપુરમાં પ્રથમ મોડેલ સ્કૂલ લાઇબ્રેરી તૈયાર કરવામાં આવી હતી જ્યાં બાળકો પુસ્તકો વાંચવાની સાથે શિક્ષણ સંબંધિત અન્ય પ્રવૃત્તિઓ પણ કરી શકે છે.

આજે આટલું જ
શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# કોઈ તો જાગે કોઈ તો જાગે...



ભવ્ય સ્વાગત છે. મુંબઈ સમાચારના મોટા વિષદ્ બૃહદ્ પરિવાર તરફથી દેવેન્દ્ર ફડણવીસ અને એમના તમામ સાથીઓનું, આવતા પાંચ વર્ષ માટે સદાય વૃદ્ધિના વર્ધકના કામ કરતા રહો એવી શુભેચ્છા સાથે.

પણ હું અને આપણે બધા મુંબઈગરા સૌથી વધુ ચિંતિત છીએ આપણા ભવ્ય મુંબઈની થઈ ગયેલી અવદશાથી. ૧૯૮૫માં જ્યારથી મુંબઈ મનપાની અવગતિ શરૂ થઈ અને વત્તે ઓછે અંશે જેને મોકો મળ્યો એણે એની દશા બેસાડવા સિવાય બીજું કંઈ જ નથી કર્યું એ બધા પાસે હિસાબ માગવા જેટલું તો આપણી ન્યાયિક પદ્ધતિનું કાઠું જ નથી. પણ એ આખા સમયને લેપટોપમાંથી નજરમાં બેસાડીને આ નવી નેતાગીરી દ્વારા વિહંગાવલોકન અત્યંત જરૂરી છે. નરેન્દ્ર મોદી સાહેબ ગુજરાતને એટલું શણગારે, ગમે એટલું જગતભરમાં ગાજતું કરે કે દેશનાં અન્ય રાજ્યો ગમે એટલી હરણફાળ ભરે અને આંતરરાષ્ટ્રીય નામના મેળવે... પણ અત્યંત સ્વાર્થી અને સ્વપરાયણ બનીને વાત કરું અને આપણે બધા મુંબઈગરા મુંબઈકર કરીએ તો દેશનું આર્થિક પાટનગર, આર્યાવર્તની શાન અને એશિયા અને વિશ્વનું ખરા અર્થમાં મહાનગર મુંબઈ જ્યાં સુધી પોતાની પુરાણી પ્રતિષ્ઠા પુનઃસ્થાપિત નહીં કરે ત્યાં સુધી ભારતની વિશ્વભરની આણમાં થોડોક ગોબો રહેવાનો રહેવાનો અને રહેવાનો જ. દેવેન્દ્ર ફડણવીસે લાંચ-રુશ્વતના તમામ દાટાઓ પૂરીને સૌથી પહેલાં તો રાજ્ય સરકારના નિયમ હેઠળ રસ્તાઓ બનાવવા/ રિપેર કરાવવાનું આગળ વધારવું જોઈએ. ભ્રષ્ટ લાંચિયા હરામખોર કોર્પોરેશનીયા અધિકારીઓને કાબૂમાં રાખવા અંગત, વિશ્વાસુ, પ્રામાણિક અધિકારીઓ (રાજ્ય સરકારના) નીમીને રસ્તાઓને કમ સે કમ સુરત-અમદાવાદ જેવા તો અને એ ય આવતા બે વર્ષમાં બનાવવા જ પડે. લબાડ નેતા, ગુંડા અને અમુક ચોક્કસ કોમના હરામનું ખાનાર લોકોની સાઠગાંઠ તોડી ફૂટપાથો પચાવી પાડવાના મોટા મસ ગોરખધંધાને રોકવો જ પડે. હે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સાહેબ! તમારા આગલા પાંચ શાંત વરસ જેવા આ આ પાંચ વરસ શાંત ન જ થાય એવી અમારી ઈચ્છા પણ છે અને શુભેચ્છા પણ છે...


પરમ આદરણીય મોદીસાહેબ! આપ હંમેશાં અમારા સર આંખો પર છો, પણ હવે અમને મુંબઈકરને આ કાયમના નીચલી કક્ષાના, સુવિધાઓમાં ખતમ થતાં જતાં શહેરમાં જીવવાના શ્રાપમાંથી મુક્ત કરો એવી અમે સમગ્ર દોઢ કરોડ લોકો બે હાથ જોડીને વિનંતી અને પ્રાર્થના કરીએ છીએ.

આજે એટલું જ. ■

ટ્રાવેલ પ્લસ
કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

# કુદરતની ખુલ્લી સ્લેટ પર લખાતી કવિ મનોરમ્ય કવિતાઓ માણવાનું શ્રેષ્ઠ સ્થળ - જીભી





ક્રિસ્મસ કે પછી કોઈ પણ વાર-તહેવારને આપણે બહાનું બનાવી દેતા હોઈએ છીએ કે આપણે ઘરથી દૂર ક્યાંક જઈએ, પણ સારા સૂર્યોદય કે સૂર્યાસ્તના કોઈ વાર-તહેવાર નથી હોતા, તેઓ તો નિયત સમયે ઊગે અને આથમે જ છે. હું સમય જોયા વિના કુદરતને ઘૂંટડા ભરીને પીઉં છું અને અઢળક વાર્તાઓને જીવું છું અને સતત જીવતો રહીશ. હિમાચલના બરશેની ગામની એક ઘાટીમાં શિયાળાની સવારની રોનક જાણે લટાર મારવા નીકળી હોય એમ મને હાઈ હેલ્લો કરવા નીકળી પડીને મને પૂછે છે જાણે, ક્યાં હતો હમણાં સુધી?

મારે પહાડોની ટોચ પર ચઢીને ચિલ્લાઈને કુદરતને કહેવું છે, ''લવ યુ યાર''

ઈમ્તિયાઝ અલીની હાઇવે ફિલ્મનાં દૃશ્યો યાદ હોય તો, આલિયા ભટ્ટ કંટાળેલા વૈભવી જીવનથી દૂર જઈને કુદરતી માહોલમાં જીવનનો મર્મ શોધી લે છે એ જ જીભીનો ખરો પરિચય કહી શકાય. નવરાશના સમયમાં ગૂગલ પર જઈને એક વાર જીભી હિમાચલ પ્રદેશ એવું સર્ચ જરૂરથી કરજો. આમ તો સ્ક્રિન ટાઈમ ઘટાડવો જોઈ પણ અહીં તમારી નજર નહીં હટે. સર્ચ કરતાં જ તમારી સામે નાનાં નાનાં, લાકડાનાં સુંદર ઘર અને બેકગ્રાઉન્ડમાં સુંદર વૉલપેપર જેવાં દૃશ્યો જોવા મળશે. ઘણી વાર આપણે માત્ર વૉલપેપર જોઈને જ પોતાને મનાવી લેતાં હોઈએ છીએ, પણ ક્યારેક હિમ્મત કરી નીકળી જવું જોઈએ. નીકળ્યા પછી પૈસા, સમય બધું એડજસ્ટ થઈ જાય, બસ નીકળી પડવાની જ જરૂર છે. આસપાસ જોઈશું તો ખ્યાલ આવશે માણસ જેટલી ઝડપથી આધુનિકતાની દોડમાં ભાગતો જાય છે એટલી જ હદે તેના પ્રકૃતિ અને સ્વ સાથેના જોડાણને પાછળ છોડતો જાય છે. નર્સરીથી માંડીને કૉલેજના કેમ્પસ સુધી એક બીબાંઢાળ જીવનમાં જ ઢાળતા થયા છીએ. સંપત્તિનો મોહ અને સોશિયલ મીડિયાની વર્ચ્યુઅલ દુનિયાની લાઈક અને ડીસલાઈકની દુનિયામાં ડૂબતાં જઈએ છીએ. જીવંતતાની ખોજ કરતાં સંપત્તિના સંગ્રહ પાછળ ભાગતા આપણે જીવનને લકવાગ્રસ્ત બનાવી દીધું છે. જિંદગીની ઘડિયાળના કાંટા ફરતા બંધ થઈ જાય તે પહેલાં થોડી હળવાશની પળો માણી લેવી જોઈએ. કુદરતે જે પાઠશાળા માંડી છે એના પણ થોડા ઘણા પાઠ ભણી લેવા જોઈએ.

ચાલો તો આજે આપણે જીભીની સફર પર નીકળી પડીએ, યશ ચોપરાની મૂવીઝ ખાસ કરીને દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે એ ભારતીયોને સ્વિત્ઝરલૅન્ડનું ઘેલું લગાવ્યું હતું, પણ આપણે ત્યાં પણ એવાં ઘણાં સ્થળો છે જે આ બધી જગ્યાઓથી પણ ચડિયાતાં છે કારણ કે તેમાં ભારતીયતાની મહેક છે. હિમાચલ પ્રદેશના તીર્થંન વેલીમાં આવેલું જીભી શહેરીકરણથી પરે છે. અહીંના લોકોની જીવનશૈલી ખૂબ સાદગીપૂર્ણ છે છતાં પણ જાણે કુદરતનો વૈભવી ઠાઠ ન માણતા હોય એવું જીવન. જીભીમાં સામાન્ય સુવિધાઓ ઉપલબ્ધ છે. ક્યારેક વ્યસ્તતા અને ભીડવાળા માહોલમાંથી બ્રેક લેવો હોય તો આ સ્થળ બેસ્ટ રહે. અહીંના રસ્તાઓ પર તમને વાહનોની લાઈન નહીં, પણ ઘેટાંબકરાંની લાઈનો ચોક્કસથી જોવા મળશે. સંપૂર્ણ વાતાવરણ જ બદલાઈ જશે. અહીં તમને ક્યાંક પક્ષીઓના મધુર અવાજો સંભળાશે તો ક્યાંક ઘેટાંબકરાં જેવાં પાલતુ પ્રાણીઓનો અવાજ જેમાં એમના ગળામાં બાંધેલી ઘંટડીઓ રણકતી હશે.. તો વળી ક્યાંક ઝરણાઓનો ખળખળ વહેવાનો અવાજ, પહાડીઓ પરથી વાતા પવનોના સુસવાટાઓનો અવાજ, આસપાસની ટેકરીઓ પર ક્યાંક મંદિરની ઘંટડીઓનો અવાજ કંઈક અલગ જ અનુભવ કરાવે છે.

જીભીમાં રહેવા માટે ખૂબ જ સુંદર હોમસ્ટે આવેલા છે. અહીં તમે ઓથેન્ટિક પહાડી ઘરમાં રહીને પહાડી ખાણીપીણી ચોક્કસથી માણી શકો. અહીંનાં લાકડાનાં ઘરો લોકો ખૂબ જ પસંદ કરે છે. ખાસ કરીને ટ્રી હાઉસ પણ અહીં ઉપલબ્ધ છે. જેમાં સુંદર બાલ્કની હોય, બહારની બાજુ નજર કરતાં દૂર દૂર સુધી પહાડીઓની હારમાળા દેખાતી હોય, ક્યાંક રસ્તા પરના વળાંકો દેખાતા હોય, તો પહાડો ઉપરથી પસાર થતાં વાદળોની હારમાળા હોય, લીલાંછમ વૃક્ષોનું સાંનિધ્ય હોય અને આ બધાંમાં સાથે મનગમતી વ્યક્તિનો સાથ હોય તો શું જોઈએ બીજું? જીવનનો બધો જ થાક-તણાવ આપોઆપ દૂર ક્યાંય વાદળોને પેલે પાર જતો રહે. અહીં આસપાસનો વિસ્તાર તીર્થંન વેલી અને બંજારા વેલી કહેવાય છે. ઉનાળામાં અહીં વાતાવરણ ખૂબ જ આહ્લાદક હોય છે, પરંતુ શિયાળામાં ખૂબ ઠંડી સાથે બરફવર્ષા પણ થાય છે. અહીં લોકો શિયાળા માટે ઘરમાં અગાઉથી જ લાકડા વગેરે સ્ટોર કરી દે છે. અહીં દરેક ઘર અને કેફેમાં ઠંડીથી બચવા માટે તંદુર લગાવેલા હોય છે. અહીં આપણને રોજિંદા જીવનમાં સામાન્ય લાગતી વસ્તુઓની કિંમત સમજાય છે. ઘણી વિપરીત પરિસ્થિતિમાં જીવતા અહીંના લોકોના ચહેરા પર હંમેશાં સ્મિત ખીલેલું જ હોય છે. આ દરેક બાબતો પર ધ્યાન આપીએ તો મનમાં જરૂરથી સવાલ ઉદ્ભવશે કે ખરેખર ખુશ રહેવા શુ જરૂરી છે અને આપણે શા માટે આટલા ભાગીએ છીએ. અહીંનું પહાડી ભોજન સાદું છતાં ખૂબ જ સ્વાદિષ્ટ. મીઠા અને નમકીન સિડ્ડુ દેશી ઘી અને પથ્થર પર પીસીને બનાવેલી લીલી ચટણીનો સ્વાદ યાદ કરીને પણ મોમાં પાણી આવી જાય એવો. ગ્રામીણ જીવનશૈલી જોવાની અને માણવાની અલગ જ મજા છે એમાં પણ ખાસ કરીને હિમાલયનાં ગામડાઓની વાત જ નિરાળી છે. હસતાં હસતાં પીઠ પર લગાવેલી બાસ્કેટમાં લાકડા વીણીને લાવતી મહિલા સુંદરતાની, સહજતાની કંઈક અલગ જ પરિભાષા આપી જાય છે. તો ક્યાંક કોઈ પશુપાલક પોતાનાં ઘેટાંને વહાલ કરતો જોવા મળશે. બાળકો પાસે મોંઘાં રમકડાં કે ઇલેક્ટ્રૉનિક ગેજેટ્સ નથી છતાં મોજ-મસ્તી કરતાં બાળપણ વિતાવી રહ્યાં છે. તો ક્યાંક ઘરનાં ઝરોખા પર બેસેલી બોખા દાંતવાળી વૃદ્ધ મહિલા ગરમ કપડાં બનાવતી નજરે પડશે. જીભીની આસપાસ ઘણાં જોવાલાયક સ્થળો છે જેને તમે નાના ટ્રેક કરીને જોઈ શકો. અહીં ટ્રેકિંગને પસંદગી આપવી જોઈએ કેમકે ચાલતા ચાલતા આસપાસના નજારાઓ અને માહોલ સારી રીતે જોઈ શકાય. ઊંચાં ઊંચાં વૃક્ષો વચ્ચેથી પસાર થતાં આવતા પક્ષીઓના અવાજો, જંગલની મહેક બધાનો અનુભવ કરી એમ લાગે કે આવો અનુભવ બહુ લાંબા સમયે થયો. જીભીથી સૌથી નજીક જીભી વોટરફોલ છે ત્યાં ખૂબ જ ઓછી ભીડ હોય છે તેથી એ અનુભવ લેવા જરૂરથી જવું જોઈએ. જીભીમાંથી પુષ્પભદ્ર નદી વહે છે જે આગળ જતાં તીર્થંન રીવરમાં મળી જાય છે. અહીં ઘોંઘાટ નથી એટલે વોટરફોલના પાણીનો અવાજ પક્ષીઓનો અવાજ જાણે લાઈવ મેડિટેશન મ્યુઝિક પ્લે થતું હોય એવો માહોલ. વોટરફોલ એટલો સુંદર છે કે તેનું શબ્દોમાં વર્ણન ઓછું પડે. ડબલ રેન્બો વોટરફોલ પાસે જોઈ શકાય. અહીં નજીક શ્રૃંગા ઋષિનું મંદિર છે. સંપૂર્ણ રીતે ટ્રેડિશનલ આર્કિટેક્ચરમાં બાંધકામ થયેલા આ મંદિરમાં સમગ્ર કુલ્લુ જિલ્લાના લોકોની શ્રદ્ધા રહેલી છે. લાકડાના બાંધકામ અને સુંદર ઝરોખા મંદિરના વાઇબ્રન્ટ કલર્સ મનને પ્રફુલ્લિત કરી દે છે. અહીં નજીકમાં ચહેની કોઠી તરીકે ઓળખાતું એક સ્થાપત્ય છે જે ચહેની ગામમાં આવેલું છે. એવું કહેવાય છે કે તે અંદાજે ૧૫૦૦ વર્ષ જૂનું છે અને પશ્ચિમ હિમાલયનું જૂની શૈલીના બાંધકામનું સૌથી જૂનું બાંધકામ. આ પાંચ માળનું એક ટાવર જેવું બાંધકામ છે જ્યાં હાલમાં મંદિર છે જેની નીચે એક ટનલ પણ છે. સામે ચહેની ફોર્ટ આવેલો છે. આ ઉપરાંત ઝલોરી પાસ, રઘુપુર ફોર્ટ, નાનાં નાનાં તળાવો, તેમ જ ક્યાંક ક્યાંક કોલોનિયલ આર્કિટેક્ચર, એંશીએન્ટ મોન્યુમેટ વગેરે વગેરે ઘણું બધું એક્સપલોર કરવા માટે છે. કોઈ સ્થળને કઈ રીતે એક્સપ્લોર કરવું તે મુસાફર પર જ નિર્ભર કરે છે અને એ મુસાફરીનો પ્રકાર જ નક્કી કરે છે કે તમે મુસાફર છો કે પ્રવાસી. આ બધાં સ્થળો એવાં છે જ્યાં કમ્ફર્ટ ઝોનને ઘરે મૂકીને આવવું પડે અને કુદરતી પરિસ્થિતિઓને સાનુકૂળ થઈને નિસર્ગના સંસર્ગમાં જાતને ઓગાળવી પડે. જો કંઈ એક્સપ્લોર ન કરવું હોય અને એમ જ સમય વિતાવવો હોય તોપણ આ જગ્યા બેસ્ટ છે.

અહીંના હોમસ્ટેમાં તમે કલાકો સુધી બેસીને કુદરતની લાઈવ પેઇન્ટિંગ જોઈ શકો છો. બારીની બહારથી જ હિમાલયની વિવિધરંગી ચકલીઓનું ગાન સાંભળી શકો છો. હિમાલયમાં હોઈએ અને આવું કોઈ નાનું ગામડું મળી જાય જ્યાં પથ્થરનું ઘર હોય અને નિયત સમયે સવાર ઊઘડે કે આપણે કંઈ કામ હોય કે ન હોય પહાડમાં મહાલવા નીકળી જ પડીએ. અહીંનાં બાળકોની કેળવણી નિસર્ગ જાતે જ કરે છે અને એટલે જ તેઓ સોનાનું નસીબ લઈને જ જન્મ્યા છે. કુદરત એ જ આપણું ભવિષ્ય છે, જેઓ કુદરતની સોડમાં રહે છે તેઓ જ ધનવાન છે દોસ્ત. ચલો વિચારો અને વાંચનથી તો જીભી ફરી લીધું, હવે એકવાર નીકળી પડવાની હિંમત કરી લઈએ. ■

ફોકસ પ્લસ
નિધિ ભટ્ટ
feedback@bombaysamachar.com

# યુવાનોને આપે છે નવી દિશા આ નારી....



અપર્ણા દાસ બાળકો સાથે

પશ્ચિમ બંગાળમાં રહેતા ૬૦ વર્ષનાં અપર્ણા દાસે નિસ્વાર્થભાવે લોકોને મદદરૂપ થવાનું લક્ષ બનાવ્યું છે. તેમણે કિશાલય ચિલ્ડ્રન્સ હૉમના યુવકોને માર્ગદર્શન પૂરું પાડીને તેમને જીવનમાં આગળ વધવાની દિશા દેખાડી છે. તેમની સ્ટોરી લોકોને પ્રેરણા આપનારી છે. પશ્ચિમ બંગાળમાં આવેલા કિશાલય ચિલ્ડ્રન્સ હૉમમાંથી બહાર આવેલા એકવીસ વર્ષના તારક મોંડોલને ખૂબ પડકાર ઝીલવા પડ્યા હતાં. જોકે એવે વખતે અપર્ણાએ કરેલી મદદથી આજે તારક કરાટેમાં બ્લેક બેલ્ટ ધરાવે છે અને માર્શલ આર્ટસમાં ઇન્સ્ટ્રક્ટર બનીને અન્યોને તાલીમ આપે છે. પોતાની આ સફળતાનો શ્રેય તે અપર્ણાને આપે છે. આવી જ અન્ય એક સ્ટોરી પવનની છે. તે જ્યારે અઢાર વર્ષનો થયો ત્યારે તેણે કિશાલય ચિલ્ડ્રન્સ હૉમમાંથી નીકળીને કપડાંની દુકાનમાં નોકરી કરી હતી. તેને શરૂઆતમાં ખૂબ તકલીફો વેઠવી પડી હતી, પરંતુ અપર્ણાએ તેનો હાથ ઝાલીને ઉજ્જવળ ભવિષ્ય બનાવવામાં મદદ કરી હતી. આવી રીતે અપર્ણાએ સેંકડો લોકોના જીવનમાં સકારાત્મક પરિવર્તનો લાવ્યાં છે. લોકોની સેવા કરવામાં જ તેમને ખરો આનંદ મળે છે.

જોકે દાયકાઓ પહેલા તેમના જીવનમાં પણ થોડી તકલીફ પડી હતી. લગ્ન બાદ સંયુક્ત કુટુંબમાં રહેતા હોવાથી ઘરની જવાબદારીઓને કારણે તેમને પોતાનાં સપનાઓને, ઇચ્છાઓને બાજુએ મૂકવી પડી હતી. ઘર-પરિવારની સેવા કરવામાં તેઓ એવા તો ગુંથાઈ ગયાં કે પોતાની જાતને જ ભૂલી ગયાં હતાં. જોકે ઘરકામ કરવાનો તેમને અફસોસ નહોતો. અપર્ણા કહે છે, 'ઘરની જવાબદારી ભજવવાથી હું દુઃખી નહોતી, પરંતુ મને મારી મનપસંદ બાબતો કરવા નહોતી મળતી.'

૧૯૯૪માં દીકરીને જન્મ આપ્યા બાદ તેના પ્રત્યેની જવાબદારીઓ વધી ગઈ હતી. જોકે દીકરી પણ મોટી થતાં કરિયર બનાવવા માટે કલકત્તા શિફ્ટ થઈ ગઈ હતી. માતાના ત્યાગ વિશે તેમની દીકરી સુપર્ણા દાસ કહે છે, 'મેં જોયું છે કે મારી મમ્મીએ જીવનમાં અતિશય ત્યાગ અને સમર્પણ આપ્યા છે. જોકે હું જ્યારે કલકત્તા મારાં સપનાને પૂરાં કરવા ગઈ તો મારી ઇચ્છા હતી કે તે એવા કામ કરે જેમાં તેને ખરો આનંદ મળે. એથી મેં તેને કહ્યું કે સમાજસેવી સંસ્થાઓની સાથે જોડાઈને લોકોની સેવા કરવાનું શરૂ કરે, જે તેને પહેલેથી જ પસંદ હતું. મારાં સપનાઓ પૂરા કરવા માટે પ્રોત્સાહન મને તેના પાસેથી જ મળ્યું છે.' ૨૦૧૫માં અપર્ણાએ કિશાલય સાથે જોડાઈને સમાજસેવાની શરૂઆત કરી. એ કામમાં તેણે દિલથી યોગદાન આપ્યું. અનાથ બાળકોને અલગ-અલગ સ્કિલ્સ શીખવીને પગભર ઊભાં રહેવા માટે દિશા આપી. સાથે જ તેમને પ્રેમ અને સાથ પણ ખૂબ આપ્યો. અપર્ણાનું માનવું છે કે પૈસા હોય તો જ સમાજસેવા થાય એવું જરૂરી નથી. જરૂરિયાતમંદોની દિલથી સેવા કરો એટલે બધું આપમેળે પાર પડતું જાય છે. એ વિશે અપર્ણા કહે છે, 'હું મારા આ કામ માટે એક રૂપિયો પણ નથી લેતી. હું મારી જાતે પૈસા રળુ છું. એક સમયે તો મેં મારા ઘરમાં જ મશરૂમ ઉગાડ્યાં હતાં અને એમાંથી સારી એવી આવક રળતી હતી. મેં કરેલી કમાણીથી હું અન્યોને મદદ કરતી આવી છું. એના માટે મારે કોઈની પાસેથી પૈસા લેવાની જરૂર નથી પડી.' સમાજસેવાના કામની પ્રેરણા તેમને માતા-પિતા અને દાદા પાસેથી મળી છે. એ વિશે અપર્ણા કહે છે, 'મારા માતા-પિતા અને દાદાએ મને શીખવ્યું છે કે લોકોની મદદ કરવી એ કાંઈ માત્ર નાનકડું કામ નથી, પરંતુ જીવન જીવવાની એક રીત છે. તેમના ઘરના દરવાજા હંમેશાં ગરજુ લોકો માટે ઉઘાડા રહેતા હતા. દરેકની સાથે તેઓ પોતાના પરિવારની જેમ વર્તન કરતા હતાં.' ■

ટેક વ્યૂહ
વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# ઓબ્જેક્ટ - એડિટ ને ઈમેજ ચલો, કંઈક નવું શીખીએ !



ઈન્ટરનેટ જ્યારે નવું નવું હતું એ સમયે ઘણી બધી એપ્લિકેશન એવી હતી, જેનાથી કામ આસાન થઈ જતાં હતાં જેમ કે, કોઈ રેઝ્યુમ તૈયાર કરવો હોય તો એના ટેમ્પલેટ સીધા જ એડિટ કરી શકાતા. એ સમયે આવા તૈયાર ઓઠા સોફ્ટવેર સાથે જ આવી જતા. ઘણા બધા લોકોએ આનો ઉપયોગ કરેલો. આ વસ્તુ આજે ગુગલ ડોક્સમાં મળે છે. ફાયદો એ થયો કે, ઈનોવેટિવ રેઝ્યુમને મોટો અવકાશ પ્રાપ્ત થયો. લેટરની ફોર્મેટ એવી રીતે બદલી કે, કોર્પોરેટ કોમ્યુનિકેશનની આખી શૈલી બદલી ગઈ.

આ તો થઈ ટેક્સ્ટ કોન્ટેટની વાત. વાર્ષિક રિપોર્ટ વખતે જુદા જુદા ચાર્ટનો ઉપયોગ દરેકે ક્યાંકને ક્યાંક કરેલો હશે. હવે અત્યારે તૈયાર થતા વાર્ષિક રિપોર્ટમાં માત્ર આંકડા નાખવાથી ઓટોમેટિક ચાર્ટ બની જાય અને એ પણ 3-D ઈફેક્ટ આપે તો? ગોલ્ડના ભાવમાં પ્લેટિનમ અને ડાયમંડ મળ્યું એવી મોજ પડી જાય.

વેબસાઈટ અને ડોમેઈન નેમની દુનિયામાં હજુ પણ ડાઈનામાઈક-ઓટોમેશન ટેકનૉલૉજીનો દબદબો યથાવત્ છે. એપ્લિકેશનના અઢળક વૈવિધ્ય વચ્ચે પણ જે કામ વેબસાઈટ, વેબ એપ્લિકેશન અને પોર્ટલ સર્વિસ કરે છે એનો વ્યાપ દરિયા જેવડો વિશાળ છે. પેઈન્ટ બ્રશ એપ્લિકેશનમાં તૈયાર કરેલી ઈમેજ થોડી ઓછી ચોક્કસ રહી, પણ ફોટોશોપ અને ઈલુસ્ટ્રેટર જેવા ટુલ્સથી એમાં એક્યુરેસીનો-ચોક્કસાઈનો રેશમી સ્પર્શ લાગ્યો. હવે તો એનાથી પણ આગળ, AI ઈમેજ. એમાં પણ સંપૂર્ણ એડિટ, કલર્સ, ફોર્મેટ, ઈફેક્ટ અને કંપ્રેશન. એપ્લિકેશનના ફીચર્સને આવરી લઈને ઘણી એવી વેબસાઈટ એ સ્તરે અપડેટ થઈ, જેને ડાયરેક્ટ આ ટેકનૉલૉજી એન્ડ યુઝર (આપણા સુધી) સુધી પહોંચાડી. 'અવતાર'થી આપણે સૌએ આપણે ખુદને બનાવ્યા. હવે એમાં AIનો સ્પર્શ લાગે તો? આ માટે પહોંચી જાવ Deep AI પર. અહીં ક્વોલિટીથી લઈને સ્ટાન્ડર્ડ સેટ કરવાથી સુધીના ટુલ્સ છે.

ગુગલ જેમિની ફીચર્સ અંગે તો હવે જાહેરાત આવે છે. અહીંયા ગુગલથી સાઈનઈન કરીને સોલ્યુશન, આઈડિયા, તૈયાર કોન્ટેટ, બેઝિક ટેક્સ સુધી ડાયરેક્ટ રેડી ટુ એપ્લાય કરી શકો છો. રિયાલિસ્ટિક ઈમેજ સાથે મસ્ત મસ્ત થીમ જોઈએ છે? તો પહોંચી જાવ પિક્સઆર્ટ પર. કોર્મશિયલ, પર્સનલ જેવી બે કેટેગરીમાં માત્ર એક કિવર્ડ નાખવાથી ફોટો તૈયાર કરીને આપી દેશે. અહીં સર્ચમાં જઈ 'ઈન્ડિયન વિન્ટર' લખજો. લિયોનાર્ડો AI ઈમેજ અને ક્રિએટિવિટીની પાંખ ખોલતી વેબસાઈટ છે. આનું તો હોમપેજ જ એવું મસ્ત છે કે બધું જ ભુલાઈ જશે. એક નાનકડું એકાઉન્ટ બનાવીને અહીં AI કરતાં પણ રિયલટાઈમ ઈમેજ બનાવી શકો છો. ટેમ્પલેટ ડિઝાઈન કરી શકો છે. મોબાઈલના વોલ પેપર સાઈઝ અનુસાર તૈયાર કરી શકો. એટલું જ નહીં, આલ્ફાબેટમાં આવતા તમારા નામના એવા ફોન્ટ બનાવી શકશો.

વર્ષ ૧૯૮૭માં અમેરિકી યુવાન થોમસ અને જહોન કોલે તૈયાર કર્યું ફોટોશોપ. આ પહેલું વર્ઝન અત્યારના લેટેસ્ટ ટુલ જેટલું સવલતભર્યું ન હતું. વર્ષ ૨૦૧૬માં ચેન્નઈની એક આઈટી કંપનીએ ફોટોશોપનું કસ્ટમાઈઝ વર્ઝન ખરીદ્યું. એ પછી કસ્ટમાઈઝ પેકેજ સાથે એડોબ કંપનીએ જ આખું વર્ઝન તૈયાર કર્યું. હવે આનું બેઝિક નોલેજ હોય તો થોડા લિમિટેડ ટુલ્સ સાથે તૈયાર છે ફોટોપિયા, જેમાંથી પીએસડી કે જેપીજી ફાઈલ તૈયાર કરીને ડાયરેક્ટ યુઝ કરી શકશો. લેપટોપ કે પીસીમાં ફોટોશોપ હશે તો આ ફાઈલ ડાયરેક્ટ યુઝ પણ થશે. પોતાની ફર્મ છે? કોઈ ઑફર કે સેલના પેમ્ફલેટ તૈયાર કરવાનાં છે? સર્ચ કરી લો વેક્ટરસ્ટોક. પ્લેન બેગ્રાઉન્ડથી લઈને જુદા જુદા શેપના ટેક્સ ફોર્મેટ રેડી મળી જશે. વાર્ષિક કેલેન્ડર બનાવવું હોય અને એમાં જરૂરી તારીખ પર રિમાઈન્ડર મૂકવું હોય તો પિકબેસ્ટ સૌથી શ્રેષ્ઠ.

સૌથી મોટી અને ખાસ વાત એ છે કે, આ બધી ફ્રી સાઈટ છે. બહુ તો એક સામાન્ય એકાઉન્ટ બનાવીને એની સમયાંતરે આવતી અપડેટનો સીધો જ ઉપયોગ કરી શકાય છે. ઈમેજનું વર્લ્ડ એટલું મોટું છે કે, ન પૂછો વાત. એક સરવે એવું કહે છે કે, ટેક્સ્ટ કરતાં ઈમેજ અને મલ્ટિમીડિયા વ્યક્તિને વધુ યાદ રહે છે તો બેઝિક AIની સમજ સાથે થોડા એવા એડિટિંગ ટુલ્સથી ઘણું કરી શકાય છે. બસ, પ્રિન્ટ કરતી વખતે એની સાઈઝનું ધ્યાન રાખવું પડશે. બાકી અહીં આપેલી સાઈટ પર જરૂરથી આંટો મારવા જેવો છે. જે નવું નવું શિખવાડશે, રોમાંચને જાળવશે અને AI તો વર્ચ્યુઅલ વર્લ્ડની એવી દુનિયા બતાવશે જે તમને ખરેખર માન્યમાં નહીં આવે. ■

### આઉટ ઓફ ધ બોક્સ

વર્ષ ૨૦૧૧થી ગુગલ ઈમેજમાં સોશિયલ મીડિયા લિંક ઈમેજની શરૂઆત થઈ એટલે જે સૌથી વધુ જોવાયેલ કે વાયરલ હશે એની ઈમેજ ગુગલ પણ સાચવશે. વિવાદિત હશે તો નહીં. પોઝિટિવ હશે તો હા!

# ફેડરલ રિઝર્વની ભાવિ નાણાનીતિની અવઢવ વચ્ચે બેતરફી વધઘટે અથડાયેલું સોનું

## રોકાણકારોની નજર આગામી ૧૭-૧૮ ડિસેમ્બરની ફેડરલની નીતિવિષયક બેઠક પર

અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ૧૭-૧૮ ડિસેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી પ્રબળ શક્યતા ટ્રેડરો વ્યક્ત કરી રહ્યા હોવા છતાં આગામી વર્ષ ૨૦૨૫માં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કપાતની બાબતમાં કેવું વલણ અપનાવે તેની અવઢવ વચ્ચે વિતેલા સપ્તાહ દરમિયાન વૈશ્વિક સોનું બેતરફી વધઘટે અથડાઈ જતાં સાધારણ નરમાઈનું વલણ જોવા મળ્યું હતું. જોકે, વિશ્લેષકો વર્તમાન ડિસેમ્બર મહિનામાં વૈશ્વિક સોનાના ભાવ માટે ઔંસદીઠ ૨૫૫૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી અને ૨૭૦૦ ડૉલરની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી પુરવાર થાય તેવી શક્યતા વ્યક્ત કરવાની સાથે જણાવે છે કે આ વર્ષમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૨૭ ટકા જેટલો ઉછાળો આવી ગયો હોવાથી એકાદ-બે સપ્તાહ સુધી નફારૂપી વેચવાલીનું દબાણ જોવા મળી શકે છે. એકંદરે સ્થાનિકમાં ગત સપ્તાહે વિશ્વ બજાર પાછળ સ્થાનિકમાં પણ સપ્તાહ દરમિયાન બેતરફી વધઘટ જોવા મળી હતી. આમ એકંદરે નરમાઈના અન્ડરટોન સાથે પ્રવર્તમાન લગ્નસરાની મોસમની માગનો ટેકો મળ્યો હતો. જોકે, ડૉલર સામે રૂપિયો નબળો પડવાને કારણે જ્વેલરી ઉત્પાદકોની માગ અત્યંત પાંખી રહી હતી.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભમાં હાજરમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૨૯મી નવેમ્બરના રૂ. ૭૬,૭૪૦ના બંધ સામે નરમાઈના અન્ડરટોને રૂ. ૭૫,૮૬૭ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૭૫,૮૬૭ અને ઉપરમાં રૂ. ૭૬,૫૩૮ની રેન્જમાં અથડાઈને અંતે સાપ્તાહિક ધોરણે ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૫૩ અથવા તો ૦.૭૨ ટકા ઘટીને રૂ. ૭૬,૧૮૭ના મથાળે બંધ રહ્યા હતા. વધુમાં ગત સપ્તાહે ડૉલર સામે રૂપિયો ઐતિહાસિક ૮૪.૭૫ની સપાટી સુધી ગબડ્યો હોવાથી આયાત પડતરો વધવાને કારણે જ્વેલરી ઉત્પાદકોની લેવાલી પાંખી રહી હતી. આમ જ્વેલરી ઉત્પાદકોની માગ નબળી રહેવાને કારણે સ્થાનિક ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ બે ડૉલર આસપાસના ડિસ્કાઉન્ટમાં ઓફર કરી રહ્યા હતા.નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે ડીલરો ભાવ ઔંસદીઠ ત્રણ ડૉલરના પ્રીમિયમ સાથે ઓફર કરી રહ્યા હતા. જોકે, ગત સપ્તાહે સ્થાનિક સ્તરે પ્રવર્તમાન લગ્નસરાની છૂટીછવાઈ માગ જળવાઈ રહી



હતી, જ્યારે દિલ્હી ખાતે વધુ ભાવઘટાડાના આશાવાદને ધ્યાનમાં લેતા ગ્રાહકોએ ખરીદી મોકૂફ રાખી હોય તેમ અપેક્ષિત માગનો વસવસો હોવાનું એક જ્વેલરે જણાવ્યું હતું.

વધુમાં સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીન ખાતે પણ ગ્રાહકોએ નવી ખરીદીમાં સાવચેતીનો અભિગમ અપનાવ્યો હોવાથી જ્વેલરી ઉત્પાદકોની માગ પણ નિરસ રહી હોવાથી ચીનમાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૧૧થી ૧૫ ડૉલર આસપાસના ડિસ્કાઉન્ટમાં ઓફર કરી રહ્યા હતા. જોકે, ચીન ખાતે આગામી જાન્યુઆરી મહિનામાં માગ ખૂલવાનો આશાવાદ બજાર વર્તુળો મૂકી રહ્યા છે. ચીન સ્થિત એમકેએસ પીએએમપીનાં રિજિનલ ડિરેક્ટર બર્નાર્ડ સિને જણાવ્યું હતું કે સ્થાનિક સ્તરે અતિરિક્ત પુરવઠો અને નિરસ માગની સ્થિત જોવા મળી છે. વધુમાં રેનમ્બિના મૂલ્યમાં સોનાના ભાવ ઊંચા રહેતા આવું વલણ જળવાઈ રહે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી. તાજેતરમાં વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ દ્વારા જાહેર કરવામાં આવેલા એક અહેવાલ અનુસાર વર્ષ ૨૦૨૪માં ચીનમાં જ્વેલરી માટેની માગમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, જ્યારે રોકાણલક્ષી માગ મજબૂત રહી હોવાનું જણાવ્યું હતું. દરમિયાન ગત સપ્તાહના અંતે અમેરિકાના નોન ફાર્મ પૅરોલ ડેટા અથવા તો રોજગાર વૃદ્ધિના ડેટા અપેક્ષા કરતાં પ્રોત્સાહક આવતા ૨,૨૭,૦૦૦ની રોજગાર વૃદ્ધિ જોવા મળી હોવાથી અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ૧૭-૧૮ ડિસેમ્બરની નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૮૭ ટકા શક્યતા ટ્રેડરો સીએમઈ ફેડ વૉચ ટૂલ પર મૂકી રહ્યા હતા. આમ વ્યાજદરમાં કપાતની શક્યતા બળવત્તર બનતાં ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૨ ટકા વધીને ઔંસદીઠ ૨૬૩૬.૩૧ ડૉલર અને વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૪ ટકા વધીને ઔંસદીઠ ૨૬૫૯.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. વાસ્તવમાં અમેરિકાના નોન ફાર્મ પૅરોલ ડેટા અપેક્ષા કરતાં સારા આવ્યા હોવાથી અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા એલિગન્સ ગોલ્ડના ચીફ ઓપરેટિંગ ઑફિસર એલેક્સ એબાકરિમે વ્યક્ત કરી હતી, જ્યારે કિટકો મેટલ્સના બજાર વિશ્લેષક જીમ વાઈકોફે જણાવ્યું હતું કે અમેરિકાના નોન ફાર્મ પૅરોલ ડેટા સારા પણ નથી તેમ જ ખરાબ પણ નથી આવ્યા આથી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા નકારી ન શકાય. ગત સપ્તાહે ફેડરલ રિઝર્વની નાણાનીતિની સમીક્ષાની બેઠકના પૂર્વ સપ્તાહે વૈશ્વિક સોનાના ભાવ બેતરફી વધઘટે અથડાઈ ગયા હતા. વધુમાં ફેડરલના અધ્યક્ષ જૅરોમ પૉવૅલે પણ ભવિષ્યમાં વ્યાજદરમાં કપાત અંગે સાવચેતીનું વલણ અપનાવવાના સંકેત ઉપરાંત અમેરિકી અર્થતંત્રમાં મજબૂત વલણ જળવાઈ રહ્યું હોવાથી સોનાના ભાવ દબાણ હેઠળ રહ્યા હતા, પરંતુ સર્વિસીસ ક્ષેત્રમાં મંદીની ભીતિ, બેરોજગારી ભથ્થુ મેળવવા માટેની અરજીની સંખ્યામાં વધારા જેવાં પરિબળોને કારણે અમુક અંશે સોનાને ટેકો મળતો રહ્યો હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે ફેડરલ રિઝર્વ આગામી બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી શક્યતા હોવા છતાં રોકાણકારોની નજર બેઠકના અંતે ભવિષ્યમાં અર્થાત્ વર્ષ ૨૦૨૫માં નાણાનીતિમાં કેવું વલણ અપનાવવામાં આવશે તેના સંકેતો પર મંડાયેલી છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે અમારા મતાનુસાર આગામી સપ્તાહે વૈશ્વિક સોનાના ભાવ ઔંસદીઠ ૨૫૭૦થી ૨૬૯૦ આસપાસની રેન્જમાં અને સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૫,૧૦૦થી ૭૭,૯૦૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય.

# વિદેશી હૂંડિયામણની અનામતમાં ઘટાડાનો અંત, ૧.૫૧ અબજ ડૉલરનો વધારો

મુંબઈ: છેલ્લાં કેટલાંક સપ્તાહથી દેશની વિદેશી હૂંડિયામણની અનામતમાં સતત ઘટાડો થઈ રહ્યો હતો, પરંતુ ગત ૨૯મી નવેમ્બરના રોજ પૂરા થયેલા સપ્તાહમાં ઘટાડાનું વલણ અટક્યું હતું અને અનામત ૧.૫૧ અબજ ડૉલરના વધારા સાથે ૬૫૮.૦૯૧ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૧.૩૧ અબજ ડૉલર ઘટીને ૬૫૬.૫૮૨ અબજ ડૉલરના સ્તરે રહી હતી. તેમ જ તે પૂર્વેના સપ્તાહમાં અનામતમાં ૧૭.૬૧ અબજ ડૉલરનું ગાબડું પડ્યું હતું. જોકે, અગાઉ સપ્ટેમ્બર મહિનાના અંતિમ સપ્તાહમાં દેશની વિદેશી હૂંડિયામણની અનામત વધીને ૭૦૪.૮૮૫ અબજ ડૉલરની વિક્રમ સપાટીએ રહી હતી.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૨.૦૬૧ અબજ ડૉલર વધીને



૫૬૮.૮૫૨ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે સપ્તાહ દરમિયાન ડૉલર સિવાયના યુરો, પાઉન્ડ અને યૅન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટનો પણ સમાવેશ થતો હોય છે. વધુમાં સપ્તાહ દરમિયાન ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૨.૨ કરોડ ડૉલર વધીને ૧૮.૦૦૭ અબજ ડૉલરના સ્તરે અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૨.૨ કરોડ ડૉલર વધીને ૪.૨૫૪ અબજ ડૉલરના સ્તરે રહી હતી.

જ્યારે સોનાની અનામત ૫૯.૫ કરોડ ડૉલર ઘટીને ૬૬.૯૭૯ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં ઉમેર્યું હતું.

# સસ્તું ધિરાણ, ઓછા વેરા અને પીએમ કિસાન હેઠળની રકમ બમણી કરવા અંદાજપત્ર પૂર્વે ખેડૂતોનો નાણાં પ્રધાનને અનુરોધ

નવી દિલ્હી: આગામી નાણાકીય વર્ષ માટેના અંદાજપત્ર પૂર્વેની ભલામણોમાં ખેડૂતોના પ્રતિનિધિઓ અને કૃષિ ક્ષેત્રના હિસ્સેધારરોએ નાણાં પ્રધાનને ખેડૂતોને સસ્તા ધિરાણની ઉપલબ્ધિ, ઓછા વેરા અને પીએમ કિસાન હેઠળ ખેડૂતોની આવકને ટેકો આપતી રકમ બમણી કરવાનો નાણાં પ્રધાન નિર્મલા સીતારમણને અનુરોધ કર્યો છે.

આજે બે કલાક સુધી ચાલેલી બેઠકમાં ખાસ કરીને કૃષિ ક્ષેત્રમાં ઊભા થયેલા પડકારોના ઉકેલ અંગે વિસ્તૃત ચર્ચા થઈ હતી. આ ઉપરાંત નાણાકીય સહાય, બજાર સહાય અને વ્યૂહાત્મક રોકાણોની માગણી પર પણ ચર્ચા થઈ હતી.

ભારત કૃષિક સમાજના ચેરમેન અજય વિર જાખરે કૃષિ ઉત્પાદકતામાં વધારો કરવા અને ખેડૂત કલ્યાણ માટે તાકીદે હસ્તક્ષેપ કરવા પર ભાર મૂક્યો હતો. આ બેઠકમાં રાજ્યકક્ષાના નાણાં પ્રધાન પંકજ ચૌધરી તથા નાણાં અને કૃષિ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ, કૃષિ સંગઠનો અને કૃષિ ક્ષેત્રની કૉર્પોરેટ કંપનીઓનાં પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. ખેડૂતોની પ્રાથમિક માગણીઓમાં ખાસ કરીને કૃષિ ધિરાણ પરનાં વ્યાજદર ઘટાડીને એક ટકા સુધી કરવાનો અને પીએમ કિસાન હેઠળ તબક્કાવાર આપવામાં આવતી વર્ષે રૂ. ૬૦૦૦ની રકમ બમણી કરીને રૂ. ૧૨,૦૦૦ કરવાની માગણી કરી હતી. તેમ જ ખેડૂતોના સંગઠને પ્રધાનમંત્રી ફસલ બિમા યોજના હેઠળ નાના ખેડૂતોને શૂન્ય પ્રીમિયમ ધોરણે પાક વીમા અંગે જોરદાર રજૂઆત કરી હતી.

હિસ્સે ધારકોના પ્રસ્તાવોમાં મુખ્યત્વે વેરામાં સુધારા પર ભાર મૂકતા કૃષિ મશીનરી, ફર્ટિલાઈઝર, બિયારણ અને દવાઓને જીએસટીમાંથી માફી આપવા જણાવ્યું હતું. તેમ જ પીએચડી ચેમ્બર ઑફ કોમર્સ ઍન્ડ ઈન્ડસ્ટ્રીઝે પેસ્ટિસાઈડ્સ પરનો જીએસટી દર જે ૧૮ ટકા છે તે ઘટાડીને પાંચ ટકા કરવા જણાવ્યું હતું.

વધુમાં જાખરે આઠ વર્ષ સુધી રૂ. ૧૦૦૦ કરોડનાં રોકાણના લક્ષ્યાંક સાથે વટાણા, સોયાબીન અને સરસવ જેવાં ચોક્કસ પાકની ઉત્પાદન વૃદ્ધિ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો અનુરોધ કર્યો હતો જેથી આયાત નિર્ભરતા ઘટે અને નેશનલ ન્યુટ્રીશનલ સલામતી (રાષ્ટ્રીય સ્તરે પોષકત્વની સલામતી)માં વધારો થાય.

ભારતીય કિસાન યુનિયનના વક્તા ધર્મેન્દ્ર માલિકે લઘુતમ ટેકાના ભાવની યંત્રણાની ફેર સમીક્ષા કરવા અનુરોધ કરતાં જણાવ્યું હતું કે ટેકાના ભાવની ગણતરીમાં જમીનનું ભાડુ, મજૂરી અને લણણી પછીના ખર્ચનો પણ સમાવેશ થવો જોઈએ.

વધુમાં તેમણે કંપનીઓની વેબસાઈટ પર કૃષિ મશીનરીઓના ભાવ દર્શાવવાનો, મંડીઓના માળખામાં સુધારો કરવાનો, ટેકાના ભાવ હેઠળ આવરવામાં આવતી કૉમૉડિટીની સંખ્યા જે ૨૩ છે તેમાં વધારો કરવાનો અને ટેકાના ભાવ કરતાં નીચા ભાવે થતી આયાતને મંજૂરી ન આપવાનો તેમ જ તાકીદની આવશ્યકતાના સમયે લઘુતમ નિકાસ ભાવ નિર્ધારિત કરવા જણાવ્યું હતું.

# ટીનમાં સ્ટોકિસ્ટોની લેવાલીએ ₹ ૧૩નું બાઉન્સબૅક, અન્ય ધાતુમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે સપ્તાહના અંતે સાર્વત્રિક સ્તરેથી કામકાજો પાંખાં રહ્યા હતા. જોકે, આજે મુખ્યત્વે ટીનમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલી નીકળતા ભાવમાં કિલોદીઠ રૂ. ૧૩નો સુધારો આવ્યો હતો અને વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે કોપર આર્મિચર અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. એક વધી આવ્યા હતા. જોકે, આજે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ હેઠળ ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટી આવ્યા હતા, જ્યારે સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ, લીડ ઈન્ગોટ્સ અને નિકલમાં કિલોદીઠ રૂ.એકથી ત્રણનો ઘટાડો આવ્યો હતો તથા અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે ટીનમાં ગઈકાલે કિલોદીઠ રૂ. ૧૮નો ઘટાડો આવ્યા બાદ નીચા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૩ના બાઉન્સબૅક સાથે રૂ. ૨૫૫૩ના મથાળે રહ્યા હતા. આ સિવાય કોપર આર્મિચર અને કોપર વાયરબારમાં વપરાશકાર ઉદ્યોગ અને સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૭૭૭ અને રૂ. ૮૨૪ના મથાળે રહ્યા હતા.

આજે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને નિરસ માગે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૫૦૮ અને રૂ. ત્રણ ઘટીને રૂ. ૧૩૭૦ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૨૪૭ અને રૂ. ૨૯૦ તથા કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૭૮૯, રૂ. ૭૮૧ અને રૂ. ૧૮૭ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ખપપૂરતી છૂટીછવાઈ લેવાલીને ટેકે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૭૨૮, રૂ. ૫૬૫ અને રૂ. ૧૯૫ના મથાળે ટકેલા રહ્યા હતા.

# બીજા ત્રિમાસિકગાળામાં જીડીપીનો ઘટાડો ત્રીજા ત્રિમાસિકગાળામાં સરભર થશે: સીતારમણ

નવી દિલ્હી: વર્તમાન નાણાકીય વર્ષના બીજા ત્રિમાસિકગાળામાં જીડીપીમાં જોવા મળેલો ઘટાડો મૂળભૂત નથી. ત્રીજા ત્રિમાસિકગાળામાં જાહેર ખર્ચમાં થયેલા વધારાને કારણે આર્થિક પ્રવૃત્તિમાં સુધારો થતાં ત્રીજા ત્રિમાસિકગાળામાં બીજા ત્રિમાસિકગાળાનો ઘટાડો સરભર થાય તેવી શક્યતા નણાં પ્રધાન નિર્મલા સીતારમણે વ્યક્ત કરી હતી.

નોંધનીય બાબત એ છે કે ગત સપ્ટેમ્બર અંતના બીજા ત્રિમાસિકગાળામાં જીડીપી આગલા (પહેલા) ત્રિમાસિકગાળાના ૬.૭ ટકા સામે ઘટીને સાત ત્રિમાસિકગાળાની નીચી ૫.૪ ટકાની સપાટીએ રહ્યો હતો. આ ઘટાડો મૂળભૂત નથી. ખાસ કરીને જાહેર ખર્ચ, મૂડીગત્ ખર્ચના અભાવ જેવાં કારણોસર ઘટાડો જોવા મળ્યો છે, પરંતુ તેમાં સુધારો થતાં ત્રીજા ત્રિમાસિકગાળામાં આ ઘટ સરભર થશે અને એકંદર આર્થિક વૃદ્ધિ પર ખાસ માઠી અસર જોવા નહીં મળે, એમ તેમણે અત્રે એક પ્રસંગમાં જણાવ્યું હતું. રિઝર્વ બૅન્ક દ્વારા જીડીપી વૃદ્ધિદરના અંદાજ જે અગાઉ ૭.૨ ટકા મૂક્યો હતો તેની સામે તિવ્ર ઘટાડો કરીને ૬.૬ ટકાનો મૂકવામાં આવ્યો હોવા અંગે પૂછવામાં આવેલા એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે કહ્યું હતું કે આપણે ઘણાં પરિબળોને પ્રોત્સાહિત કરવાના છે અને આગામી વર્ષોમાં ઝડપથી વિકસી રહેલા અર્થતંત્રનું સ્થાન જાળવી રાખવાનું છે. પહેલા ત્રિમાસિકગાળામાં લોકસભાની ચૂંટણી અને મૂડીગત્ ખર્ચમાં થયેલા ઘટાડાને કારણે વૃદ્ધિ પર માઠી અસર પડી હતી તેમ જ તેની થોડીઘણી અસર ત્રીજા ત્રિમાસિકગાળા પર પણ જોવા મળી હતી. વર્ષ ૨૦૨૪-૨૫ના પહેલા ત્રિમાસિકગાળામાં સરકારી મૂડીગત્ ખર્ચ રૂ. ૧૧.૧૧ લાખ કરોડના અંદાજપત્રીય લક્ષ્યાંકના માત્ર ૩૭ ટકા જેટલો જ રહ્યો હતો. આ સિવાય વૃદ્ધિમાં ઘટાડા અંગેના અન્ય પરિબળોમાં વૈશ્વિક સ્તરે નબળી પડેલી માગ પણ હોવાનું તેમણે ઉમેર્યું હતું.

ભારતીયોની ખરીદશક્તિમાં સુધારો થઈ રહ્યો છે, પરંતુ ભારતમાં તમને વેતનની ચિંતા છે, જે અમે સુપેરે જોઈ શકીએ છીએ આથી આપણે સ્થાનિક વપરાશ પર ભાર મૂકવો જોઈએ, એમ જણાવતા તેમણે ઉમેર્યું હતું કે નાણાં મંત્રાલયે તેના નાણાકીય વર્ષ ૨૦૨૪નાં આર્થિક સર્વેક્ષણમાં વર્તમાન નાણાકીય વર્ષ માટે ૬.૫થી ૬.૭ ટકાના જીડીપી વૃદ્ધિનો અંદાજ મૂક્યો છે.


# પંજાબમાં રવી વાવેતરની માગ જેટલો પર્યાપ્ત યુરિયાનો સ્ટોક

નવી દિલ્હી:જાહેર ક્ષેત્રની ફર્ટિલાઈઝર કંપની નેશનલ ફર્ટિલાઈઝર લિ.(એનએફએલ)એ તાજેતરમાં એક યાદીમાં ખેડૂતોને જમીન માટેના પોષકત્વ ગણાતા યુરિયાનો સંગ્રહ ન કરવાનો અનુરોધ કરતાં જણાવ્યું હતું કે પંજાબમાં વર્તમાન રવી મોસમની માગ માટે યુરિયાનો પર્યાપ્ત સ્ટોક હોવાનું જણાવ્યું હતું.

આજે એક યાદીમાં એનએફએલે જણાવ્યું હતું કે પંજાબમાં રવી મોસમ માટે યુરિયાનો પૂરતો સ્ટોક છે અને પંજાબમાં રવી મોસમ માટે યુરિયાની કુલ આવશ્યકતાને ધ્યાનમાં લેતાં ફર્ટિલાઈઝર કંપનીઓ દ્વારા નિયમિત પુરવઠો પૂરો પાડવામાં આવશે. વધુમાં કંપનીની વ્યવસ્થાનુસાર સરાસરી ધોરણે પંજાબને કુલ આવશ્યકતા પૈકી અગ્રતાક્રમ આપીને ગત પહેલી ઑક્ટોબરથી પુરવઠો પૂરો પાડવામાં આવ્યો છે. તેમ જ તેને ફાળવાયેલી માત્રા સરાસરીની સરખામણીમાં એક લાખ ટન વધુ હોવાનું જણાવ્યું હતું. વધુમાં કંપનીએ જણાવ્યું હતું કે ફર્ટિલાઈઝર કંપનીઓ પંજાબને ૬૦ ટકા યુરિયાનો પુરવઠો માર્કફેડ મારફતે અને ૪૦ ટકા પુરવઠો ખાનગી ડીલરો મારફતે પૂરો પાડી રહી છે. આથી કંપનીએ ખેડૂતોને ખોટી અફવાઓ પર ધ્યાન આપીને યુરિયાનો સંગ્રહ ન કરવાની સલાહ આપવાની સાથે રવી મોસમમાં નિયમિત પુરવઠો મળતો રહેશે, એમ કંપનીએ યાદીમાં ઉમેર્યું હતું. નોંધનીય બાબત એ છે કે એનએએફએલ એ દેશની અગ્રણી ખાતર ઉત્પાદક કંપની છે.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર વર્ષ ૨૦૧૪-૧૫માં યુરિયાનું ઉત્પાદન જે વર્ષ ૨૨૫ લાખ ટન હતું તે વર્ષ ૨૦૨૩-૨૪માં વધીને ૩૧૪.૦૭ લાખ ટનની સપાટીએ પહોંચ્યું હતું. નોંધનીય બાબત એ છે કે ખેડૂતોને યુરિયાનું વેચાણ અધિકૃત મહત્તમ છૂટક ભાવથી કરવામાં આવે છે. અને યુરિયાના મહત્તમ છૂટક ભાવ અને ઉત્પાદન ખર્ચ વચ્ચેનો તફાવત ઉત્પાદકોને ચૂકવવામાં આવે છે. તેમ જ યુરિયાની ૪૫ કિલોગ્રામની એક ગૂણીનું વેચાણ અંદાજે રૂ. ૨૫૦ના ભાવથી થાય છે.

# નબળી માગે ખાંડમાં ₹ ૧૦નો ઘટાડો



નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તથા દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૩૫૦થી ૩૪૦૦માં થયાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સપ્તાહના અંતે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ મર્યાદિત રહેતાં સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ છૂટીછવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. તેમ જ નિરસ માગે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૫૩૨થી ૩૬૪૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર પણ ક્વિન્ટલે રૂ. ૧ના ઘટાડા સાથે રૂ. ૩૫૯૨થી ૩૮૧૨માં થયાના અહેવાલ હતા. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૪૭૦થી ૩૫૪૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૪૦થી ૩૬૦૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# નવેમ્બરમાં મુખ્ય બંદરો પરનાં કાર્ગો ટ્રાફિકમાં ૪.૯૫ ટકાનો ઘટાડો

નવી દિલ્હી: ગત નવેમ્બર મહિનામાં દેશનાં મુખ્ય બંદરો પરનો કાર્ગો ટ્રાફિક નવેમ્બર, ૨૦૨૩ના ૭.૧૦૫ કરોડ ટન સામે ૪.૯૫ ટકા ઘટીને ૬.૭૫૩ કરોડ ટનની સપાટીએ રહ્યો હોવાનું ઔદ્યોગિક સંસ્થાએ જણાવ્યું છે.

ઈન્ડિયન પોર્ટ એસોસિયેશને તાજેતરમાં જાહેર કરેલી આંકડાકીય માહિતી અનુસાર ગત નવેમ્બર મહિનામાં માત્ર જેએનપીટી અને દિનદયાળ પોર્ટસ બંદર પરના ટ્રાફિકમાં સકારાત્મક વૃદ્ધિદર જોવા મળ્યો હતો, જ્યારે અન્ય ૧૦ બંદરો પરનાં ટ્રાફિકમાં નકારાત્મક વૃદ્ધિદર જોવા મળ્યો હતો.

અત્રે નોંધનીય બાબત એ છે કે કેન્દ્ર સરકારના નિયંત્રણ હેઠળ દેશમાં ૧૨ મુખ્ય બંદરો છે. જેમાં દિનદયાળ પોર્ટ (કંડલા), મુંબઈ પોર્ટ, જવાહરલાલ નહેરુ પોર્ટ ઑથૉરિટી (જેએનપીટી), માર્મગાઉ પોર્ટ, ન્યૂ મેંગ્લોર પોર્ટ, કોચિન પોર્ટ, ચેન્નાઈ પોર્ટ, કમરજર પોર્ટ (એન્નોર), વીઓ ચિદમ્બરનર પોર્ટ, વિશાખાપટ્ટનમ પોર્ટ, પારાદિર પોર્ટ અને હલ્દીયા સહિતનાં કોલકાતા પોર્ટનો સમાવેશ થાય છે.

એસોસિયેશનના જણાવ્યાનુસાર ગત નવેમ્બર મહિનામાં પ્રીમિયર કન્ટેનર પોર્ટ જેએનપીટી પરના ટ્રાફિકમાં નવેમ્બર, ૨૦૨૩ની સરખામણીમાં ૧૨.૩૪ ટકાનો અને દિનદયાળ પોર્ટ પરના ટ્રાફિકમાં ૧૦.૧૦ ટકાનો વધારો થયો છે. જ્યારે આ સમયગાળામાં માર્મગાઉ પોર્ટનાં ટ્રાફિકમાં ૨૯.૬૪ ટકાનો અને ન્યૂ મેંગ્લોર પોર્ટનાં ટ્રાફિકમાં ૧૯ ટકાનો ઘટાડો નોંધાયો હતો. આ સિવાયના ચેન્નાઈ, વિશાખાપટ્ટનમ અને મુંબઈ બંદર પરનાં ટ્રાફિકમાં પણ ઘટાડો થયો હોવાનું એસોસિયેશને યાદીમાં ઉમેર્યું હતું.

# ગાંધીધામમાં નકલી ઈડી બનેલા આરોપીઓનો પોલીસે વરઘોડો કાઢ્યોઃ લોકોના ટોળા ઊમટ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના નામે પૂર્વ કચ્છના પંચરંગી ગાંધીધામ શહેરના જાણીતા જ્વેલર અને તેમના પિતરાઈ ભાઈના ઘરે દરોડો પાડીને ૨૫.૨૫ લાખના મૂલ્યના ઘરેણાં તફડાવી લેનારા ૧૨ આરોપીઓના નામદાર અદાલતે ૧૧ દિવસના રિમાન્ડ મંજૂર કર્યાં હતાં.



રાષ્ટ્રીય સ્તરે ચર્ચાસ્પદ બનેલા આ ગુનાની તપાસ કરી રહેલી ગાંધીધામ એ ડિવિઝન પોલીસે પ્રત્યેક કડીને જોડવા માટે આરોપીઓને સાથે રાખીને ગાંધીધામની બજારમાં આવેલી જ્વેલરી શોપ તથા ફરિયાદીના નિવાસસ્થાને જઈને કોણે કેવી ભૂમિકા ભજવેલી તે નક્કી કરવા આરોપીઓ પાસે તે જ ઘટનાનું પુનરાવર્તન કરાવ્યું હતું. રિક્રિયેટના સમયે ગાંધીધામની ભરચક બજારમાં પોલીસ દળ સાથે 'સ્પેશિયલ ૨૬' ફિલ્મના કલાકારોની જેમ નીકળેલાં આરોપીઓના 'વરઘોડા'ને જોવા લોકો ટોળે વળ્યાં હતાં.

ઈડીની નકલી ટોળકી ફરિયાદી કનૈયાભાઈને લઈ તેમના ઘરે સર્ચ ઓપરેશન કરવા પહોંચેલી ત્યારે ઈડી ઑફિસર બનેલા શૈલેન્દ્ર દેસાઈએ સૌને તેનું ઈડી ઑફિસર તરીકેનું નકલી આઈકાર્ડ બતાડી ઘરમાં કેટલા નાણાં અને ઘરેણાં છે તેની સાચી માહિતી આપીને બધુ રજૂ કરી દેવા કરડાકી ભર્યા અવાજે સૂચના આપી હતી. સમગ્ર કાર્યવાહીનું શૈલેન્દ્ર સાથે રહેલાં અમિત મહેતાએ તેના મોબાઈલમાં કરેલા રેકોર્ડિંગની ગુનાની તપાસ કરી રહેલા પી.આઈ. એમ.ડી. ચૌધરીએ રિકવર કર્યું છે.

આરોપીઓની પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે, કનૈયાભાઈના ઘરમાં સર્ચ ઓપરેશન કરી, બધા દરદાગીના એકઠાં કરી ડાઈનિંગ ટેબલ પર રાખવામાં આવ્યાં હતા. ત્યારબાદ આરોપીઓ કનૈયાને લઈ લીલાશાનગરમાં રહેતા મોટાભાઈ અનિલના ઘરે સર્ચ કરવા ગયાં હતાં. તે સમયે કનૈયાના ઘરમાં હાજર અમિત મહેતાની પત્ની નિશાએ સિફતપૂર્વક ઘરેણાં ચોરી લીધાં હતાં. આરોપીઓએ તમામ રોકડ રકમ અને ઘરેણાંની ચોરી કે લૂંટ કેમ ના કરી તે, ખરેખર તેમની યોજના હતી કે નહિ તે મુદ્દે પોલીસે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી હોવાનું ચૌધરીએ ઉમેર્યું હતું. ■

# માંડવીમાં પોલીસકર્મીઓ પર હુમલો કરનારા ચાર શખ્સો સામે ગુજસીટોક હેઠળ ગુનો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના બંદરીય માંડવી તાલુકાના પાંચોટિયા ગામના બે માથાભારે ભાઈઓ પુનશી આલા ગઢવી અને હરિ ગઢવી સહિત ચાર ઝનૂની શખ્સો પર પશ્ચિમ કચ્છ પોલીસે ગુજસીટોકનું શસ્ત્ર ઉગામ્યું છે.

બંને ભાઈઓએ તેમની ગેંગના બે સાગરીત શામળા થારુ ગઢવી (મોટી ભુજપુર) અને ગોપાલ રામ મીંઢાણી (ગઢવી) (ઝરપરા, મુંદરા) સાથે મળી ગત ૧૫-૧૬મી નવેમ્બરની મધરાત્રે માંડવી પોલીસ મથકમાં પુનશીના મિત્ર એવા પાંચોટિયાના લિસ્ટેડ કમ વોન્ટેડ બૂટલગેરની કરેલી ધરપકડની અદાવત તથા હરિ ગઢવી સાથે થયેલાં સાયબર ફ્રોડના આરોપીને પોલીસ પકડતી ના હોવાના મુદ્દે તલવાર, ફરસી, છરી અને ધોકા સાથે ધસી જઈ, પોલીસ સ્ટેશનમાં ઉત્પાત મચાવીને પીએસઓ અને હેડ કોન્સ્ટેબલ પર જીવલેણ હુમલો કરવા પ્રયાસ કર્યો હતો.



ગુના સંદર્ભે હત્યાનું કાવતરું રચીને ઘાતક હથિયારો સાથે પોલીસ મથકમાં ઘૂસીને ઉત્પાત મચાવીને કર્મચારીઓની હત્યાનો પ્રયાસ કરી ફરજમાં રુકાવટ તેમજ જાહેર મિલકતમાં નુકસાન કરવા સબબની ફરિયાદ નોંધી તેમની ધરપકડ કરવામાં આવી હતી.

પુનશી ગઢવી તેની સિન્ડીકેટ બનાવીને ઓર્ગેનાઈઝ્ડ ગુનાખોરી કરતો હોવાના આધાર પર પોલીસે પુનશી સહિત તેની ગેંગને ગુજસીટકોમાં ફીટ કરી છે. ગુજસીટોક હેઠળ પશ્ચિમ કચ્છ પોલીસે નોંધેલો આ પ્રથમ ગુનો બન્યો છે.

આ અગાઉ ગત સપ્ટેમ્બરમાં વ્યાજખોરીના અગણિત કેસમાં પોલીસ ચોપડે ચઢી ચૂકેલી રીયા ગોસ્વામી, તેની બહેન આરતી અને ભાઈ તેજસ વિરુદ્ધ પૂર્વ કચ્છ પોલીસે ગુજસીટોકનું શસ્ત્ર ઉગામ્યું હતું. પોલીસ સ્ટેશનમાં ઘાતક હથિયારો સાથે હુમલો કરવા ઘૂસેલાં પુનશી અને હરીના ઉત્પાતને ગંભીરતાથી લઈ રેન્જ આઈજી ચિરાગ કોરડીયા અને પશ્ચિમ કચ્છ એસપી વિકાસ સુંડાએ તેની ગુનાખોરીની તમામ વિગતો એકઠી કરી ગુજસીટોકમાં ફીટ કરવા માંડવી પીઆઈ ધવલ શિમ્પીને સૂચના આપી હતી.

પુનશી ગઢવીએ પાંચ વર્ષ અગાઉ પણ માંડવી પોલીસ મથકમાં પીએસઓ પર હુમલો કરવાનો પ્રયાસ કરીને ભારે ઉત્પાત મચાવેલો. ૨૦૧૪થી લઈ અત્યારસુધીના દસ વર્ષમાં તેના પર અપહરણ, હત્યાનો પ્રયાસ, મારામારી, દારૂબંધી, એટ્રોસિટી સહિતના ૧૧ જેટલાં ગુના માંડવી, માનકૂવા, ભુજ, ગાંધીધામ, બનાસકાંઠાના પાલનપુર સહિતના વિવિધ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ ચૂકેલાં છે.

દરમ્યાન, માંડવી પોલીસ મથકમાં હત્યાના પ્રયાસના ગુના સબબ હરિ ગઢવીએ કરેલી જામીન અરજી નવા ઘટનાક્રમના પગલે શુક્રવારે સ્વેચ્છાએ પાછી ખેંચી લીધી હોવાનું સરકાર પક્ષે ફરિયાદ પક્ષની પેરવી કરનાર એડવોકેટ સુરેશ મહેશ્વરીએ જણાવ્યું છે.


હરિની જામીન અરજી રદ કરવા તે હાથમાં ફરસી લઈને પોલીસ કર્મચારીઓ સાથે ગેરવર્તાવ કરતો હોવાની વીડિયો ક્લિપ સહિતના પુરાવા કોર્ટમાં રજૂ કરાયાં હતાં.

અત્રે એ નોંધનીય છે કે,ગુજસીટોકના ટૂંકા નામે પ્રચલિત ગુજરાત કંટ્રોલ ઑફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ સંગઠિત ગુનાખોરી અને ત્રાસવાદી પ્રવૃત્તિ કરતાં તત્ત્વો સામેનો આ વિશેષ કાયદો ગુજરાત પોલીસનું એક અમોઘ શસ્ત્ર છે. ■

# નખત્રાણાના નિરોણામાં પશુઓના શિકાર કરનારા દીપડાઓને પાંજરે પૂરવા માલધારીઓની માંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના માલધારીઓ પોતાના પશુધનને ચરાવવા માટે સીમાડાઓ તરફ વળ્યા છે એ વચ્ચે કચ્છના પાવરપટ્ટી વિસ્તારના નિરોણા ખાતેની ડુંગરોની કોતરોમાં છેલ્લા લાંબા સમયથી દીપડાઓ દ્વારા પશુઓનું મારણ કરાતું હોવાથી ભયભીત માલધારીઓ દ્વારા આ રાની પશુને પીંજરે પૂરવાની માગ કરાઇ રહી છે. સાતથી આઠ દિપડાઓના આતંકથી ડુંગર વિસ્તારમાં ચરિયાણ કરાવતા પશુ પાલકોમાં ભય ફેલાયો છે.



અત્યારસુધી અહીં વિચારનારા દીપડાઓએ રવજી વાઘજી આયરની ૪ ગાય, નસીબસા હાસમસા સૈયદ માલિકની ૧૦ બકરીઓ, અલીઅસગર સૈયદની ૧૭ બકરીઓ, અલીની ૫ બકરીઓ, ઓસ્માણ સમેજાની ૪ બકરીઓ તથા પાડા સહિત છેલ્લા બે મહિનામાં ૩૦થી વધારે પશુઓનું મારણ કર્યું છે.

સુરલાઈ તરાવી અને ગઢી વાળી તળાવની બાજુમાં આ દીપડાઓનો પરિવાર રહે છે, જેમાં મુખ્યત્વે બે મોટા દીપડા વધારે હિંસક હોતાં પશુપાલકોમાં ભયનો માહોલ છે. વન વિભાગ દ્વારા મોટા બે નર અને માદા દીપડાને પાંજરામાં પૂરી અને યોગ્ય જગ્યાએ મુકવામાં આવે તેવી નિરોણાના સરપંચ નરોત્તમ આહીરે નખત્રાણાની રેંજ ફોરેસ્ટ ઓફિસ સમક્ષ રજૂઆતમાં કરી હતી. થોડા સમય પહેલાં અબડાસાના રાયધણજર ગામની સીમમાં પણ દીપડો દેખાયો હતો. આ દીપડાએ પણ પશુઓનું મારણ કર્યું હતું.

દરમ્યાન, ખૂનખાર પશુની હાજરી અંગે નલિયા વન વિભાગના રેન્જ ફોરેસ્ટ ઓફિસર કનકસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, ગત વર્ષ ૨૦૨૨માં થયેલી વન્ય પ્રાણી ગણતરી દરમિયાન અબડાસાના ચિયાસર, રાધણજર, ખારુવા વચ્ચેના જંગલ વિસ્તારમાં ત્રણ દીપડાની સંખ્યા હોવાનું નોંધાયું હતું, જયારે નખત્રાણા, ભુજ તાલુકાના વિવિધ વિસ્તારોમાં દસથી વધુ ખૂનખાર દીપડા જોવા મળ્યા હતા.

અલબત્ત વધતી જતી માનવ વસ્તીથી આવા જંગલી પશુઓ અંતર બનાવી રાખે છે, પણ તાજેતરના સમયમાં તેમના કુદરતી આવાસોની સંખ્યા ઘટી જતાં તેઓ માનવ વસાહતોમાં શિકાર માટે ઘૂસી આવે છે. બે વર્ષ પૂર્વે બે અલગ-અલગ હુમલામાં દીપડાએ છ જેટલા ઊંટનું મારણ કર્યું હતું, આ ઉપરાંત થોડા દિવસો અગાઉ ભુજની ભાગોળે આવેલા એરફોર્સ સ્ટેશનમાં પણ દીપડો ઘૂસી આવ્યો હતો જેની આજ દિન સુધી કોઈ ભાળ મળી નથી. ■

# ભાવનગરના ઘોઘામાં યુવાનને ભૂંડ કરડ્યા બાદ હડકવા ઉપડતા કરુણ મોત નિપજયું



(તસવીર: વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના ગરીબપુરા ગામે કાળજું કંપાવી નાખે એવી ઘટના સામે આવી છે. આ યુવાનને બે મહિના પહેલા ભૂંડ કરડ્યું હતું. જેની સારવાર બરાબર નહીં કરાવતાં તેને હડકવા ઉપડ્યો હતો. જેથી તે લોકોને કરડવા દોડતો હોવાથી તેને દોરડાથી બાંધીને રાખવામાં આવતો હતો. પરંતુ હડકવાની અસર વધી જતાં તેનું તડપી અને કણસીને કરુણ મોત નિપજ્યું હતું. પ્રાપ્ત માહિતી મુજબ ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના ગરીબપુરા ગામે રહેતા સુનીલભાઈ ચિથરભાઈ બારિયા દિવસ પૂર્વે બહાર ટોઇલેટ કરવા જતા હતા ત્યારે હડકાયું ભૂંડ કરડવાથી ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા હતા. ત્યાર બાદ હોસ્પિટલમાં સામાન્ય સારવાર પણ લીધી હતી પરંતુ સારવારની પૂરતી કાળજી રાખી ન હતી. ત્યાબાદ પોતાને હડકવા ઉપડ્યો હતો અને લોકોને કરડવા દોડતો હતો. જેથી તેને દોરડાથી બાંધીને રાખવામાં આવ્યો હતો. પરંતુ હડકવાની અસર વધી જતાં ગઈકાલે તેનું મોત નિપજ્યું હતું.

મૃતક યુવકના અંગત મિત્ર મનીષ રામજીભાઈ મકવાણાએ માહિતી આપી હતી કે મૃતકના ભાઈ અને પિતા અસ્થિર મગજના હતા. માતાનો સ્વર્ગવાસ થઈ ચૂક્યો છે. ભૂંડ કરડ્યા બાદ ધીમે ધીમે તેમની સ્થિતિ બગડતી જતી હતી. લોકોને કરડવા દોડવું, જાતે પછડાટ ખાવી, દીવાલ સાથે મસ્તક ભટકાડવા જેવી વૃત્તિ કરતો હતો. બે ચાર વ્યક્તિ તેઓને પકડી શકતા ન હતા. દોરડેથી બાંધવા અને તે પણ દૂરથી બાંધવાની ફરજ પડી હતી.

મનીષભાઈએ લાગણી વ્યક્ત કરી હતી કે ગૌચર જમીનમા લોકોએ મોટાપાયે દબાણ કર્યું છે. બાવળો પણ કાપવા દેતા નથી. બાવળો પર કબજો જમાવ્યો છે.જેને લીધે અહીં ભૂંડ ખૂબ મોટા પ્રમાણમાં રહે છે.આ બાબતે તેઓએ ગામના સરપંચ, મંત્રી ચૂંટાયેલા અન્ય જનપ્રતિનિધિને પણ લેખિત મૌખિક જાણ કરી છતાંય કોઈ ઉકેલ ન આવતા એક યુવકને ભૂંડ કરડવાના કારણે દર્દનાક મોત મળ્યું છે.■

# ભાવનગરની અભયમની ટીમે ભૂલી પડેલી સગીરાને કાઉન્સેલિંગ કરી સમજાવી પરીવારને સોંપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરમાં મોડી રાત્રે એક સગીરા રાજપરા ખાતે બેઠી હોવાનુ જણાતા જાગૃત નાગરિકે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન ટીમને જાણ કરતાં તાત્કાલિક ધોરણે ૧૮૧ અભયમ ટીમ સાથે ઘટનાસ્થળ પર પહોંચી સગીરાનું કાઉન્સેલિંગ કર્યું હતું.

આ દરમિયાન જાણવા મળેલ કે સગીરાનો પરિવાર નડિયાદમાં રહે છે. તેની ઉંમર ૧૬ વર્ષ છે. તે ક્યાંથી આવી છે અને ક્યાં જવું છે જેવા સવાલો કરતાં તેણે જણાવ્યું હતું કે, તે કોઈ છોકરા સાથે મિત્રતા હોવાથી બંને જણા રાજપરા ખાતે દર્શન માટે આવ્યા હતાં. તેનો મિત્ર યુવક તેને મૂકીને ચાલ્યો ગયો હતો જેથી તે રાજપરા મંદિરે એકલી બેઠી હતી.

૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન ટીમ દ્વારા શિહોર પોલીસ સ્ટેશન લઈ જઈ કિશોરીના પરિવારનો સંપર્ક કરી તેમના પિતાને બોલાવ્યા હતાં.

કિશોરીના પિતા ત્યારે ભાવનગર આવ્યા હતાં તેમને શિહોર પોલીસ સ્ટેશન બોલાવીને કિશોરીનુ કાઉન્સેલિંગ કરીને સ્થાનિક પોલીસની હાજરીમાં કિશોરીને સલામત પરિવારને સોંપવામાં આવી હતી.■

# મોરબીની આયુષ હોસ્પિટલમાં પીએમજય યોજનાના ૧૧,૩૯૩ કલેમ કરાયાઃ કલેક્ટરે તપાસના આદેશ આપ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં પીએમજય યોજનામાં કૌભાંડ આચરવાનો પર્દાફાશ થયા બાદ રાજ્યની કઈ હોસ્પિટલોમાં આ પ્રકારના કૌભાંડ થઈ રહ્યાં છે તેની તપાસ હાથ ધરાઈ હતી. મોરબીમાં આયુષ હોસ્પિટલમાં છેલ્લા ૨૧ માહિનામાં ૧૧૩૯૩ ક્લેમ થતાં કૌભાંડની શક્યતાઓ સેવાઈ હતી. આ બાબતે જિલ્લાના કલેક્ટર દ્વારા તપાસનો આદેશ કરવામાં આવ્યો હતો.

મોરબી જિલ્લા આરોગ્ય અધિકારી પાસેથી મળેલી માહિતી મુજબ છેલ્લા ૨૦ મહિનામાં મોરબી જિલ્લામાં જુદી જુદી ખાનગી હોસ્પિટલમાં ૨૦,૨૯૭ જેટલા ઓપરેશન કરવામાં આવ્યાં છે અને તેના ક્લેમ થયા છે. જેમાં સૌથી વધુ ક્લેમ મોરબીની આયુષ હોસ્પિટલના જણાયા છે. જિલ્લામાં કુલ મળીને ૧૪૦૫૭ જેટલા ક્લેમ અત્યાર સુધીમાં પાસ કરવામાં આવ્યા છે. જો કે, ૬૧૦૦ જેટલા ક્લેમ હજુ પેન્ડિંગ છે અને જે રકમ ચૂકવવામાં આવી છે તેમાં જુદી જુદી પાંચ ખાનગી હોસ્પિટલને ૩૭.૨૪ કરોડ જેટલી રકમ ચૂકવવામાં આવી છે.

જિલ્લા કલેક્ટર કે. બી. ઝવેરીએ પત્રકાર પરિષદ યોજીને કહ્યું હતું કે, જો કોઈ હોસ્પિટલમાં ખોટા માણસો કે ખોટાં ઓપરેશનો દર્શાવીને ક્લેમ કરવામાં આવ્યા હશે તો જે તે સંસ્થાની સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે. આ બાબતે તપાસનો આદેશ કર્યો છે અને ગાંધીનગરથી પણ ટીમને બોલાવવામાં આવશે. જેના દ્વારા ખાસ કરીને હોસ્પિટલના બેડની સુવિધા, દર્દીને આપવામાં આવતી સુવિધા વગેરે બાબતોને ચેક કરવામાં આવશે. હોસ્પિટલના ડાયરેક્ટર ચેતન અઘારાએ પણ પત્રકાર પરિષદ યોજીને જણાવ્યું હતું કે, તેઓની હોસ્પિટલમાં તમામ ફેકલ્ટીના ડોક્ટર છે અને દર્દીઓને વધુમાં વધુ સારી સુવિધાઓ મળે તે માટે દરેક યોજનામાં કામ કરવામાં આવે છે. જેથી કરીને દર્દીઓની સંખ્યા અને કેસની સંખ્યા વધારે છે. ■

# ગુજરાતમાં ફાર્મર રજિસ્ટ્રી પોર્ટલમાં ૬૬ લાખના લક્ષ્યાંક સામે ૨૨ લાખ ખેડૂતોની નોંધણી પૂર્ણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં એગ્રીસ્ટેક પ્રોજેક્ટ હેઠળ ખેડૂત ખાતેદારના લેંડ રેકર્ડને યુનિક આઈ.ડી સાથે લીંક કરવા માટે ગત તા. ૧૫ ઓક્ટોબરથી ફાર્મર રજિસ્ટ્રી શરૂ કરવામાં આવી છે. ગુજરાતમાં પી.એમ. કિસાન યોજનાના ૬૬ લાખ જેટલા ખેડૂત લાભાર્થીઓની ફાર્મર રજિસ્ટ્રી પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે.

જેની સામે અત્યાર સુધીમાં રાજ્યના ૨૨ લાખ ખેડૂતો એટલે કે, ૩૩ ટકાથી વધુ ખેડૂતોની નોંધણી પૂર્ણ થઇ છે. ગુજરાત ફાર્મર રજિસ્ટ્રી પોર્ટલ પર ખેડૂતોની નોંધણીમાં સમગ્ર દેશમાં પ્રથમ છે.

ફાર્મર રજિસ્ટ્રીને વેગવાન બનાવવા ભારત સરકારે વિવિધ પ્રોત્સાહનો પણ જાહેર કર્યા છે. જે મુજબ કુલ લક્ષ્યાંક સામે ૨૫ ટકાથી વધુ ખેડૂતોની નોંધણી પૂર્ણ કરી હોય, તેવા રાજ્યોને ભારત સરકાર તરફથી સ્પેશિયલ સેન્ટ્રલ 'આસિસ્ટન્સ' તરીકે રૂ. ૮૨ કરોડની પ્રોત્સાહક ગ્રાન્ટ આપવામાં આવશે.

સમગ્ર દેશમાં ગુજરાતે સૌપ્રથમ ૨૫ ટકા નોંધણી પૂર્ણ કરતા, ભારત સરકાર તરફથી ગુજરાતને રૂ. ૮૨ કરોડની પ્રોત્સાહક ગ્રાન્ટ આપવામાં આવશે, જેનો ઉપયોગ ગુજરાતના વિવિધ ખેડૂત હિતલક્ષી પ્રોજેક્ટમાં થશે.

આ ઉપરાંત કુલ લક્ષ્યાંક સામે ૫૦ ટકાથી વધુ ખેડૂતોની નોંધણી પૂર્ણ કરી હોય, તેવા રાજ્યોને રૂ. ૧૨૩ કરોડ સ્પેશિયલ સેન્ટ્રલ આસિસ્ટન્સ આપવામાં આવશે. રાજ્ય સરકારના પ્રયાસો થકી ફાર્મર રજિસ્ટ્રી વધુ વેગવાન બની છે.

ગુજરાતમાં ૩૩ ટકાથી વધુ નોંધણી પૂર્ણ થઇ છે. ટૂંક સમયમાં રાજ્ય સરકાર ૫૦ ટકાનો લક્ષ્યાંક પણ પૂર્ણ કરશે અને ભારત સરકાર તરફથી રૂ. ૧૨૩ કરોડની પ્રોત્સાહક ગ્રાન્ટ મેળવવાને પાત્ર બનશે.

ફાર્મર રજિસ્ટ્રી હેઠળ દરેક ખેડૂતને આધાર આઈ.ડી.ની જેમ એક ૧૧ ડિજિટની યુનિક ફાર્મર આઈ.ડી આપવામાં આવશે, જેમાં ખેડૂતોની જમીન સહિતની વિવિધ વિગતો ઉપલબ્ધ રહેશે. આ આઈ.ડી.ના માધ્યમથી ખેડૂતોને રાજ્ય તથા કેન્દ્ર સરકારની વિવિધ હિતલક્ષી યોજનાઓનો લાભ સરળતાથી, પારદર્શકતાપૂર્વક અને સમયસર મળશે. ભારત સરકારની સૂચના અનુસાર ગુજરાતમાં ફાર્મર રજિસ્ટ્રી આગામી તા. ૨૫-૦૩-૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. ■

# મોરબીમાં કોલસા ચોરી અને ભેળસેળ કરતા ૧૨ શખસની ધરપકડઃ

## ૩.૫૭ કરોડનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એસ.એમ.સીની ટીમ દ્વારા મોરબી માળિયા હાઇવે રોડ ઉપર આવેલા ગાડા ગામના પાટીયા પાસે એક ગોડાઉનમાં શનિવારે વહેલી સવારે રેડ કરવામાં આવી હતી. કંડલાથી રાજસ્થાન તરફ મોકલવામાં આવતો કોલસાનો જથ્થો લાવીને તે કોલસામાં નબળી ગુણવત્તાનો કોલ મિક્સ કરીને ભેળસેળ કરવામાં આવતો હોવાની તેમજ કોલસાની ચોરી કરી વેપારીઓ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરવામાં આવતી હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. એસએમસીની ટીમ દ્વારા સ્થળ ઉપરથી ૧૫૦૦ ટન કરતાં વધુ પેટકોક, ૫૦૦ ટન કરતાં વધુ કોલસો તેમજ અન્ય મુદ્દામાલ મળીને ૩.૫૭ કરોડ રૂપિયાની કિંમતનો મુદ્દામાલ સ્થળ ઉપરથી કબજે કરીને ૧૨ શખ્સોની ધરપકડ કરાઈ હતી. તે ઉપરાંત વધુ આઠ શખ્સોના નામ ખૂલતા તેઓને પકડવા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. શનિવારે વહેલી સવારે મોરબી હાઇવે રોડ ઉપર આવેલા ગાળા ગામના પાટિયા પાસે એસએમસીની ટીમ દ્વારા રેડ કરવામાં આવી હતી અને કોલસાના ગોડાઉનની અંદર ઈમ્પોર્ટેડ કોલસો લાવીને તેમાં ભેળસેળ કરી કોલસાની ચોરી તથા વેપારીઓ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરતા હોવાનું બહાર આવ્યું હતું. કોલસા ચોરી કાંડમાં એસએમસીની ટીમે આઠ આરોપીને વોન્ટેડ જાહેર કરાયા હતા. એસએમસીની ટીમે ૧૫૮૪ ટન કોલસો કિંમત ૨,૦૫,૯૨,૦૦૦, વેસ્ટ કોલસો ૫૦૦ ટન જેની કિંમત ૪,૮૦,૦૦૦, રોકડ રૂપિયા ૨,૪૧,૧૭૫, મોબાઇલ ફોન ૧૭ કિંમત ૩,૫૦,૦૦૦, ટ્રક ટ્રેલર-૨, હિટાચી મશીન, લોડર મશીન-૨ તેમજ ફોર- વ્હીલર્સ નંગ - ૪ આમ કુલ રૂપિયા ૩,૫૭,૧૩,૧૭૫નો મુદ્દામાલ કબ્જે કરી મોરબી તાલુકા પોલીસ સ્ટેશને તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. ■

# ત્રણ વર્ષ જૂના પોક્સો કેસમાં અબડાસાના બિટ્ટા ગામના આરોપીને ૧૦ વર્ષની કેદ

ભુજઃ એક તરુણીના અનુચિત ફોટા ઇન્ટરનેટ પર વાયરલ કરવાના નામે બ્લેકમેઇલ કરીને શારીરિક શોષણ કરવાના ત્રણ વર્ષ જૂના ભારે ચર્ચાસ્પદ બનેલા ગુનામાં આરોપી હરેશ નાનજી જેપારને પોક્સો કોર્ટે કસૂરવાર ઠેરવ્યો હતો અને ૧૦ વર્ષની સખ્ત કેદની સજા તથા ચાર લાખનો દંડ ફટકારતો ચુકાદો આપ્યો હતો.

આ કેસ અંગે ફરિયાદી તરફે રહેલા ધારાશાત્રી ડી. વી. ગઢવીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૧માં આચરાયેલા ગુનામાં અબડાસા તાલુકાના બિટ્ટા ગામમાં રહેતા આરોપીએ હરેશે તરુણીને ધાકધમકી કરી સ્માર્ટ ફોન આપ્યો હતો. બાદમાં શારીરિક સંબંધ રાખવા મજબૂર કરી હતી. પોતાના મલીન ઈરાદા પૂરા કરવા ભોગ બનનારને જબરદસ્તી પોતાના કાકાના ઘરે બોલાવી બીભત્સ ફોટા પાડયા બાદ સોશિયલ મીડિયામાં વાયરલ કરવાની ધમકી આપી દુષ્કર્મ આચર્યું હતું અને કોઈને જાણ કરશે તો તેને તથા તેના માતા-પિતાને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ કેસમાં અદાલતે રજૂ થયેલા ૨૬ દસ્તાવેજી પુરાવા અને આઠ સાક્ષીઓને તપાસીને અપરાધીને કોર્ટે તકસીરવાર ઠેરવ્યો હતો અને પોક્સો સહિતની જુદી-જુદી કલમ હેઠળ ૧૦ વર્ષની કેદ અને ભોગ બનનારને વળતર પેટે રૂ.ચાર લાખ ચૂકવવા હુકમ કર્યો હતો.■

# ભાવનગરમાં હેડ કોન્સ્ટેબલ બાદ લીવ રિઝર્વમાં રહેલા પીઆઈ ઠાકોર દોષિત સાબિત થતાં સસ્પેન્ડ

ભાવનગરઃ તળાજા ખાતે સી.આર.સી. તરીકે નોકરી કરતા શિક્ષકના પત્ની તુલસીબેન તળાજા રોડ પર આવેલ કાચના મંદિર સામે કસ્તુરબા સોસાયટીમાં કિશ્વા લાયબ્રેરી કેમ્પસ ચલાવતા હોવાથી આ સ્થળે વિદ્યાર્થીઓની અવર-જવર થતી હોવાથી તે બાબત સોસાયટીમાં રહેતા બ્રિજરાજસિંહ ચુડાસમાને પસંદ નહીં હોવાથી શુક્રવારે તેણે લાઇબ્રેરીમાં આવીને ગાળો બોલી રવિભાઈ અને ચેતનભાઇને માર મારી આ લાઈબ્રેરી અને હોસ્ટેલ બધું બંધ કરી દેજો નહિતર આવીને તાળા મારી દઈશ અને બધું તોડી નાખીશ તેવી ધમકી આપી હતી.

આ ઘટના બાદ ત્રણ અજાણ્યા વ્યક્તિઓ ધોકા અને પાઇપ લઈ કેમ્પસમાં આવ્યા હતા. ધમકી આપી બહારની લાઈટ અને બેનરના સ્ટેન્ડમાં તોડફોડ કરી નુકસાન કર્યું હતું. આ ઉપરાંત અન્ય એક શખ્સે પણ નિલેશભાઈ મોરીને ફોન કરીને ધમકી આપતા શિક્ષકે તમામ વિરુદ્ધ ભરતનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

આ ગુનામાં પકડવાના આવેલા આરોપીને સુવિધા આપી અને તપાસમાં બેદરકારી દાખવવા બદલ અને આરોપીને છાવરવા બદલ હેડ કોન્સ્ટેબલ અશોક રાજેન્દ્રભાઈ ઉલવાને એસપીએ સસ્પેન્ડ કરવાનો હુકમ કર્યો હતો. ■